ॐ

મંગલં ભગવાન્ વીરો, મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુંદકુંદાર્યો, જૈનધર્મોસ્તુ મંગલમ્ ॥

ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આયરિયાણં,
ણમો ઉવજ્ઝાયાણં, ણમો લોએ સવ્વસાહૂણં. (પૂ.શ્રીનો અવાજ)

વિદેહક્ષેત્રે વિરાજમાન વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા શ્રી સીમંધરાદિ તીર્થંકરો જે સ્વાનુભૂતિમય માર્ગ બતાવી રહ્યા છે, આ ક્ષેત્રના પ્રથમ ધર્મતીર્થ પ્રવર્તક ભગવાન શ્રી ઋષભદેવથી લઈને ચરમ તીર્થંકર બાલ બ્રહ્મચારી શ્રી મહાવીરભગવાને તેમ જ સમયસારાદિ સત્શ્રુતોની રચના કરી પુણ્યવંત ભારતદેશમાં જિનવાણીની પ્રતિષ્ઠા કરનાર આ ભૂમિના સમર્થ આચાર્ય શ્રી કુંદકુંદદેવે જે રત્નત્રયરૂપ આરાધનાપંથ બતાવ્યો છે તે જ અતીંદ્રિય આનંદમય સાધનારાહના એક પથિક હતા યુગપુરુષ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી, કે જેમણે વર્તમાન જૈનવિશ્વને સર્વથી અધિક પ્રભાવિત કર્યું છે અને જેઓને પ્રાણીમાત્રમાં ભગવાન આત્મા દેખાતો હતો.

તેઓશ્રી જૈનધર્મના પ્રાણ ને ઉપાસક એવા મહાન ધર્માત્મા-સંત હતા. લગભગ લુપ્તપ્રાયઃ થઈ ગયેલ સનાતન સત્યને શોધીને તેઓશ્રીએ સ્વયંના જીવનમાં પરિણમાવ્યું હતું ને ભક્તોને પણ પ્રેરણા આપી હતી. દિવ્યધ્વનિના સાર-મર્મભૂત સમક્તિને પ્રાપ્ત કરી તેઓશ્રી આત્માનંદને અનુભવી રહ્યા હતા. તીર્થંકરો, સત્શાસ્ત્રો અને દિગંબર આચાર્યો - સંતોના પરમ ભક્ત એવા ગુરુદેવે ભારતભરમાં ને વિદેશમાં પણ અનેક જિનમંદિરોમાં પોતાના મંગલહસ્તે વીતરાગી ભગવંતોની પાવન પ્રતિષ્ઠા કરી જૈનધર્મની અપૂર્વ પ્રભાવના કરી છે. સમસ્ત ભારતવર્ષમાં જૈનધર્મનો વિજય ધ્વજ ફરકાવતો યાત્રાવિહાર કરીને તેમ જ અધ્યાત્મરસથી ભરપૂર પવિત્ર વાણી વરસાવી ભવ્ય જીવોને પાવન કર્યા છે. તેઓશ્રીએ નિર્દોષ વાણી વડે કરેલી સત્યધર્મની જાહેરાતથી ભક્તોના અનંત ભવના છેડા આવ્યા છે. તેઓશ્રીની વાણીના કૃપા-પ્રસાદથી હજારો જીવો આત્મશાંતિના માર્ગે વળ્યા છે.

આવા મહા ઉપકારીનાં—કે જેઓશ્રીનું નામ પણ લેતાં અમે ભક્તજનો ગૌરવ અનુભવીએ છીએ એવા ગુરુવર્ય ગુરુદેવશ્રીનાં—ગુણગાન ગાવાનું મન કોને ન થાય ? આ જ ભાવના વશ, જેમની વાણીમાં અનુભવનું બળ હતું ને નેત્રમાં સત્‌નું તેજ હતું એવા ગુરુદેવશ્રી પ્રત્યેની અપૂર્વ-અનંત-અનુપમ ભક્તિથી પ્રેરાઈને, **શ્રી શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર,** શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુનું અને પંચ પરમેષ્ઠિનું મંગલકારી સ્મરણ કરી તથા પરમ તારણહાર, કૃપાળુ, ભાવિ તીર્થાધિનાથ **શ્રી કહાન ગુરુદેવ** તેમ જ પ્રશમમૂર્તિ ભગવતી માતા **પૂજ્ય બહેનશ્રીનાં ચરણકમળમાં** વંદન કરી, અંતરની ભાવભીની ઉમંગ-ઉલ્લાસભરી ભાવનાથી પ્રસ્તુત કરે છે.....વીરમાર્ગ પ્રભાવક વીરપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની વિજય ગાથા **'કહાન ક્રમબદ્ધ કથા ભાગ-૨, સત્‌ની પ્રભાવના'.**

જ્ઞાનાવતારી પૂજ્ય ગુરુદેવશ્રી વિષે ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી લખે છે :

અપૂર્વ ગુણધારી પૂજ્ય ગુરુદેવનાં ચરણોમાં વારંવાર નમસ્કાર. પરમાગમ શાસ્ત્રોના પ્રકાશનાર, અનુપમ શ્રુતધારી, જેમની વાણી સુણતાં ચૈતન્યશ્રુત ખૂલે એવા ગુરુદેવની શું મહિમા થાય! જ્ઞાયકદ્રવ્યની મહિમા પ્રકાશનાર, તેનું ગહન સ્વરૂપ બતાવનાર, મુક્તિમાર્ગને બતાવનાર એવા કહાન ગુરુદેવનાં ગુણોનું શું વર્ણન થાય!

સમયસાર, પ્રવચનસાર વગેરે સર્વ શાસ્ત્રોના ગહન રહસ્ય પ્રકાશક—ઊંડા અર્થો ઉકેલનાર, ચૈતન્યદ્રવ્યની અનુપમ મહિમાનું ભાન કરાવનાર, સમ્યક્ માર્ગે દોરનાર, જેમનાં મુખકમળથી અમૃતધારા વરસે છે, જેમનાં પ્રદેશે પ્રદેશે શ્રુતજ્ઞાનના દીપક પ્રકાશી રહ્યા છે—શ્રુતની પર્યાયો પ્રગટી રહી છે, જેઓ શ્રુતરસમાં તરબોળ છે એવા જ્ઞાનાવતારી મહિમાવંત દિવ્યમૂર્તિ કહાનગુરુદેવ આ ભારતમાં અજોડ છે. જે દિવ્યમૂર્તિના દર્શનથી અને જેમની શ્રુતધારાના શ્રવણથી ચૈતન્યમાં સુખાદિ નિધિ પ્રગટે છે એવા ગુરુદેવનાં ચરણકમળમાં હૃદય વારંવાર નમી પડે છે, અંતર ઊલસી પડે છે.

પરમ કૃપાળુ કહાન ગુરુદેવનો આ પંચમકાળમાં અદ્વિતીય અવતાર છે. જેમનાં દર્શન અને અમૃતમય વાણી ભગવાનના વિરહને ભૂલાવે એવા છે, જેમની વાણીની અનુપમધારા ચૈતન્યને પલટાવે એવી અદ્‌ભુત છે એવા અહો! પરમ ઉપકારી કહાનગુરુદેવનો શું મહિમા થાય!

શ્રી ગુરુદેવના અંતરમાં પ્રગટેલા ઝળહળતા શ્રુતજ્ઞાનસૂર્ય દ્વારા અનુપમ રહસ્યો ઝરતી અમૃતવાણી નિરંતર સુણવાનો અપૂર્વ યોગ પ્રાપ્ત થયો છે તે મહાભાગ્ય છે.

અહો શ્રી સદ્‌ગુરુદેવ! મારા જેવા પામર ઉપર આપે અપાર કરુણા વરસાવી છે. આપની શું સેવાભક્તિ કરીએ! જે કરીએ તે બધું ઓછું છે. મન-વચન-કાયાએ કરીને નિરંતર સમીપપણે આપની ચરણસેવા હોજો એ હૃદયની ઊંડી ભાવના છે.

જીવન આધાર દિવ્યજ્ઞાનધારી પરમકૃપાળુ કહાનગુરુદેવને આ પામર દાસના પરમ ભક્તિથી વારંવાર નમસ્કાર.....સૂક્ષ્મ ને તીક્ષ્ણ શ્રુતશૈલીથી, ચારે પડખેથી દિવ્ય અમૃતધોધ વરસાવનાર અદ્‌ભુત ગુરુદેવનાં ચરણકમળમાં નમસ્કાર હો...

જેમણે વસ્તુસ્થિતિને નિર્ભિકપણે પ્રરૂપી છે, જેઓ આ કાળે વીતરાગ માર્ગના સાચા દર્શક છે, જેઓ નિઃસ્પૃહ-નિર્મોહ છે અને અનુભવગંગા-ધારામાંથી વહેલા જેમનાં વચનો આત્માર્થને પ્રેરે છે એવા જ્ઞાનનિધી પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા કરતા પૂજ્ય સોગાનીજી લખે છે : અરે વિકલ્પ! જો તને તારું આયુષ્ય પ્રિય હોય તો બીજા બધાને ગૌણ કરીને ગુરુદેવના સમાગમમાં લઈ ચાલ. નહીંતર તેમણે આપેલું વીતરાગી શસ્ત્ર શીઘ્ર જ તારો અંત કરી દેશે.

પૂજ્ય ગુરુદેવશ્રીનું સ્મરણ આ સમયે પણ આવી રહ્યું છે અને આંખોમાંથી ગરમ આંસુ વહી રહ્યા છે કે તેમના સંગમાં રહેવાનું થતું નથી.

હે ગુરુદેવ! આપની વાણીનો સ્પર્શ થતાં જ જાણે વિશ્વની ઉત્તમોત્તમ વસ્તુ પ્રાપ્ત થઈ ગઈ.

પામરદશાવાળાને 'હું ભગવાન છું, હું ભગવાન છું' એવું રટણ લગાડવું એ હે પ્રભો! આપ જેવા અસાધારણ નિમિત્તનું જ કાર્ય છે. પરિણામ માટે આત્મા જ નિમિત્ત હો અથવા 'ભગવાન (આત્મા)....ભગવાન (આત્મા)'નો ગુંજારવ કરતા આપ, બીજો સંગ નહીં એ જ ભાવના.

અનંત તીર્થંકરો થઈ ગયા, પરંતુ અમને તો ગુરુદેવશ્રી બધાથી અધિક છે. ગુરુદેવશ્રીનાં ઉપદેશમાં એટલો ખુલાશો છે કે આ પાયાથી ધર્મ પંચમકાળ સુધી ટકશે એમ

દેખાય છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ વસ્તુસ્વભાવ કેવો સ્પષ્ટ કરી દીધો છે! તે તો તૈયાર કરેલો શીરો છે.

મહારાજ સાહેબ જગદ્ગુરુ છે. તેઓ એકલા સિદ્ધલોકમાં જતા નથી. ઘણા જીવોને સાથે લઈને જશે.

તેઓશ્રીએ દુષ્કાળમાં સુકાળ કરી દીધો છે તે શું ઓછી મહત્વની વાત છે? આ કાળમાં જ્યાં આવી વાત સાંભળવા મળતી નથી ત્યાં ધોધમાર વર્ષા કરી દીધી છે. અમને તો ગુરુદેવશ્રીએ બધું જ આપ્યું છે.

ગુરુદેવશ્રી માટે મારા હૃદયમાં શું છે તે ચીરીને કઈ રીતે બતાવું? બસ, એ તો મારું જ્ઞાન જ જાણે છે. મેં તો ગુરુદેવને અહીં (—હૃદયમાં) બેસાડી દીધાં છે'.

અનુપમ ગુણધારી ગુરુદેવશ્રીનાં અપાર ઉપકારો તેમ જ તેઓશ્રી પ્રત્યેના અનહદ ભક્તિભાવને કારણે આ કથામાં એકની એક વાત ફરી ફરીને કહેવામાં આવી હોય એવી સંભાવના છે. પરંતુ તેને પુનરુકિત દોષ ન ગણતા તેઓશ્રી પ્રત્યેના બહુમાનની અભિવ્યક્તિ ગણશો. તીર્થંકરોનો મહિમા કરવા આચાર્યો, ઈંદ્રો ૧૦૦૮ નામથી સંબોધે જ છે ને! તથા બાળતીર્થંકરનું રૂપ નિહાળવા સૌધર્મ ઈંદ્ર હજાર નેત્ર કરે જ છે ને ! તો પછી જેઓશ્રીનાં અપરિમિત ઉપકારો છે એવા ગુરુદેવની સ્તુતિમહિમા-ગુણગાન-અભિવાદન-સન્માન કરતા કરતા તેની તે જ વાત વારંવાર કહેવાય ગઈ હોય તો તેમાં આશ્ચર્ય નથી.

તો પ્રસ્તુત છે :

# 卐 'કહાન ક્રમબદ્ધ કથા' 卐

## ભાગ - ૨

### ❋ (સત્‌ની પ્રભાવના) ❋

આજથી ૨૫૬૨ વર્ષ પહેલાં આ ભારતભૂમિની પાવન ધરા પર અંતિમ તીર્થંકર શાસનનાયક શ્રી મહાવીર ભગવાન દિવ્યધ્વનિ દ્વારા અમૃતની વર્ષા કરતા હતા. ત્રીસ વર્ષ સુધી એ મંગલમય ધોધ વરસાવીને પંચમકાળ શરૂ થવાને ત્રણ વર્ષ ને સાડા આઠ મહિના બાકી હતા ત્યારે પ્રભુજી પાવાપુરીથી નિર્વાણપદને પામ્યા. તે પછી ૬૨ વર્ષ સુધીમાં ત્રણ કેવળી ભગવંતો થયા : (૧) શ્રી ગૌતમસ્વામી, (૨) શ્રી સુધર્માસ્વામી અને (૩) શ્રી જંબુસ્વામી - કે જેમણે દિવ્યધ્વનિનો પવિત્ર પ્રવાહ અખંડપણે વહેતો રાખ્યો. ત્યારબાદ ૧૦૦ વર્ષની અંદર ૧૨ અંગના ધારક પાંચ શ્રુતકેવળી થયા, જેમાં અંતિમ હતા શ્રી ભદ્રબાહુ સ્વામી. આ જ પરિપાટીમાં પછી અંગ-પૂર્વના જાણનારા ઘણા આચાર્યો થયા, જેમણે જ્ઞાનગંગા વહેતી રાખી.

આગમજ્ઞાનદાતા શ્રી ધરસેનાચાર્ય, ષટ્‌ખંડ-આગમ રચયિતા શ્રી પુષ્પદંત - ભૂતબલિ આચાર્ય, અધ્યાત્મશ્રુત રચયિતા શ્રી કુંદકુંદાચાર્ય, જિનશાસનના મૂળ રહસ્યને ખોલનારી ટીકા રચનાર શ્રી અમૃતચંદ્રાચાર્ય, ભક્તિમય ભક્તામર રચયિતા શ્રી માનતુંગાચાર્ય, પરમાત્મસ્વરૂપનો પ્રકાશ કરનાર શ્રી યોગીન્દ્રદેવ, જિનધર્મપ્રભાવક શ્રી સમંતભદ્રાચાર્ય, શ્રી અકલંકદેવ તેમ જ અધ્યાત્મનું મીઠું ઝરણું વહેવડાવનાર શ્રી પદ્મપ્રભમલધારિદેવ વગેરે વગેરે આભના થોભ જેવા વીતરાગી આચાર્યો, મુનિવરોએ તીર્થંકરોના વિરહમાં શાસ્ત્રો રચીને સનાતન સત્માર્ગને ટકાવી રાખ્યો ને આગળ વધાર્યો.

આ સાંકળના એક ભાગ-કડીરૂપે આત્મ-આરાધક જ્ઞાની - ધર્માત્માઓ થયા, જેમણે આત્માર્થ બોધ દ્વારા મોક્ષાતુર આત્માર્થીઓને ખોબે-ખોબે જ્ઞાનામૃત પીવડાવી તેમના ભવસંતાપના તાપને શાંત કર્યો. જેમાં મુખ્ય છેઃ આચાર્યકલ્પ શ્રી ટોડરમલજી, અધ્યાત્મરસિક શ્રી રાજમલજી પાંડે, અધ્યાત્મકવિ શ્રી બનારસીદાસજી, અનુભવનો પ્રકાશકરનાર શ્રી દીપચંદજી, શાસ્ત્રોના ભાવોને ચાલતી ભાષામાં સરળતાથી સમજાવનાર

શ્રી જયચંદજી છાબડા, ગાગરમાં સાગર ભરનાર શ્રી દૌલતરામજી તેમ જ ગૃહસ્થદશામાં રહીને શીઘ્ર માર્ગસાધક શ્રીમદ્ રાજચંદ્રજી વગેરે.

આ સર્વેએ નિજ શુદ્ધાત્માની કલ્યાણકારી ઉપાસના-સાધના કરી અને ભવ્ય જીવોને પણ તે માર્ગે વાળ્યા. સ્વયં ભવસમુદ્રને તર્યા અને ભક્તોને પણ તરવાનો ઉપાય બતાવ્યો. પોતે મોક્ષમાર્ગે વિચર્યા ને જિજ્ઞાસુના પણ પથપ્રદર્શક બન્યા. પરંતુ તે પછી આ ભરતક્ષેત્રના આર્યખંડમાં આ હુંડાવસર્પિણી પંચમકાળમાં કોના પાવન પગલે પગલે મુક્તિની વણઝાર ચાલી રહી છે? કયા સંતના આત્મનાદ સાંભળી આત્માર્થી મુમુક્ષુઓ મોહનિદ્રામાંથી જાગી ઉઠ્યા છે? દ્રવ્યાનુયોગના સ્વાધ્યાય દ્વારા કોણે સમીચીન દૃષ્ટિ પ્રાપ્ત કરાવી? પામર જીવોનાં અંતરમાં પ્રભુતાનો-પરમાત્મપણાનો વિશ્વાસ પ્રગટાવનાર કોણ છે? આ લાખો મોક્ષગામી જીવોના સરદાર - નેતા - ગુરુ કોણ છે ?... કોણ છે?... કોણ છે... ?

કોના પગલે પગલે ચાલે મુક્તિની વણઝાર,
કોના સાદે જાગે સર્વે આત્માર્થી નરનાર;
અપાર મુક્તિગામી જીવોનો તું સાચો સરદાર,
ઓ કહાનગુરુ! તુજ ચરણકમળમાં વંદન વારંવાર...૧

સ્વતંત્રતાનો શંખ ફૂંકીને કર્યો અસત્ સંહાર,
સાચો મુક્તિપંથ બતાવી દૂર કર્યો અંધકાર;
કેવળી પ્રભુના વિરહ ભુલાવી વર્તાવી શ્રુતધાર,
જૈનધર્મ જયનાદ ગજાવી વર્તાવ્યો જયકાર...૨

અનંત ભવના અમ દુઃખિયાનો તું છો તારણહાર,
પામર અમને પ્રભુતા આપી દીધો આતમસાર;
સત્ય અહિંસક પવિત્રતાનું આત્મજીવન જીવનાર,
કહાનગુરુનો જોટો જગમાં ક્યાંય નહીં જડનાર...૩

(ગીતઃ) કોના પગલે પગલે ચાલે મુક્તિની વણઝાર... (ગુરુસ્તુતિ સંગ્રહ - ૭૧ પાનું)

જેમણે વિશ્વના સમસ્ત ભાવોની સ્વતંત્રતાનો જયઘોષ કરતો શંખ ફૂંકીને મિથ્યાત્વને પરાસ્ત કર્યું છે, દુ:ખમુક્તિનો માર્ગ-ઉપાય બતાવી ભવ્યોના અજ્ઞાન-અંધકારનો અભાવ કર્યો છે, જ્યાં સત્‌ના દુષ્કાળ છે એવા આ ભરતક્ષેત્રમાં વર્તમાન કાળે કેવળીપ્રભુના વિરહ ભૂલાવી શ્રુતજ્ઞાનરૂપી મેઘની વર્ષા વરસાવી જૈનધર્મનો જય-જયકાર વર્તાવ્યો છે, જેમની ત્રિકાળ અફર વીતરાગતા પોષક વાણી સુપાત્ર જીવોના અંતરને સ્પર્શી જ્ઞાયકદેવના મંગળ દ્વાર ખોલે છે અને જેઓશ્રી પ્રતિકૂળતાથી ડર્યા-ડગ્યા નથી ને અનુકૂળતામાં લલચાયા નથી એવા સિંહ સમાન પુરુષાર્થી, કમળ સમાન અલિપ્ત, સૂર્ય સમાન તેજસ્વી, ચંદ્ર સમાન શીતલ, સાગર સમાન ગંભીર તેમ જ બાળક સમાન નિર્દોષ અધ્યાત્મયુગસૃષ્ટા, શુદ્ધાત્મરસલીન, સ્વાનુભવવિભૂષિત સંત-ધર્માત્મા **પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી... કાનજીસ્વામી... કાનજીસ્વામી...**

ભવ્ય જીવોના ભયંકર ભાવમરણનો અભાવ કરવા અકષાયી કરુણા કરીને વિપુલાચલ પર્વત ઉપર ત્રિલોકીનાથ શ્રી મહાવીરપ્રભુએ અધ્યાત્મરસ ભરપૂર સરિતા વહાવી હતી. આ પાવન અધ્યાત્મરસને આચાર્ય શિરોમણિ શ્રી કુંદકુંદાચાર્યદેવે સમયસારાદિ પરમ મંગલકારી પરમાગમોમાં સંગ્રહિત કર્યો છે. આ સંજીવની સમાન ચૈતન્યરસનું પાન ચૈતન્યરસના અખંડ સાધક પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રીએ સ્વયં કરીને આ શતાબ્દિમાં સુખની સાધનાના કલ્યાણમય પંથનો ફરીને ઉદ્યોત કર્યો છે.

આત્મવૈજ્ઞાનિક ગુરુરાજે આગમ, યુક્તિ ને અનુભવ વડે વસ્તુ સ્વરૂપને સિદ્ધ કરીને ક્રિયાકાંડમાં ફસાયેલ અને સંપ્રદાયની કેદમાં પકડાયેલ વીતરાગ સર્વજ્ઞદેવ પ્રણીત જૈનધર્મને મુકત કર્યો છે. જેનું માપ બહારથી ન આવી શકે એવા અનુપમ શ્રુતધારી પૂજ્ય ગુરુદેવે પોતાની સાધનામય ઉજ્જવળ જ્ઞાનધારા વડે નિશ્ચય-વ્યવહારના સુમેળવાળા દ્રવ્યદૃષ્ટિ પ્રધાન જ્ઞાન-વૈરાગ્ય ઝરતાં અદ્‌ભુત પ્રવચનો આપ્યાં છે. અનેકાનેક શાસ્ત્રો ઉપર આચાર્યો-જ્ઞાનીઓના મૂળ આશયને - હાર્દને ખોલનારા તળસ્પર્શી વ્યાખ્યાનો આપી સ્વાનુભૂતિમય યથાર્થ મોક્ષમાર્ગનું સ્વરૂપ સમજાવ્યું છે અને મુમુક્ષુ સમાજ ઉપર ખરેખર વચનથી અગોચર, અલૌકિક, અનુપમ, અસાધારણ ઉપકાર કર્યો છે.

તેઓશ્રી નવા પંથના સ્થાપક નહોતા, પણ વીતરાગ તત્ત્વના પ્રકાશક-પ્રસારક હતા. ગુરુવરે ચક્રવર્તીની જેમ અખંડ માર્ગપ્રભાવના કરીને સત્ય તત્ત્વનું નિરૂપણ કર્યું, જેને

લાખો અભ્યાસી-વિચારશીલ જીવોએ પ્રમોદથી માન્ય કર્યું છે. નિઃસ્પૃહ ને અંતર્મુખ વૃત્તિના ધારક ગુરુરાજની વાણી શ્રોતાઓને જકડી રાખે છે ને સચોટ પ્રભાવ પાડે છે. તેઓશ્રીની એક અનુપમતા એ છે કે તેમણે જે અનુભવ્યું છે તે જ કહ્યું છે, કૃત્રિમતાથી કાંઈ કહ્યું નથી. આ પવિત્ર ભારતભૂમિમાં અત્યારે તત્ત્વજ્ઞાનની જે રેલમછેલ થઈ રહી છે, સાચી સમજણની છોળો ઉછળી રહી છે તેનું સંપૂર્ણ શ્રેય તેઓશ્રીને જ છે. તેઓશ્રીની સ્વાનુભવરસભરી કલ્યાણમયી પ્રવચનગંગામાં સ્નાન કરી મોક્ષાર્થી જીવો પાવન બને છે અને પવિત્ર સાધનાપંથે પ્રયાણ કરે છે.

ચૈતન્યસૂર્ય કહાનગુરુદેવની મોહતમનાશક અનુપમ વાણીનો સમસ્ત ભકતજનો ઉપર મહાન ઉપકાર છે. અસાધારણ અનંત ઉપકારી ગુરુદેવનો ને તેઓશ્રીની લોકોત્તર અનુભવ વાણીનો મહિમા શું કરવો? કેવી રીતે વ્યક્ત કરવો? તત્ત્વરસિક જિજ્ઞાસુ જીવો શુદ્ધાત્મતત્ત્વસ્પર્શી, પરમ શાંતરસમયી, સ્યાદ્વાદ-સુંગંધથી મહેકતી, પુરુષાર્થરંગથી રંગાયેલી ને ચૈતન્યના મધુર શબ્દગાનથી ગુંજતી અમૃતમયી ગુરુવાણીથી આત્માર્થને પ્રગટ કરી, પુષ્ટ કરી, સાધનાની સાચી દિશા પ્રાપ્ત કરી ઉપાસનામાર્ગની આરાધના કરતા હતા, કરે છે અને કરતા રહેશે.

જેઓ મોક્ષમાર્ગે સ્વયં વિચર્યા ને દિવ્યશ્રુતધારા વડે અમ જેવા પામર જીવોને મોક્ષમાર્ગની પ્રાપ્તિનો ઉપાય બતાવ્યો એવા હે મોક્ષમાર્ગ પથિક ગુરુદેવ ! આપની ઉત્તમ વાણીમાં સમ્યગ્દર્શનનું માહાત્મ્ય નિરંતર વરસતું હતું. આપના પવિત્ર સમાગમનો ને અધ્યાત્મવાણી સુણવાનો અમૂલ્ય લાભ આપની કૃપાથી અમને મળ્યો છે, તે અમારું પરમ-પરમ સદ્ભાગ્ય છે. આપ જ અમારા જીવનઘડવૈયા છો ને શાશ્વતહિતના માર્ગે દોરનારા છો.

આપશ્રી સાંસારિક વિટંબણાઓ, પ્રપંચો ને માયાજાળથી ભવવનમાં અટવાતા -અથડાતાં-રઝળતાં-મૂંઝાતા જીવોના ભોમિયા બની તેમ જ જ્ઞાન-વૈરાગ્યનું ભાથું બંધાવી પુરુષાર્થના સત્માર્ગે પ્રયાણ કરવાની પ્રેરણા આપનાર છો. આપ જેવા મહાપુરુષનો અમને યોગ પ્રાપ્ત થયો છે તે અમારા મહા મહાભાગ્ય છે, આપશ્રીની તત્ત્વભરપૂર વાણી સાંભળવા મળી છે તે અમારા મહા મહાભાગ્ય છે અને તે વાણીમાંથી જેણે તત્ત્વગ્રહણ કર્યું

છે તે તો મહા મહા સૌભાગ્યશાળી છે. આપે સત્‌ના નગારા વગાડી અંતરહૃદયના ભાવો ખોલ્યા છે તે સર્વોત્કૃષ્ટ ઉપકાર છે. આત્માર્થી જીવો આપશ્રીનાં તે અનુભવરસભીનાં ભાવો ઓળખી શકતા હતા.

આપ ફરમાવો છો કે વિશ્વના બધા જ પદાર્થ—ચાહે તે જડ હો કે ચેતન—સ્વયંસિદ્ધ છે ને અનંત શક્તિથી પૂર્ણ છે. તેઓ એકબીજાથી અત્યંત ભિન્નપણે પોતાની સ્વરૂપસીમામાં જ રહે છે. પદાર્થ રૂપી હો કે અરૂપી, એકબીજાને પરસ્પર સ્પર્શતા નહીં હોવાથી પરિપૂર્ણ શુદ્ધ છે. તેથી ચૈતન્યપદાર્થ આત્મા પણ સ્વયંસિદ્ધ, નિરપેક્ષ, શુદ્ધ છે. તે પોતામાં પરિપૂર્ણ, પરથી અત્યંત ભિન્ન, એક સ્વતંત્ર સત્ છે; કેમ કે જે સત્ હોય તે સ્વતંત્ર, સ્વાધીન, અહેતુક - નિરપેક્ષ જ હોય. પરથી ભિન્નપણું, સ્વથી એકપણું ને પોતાનું પૂર્ણપણું એ સત્‌નું લક્ષણ છે, નહીંતર તે સત્ કેમ હોય ? જૈનદર્શનનું આ એક મૌલિક તથ્ય આપે સ્વાનુભવપૂર્વક પ્રસિદ્ધ કર્યું છે.

આપે સમજાવ્યું કે, દરેકનું આત્મતત્ત્વ સો ટચના સોના જેવું પરિપૂર્ણ શુદ્ધ હોવા છતાં અનાદિકાળથી જીવોને અજ્ઞાન ને અવિશ્વાસ રહ્યા છે, જેથી પોતાને શુદ્ધ ને પરિપૂર્ણ માન્યો જ નથી અને પાડોશી-ભિન્ન એવા દેહ-રાગાદિની સત્તામાં જ મુગ્ધ-મોહિત બની મારાપણું માન્યું છે, અહંકાર કર્યો છે. રાગાદિભાવોમાં 'હું'પણાની આ વૃત્તિ મહાન અપરાધ છે, કેમ કે તેમાં વિશ્વના અનંત અન્ય ભાવોને પોતાના અધિકારમાં લેવાની બુદ્ધિ છે, જેના દંડરૂપે નિગોદ ફળે છે. આવું ભયંકર અજ્ઞાન શા માટે છે ? તેનું કારણ પોતાથી દૂર બીજે ક્યાંય ગોતવું તે મહાભૂલ છે. આ અજ્ઞાન પરિણામ આત્માએ સ્વયં જ કર્યા છે ને પોતાથી જ અજ્ઞાની બની રહ્યો છે.

ભિન્ન સત્તાવાળી વસ્તુઓમાં કર્તાકર્મપણું ક્યારેય હોતું નથી. હા, કથનમાં અન્યની સાપેક્ષતા બતાવવામાં આવે છે, છતાં વસ્તુઓ તો અત્યંત નિરપેક્ષ જ છે. જો કોઈ અન્ય—પરમાત્મા કે કર્માદિ—તેને અજ્ઞાની બનાવે તો તે કોઈનો ગુલામ—કોઈના હાથની કઠપૂતળી—જ બની જાય અને તેથી પુરુષાર્થ કરી અજ્ઞાન ટાળવાનો તેનો અધિકાર જ છિનવાઈ જશે.

અનાદિથી આવા અજ્ઞાનને કારણે ચતુર્ગતિ પરિભ્રમણના પ્રવાહમાં તણાતા જીવને

જ્યારે તત્ત્વ સમજવાની ઝંખના-જિજ્ઞાસા જાગે છે ત્યારે સ્વાનુભૂતિપ્રાપ્ત સત્પુરુષનો સુયોગ મહાસદ્‌ભાગ્યે પ્રાપ્ત થાય છે. વિચારવંત જિજ્ઞાસુ તેઓશ્રીની અજ્ઞાનનાશક મંગલમય વાણી સાંભળે છે, જ્ઞાનાનંદસ્વરૂપ આત્માનો મહિમા હૃદયમાં જાગે છે અને મહા પુરુષાર્થ દ્વારા ચૈતન્યધામ નિજ પરમાત્માનું અવલંબન લઈ સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રાપ્ત કરે છે. હે સુવર્ણપુરીના સંત! આપે ભવપરિભ્રમણના-જન્મમરણના-દુઃખનો અંત લાવનાર વીતરાગી વાણી વરસાવી તથા 'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ', 'દર્શનશુદ્ધિથી જ આત્મસિદ્ધિ' વગેરે આત્મહિતકારી ઉત્તમ સૂત્રો આપી અમને ભવસાગરથી ઉગાર્યા છે અને સમ્યગ્દર્શન - જ્ઞાનમય આરાધનાપંથે વાળ્યા છે. સમ્યગ્દર્શનના સૂક્ષ્મ અને અદ્‌ભુત સ્વરૂપનો ખ્યાલ આ યુગમાં કોઈને સ્વપ્નમાં પણ નહોતો. આવા સમયે આપશ્રીએ સમ્યગ્દર્શનનું સ્વરૂપ, તેનો આધારભૂત વિષય ને તેની પ્રાપ્તિનો ઉપાય બતાવી આ યુગમાં એક સાનંદ આશ્ચર્ય સર્જ્યું છે. આપશ્રી સમ્યગ્દર્શન અને તેના વિષયનો મહિમા ઉલ્લસીત ભાવે ગાતાં -ગાતાં ક્યારેય થાકતા નહીં. સ્વાનુભવમુદ્રિત અધ્યાત્મવિદ્યાના પ્રદાતા હે ગુરુદેવ! ખરેખર આપશ્રી આ કાળે આ ક્ષેત્રે સમ્યગ્દર્શનના આવિષ્કર્તા છો અને અમ ભકતોને આપશ્રીનું આ સૌથી મહાન - સર્વશ્રેષ્ઠ વરદાન છે.

જે કાળે જડ ક્રિયાકાંડે, દાંભિક ધર્માચરણે અને વિપરીત અભિપ્રાયે સમાજને ચોતરફથી ઘેરી લીધો હતો તેમ જ ધર્મની મૂળ ભાવના અને અધ્યાત્મનું અંતિમ ધ્યેય ચૂકાઈ ગયા હતા તે કાળે સ્વાનુભૂતિમય સત્ધર્મને પુનઃ પ્રકાશિત કરનાર પૂજ્ય ગુરુદેવશ્રીએ મોક્ષમાર્ગના અંગભૂત સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની જેમ સમ્યક્ચારિત્રનું પણ યથાર્થ, વિશદ સ્વરૂપ પ્રસ્તુત કર્યું છે. તેઓશ્રી સ્વયં નિજસ્વરૂપના આચરણરૂપ ચારિત્રના મહાન ઉપાસક હતા અને સકલચારિત્રવંત દિગંબર સંતોની અંતર્બાહ્ય પરિણતિનું ભાવભીનું વૈરાગ્યમય વર્ણન કરતાં ધરાતા નહીં. તેઓશ્રીનાં અંતઃકરણમાંથી હજારો વાર એવા ઉદ્‌ગારો સહેજે નીકળતા કે વનવિહારી વીતરાગી સંતોના દર્શન કયારે થાય? ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો ? પ્રચુર સ્વસંવેદનમય દશાનો અપૂર્વ અવસર કયારે આવશે? મહાસમર્થ શ્રી કુંદકુંદાચાર્ય, શ્રી અમૃતચંદ્રાચાર્ય આદિ અનેક ભાવલીંગી સંતોના ચરણકમળની ભક્તિથી તેઓશ્રીનું ચિત્ત સદા ભીંજાયેલું રહેતું. ઉગ્ર આનંદમાં ઝૂલતા આ મુનિવરોના હૃદયમર્મને તેઓશ્રી જ ખરેખર ઓળખી શક્યા છે.

જે સમયે ચારિત્ર કષ્ટદાયક અને દુઃખી થઈને પ્રાપ્ત કરવા યોગ્ય માનવામાં આવતું હતું તેમ જ કોરી શરીરાદિની ક્રિયામાં ને શુભરાગની કાળી કોટડીમાં ચારિત્ર કેદ થઈ ગયું હતું ત્યારે ચારિત્રના આ મહાન ઉપાસકે સત્યનો શંખનાદ ફૂંક્યો કે ચારિત્ર ન તો કેવળ નગ્નત્વમાં છે કે ન તો મહાવ્રતના પાલનમાં. એ તો સ્વરૂપની લીનતા-એકાગ્રતા-રમણતા-સ્થિરતારૂપ આનંદમય પરિણતિ છે. આ રીતે ચારિત્રનું ખરું સ્વરૂપ સમજાવી ઉપસર્ગ-પરિષહ સહન કરવા, ઈંદ્રિયોનું દમન કરવું, ભયંકર કાયકલેશ કરવા વગેરેમાં ચારિત્ર જેવી આલ્હાદક પરિણતિને ખપાવવાના બધા મિથ્યા પ્રયત્નોને આ સંતે વિફળ બનાવ્યા છે.

શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રની સાથે સાથે જૈનદર્શનના મૂળભૂત સિદ્ધાંતોનું પણ વિવેચન તેઓશ્રીની મંગલકારી વાણીમાં થયું છે. તેઓશ્રીએ નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન - નિમિત્ત, ક્રમબદ્ધપર્યાય, અનેકાંત-સ્યાદ્વાદ આદિ વિષયોનું સ્વાનુભવપૂર્વક અત્યંત પ્રમાણિક આગમસંમત ને તર્કપૂર્ણ સાંગોપાંગ પ્રતિપાદન કર્યું છે, જે વિદ્વાનોને આશ્ચર્યચક્તિ કરે છે. આત્માનુભૂતિ માટે જરૂરી એવો જૈનદર્શનનો કોઈ પણ સિદ્ધાંત અછતો - બાકી રહ્યો નથી કે જેનું રહસ્ય સમજાવ્યું ન હોય. જિનસિદ્ધાંતોનું આવું સ્પષ્ટ ને વિસ્તૃત વિવેચન સેંકડો વર્ષોમાં થયું નથી.

ચૈતન્યરત્નના પારખુ ઝવેરી, સ્વતંત્રતાની ઘોષણા કરનારા સિંહકેસરી, પરમાર્થમાર્ગના પથિક અને કલ્યાણમાર્ગ પ્રદર્શક ગુરુદેવને 'ભેદજ્ઞાનનો અવતાર' કહેવામાં અતિશયોક્તિ નથી, ભક્તોના જીવનશિલ્પીની આધ્યાત્મિક ઊંચાઈ મધુર સંગીતની જેમ અવર્ણનીય છે, એ જ્ઞાનતેજના પ્રભાવશાળી મહાન વ્યક્તિત્વથી વર્તમાનમાં જે પ્રભાવ પડ્યો છે ને પ્રકાશ થયો છે તે અનુપમ છે. તેઓશ્રીનાં પ્રવચનની ફૂલઝરી જ્યાં ખરવા લાગે છે ત્યાં શાંતિનું સામ્રાજ્ય છવાઈ જાય છે ને વસ્તુસ્વરૂપનો સિંહનાદ વહેતો થાય છે. અહા! શું સ્વભાવ સાથે સંબંધ કરાવનારી તે કથા અને તેમાં આવેલી પર-વિભાવનો સંબંધ તોડવાની રીત! જીવોને એક વૈજ્ઞાનિક દષ્ટિ મળે છે, જે જ્ઞાનનેત્ર ખોલી નાખે છે અને ભ્રાંતિ—વિપરીત માન્યતા કપૂરની માફક ઉડી જાય છે તથા હૃદય પૂર્ણપણે સ્વીકારે છે કે વસ્તુસ્વરૂપ આ જ છે. ગુરુવરની વાણીવર્ષાથી સરળ જીવો આત્મહિતના ઇચ્છુક બને છે, પાત્ર જીવો આરાધના કરવા તત્પર બને છે અને પુરુષાર્થી જીવોને આત્મરૂચિ જાગીને અનુભવ કરવા ઉદ્યમી થાય છે.

૪૫-૪૫ વર્ષના દીર્ઘકાળ સુધી અધ્યાત્મની શીતળ શાંત વર્ષા વરસાવીને તેઓશ્રીએ પરમાત્માના વિરહા ભૂલાવી ચોથો કાળ વર્તાવ્યો છે, સંતોના અંતર્ રહસ્ય ખોલી મિથ્યાત્વના મૂળિયા હલાવી નાખ્યા છે ને પાખંડને દૂર કર્યો છે. આબાળગોપાળને આત્મતત્ત્વની ધૂન લગાડનાર ગુરુદેવશ્રીની ક્ષતિરહિત પૂર્ણ વાણીની એ અજાયબી-ખૂબી છે કે વર્ષોના ધારાવાહી પ્રવચનોમાં અજ્ઞાનીની જેમ કયાંય પૂર્વાપર વિરોધ નથી કે રાગનું પોષણ નથી. તેઓશ્રીનાં વ્યાખ્યાન આજે પણ તેઓશ્રીની નિર્મળ તથા તીક્ષ્ણ સમ્યક્પ્રજ્ઞાને જાહેર કરે છે ને શાસ્ત્રપાઠીઓના ગર્વને હરી લે છે. શાશ્વત શાંતિ-સુખ પ્રાપ્ત કરવાની વિધિ બતાવતા તેઓશ્રીનાં પ્રવચનો હજારો યુગ સુધી શાંતિપિપાસુ જિજ્ઞાસુ જીવોને સાચો માર્ગ બતાવતા રહેશે. ભવાતાપથી ત્રસ્ત જીવોને એ પ્રવચન-અમૃતથી સુખનો રાહ તેમ જ રાહત મળ્યા છે.

ગુરુદેવે લગભગ અડધી સદી સુધીની આધ્યાત્મિક સફરમાં પ્રવચનધારા વહાવી આત્મવૈભવ-આત્મલક્ષ્મીના ખજાના ખૂલ્લા કર્યા ને કહ્યું ‘લૂંટો રે જગતના જીવો લૂંટો!’ અનેક પરાક્રમી-પુરુષાર્થી જીવો તે જ્ઞાનભંડાર મેળવી ન્યાલ થઈ ગયા, હજારો આત્માર્થીઓએ શક્તિ અનુસાર જ્ઞાનભાથું બાંધ્યું અને લાખો ભાવિક જીવોએ આ અલૌકિક સંતના ચરણકમળમાં મસ્તક ઝૂકાવી, કૃપાદૃષ્ટિ મેળવી ધન્ય બન્યા. તેઓશ્રીની સિંહધ્વનિએ જૈનસમાજને ઢંઢોળીને જાગ્રત કર્યો છે ને તત્ત્વવિચારના માર્ગે વાળ્યો છે. તે મંગલધ્વનિ આજે, આવતી કાલે ને પંચમકાળના અંત સુધી ભવ્યજનોને આત્મહિતનો પંથ ચિંધ્યા કરશે એમાં કોઈ સંદેહ નથી.

આ જ્ઞાનાનુભૂતિપ્રાપ્ત મહાપુરુષનું આંતરિક જીવન સમજવું એ બ્રહ્માંડનો તાગ લેવા કરતાં પણ વધુ કઠિન છે, કેમ કે સત્પુરુષોનું જીવન બાહ્યભાવોથી રહિત આત્મસાધનામય હોય છે. તેઓ સાર્થક જીવન જીવી આત્મશ્રેય કરવા સાથે-સાથે પાત્ર જીવોને આરાધના માટે જરૂરી માર્ગદર્શન પણ અર્પે છે. જ્ઞાનવૈરાગ્યમય જીવન જીવનાર આ મહાત્માનું અંતરંગ જીવન જેવું ઉજ્જવળ હતું તેવું બાહ્યજીવન પણ નિર્મળ-પવિત્ર હતું. સમ્યક્શ્રદ્ધા-જ્ઞાનરૂપ દિવ્ય પરિણતિની સાથે સાથે બહારમાં અત્યંત નિયમિત ને સંયમી દિનચર્યા, સાદો ને અલ્પ આહાર, આગમ અનુરૂપ સત્યવાણી અને કરુણારસ

ભરપૂર સુકોમળ હૃદય તેઓશ્રીનાં વિરલ-અદ્‌ભુત વ્યક્તિત્વના અવિનાભાવી અંગો હતા. ખરેખર તો નિજ શુદ્ધાત્માનું અવિરામ બહુમાન ભર્યું ચિંતન-મનન અને તેને પોષણ આપતો સ્વાધ્યાય એ જ તેઓશ્રીનું જીવન હતું. તેઓશ્રીનાં સાધનામય જીવનના આવા દરેક અંગ - અંશ - કાર્ય સર્વને માટે સદાય અનુકરણીય છે, અનુસરણીય છે. સાચે જ તેઓશ્રી આ ક્ષેત્રના, આ કાળના એક અમલ આભૂષણ હતા કે જેમને પામીને આ યુગ ગૌરવાન્વિત થયો હતો.

તેઓશ્રીનાં ચરણકમળથી પૃથ્વી પાવન થઈ હતી, દર્શનથી મુમુક્ષુઓ ધન્ય બન્યા હતા, ભક્તિથી ભક્તો પુલક્તિ થયા હતા અને વાણીથી શ્રોતા પાવન બન્યા હતા. મોહનિદ્રામાં સૂતેલા જીવોને ''તું ભગવાન આત્મા છો'' એવી મીઠી મધુરી બંસરી બજાવી જગાડનાર, અધ્યાત્મ ભાગીરથીને આ ધરા ઉપર ઉતારી મુમુક્ષુ હૃદય સુધી પહોંચાડનાર, જીવનભર જ્ઞાયકદેવના ગાણાં ગાનાર ને મોક્ષમાર્ગમાં કેલિ કરનાર ભેદવિજ્ઞાની ગુરુદેવનું વ્યક્તિત્વ જ અનોખું હતું. જ્ઞાનપિપાસુ જીવોએ બહુમાનથી અને ક્રિયાકાંડી જીવોએ ટીકાથી—બન્ને પ્રકારથી તેઓશ્રીનું નામ સર્વત્ર પ્રસિદ્ધ કર્યું છે. આ વીસમી સદીમાં સમસ્ત જૈન સમાજમાં બહુચર્ચિત વ્યક્તિ કોણ? એમ જો પૂછવમાં આવે તો પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું નામ સૌથી પહેલું આવે.

વીતરાગતામય જૈનધર્મની મહાન પ્રભાવના, અનેક જિનમંદિરોનું નિર્માણ, અધ્યાત્મ ને ભક્તિ ભરી તીર્થયાત્રાઓ અને વિપુલમાત્રામાં જિનવાણીનું પ્રકાશન જેમના નિમિત્તે થયા છે એવા અધ્યાત્મક્રાંતિના સૂત્રધાર પૂજ્ય ગુરુદેવે જૈનશાસનમાં એક અજોડ પ્રકરણ ઉમેર્યું છે. તેઓશ્રી એવી ક્રાંતિના નાયક હતા કે જેનો જન્મ રાગ-દ્વેષમાંથી નહીં, પણ જ્ઞાન-વૈરાગ્યમાંથી થયો હતો અને જેમાં આકુળતા-કષાય નહોતા પણ અનાકુળતામય શાંતિનું વેદન હતું. તેઓશ્રીએ ગહન તાત્ત્વિક વિચારો વડે જે શાંત આધ્યાત્મિક ક્રાંતિ કરી હતી—અધ્યાત્મનો શંખ વગાડી આંદોલન જગાડ્યું હતું—તે જૈનધર્મના ઇતિહાસમાં બેમિસાલ છે, વીસમી સદીનો મોટો ચમત્કાર છે. શાસ્ત્રોના પૃષ્ઠોમાં રહેલા તત્ત્વને જીવનમાં ઉતારી માર્ગની ઉન્નતિ ને વૃદ્ધિ કરી તે કાર્ય જૈનધર્મના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે. લાખો જીવોએ આ ધર્મક્રાંતિને ઓળખીને તેનું અનુમોદન કર્યું હતું, સમર્થન આપ્યું હતું ને તેમાં જોડાઈને તેઓશ્રીનાં અનુયાયી બન્યા હતા. આ રીતે નિઃસંદેહ તેઓશ્રી

અનોખા યુગપુરુષ હતા ને જૈનદર્શનનો એ અનન્ય સુવર્ણયુગ-કાળ હતો. આ યુગપુરુષનો મુક્તિસંદેશ યુગયુગ સુધી જીવોનું કલ્યાણ કરશે તેમાં બેમત નથી.

સહજાનંદની પવિત્ર અનુભૂતિ કરનાર ગુરુરાજ એક અલૌકિક અનુપમ દિવ્ય મહાપુરુષ હતા. તેઓશ્રીથી વર્તમાન યુગ તો પ્રભાવિત થયો જ છે અર્થાત્ તેઓશ્રીનાં જ્ઞાનપ્રકાશનો પ્રભાવ આજે તો વિદ્યમાન છે જ, પરંતુ યુગો સુધી પણ તે માર્ગને પ્રકાશ્યા કરશે. તેઓશ્રી દ્વારા પ્રતિપાદિત સત્ય આજે અને ભવિષ્યમાં પણ સુખવાંછક જીવોને સુખપંથ ચીધ્યા કરશે. આવા સંતનું અંતર્બાહ્ય પવિત્ર જીવન આત્મસાધનાની મહાન પ્રેરણા આપે એમાં આશ્ચર્ય નથી. તો, મુમુક્ષુઓના શ્રદ્ધા-ભક્તિપુષ્પને નિસ્પૃહ-અલિપ્ત ભાવે સ્વીકારનાર પૂજ્ય ગુરુદેવશ્રીની જીવન યાત્રા - કહાન ક્રમબદ્ધ કથા - આત્મસાધક જીવોને સત્ ને સંત - બન્ને પ્રત્યે પરમ બહુમાન, શ્રદ્ધા, ભક્તિ જગાડી આત્માર્થતાનું પોષણ કરો એ ભાવના... અભ્યર્થના.....પ્રાર્થના.....

કહાન ક્રમબદ્ધ કથા ભાગ - ૧માં આપણે જોયું કે જેમનો જન્મ આત્મહિત માટે જ હતો એવા આ મહાત્માએ સૌરાષ્ટ્રના ઉમરાળા ગામમાં વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજે પિતા મોતીચંદભાઈના આંગણે માતા ઉજમબાની કૂંખે અવતરી સૌરાષ્ટ્ર ભૂમિને શણગારી. જન્મ સમયે પ્રકૃતિએ કરેલા પ્રકાશે અણસાર આપી જ દીધો હતો કે આ બાળ મહાત્મા ભારતભરમાં જ્ઞાનપ્રકાશ કરશે.

વૈશાખ સુદ બીજને વાર, ઉજમબા ઘેર કહાન પધાર્યા;
ગજર્યા દુંદુભિના નાદ, ઉમરાળા ગામે કહાન પધાર્યા...
ન માય આનંદ કુટુંબીજન હૈયે, ભાગ્યવાન મોતીચંદભાઈ...ઉજમબા...
કહાનકુંવરનો જન્મ જ થાતાં, ગંધોદક વૃષ્ટિ થાય...ઉજમબા...
કહાનકુંવરનો જન્મ જ થાતાં, મનવાંછિત કુદરત થાય...ઉજમબા...
કહાન જનમતાં ભરતખંડ ડોલ્યું, જનમ્યા અનુપમ કહાન...ઉજમબા...
મોતીચંદભાઈ ઘેર નૃત્ય આજ થાય છે, ઘેર ઘેર મંગળ થાય....ઉજમબા

આજ મંગળ વધાઈ વાગતી રે, કહાન કુંવર જન્મ્યા અહો આજ,
આજ ગુરુજી પધાર્યા ભરતમાં રે...

ધન્ય ધન્ય ઉમરાળા ગામ રે, ધન્ય ધન્ય ઉજમબા માત...આજ ગુરુજી...

આજ તેજ થયા જન્મધામમાં રે, એના ભરતખંડમાં પ્રકાશ...આજ ગુરુજી...

આજ આનંદ મંગળ ઘેર ઘેર થયા રે, ઠેર ઠેર અહો લીલા લહેર...આજ ગુરુજી...

તેઓશ્રીએ સત્યથી બહુ દૂર જન્મ લઈને પણ સ્વયંબુદ્ધત્વની જેમ સત્યની શોધ કરી અને પ્રચંડ પુરુષાર્થથી પ્રાપ્તિ પણ કરી. અરે! પૂર્વજન્મમાં પ્રાપ્ત કરેલ સંસ્કારરૂપી મૂડી લઈને જન્મેલ આ વીતરાગમાર્ગના જ્યોતિર્ધરે જડક્રિયામાં રાચતા જૈનજગતને જ્ઞાનક્રિયારૂપ યથાર્થ રાહ સમજાવી જાગૃત કર્યું ને જૈનવિશ્વને મૂળમાંથી જ બદલી નાખ્યું.

હોનહાર ધર્માત્માને નાનપણથી જ સત્‌ની ઝંખના-જિજ્ઞાસા હતી ને ધર્મ તરફ ઝૂકાવ હતો. પોતે તેજસ્વી બુદ્ધિવાળા હોવા છતાં શાંત-ઠરેલ ને વિચારક હતા. તેમ જ બાહ્ય વિષયો પ્રત્યે ઉપેક્ષાવૃત્તિવાળા વૈરાગી ને સત્યનિષ્ઠ પણ હતા. બચપણથી જ મુખમંડલ ઉપર નીડરતા, નિર્દોષતા, નિખાલસતા, નિસ્પૃહતા, સરળતા, કોમળતા, ગંભીરતા, ઉદાસીનતા, સૌમ્યતા, ધૈર્યતા તેમ જ બુદ્ધિ ને વીર્યના તેજ ઝળકતા હતા, જે તેઓશ્રીની અસાધારણ અલૌકિકતાને જાહેર કરતા હતા. ઊંડી તીક્ષ્ણ દૃષ્ટિ, કોઈપણ પ્રસંગે તેના હાર્દમાં ઉતરી નિર્ણય કરવાની ટેવ, વિચિક્ષણ નિરીક્ષણ, તીવ્ર સ્મરણ શક્તિરૂપ બુદ્ધિમત્તા, મધુરભાષીપણું, જતું કરવાની વૃત્તિ, પ્રમાણિકતા વગેરે અનેક અસાધારણ આદર્શ ગુણો તો બાલ્યકાળમાં જ ખીલી ઉઠેલા. બાળવયથી જ એકાંતપ્રિયતા તેમની ચિંતનશીલ પ્રકૃતિની દ્યોતક હતી.

બાળ કુંવર કહાન જુદા હતા કોઈ, ખેલતા'તા જ્ઞાનકુંજ માંહી...
ઉજમબા ઘેર કહાન પધાર્યા...

વીત્યા વીત્યા તે કાંઈ બાળકાળ વીત્યા, લાગી ધૂન આત્માની માંહી...
ઉજમબા ઘેર કહાન પધાર્યા....

તેર વર્ષની ઉંમર સુધી જન્મધામમાં રહ્યા તે દરમ્યાન લૌકિક શિક્ષણ પ્રાપ્ત કર્યું ને

જૈનશાળામાં પણ અભ્યાસ કર્યો. વર્ગમાં પહેલો નંબર રાખનાર તેજસ્વી વિદ્યાર્થી હતા તો પણ નિશાળના અભ્યાસમાં સંતોષ થયો નહોતો અને 'હું જેની શોધમાં છું તે આ નથી' એવી ખટક નિરંતર રહ્યા કરતી હતી. સત્‌ના વિયોગે એકવાર તો રડી પડેલા. દશ વર્ષની ઉંમરે જોયેલા છપ્પનીયા દુષ્કાળની કરુણ છાપ–ઉંડી અસર–મન ઉપર એવી તો પડેલી કે પશુઓની વેદના જોઈ શકાતી નહીં હોવાથી હૃદય કકળી ઉઠ્યું હતું. એક સાધુની શાંત-ગંભીર ચાલ જોઈને વૈરાગી જીવન પ્રત્યે ચિત્ત આકર્ષાયું હતું. આ જ વર્ષોમાં સૌથી મોટાભાઈ ને માતાશ્રીનો વિયોગ થયો હતો.

ઉમરાળા પછી પાલેજના નવ વર્ષના વસવાટ દરમ્યાન પિતાજીના અવસાન બાદ પાંચ વર્ષ ઈમાનદારીથી છતાં મમતા વગર ઉદાસીનતાથી વેપાર કરેલો. પ્રમાણીકતાથી વેપાર કરવાથી આબરૂ-શાખ તો વધી હતી, પરંતુ વૈરાગી યુવાન કાનજીનું ચિત્ત વેપારમાં કે સંસારના કાર્યોમાં લાગ્યું નહોતું, મન વેપારમય કે સંસારમય થયું નહોતું, અંતરમાં સંતોષ થયો ન હોતો, કેમ કે જેની શોધ હતી તે પ્રાપ્ત થતું નહોતું. દુકાનમાં કોઈ કામ ન હોય તો, બીજા લોકો કોઈ ને કોઈ અન્ય કામ કરવા લાગતા, પરંતુ કાનજી તો શાસ્ત્ર લઈને વાંચવા બેસી જતા. કેમ કે ધર્મની જ લગની હતી ને? મારે મારું હિત કરવું છે એ જ ભાવના પહેલેથી હતી ને?

સંસારના ગમે તે ચિત્રવિચિત્ર પ્રસંગોએ પણ પોતાના ધ્યેયથી જરાપણ વિચલિત થયા વિના તેનો આત્મા કોઈ જુદી જ શોધમાં હતો. અવિનાશી સુખના ધોરી માર્ગ ને સત્યશોધ પ્રત્યે ઝૂકાવ સદાય રહેતો હતો. સંસારના દુઃખથી બસ થાવ અને આ જીવનમાં ભવનો અંત આવી શાશ્વત હિત થાય એવું અપૂર્વ અલૌકિક કાર્ય કરી લેવું છે એવી ભાવના નિત્ય ઘૂંટાતી હતી, જેના કારણે સાધુનો સંગ ને વૈરાગ્ય ખૂબ ગમતા હતા. દુકાને પણ તીક્ષ્ણબુદ્ધિ તથા સ્થિર ચિત્તવૃત્તિ પૂર્વક વૈરાગ્યપ્રદ પુસ્તકો વાંચતા ને મમતા ઘટાડવા ઉપવાસાદિ પણ કરતા હતા. તેમની શાસ્ત્ર અધ્યયન-મનન-મંથન આદિરૂપ ધાર્મિક રુચિ-પ્રવૃત્તિ, ઉદાસીન જીવન, સજ્જનતા ને સરળ અંતઃકરણ વગેરે ઉત્તમતાના પ્રતીક સમાન ગુણો જોઈને સંબંધીઓ 'ભગત'ના નામથી સંબોધતા હતા.

ન્યાય વિના પરાણે કોઈપણ વાત સ્વીકારી લેવી એ યુવાન કાનજીના સ્વભાવમાં

જ નહોતું. તેની સત્યનિષ્ઠાની પરીક્ષાનો અને ક્ષમા-ઉદારતાનો પ્રસંગ ‘અફીણનો જૂઠો કેસ’ પાલેજમાં બન્યો હતો. પ્રમાણિકતાનો પુરાવો આપતો પ્રસંગ એટલે ‘ચોરીના માલનો’ પ્રસંગ. તેના સરળ અંતઃકરણ ને નિર્દોષતાનો પ્રસંગ એટલે ‘વેપારી જમવા આવશે’ એવો કહેવાનો પ્રસંગ. કોઈને પણ સહજ–નિર્દોષપણે છતાં નીડરતાથી સત્ય કહેવાનો પ્રસંગ એટલે ‘ભાગીદારને તમે તિર્યંચ થશો’ એ કહેવાનો પ્રસંગ. મુંબઈ સ્ટેશને બનેલ વધારાના વજનની ટીકીટનો પ્રસંગ તેની નીતિમત્તાની સાબિતી છે.

વેપાર અંગે બહારગામ જવાનું થાય ત્યારે ફુરસદના સમયે નાટકો જોવા જતા. ઉગતી યુવાનીમાં રગેરગમાં વૈરાગ્યની લગની હોવાથી નાટકના વૈરાગ્યમય દૃશ્યો જોઈને સ્વયં વૈરાગ્યરસથી ભીંજાય જતા ને સંસાર અસાર લાગતો. આવા જ એક પ્રસંગે પાલેજમાં રામલીલા જોતાં પૂર્વના સંસ્કારો પ્રથમવાર ફૂટી નીકળ્યા હતા, જેથી વૈરાગ્યના શાંતરસથી તરબોળ ને ઉજ્જવળ ભાવિ સૂચક ભવ્ય કાવ્ય અંતઃસ્ફૂરણાથી સહજ રચાય ગયું હતુંઃ ‘શીવરમણી રમનાર તૂં, તૂં હી દેવનો દેવ’. ધન્ય એ વૈરાગ્ય-ઉદાસીનતા!!.

હવે તો વૈરાગ્યના પૂરને ઢાળ મળી ગયો હતો. વૈરાગ્યનું પલડું નમતું હતું. જ્ઞાન-વેપારના અભિલાષી કાનજીનું ચિત્ત જેટલું ધર્મસાધનામાં લાગતું તેટલું પૈસાના વ્યાપારમાં કે દુકાન-ઘર-સંસારમાં લાગતું નહોતું ને ધર્મ-સત્‌શોધનો અંતર્‌વ્યાપાર ઉગ્ર થયા કરતો હતો. વૈરાગ્યરસથી ભીંજાયેલ-તરબોળ કાનજીએ રાત્રિના આહાર-પાણી ને અથાણું તો છોડ્યા હતા જ, હવે બ્રહ્મચર્યના પ્રેમી–શીલના તેજથી શોભિત–કાનજીએ યુવાનીનો રંગ લાગે તે પહેલાં કુમારવયે બ્રહ્મચર્ય વ્રત ધારણ કર્યું અને ‘મારે મારા આત્માનું કરવું છે, તેમ જ સત્‌ની શોધ અને આરાધના નિવૃત્તિ યોગમાં જ સહેલાઈથી થઈ શકે છે એ કારણે દીક્ષા લેવી છે’ એવા ભાવ જાગ્યા હતા.

વૈરાગ્યના રંગે રંગાયેલા, જગતથી અલિપ્ત-ઉદાસીન ને સત્‌ના જિજ્ઞાસુ ૨૨ વર્ષના યુવાન કાનજીએ સત્‌ની શોધ માટે સ્થાનકવાસી સંપ્રદાયના સાધુ થવાનું નક્કી કર્યું અને તે માટે દુકાન-વેપાર છોડી બે વર્ષ ગુરુ પાસે અભ્યાસ પણ કર્યો. ગારીયાધારમાં કરેલા સંસ્કૃતભાષાના અભ્યાસથી એ નિર્ણય ઉપર આવેલા કે માત્ર ભાષાજ્ઞાનથી શાસ્ત્રના યથાર્થ અર્થ નહીં સમજાય. તે માટે કાં તો ગુરુગમ અથવા ઊંડો અભ્યાસ જોઈએ. દીક્ષા લીધા

પહેલાં એક પ્રશ્ન ઉઠ્યો હતો કે જો સાધુ ઉપાશ્રય વાપરે તો અનુમોદના કોટિ તૂટે. આ અંગે ખૂબ ગડમથલ ચાલી હતી. ગુરુ પાસેથી પણ સંતોષકારક ઉત્તર મળ્યો નહોતો. અંતે નિર્ણય લીધો કે સત્ય મારે જ ગોતવાનું છે. એકાંત-નિવૃત્તિના પ્રેમી કાનજીએ કલ્યાણની ભાવનાથી ઉજળા ગૃહસ્થ જીવનને ઉદાસીન ભાવે છોડ્યો ને સંવત ૧૯૭૦માં ૨૪મા વર્ષે દીક્ષા લીધી. દીક્ષાપ્રસંગ અત્યંત ધામધૂમથી ઉજવાયો હતો. આ પ્રસંગે વલ્લભીપુરથી ખાસ રાજદરબારનો પોશાક લાવવામાં આવ્યો હતો અને દીક્ષાયાત્રા સમયે હાથી ઉપર બે વ્યક્તિ ચામર ઢાળતી હતી. સામાન્યપણે રેશમી ધોતીયું, આલપાકનો કોટ, જરીની ટોપી ને ખભે ખેસ એ તેમનો પહેરવેશ હતો. દીક્ષા વખતે હાથી ઉપર ચડતાં ધોતીયું ફાટ્યું હતું ને કાંઈક ખોટું થાય છે એવી શંકા પણ થઈ હતી. છેલ્લે જ્યારે દીક્ષા માટે મોટાભાઈ ખુશાલભાઈની રજા માગી ત્યારે અતિ પ્રેમને લીધે તેઓ મૂર્છિત થઈ ગયા હતા.

તેઓશ્રીએ દીક્ષાના નિયમાનુસાર ઘરબાર, કુટુંબ-પરિવાર, ધન-દૌલત વગેરે બધું જ છોડ્યું ને સાધુના બાહ્ય આચરણ-ચારિત્રનું પાલન દૃઢતાથી શરૂ કર્યું. જ્ઞાની-ધ્યાની કાનજીસ્વામીને સાધુપણામાં શાસ્ત્ર-અભ્યાસની એવી તો ધૂન રહેતી કે ભોજનની પણ ઉપેક્ષા રહેતી. આત્મહિતાર્થે સંસારત્યાગી થયેલા અને એકાગ્રચિત્તે શાસ્ત્ર સ્વાધ્યાય કરતા કાનજીસ્વામીને શારીરિક જરૂરિયાત પાછળ સમય વ્યતિત કરવો પડતો તે પણ અસહ્ય થઈ પડતું. હોનહાર મહાત્માને મહા મોંઘેરા માનવજીવનમાં આત્મહિત કરી લેવું છે એ જ ભાવના રહેતી હતી ને ભવનો અંત કરવો છે એ જ જીવનનો ધબકાર હતો. પોતાને જ્ઞાનપિપાસા ને સત્‌ની શોધ હોવાથી ગુરુ, ગુરુભાઈ વગેરે સાથે ચર્ચા-વાર્તા થતી. સંવત ૧૯૭૨ની ચર્ચા સમયે ગુરુભાઈએ કહેલું : ‘કેવળીએ દીઠું હશે તેમ થશે, આપણે શું કરી શકીએ?’ જેમનો જીવનમંત્ર પુરુષાર્થ હતો એવા પોતે કહેલું : ‘જેના જ્ઞાનમાં કેવળી બેઠા તેના ભવ હોય જ નહીં, તેના ભવ ભગવાને દેખ્યા જ નથી’. આ ઉપરાંત પાત્રા રંગવાનો પ્રસંગ પણ બન્યો હતો.

વ્યાખ્યાન દરમ્યાન તેઓશ્રીની તર્કબદ્ધ, સિંહગર્જના સમાન વાણી સાંભળતા કાયરોના કાળજાં કંપી ઉઠતા. તેઓશ્રીનાં યથાર્થ તર્ક સામે કોઈ બોલી શકતું નહીં. ‘જીવ પોતે સ્વતંત્રપણે રાગ કરે છે, કર્મથી તે બિલકુલ થતો નથી’, ‘સમ્યગ્દૃષ્ટિને જ સાચી મૂર્તિપૂજા હોય’, વગેરે અદ્‌ભુત ન્યાયો પૂર્વના સંસ્કારથી ને સ્વયંના અભ્યાસથી જાહેર કર્યા

હતા. પુરુષાર્થના સ્વામી કાનજીસ્વામી કોઈપણ વાતના મૂળમાં પહોંચતા, તપાસતા ને પછી જાહેર કરતા.

તેઓશ્રીને ભૂતકાળની રાજકુમારપણાની અવસ્થાના તેમ જ ભાવિના સંકેતરૂપ સ્વપ્નાઓ આવતા હતા. પૂર્વે સાંભળેલી તીર્થંકરની ૐકાર ધ્વનિના ભણકારા-નાદ પણ ત્રણવાર આવ્યા હતા. આ રીતે સાથે લાવેલા સંસ્કારો જાગૃત થતા હતા અને સાથે સાથે સનાતન સત્યની અવિરત શોધ વૃદ્ધિગત થતી હતી. ઘણા બધા પ્રશ્નો ઉઠતા હતા, ચર્ચાઓ થતી હતી, પણ સમાધાન મળતું નહોતું. સ્થાનકવાસીના ૩૨ સૂત્રોનો અભ્યાસ—વાંચન પણ દર વર્ષે કરતા હતા, પરંતુ ઉકેલ જડતો નહોતો. કેમ કે તેઓશ્રી તર્કની એરણ ઉપર ચકાસ્યા વિના—વિવેક વિના—માત્ર અંધશ્રદ્ધાથી કોઈ વાત માનતા નહીં.

તેઓશ્રી જ્ઞાનપિપાસા સહિત ચારિત્રનું પાલન કડક રીતે કરતા. નિયમ પ્રમાણે આહાર ન મળે તો ઉપવાસ કરતા. તેઓશ્રીનાં આત્માર્થીપણાની ને ઉગ્ર ચારિત્રની સુવાસ જૈન જગતમાં ફેલાઈ હતી ને લોકો 'કાઠિયાવાડનો કોહિનૂર' તરીકે બિરદાવતા. વિહાર કરતાં કરતાં જ્યાં જ્યાં તેઓશ્રી પધારતા ત્યાં ત્યાં લોકોના ટોળેટોળાં દર્શન કરવા ને પ્રવચન સાંભળવા ઉમટી પડતા. લોકો તેઓશ્રીને પ્રભુતુલ્ય માનતા-પૂજતા અને ભક્તોના હૃદયસિંહાસને બિરાજતા હતા, છતાં પોતે તો તે બધાથી નિસ્પૃહ હતા. તેઓ કોઈની પાસે કાંઈ માંગતા નહીં, સહજપણે મળે તો લેતાં. આવી વૃત્તિ હતી તો પણ હજુ સુધી તેમની સત્‌ની શોધ શાંત થઈ ન હતી, કારણ કે સત્‌ની પ્રાપ્તિ થઈ ન હતી અને સંપ્રદાયની વાત સાથે સ્વયંને મેળ ખાતો નહોતો. તેથી મનોમંથન-ખટક-ગડમથલ રહ્યા કરતા હતા કે જેની શોધમાં છું તે સત્‌ મળ્યું નથી અને જે મળ્યું છે તેમાં સત્‌ છે નહીં. તેઓશ્રીનાં સત્‌ જિજ્ઞાસુ હૈયાને સંપ્રદાયની રુઢિગત ક્રિયામાં આત્મપ્રાપ્તિના ઉપાયનો સદંતર અભાવ દેખાતો અને તે સતત ડંખતું. તેથી પોતે સત્‌નું સંશોધન સદાય કર્યા કરતા.

પરંતુ જ્યાં સાચી ભાવનાથી શોધ છે ત્યાં પ્રાપ્તિ પણ છે. તીવ્ર ઝંખના-સાચી લગની હોય તો સત્‌ મળ્યે જ છૂટકો. તેઓશ્રીનાં જીવનમાં વીરશાસનના ઉદ્ધારનો એક પવિત્ર પ્રસંગ બન્યો હતો, જેણે તેઓશ્રીનાં જીવનને—જીવનદિશાને બદલી નાખ્યા હતા. કુદરતની કોઈ ધન્ય પળે સંવત ૧૯૭૮ના ફાગણ માસમાં દામનગરમાં મહાસમર્થ દિગંબર

આચાર્ય શ્રી કુંદકુંદાચાર્ય વિરચિત શ્રી સમયસારજી પરમાગમ મળ્યું ને હૃદય પોકારી ઉઠ્યું કે 'આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે'. જે જોઈતું હતું તે પ્રાપ્ત થતાં તેમનો આત્મા અપૂર્વ આનંદથી નાચી ઉઠ્યો. તેઓશ્રીએ ઘૂંટડા ભરી ભરી સમયસારના ભવનાશક અમૃતનું પાન કર્યું અને જ્ઞાનબળ વડે તેના અંતરંગ ભાવો બહાર કાઢી જીવનમાં ઉતાર્યા. તેઓશ્રીની શાશ્વત શાંતિપ્રાપ્તિની ઈચ્છા હવે શાંત થઈ હતી, શંકાઓનું સમાધાન થવા લાગ્યુ હતું. પછી તો ધીરે ધીરે અન્ય દિગંબર શાસ્ત્રો મળતાં નિર્ણય થયો હતો કે સંપ્રદાયનો માર્ગ સત્ય નથી. સત્ય માર્ગ તો કોઈ જુદો જ છે. દિગંબર સંતોની સ્વાનુભૂતિપૂર્વકની તર્કબદ્ધ વાણી તર્કની કસોટીમાં-ન્યાયની પરીક્ષામાં—ખરી ઉતરી હતી. તેથી અંતરમાં ફેરફાર થવા લાગ્યો હતો ને જ્ઞાનકળા ખીલવા લાગી હતી. આ પ્રકારે સમયસારે તેઓશ્રીનાં જીવનમાં અદ્‌ભુત- અલૌકિક-અચિંત્ય-અનુપમ ઉપકાર કર્યો છે.

કાનજીસ્વામી જગતના માન-સન્માનથી અલિપ્ત આત્મલક્ષી જીવન જીવતા હતા. વસ્તુસ્વતંત્રતાના-સ્વાધીનતાના સિદ્ધાંતો નીડરતાથી-નિઃશંકતાથી સ્થાપતા ને નિર્ભયણે બધાને સત્ય કહેતાં. 'ખોજી જીવે વાદી મરે', 'તત્ત્વજ્ઞાન પંડિતાઈ - ભાષાજ્ઞાનનો વિષય નથી', 'શબ્દોથી શાસ્ત્રોનો ઉકેલ નહીં આવે', 'જે ભાવે તીર્થંકરપ્રકૃતિ બંધાય તે ધર્મ નથી', 'મહાવ્રતના ભાવ આસ્રવ છે'; 'જેણે કાળદ્રવ્ય માન્યુ નથી તેને સ્વકાળરૂપ નિર્મળ પરિણમન થતું નથી', 'રુચિનો ઉપાડ વિપરીત કે ઢીલો હોય તો કાર્યસિદ્ધિ કેમ થાય?', 'દરેક દ્રવ્ય સ્વતંત્ર છે', 'જડ-ચેતન ભિન્ન છે'; 'શુભરાગથી વીતરાગતાની જાતિ જુદી છે', 'સ્વાનુભૂતિ પ્રગટ કરવાયોગ્ય છે' વગેરે ન્યાયપૂર્ણ વાતો જ્ઞાનમાં સ્પષ્ટ થઈ ગઈ હતી ને તત્ત્વનિષ્ણાત કાનજીસ્વામી તેનું બેધડકપણે પ્રતિપાદન પણ કરતા હતા. લોકોના પ્રશ્નો-તર્કોનું ન્યાયસંગત દૃષ્ટાંતસહ સર્વાંગ સમાધાન કરી સત્‌નું ઉદ્‌ઘાટન કરતા ને ધાર્મિક વાતાવરણનું સર્જન કરતા. લોકો કહેતાઃ 'કાનજીસ્વામી ફરતે કેવળજ્ઞાન આંટા મારે છે', 'કાન પકડાવે તે કાનજીસ્વામી'.

દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી સત્સ્વરૂપ સમજાતું ગયું ને મૂળ-સાચા માર્ગનો ખ્યાલ આવી ગયો. તેથી સંવત ૧૯૮૭ થી એવા વિચારો આવવા લાગ્યા હતા કે હવે પરિવર્તન કરવું છે. કેમ કે અંતરંગમાં દિગંબર ધર્મ સાચો છે એવી પ્રતીતિ-શ્રદ્ધા થઈ ગઈ હતી ને બહારમાં વેશ કોઈ બીજો હતો એ ખટકતું હતું. તેમ જ ખુલ્લી રીતે વસ્તુસ્વરૂપ

કહેવાતું નહોતું તે ખૂંચતું હતું. પરિવર્તન માટે યોગ્ય સ્થળની શોધમાં થોડો સમય ગયો. અંતે નક્કી કર્યું કે સંવત ૧૯૯૦ની સાલનું ચોમાસુ રાજકોટ સદરમાં કરી પરિવર્તન કરવું. રાજકોટના આ ચોમાસા દરમ્યાન ભાદરવા સુદ આઠમથી શરૂ કરીને પરમાગમ શ્રી સમયસારજીની ગાથા ૧ થી ૯૯ ઉપર પ્રથમવાર જાહેર પ્રવચનો આપ્યા. જેમાં એક સૂત્ર આપ્યું હતુંઃ 'પૂર્ણતાને લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે'.

તેઓશ્રીએ ૨૧ વર્ષ સૌરાષ્ટ્રના ગામેગામ વિહાર કરી વાણીરૂપી ગંગા દ્વારા ભવ્યોને પાવન કર્યા હતા. હજારો માણસો તેઓશ્રીની મીઠી-મધુરી વાણી સાંભળવા ઉભરાતા ને મંત્રમુગ્ધ થઈ સાંભળતા. તેઓશ્રીની વાણીનો જાદુ બધા ઉપર છવાઈ જતો. અડગ શ્રદ્ધાન, વિશાળ જ્ઞાન, દઢ ચારિત્ર, મનહર વાણી વગેરેથી ભક્તોના હૃદયમાં તેઓશ્રીનું સ્થાન અજોડ હતું. આવું હોવા છતાં બાહ્યમાં સંપ્રદાયનો વેશ હતો એ વિષમ પરિસ્થિતિ હવે અસહ્ય થઈ પડી હતી. જેથી દીર્ઘ વિચારયાત્રા-મનોમંથન કરી વજ્ર સમાન નિશ્ચયપૂર્વક જાહેર કર્યું કે 'હું સંપ્રદાયમાં રહેવાનો નથી'. જેનું વીર્ય ફાટફાટ થતું હોય તેને કોણ રોકી શકે? જે નિરપેક્ષપણે મુક્ત વિચરતા હોય તે પ્રતિબંધમાં કેમ રહે? પુરુષાર્થી નિઃકાંક્ષ પુરુષ કોઈ પણ રાગમાં તણાઈને સત્‌ને કેમ ગૌણ કરે ? સ્વયંને દુનિયા ન સ્વીકારે તોપણ સત્ય માન્યતામાં ટકી રહેવાની જેની દઢતા હતી એવા અધ્યાત્મ શૂરવીર, નિઃશંકતાના નિધાન કાનજીસ્વામીએ ન્યાયના જોરે આખા જગતને પડકાર ફેંક્યો, સત્‌ને ખાતર બધું જ તિલાંજલી આપવા તૈયાર થયા.

આ નિર્ણયથી જૈનજગતમાં ખૂબ ખળભળાટ મચ્યો, ઘણો ઉહાપોહ થયો ને વિનિપાત સર્જાયો. નિંદા-વિરોધનો વંટોળ પણ ઉઠ્યો. પરંતુ પોતે તો કોઈપણ લાલચ-પ્રલોભન કે ડર વગર મેરુ સમાન અડગ-અડોલ-અવિચલિત-મક્કમ રહ્યા. સત્‌ની સાધના સામે અનુકૂળતાનો રાગ ને પ્રતિકૂળતાનો ભય છૂટી ગયા હતા. વિરોધી પ્રત્યે તો સમભાવ-કરુણા આવતી હતી. સિંહ સમાન નીડર, સાગર સમાન ગંભીર, સહૃદયી વીર-પુરુષ ઐતિહાસીક પરાક્રમ કરવા સોનગઢ આવ્યા ને નિર્ણય કર્યો કે અહીં 'સ્ટાર ઓફ ઈન્ડીયામાં' પરિવર્તન કરવું.

પ્રચંડ પુરુષાર્થી, તત્ત્વની મસ્તીમાં મસ્ત, વીર અધ્યાત્મમાર્ગ ઉદ્યોતક પૂજ્ય ગુરુદેવે

સંવત ૧૯૯૧ના મહાવીર જયંતિના મંગલ દિને મંગળવારે બપોરના ૧.૧૫ વાગે, મસ્ત ગજરાજની જેમ, જેમાં ૨૧ વર્ષ ને ચાર મહિના સાધુ તરીકે રહ્યા તે સંપ્રદાયને છોડ્યો. સામાન્ય જીવો ગૃહ-કુટુંબ, કંચન-કામીની, પદ-પ્રતિષ્ઠા વગેરે બધું તો છોડી શકે છે - છોડે પણ છે, પરંતુ મતાગ્રહના પાશમાંથી મુકત થઈ શકતા નથી, ફળસ્વરૂપે સત્ય મળતું નથી. પણ પૂજ્ય ગુરુદેવે પરિવર્તન કરીને સંપ્રદાયના આગ્રહને—પક્ષને ખુલ્લો પડકાર ફેંક્યો ને વિજયી પણ થયા. તીવ્ર વિરોધ વખતે પણ તેઓશ્રી નિશ્ચળ રહ્યા તે પુરુષાર્થનું અને પરિવર્તન સમયે વિરોધ કરવા કોઈ પ્રત્યક્ષ આવતું નથી તે પુણ્યનું સૂચક છે. આ ઘટના જૈન ઇતિહાસમાં સીમાચિહ્નરૂપ બની છે. તેઓશ્રીએ ભલે સાંપ્રદાયિક રુઢિ-માન્યતાઓ છોડી, તેમ છતાં અખંડ બ્રહ્મચર્ય, યમ-નિયમ-સંયમ પાલન, આહાર-વિહાર શુદ્ધિ, સાદી -સાત્વિક જીવન શૈલી વગેરે ગુણોનું ચુસ્તપણે પાલન કરતાં જ રહ્યાં.

સુવર્ણપુરે વસ્યા એક સંત, પધાર્યા ભવ્યોને તારવા...પધાર્યા ભવ્યોને તારવા..

અપૂર્વ અલખ કોઈ એણે જગાડ્યો, જગાડ્યા અનેક ભવ્ય જીવ...પધાર્યા ભવ્યોને તારવા..

સોળ કળાએ જ્ઞાનસૂર્ય પ્રકાશ્યો, પ્રકાશ્યો ચૈતન્યરાજ...પધાર્યા ભવ્યોને તારવા..

જેની મુદ્રામાં શાંતરસ છવાણાં, વાણીમાં અમીરસ ધાર...પધાર્યા ભવ્યોને તારવા..

અંતરપટમાં ગૂઢતા ભરી છે, કળવી મહા મુશ્કેલ...પધાર્યા ભવ્યોને તારવા..

અંતરહૃદયમાં કરુણાનો પિંડ છે, દૃઢતાનો નહીં પાર...પધાર્યા ભવ્યોને તારવા..

શાસનસ્તંભ પૂજ્ય ગુરુદેવશ્રીના પરિવર્તનનો પ્રસંગ એટલે જિનશાસનની સાતિશય પ્રભાવનાનો સૂર્યોદય. તત્ત્વજિજ્ઞાસુઓ માટે તો તે એક વરદાનરૂપ જ સાબિત થાય છે, કેમ કે તેનાથી સત્શાસ્ત્રો ઝડપથી પ્રકાશિત થવા લાગે છે તેમ જ પરમાગમોનો અભ્યાસ કરવાની હોડ શરૂ થાય છે. આ પ્રભાવનાપ્રકાશે માત્ર ભારતમાં જ નહીં, વિદેશોમાં પણ ઉજ્જવળતા પાથરી છે. આ કાર્ય વીતરાગધર્મને પંચમકાળના અંત સુધી ટકાવવામાં નિમિત્ત બનશે તે નિઃસંદેહ વાત છે. તેઓશ્રીનાં આ અપૂર્વ કાર્યે વસ્તુસ્વરૂપને સૂર્યસમાન પ્રકાશી અનેક જીવોનાં જીવનની દિશા બદલી નાખી છે. આ અવસરે તેઓશ્રીએ પરિવર્તન કરવાનું કારણ દર્શાવતું એક નિવેદન પણ લખી આપ્યું હતું.

પરિવર્તન પછી અપૂર્વ ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રી સોનગઢમાં શું કરે છે, તે જોવા જિજ્ઞાસા-કુતુહલવૃત્તિથી ઘણા જીવો આવતા. સ્વયં તો કોઈપણ પૂર્વગ્રહ વિના ધર્મશાસ્ત્રોના વિશદ્ અભ્યાસમાં ને આત્મચિંતનમાં મગ્ન રહેતા. આ જોઈને તેમ જ તેઓશ્રીની શાંત-શીતળવાણી સાંભળીને સુપાત્ર જીવો ઠરી જતા. સંપ્રદાયના શ્રેષ્ઠ ગુરુપદની જાહોજલાલીને નિસ્પૃહ-નિરપેક્ષભાવે છોડનાર પૂજ્ય ગુરુદેવશ્રીની સિંહવૃત્તિ અને નિર્માનતા આગળ જીવો ઝૂકી જતા અને ભક્તિનો પ્રવાહ ફરીને સંધાઈ જતો. અચિંત્ય જ્ઞાનધારી કહાનગુરુના પવિત્ર જીવન અને અધ્યાત્મવાણીની વાત જેમ જેમ ફેલાવા લાગી તેમ તેમ વધારેને વધારે જીવોને તેમના પ્રત્યે પુનઃ બહુમાન-ભક્તિભાવ જાગ્યા. આત્માર્થીઓના જીવન-આધાર સોનગઢમાં વસ્યા, તો આત્માર્થી જીવો પણ ત્યાં ખેંચાઈને આવ્યા. હવે સુવર્ણપુરી તરફ મુમુક્ષુઓનો પ્રવાહ વહેવા લાગ્યો ને સત્‌નો માર્ગ ખુલ્લો થયો.

જે સમયે વીતરાગપણાથી વિમુખતા વધતી જતી હતી તેવા સમયે ક્રાંતિકારી મંગલ પરિવર્તન દ્વારા યોગીરાજ પૂજ્ય ગુરુદેવશ્રીએ આ યુગમાં એક અનુપમ શુદ્ધ આધ્યાત્મિક ક્રાંતિનું સર્જન કર્યું. તેઓશ્રીએ એવી ક્રાંતિનો સુત્રપાત કર્યો કે જે સેંકડો વર્ષોમાં થઈ નહોતી. જ્યારે નામધારી કુળપરંપરાના જૈનો રુઢિ, અંધશ્રદ્ધા, પાખંડ, શુષ્કજ્ઞાન અને કોરા કર્મકાંડમાં અટવાઈ ગયા હતા તથા તેમની પાસે ધર્મ જેવી કોઈ વસ્તુ જ ન હોવા છતાં ધર્મ કર્યાનું અભિમાન સેવતા હતા ત્યારે આ મહાસમર્થ સત્ પુરુષે સમયસાર આદિ જિનાગમોનું મંથન-ચિંતન-ઘોલન કરી પ્રત્યેક પદાર્થની પરિપૂર્ણ સ્વતંત્રતા જાહેર કરી.

ભાષા સાદી અને સરળ હોવા છતાં જે શબ્દોમાં ગજબનું અર્થગાંભીર્ય ભર્યું છે એવી આગમ ને અધ્યાત્મના નીચોડરૂપ વાણી વડે, અધ્યાત્મમાર્ગના આ પાવન પથિકે ફરમાવ્યું કે અન્ય પદાર્થના કાર્યમાં ડખલગિરિ કરવાનો અભિપ્રાય જ સર્વ દુઃખનું કારણ છે. સર્વ જીવો પોતાના કરેલા કાર્યનું જ ફળ ભોગવે છે. તેમાં અન્ય ચીજનું કર્તાપણું અંશમાત્ર પણ છે જ નહીં. આ રીતે અન્ય દ્રવ્યના કર્તાપણાનો નિષેધ કર્યો; ધર્મ વિરોધી પુણ્ય-પાપભાવોને અધર્મરૂપે જાહેર કર્યા અને નિજ શુદ્ધ ચૈતન્યસત્તાનું અવલંબન જ ધર્મ છે એવા સત્ સિદ્ધાંતો બતાવી આ નિકૃષ્ટકાળમાં સનાતન વીતરાગ જૈનધર્મની-આત્મધર્મની–પ્રાણપ્રતિષ્ઠા કરી. અહો! આવા અનુભવી પુરુષ ક્યાં જોવા મળે છે?

જે સમયે સજીવન જ્ઞાનમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીએ સોનગઢમાં પરિવર્તન કર્યું તે સમયે ધર્મસાધનારૂપે આધ્યાત્મિક ચિંતન થતું જ નહોતું. કદાચિત્ ક્યાંક ચિંતન થતું હતું તો તેમાં અધ્યાત્મ નહોતું, માત્ર વિકલ્પની શુષ્કતા હતી. આગમભાષાથી આત્મા કહેવાતો હતો તો 'શુદ્ધ', પણ ખરેખર મનાતો હતો 'અશુદ્ધ'. અરે! આત્મ-આરાધનામાં શ્રદ્ધા કે સમજણનું કોઈ સ્થાન જ નહોતું. જીવો બાહ્ય ક્રિયાકાંડના કર્તૃત્વની ને સ્થૂળ અલ્પ શાસ્ત્રજ્ઞાનની ચક્કીમાં ધનેડાની જેમ પીલાઈને નરક નિગોદના વિનાશના માર્ગે જઈ રહ્યા હતાં. મોટા મોટા કહેવાતા ચારિત્રવંત મહાત્મા ને શાસ્ત્રજ્ઞાની ધર્માત્મા પણ ત્યાગ અને વૈરાગ્યના નામે પુણ્ય-પાપના ચકરાવામાં ફસાઈ ગયા હતા તથા તેમાંથી નીકળવાનો કોઈ રસ્તો દેખાતો નહોતો.—આવા કાળે આ સત્યશોધક સંત મહાત્માએ દિગંબર પરમાગમોનું એકાંતમાં ગંભીર અવગાહન કરીને પોતે સત્ય શોધી કાઢ્યું, સત્‌ની પ્રાપ્તિ કરી અને જિજ્ઞાસુઓને પણ સત્‌ની પ્રાપ્તિનો પંથ બતાવ્યો.

કહાનગુરુએ બંસરી બજાવી, મીઠા એ બંસરીના સૂર..સુવર્ણપુરે કહાન બિરાજ્યા..
મીઠા આ સુર અહીં આવ્યા છે ક્યાંથી, જાગ્યો છે એક કોઈ સંત..સુવર્ણપુરે..
ચાલો સહુ એ સુણવા જઈએ, મીઠા આ બંસરીના સૂર..સુવર્ણપુરે..
અબધૂત અલખ જગાડનાર સંત આ, દેવોને આશ્ચર્ય થાય..સુવર્ણપુરે..
અધ્યાત્મરસનો રસીલો સંત આ, શ્રુતસાગર ઊછળ્યા મહાન..સુવર્ણપુરે..
પાક્યા છે યુગપ્રધાની સંત આ, સેવકને હરખ ન માય..સુવર્ણપુરે..
એવા સંતની ચરણસેવાથી, ભવના આવે છે અંત..સુવર્ણપુરે..
પંચમકાળે અહો ભાગ્ય ખીલ્યા છે, વંદન હોજો અનંત..સુવર્ણપુરે..

*

કહાનગુરુએ હલાવ્યા હિંદને રે, અહો મલાવ્યો જ્ઞાયકદેવ..આજ વંદન કરું ગુરુરાજને રે..
ધર્મચક્રી ભરતમાં ઊતર્યા રે, અહો ધર્માવતારી પુરુષ..આજ વંદન કરું ગુરુરાજને રે..
જ્ઞાનાવતારી અહો આવિયા રે, પધાર્યા સીમંધરસુત..આજ વંદન કરું ગુરુરાજને રે..

ગુરુદેવના ગુણને શું કથું રે, પ્રભુ સેવક તણા શણગાર..આજ વંદન કરું ગુરુરાજને રે..

સુવર્ણપુરે વસ્યા એક સંત...બિરાજ્યા ભવ્યોને તારવા...બિરાજ્યા ભવ્યોને તારવા...

સદ્‌ગુરુદેવા અમૃત પીરસે છે, સેવક વારી વારી જાય...બિરાજ્યા ભવ્યોને તારવા...

સિંહકેસરીના સિંહનાદેથી, હલાવ્યું છે આખું હિંદ...બિરાજ્યા ભવ્યોને તારવા...

સુવર્ણપુરીમાં નિત્ય ગાજે છે, આત્મબંસી કેરા સૂર...બિરાજ્યા ભવ્યોને તારવા...

દર્શનથી સત્ રુચિ જાગે છે, વાણીથી અંતર પલટાય...બિરાજ્યા ભવ્યોને તારવા...

જ્ઞાતા-અકર્તાનું સ્વરૂપ સમજાવે, સ્વપરનો બતાવે ભેદ...બિરાજ્યા ભવ્યોને તારવા...

કલ્પવૃક્ષ અમ આંગણે ફળીયું, મનવાંછિત દાતાર...બિરાજ્યા ભવ્યોને તારવા...

શ્રી ગુરુદેવની ચરણસેવાથી, ભવના આવે છે અંત...બિરાજ્યા ભવ્યોને તારવા...

તન-મન-ધન ગુરુ ચરણે અર્પું, તોયે પૂરું નવ થાય...બિરાજ્યા ભવ્યોને તારવા...

હવે આપણે અવલોકિએ સનાતન સત્ય વીતરાગ દિગંબર જૈનધર્મ અંગીકાર કર્યા પછી શાસન પ્રભાવક સંત પૂજ્ય શ્રી કહાનગુરુદેવ દ્વારા થયેલી સત્‌ની અભૂતપૂર્વ પ્રભાવનાના અનેક પ્રસંગો...

❀

## ❀ વિક્રમ સંવત ૧૯૯૧ (ઈસ્વી સન્ ૧૯૩૫) ❀

## ❀ પરિવર્તન વર્ષ ❀

ભક્તોના પરમાધાર પૂજ્ય ગુરુદેવશ્રી 'સ્ટાર ઑફ ઇન્ડિયા'માં બિરાજે છે તે વખતની વાત છે. એક ગાયને હડકવા થાય છે અને તરફડે છે. ત્યાં એક પોલીસ નીકળે છે તેને સંબોધીને કહે છે : ''જુઓ! જગતમાં પુણ્ય-પાપ છે કે નહીં ? તો આ પાપનું ફળ છે'.' એ વાત તો ખરી છે ને ? કે કરેલા ભાવોનું ફળ મળ્યા વિના રહેતું જ નથી.

પરમ કરુણાવંત કહાન ગુરુદેવ ઘણીવાર ભક્તોને પોતાના જીવનના જૂના સંસ્મરણો સ્વમુખે કહેતાં......ચાલો, આપણે પણ તેમાંના થોડાં વાગોળીએ.

બાળ કાનજી નિશાળમાં ભણતા તે સમયની વાત છે. તેના નરોત્તમ માસ્તર કણબીવાડમાં એકલા રહેતા હતા. તે રસોઈ કરે ત્યારે હોંશિયાર વિદ્યાર્થીઓને ઘરે બોલાવતા. કાનજી પણ હોંશિયાર હોવાથી તેને બોલાવતા અને કહેતા : 'નિશાળમાં જે પાઠ હું ભણાવવાનો છું તે વાંચીને આવજો. જેથી હું અર્થ કરું ત્યારે, તમે જે વાંચેલું હોય અને મેં અર્થ કર્યો હોય તેમાં શો ફેર પડે છે તેની ખબર પડે.' સાચી જ વાત છે ને! કે એ રીતે શ્રોતાઓએ પણ પ્રવચનમાં આવનાર વિષય પ્રથમ વાંચી લેવો જોઈએ.

એકવાર, ગારિયાધાર બેનના ઘરે કેટલોક વખત રહીને પાછા ઉમરાળા આવીને સ્કૂલમાં ગયા ત્યારે, કાનજીને છેલ્લા નંબરે બેસવું પડે છે. આથી ખૂબ જ રડવું આવે છે કે મારો છેલ્લો નંબર? જો કે પછી તો બીજે મહિને હોંશિયાર હોવાથી પહેલા નંબર ઉપર આવી જાય છે.

પરીક્ષા સમયે પણ કાનજીને વિશેષ કાંઈ ફર્ક પડતો નથી, કેમ કે હોંશિયાર વિદ્યાર્થી હોવાથી જ્યારે પણ પરીક્ષા આપે છે ત્યારે પહેલે નંબરે જ પાસ થાય છે.

કાનજી નિશાળના લૌકિક અભ્યાસમાં બધા ધોરણમાં પહેલાં નંબરે પાસ થાય છે, છતાં ધર્મના સંસ્કારને લઈને તેમ જ જૈનશાળામાં ભણવા માટે નિશાળે જવાનું છોડે છે. જૈનશાળા પહેલી, નિશાળ પછી. વાહ! શું ઉત્તમ ભાવના!!

એક વખત પતંગ ચડાવતા કાનજીથી બીજાનો પતંગ કપાઈ જાય છે. આથી બીજા

છોકરાને દુઃખ થાય છે. તેનું દુઃખ જોઈને કાનજીને અત્યંત શરમ થાય છે ને ત્યારથી કાયમ માટે પતંગ ચડાવવાનું બંધ કરે છે. નાનપણથી જ કેવું કોમળ હૃદય!!

એકવાર ગારિયાધારમાં સમૂહ જમણ પ્રસંગે તબિયત ઠીક નહીં હોવાથી જમવા જતા નથી. જમાડનાર આગ્રહ કરે છે કે જમવા આવો. કાંઈ નહીં તો છાશ-ભાત ખાજો, પણ જમવા આવો. કેમ કે આ બધામાં કોઈ તીર્થંકરનો જીવ પણ હોઈ શકે, તેનો લાભ ન છોડાય. અવ્યક્તપણે કહેલી આ વાત સાચી જ છે ને!

પિતાજીના અવસાન બાદ ૧૯૬૩માં બીજી દુકાન શરૂ કરવામાં આવે છે. એકમાં મોટાભાઈ ખુશાલભાઈ અને કુંવરજીભાઈ અને બીજામાં આણંદજીભાઈ અને કાનજી ગોઠવાયા.—આમ, બે દુકાન થાય છે.

પૂર્વના સંસ્કાર હોવાથી પહેલેથી જ ધર્મનો રસ હતો. નાનપણથી જ ધર્મનો મારગ શું છે ? સત્ય શું છે ? એ જાણવાની—શોધવાની લગની રહેતી અને તેથી જ બીજે ચિત્ત ચોંટતું નહીં. વિક્રમ સંવત ૧૯૬૪ / ૬૫ની સાલથી જ શાસ્ત્રનો અને અંતરનો અભ્યાસ શરુ થઈ ગયો હતો. સૌથી પહેલું ‘અધ્યાત્મકલ્પદ્રુમ’ નામનું વૈરાગ્યપ્રેરક પુસ્તક વાંચ્યું હતું. પછી આચારાંગ આદિ વાંચેલા. બાળવયથી જ સત્યની ખોજ સાતિશયપણે—અત્યંતપણે રહેતી હોવાથી તે અંગેના વિચારો પણ ઘણા આવતા હતા. જેના ફળસ્વરૂપે રામલીલા જોતાં ધૂન ચડી ગઈ ને અંદરથી વાત આવવા માંડી.....‘શીવરમણી રમનાર તૂં....તૂંહી દેવનો દેવ.....’

સજ્જાયમાળાના ચાર ભાગ પાલેજમાં વાંચેલા. તેનું એક પદ બહુ ગમતું :

‘સહજાનંદી રે આતમા, સૂતો કંઈ નિચિંત રે;
મોહતણા રે રણિયા ભમે, જાગ જાગ મતિવંત રે;
લૂંટે જગતના જંત રે, નાખી વાંક અનંત રે,
વિરલા કોઈ ઉગરંત રે....સહજાનંદી રે આતમા...

પાલેજની વાત છે. દુકાને માલ લેવા ઘણા લોકો આવતા. તેમાંથી કોઈ-કોઈ ગ્રાહકની સાથે ધાર્મિક ચર્ચાઓ પણ થતી. એકવાર ગ્રાહક કહે : ‘ઈશ્વર જગતનો કર્તા છે’. યુવાન કાનજી કહે : ‘તો પછી ઈશ્વરનો કર્તા કોણ છે ?’ ઉત્તર મળે છે : ‘કોઈ નહીં’.

ધર્મરસિક કાનજી પ્રશ્ન કરે છે : 'તો પછી જગતના પણ કોઈ કર્તા નથી એમ માનવામાં શો વાંધો છે ?' વેપારાદિ કરવા છતાં યુવાન કાનજી ધર્મને ભૂલ્યા નથી હોં.

વિક્રમ સંવત ૧૯૬૬ / ૬૭ની વાત છે. દુકાન માટે માલ લેવા મુંબઈ જવાનું થાય છે. તે વખતે કોલાબા જોવા જવાનું બનતા, જુએ છે તો સટ્ટાનો એક વેપારી આવેશમાં આવીને 'લીધા-દીધા' એમ બોલ્યા કરે છે. આ જોઈને તે સમયે જ મનમાં એવું લાગે છે કે આ ગાંડો, મૂર્ખ જેવો છે. વર્ષો પહેલાં આવો વિચાર આવેલો હો.

વિક્રમ સંવત ૧૯૬૯માં લગ્ન પ્રસંગે જાનમાં જવાનું બન્યું હતું. લગ્નના ગામે જાનને પહોંચતા રાત્રિ થઈ જવાની હતી. તેથી કાનજી કહે : 'હું રાત્રે ખાતો નથી. જાનનું સામૈયું કરશે ને વાર લાગશે તો હું રાત્રે નહીં ખાઉં.' આ કારણે જે કાંઈ ખાવાનું મળ્યું તે ખાઈને રસ્તામાં જ ચોવીહાર કરી લીધો હતો. એકવાર નિયમ કે પ્રતિજ્ઞા લીધા પછી ભંગ થોડો જ કરાય છે?

દીક્ષા લીધા પછી પ્રથમ ચોમાસુ બોટાદમાં કરેલું. તે વખતે, વિક્રમ સંવત ૧૯૭૦ના અષાઢ સુદ પુનમના રોજ, રતનશી ભાવસાર કહે : ''મહારાજ! 'ઢાળસાગર' નામનું પુસ્તક વાંચો, માણસો ભેગા થશે.'' તેમને કહ્યું : 'ભાઈ! એ બધી તો વિકથા છે'. તેમણે પ્રશ્ન કર્યો : 'પરંતુ ગુરુ તો વાંચે છે ને?' સમાધાન કરતા કહેલું : 'ગુરુ વાંચે છે તેથી શું થયું? તેમાં તો લોકરંજની—માણસો ભેગા થાય એવી—વાત છે. તેમાં ધર્મની વાત ક્યાં છે? જેમાં વૈરાગ્યની વાત ને આત્માની કથા નથી તે બધી વિકથા જ છે અને લોકરંજન માટે ધર્મનો ઉપદેશ ન હોય.' જુઓ! લોકો રાજી રહે તેવી વાત કહેવા યોગ્ય છે કે આત્મહિતકારી સત્યવાત કહેવા યોગ્ય છે?

જ્યારે જ્યારે સંવત ૧૯૭૨માં સરવા ગામે થયેલી ચર્ચાની વાત નીકળતી ત્યારે પુરુષાર્થમૂર્તિ ગુરુદેવ ઉત્સાહમાં આવી જતા અને બહુ હર્ષથી વાત કરતા. એકવાર કહે : 'તે ચર્ચાની શરુઆત આ રીતે થયેલી. તે દિવસે ગુરુભાઈ જગજીવનજી વધેલો આહાર કૂતરાને નાખતા હતા ને બોલતા હતા કે 'વોસરે...વોસરે'....અર્થાત્ ત્યાગ કરું છું. તુરત જ તેમને કહ્યું : 'તમે આ શું કરો છો? ભગવાનની આજ્ઞાની મશ્કરી કરો છો?' સ્થાનકવાસી સંપ્રદાયમાં એવો નિયમ છે કે વધેલો આહાર ઉકરડે ફેંકી દેવો, પણ બીજાને

ખવરાવવો નહીં. આવો નિયમ હોવા છતાં અને ગુરુભાઈને સુચના આપવા છતાં તેમણે આહાર ફેંક્યો નહીં, પરંતુ કૂતરાને ખવરાવ્યો. આ રીતે દિવસ દરમ્યાન ભગવાનની–કેવળીની વાત મનમાં ઘોળાતી હતી અને રાત્રિના ચર્ચા થઈ.

ચર્ચાને અંતે ગુરુ, ગુરુભાઈ, સંપ્રદાય વગેરે બધું છોડીને જવાની તૈયારી કરતા હતા ત્યાં ગુરુ કહે : 'શાંત થા ભાઈ! આ ભૂલ મોટી નથી'. નમ્રતાથી છતાં મક્કમતાથી જવાબ આપ્યો : 'આ જીવ નવમી ગ્રવૈયક ગયો ત્યારે પણ આ મૂળ ભૂલ-શલ્ય રહી ગયું હતું'. આમ કહીને બાજુના કાળિયાડ ગામે ચાલ્યા ગયા. તે વખતે દિગંબર શાસ્ત્રો ક્યાં મળ્યા કે વાંચ્યા હતા? પણ અંદરમાં આત્મા હતો ને? તેમ જ પૂર્વના સંસ્કાર હોવાથી આ બધી વાતો અંતરમાંથી આવતી હતી અને તેથી સંપ્રદાયના આગ્રહી જીવો સાથે બહુ ઘર્ષણ થતું હતું.

વિક્રમ સંવત ૧૯૭૨માં રાણપુરમાં ચોમાસુ કરેલું. આ પ્રસંગે અષાઢ વદ એકમથી ભાદરવા સુદ પાંચમ સુધી એમ ૫૦ દિવસ વ્યાખ્યાન વાંચ્યા હતા.

પોતે સંપ્રદાયમાં હતા તે વખતની વાત છે. એક સાધુ મૂત્રથી કપડાં ધોતાં હતાં. તે જોઈને તેમનાથી કહેવાઈ ગયું : 'આ શું કરો છો? આ તો અઘોરી જેવું કામ કરો છો'. ત્યાં બીજા સાધુ તેમને સંબોધીને બોલ્યા : 'જો આવું ગમતું નથી તો સંપ્રદાયમાં શા માટે રહો છો?', શાંતચિત્તે ઉત્તર આપ્યો : 'ભાઈ! ધીરે ધીરે શું થાય છે એ જુઓ'...જે કાર્ય અંતર ચિત્તમાં સત્ય લાગતું નહોતું તેના ત્યાગ માટે પરિવર્તન કર્યું જ ને!

સંવત ૧૯૭૮માં દામનગરમાં સમયસાર મળતાં તે લઈને ગામની બહાર જંગલમાં વાંચવા ચાલ્યા જતા ને સાંજના પાછા આવતા. આથી એક સાધુ કહે : 'આપ ત્યાં શું વાંચો છો?' ઉત્તર : 'દ્રવ્ય-ગુણ-પર્યાય વાંચું છું.' જેમને કાંઈ ખબર જ ન હોય તેમને શું કહેવું? સમયસાર મળ્યું ને વાંચ્યું તે પછી દ્રવ્ય-ગુણ-પર્યાય વિશેની વાત જાહેરમાં કહેવાની શરૂ કરી હતી. આ જ વર્ષમાં સમયસાર નાટક અને અનુભવપ્રકાશ પણ મળેલું.

વિક્રમ સંવત ૧૯૭૯ના જેઠ વદ ત્રીજ કે ચોથનો પ્રસંગ. એક સાધુને પ્રશ્ન કર્યો : ''૩૨ સૂત્રના મૂળ સૂત્રોમાં 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય' શબ્દ ક્યાં છે?'' ઉત્તર ન મળ્યો. મૂળ વસ્તુસ્વરૂપનો અનુભવ–જ્ઞાન હોય તો વાણીમાં કે લખાણમાં આવે ને?

આ દિવસોમાં જ તત્ત્વની વિચારણા કરતાં કરતાં એવો ખ્યાલ આવ્યો કે કોઈ વખતે એક જ સમયે અસંખ્ય સમ્યગ્દૃષ્ટિ જીવ સ્વર્ગમાં ઉપજી શકે, કારણ કે અઢી દ્વીપની બહાર અસંખ્ય તિર્યંચ સમ્યગ્દૃષ્ટિ છે. પણ તે બધાની આયુષ્યની સ્થિતિ એકસરખી ન હોય; કેમ કે જો એમ હોય તો તેઓ બધા એકી સાથે—એક જ સમયે—મનુષ્યપણામાં જન્મે. પરંતુ એવું તો બની શકે નહીં, કેમ કે મનુષ્યની સંખ્યા અસંખ્ય હોય જ નહીં. ન્યાયપૂર્ણ વિચારણા યોગ્ય છે ને!

સંવત ૧૯૮૦માં ગીરધરભાઈ વોરા કહે : 'શ્રાવકને મુનિપદ અને કેવળજ્ઞાનની ભાવના ન હોય. શું ખાતા-પીતા અને અન્ય કાર્ય કરતા આવી ભાવના હોય?' ઉત્તમ બોધિબીજ પ્રાપ્ત જ્ઞાની-ધર્માત્માની દશા વર્ણવતા ઉત્તર આપ્યો : 'હા, શ્રાવકને આવા સમયે પણ મુનિપદ ને કેવળજ્ઞાન લેવાની ભાવના હોય છે'. અહો! સમ્યક્શ્રદ્ધાવંત જ્ઞાની કોને કહે?

વળી અન્ય પ્રસંગે બીજા ભાઈ કહે : 'તમે અંદરમાં માનો એમ કે જ્ઞાન પોતાથી થાય છે અને બહારમાં ગુરુને એમ કહો કે જ્ઞાન આપનાથી થયું છે. તો, આ તો માયા થઈ?' અંતરંગમાં સત્ય અભિપ્રાય ને બાહ્યમાં યથાયોગ્ય વિવેક—આ બન્ને જેને વર્તે છે એવા જ્ઞાનીની વાત કરતા સમાધાન કરાવ્યું : 'ભાઈ! આમ કહેવું તે માયા નથી, પરંતુ ગુરુ પ્રત્યેનો વિનય છે.'

એકવાર એક સાધુ કહે : 'અમને બધી ખબર છે કે સંપ્રદાયમાં સાચી વાત નથી. પણ કહેવું કોને? કેમ કે સંપ્રદાય મારી નાખે એવો છે...'. વીરનો મારગ છે શૂરાનો, કાયરના નહીં કામ જો ને.

જામનગરમાં એક ભાઈ ચર્ચા કરવાના આશયથી કહે : 'તમે દયા-દાન આદિમાં ધર્મ કહેતા નથી તે ભૂલ છે. આમ કહેવાથી તો બધા લોકો સ્વછંદે ચડી જશે ને બગડી જશે'. કોઈપણ જાતના અણગમા વિના મીઠાશથી સમાધાન કરાવ્યું : 'ભાઈ! પહેલી વાત એ છે કે અમે કોઈની સાથે ચર્ચા કરતા નથી. બીજી વાત એ છે કે અમે જે માનીએ છીએ તે અમારો સ્વતન્ત્ર અભિપ્રાય છે'. વીર પુરુષની વીરતા જોઈ! તેમ જ સત્ય કહેવાથી કોઈ જીવને નુકશાન થતું નથી એ નિઃસંદેહ વાત છે.

અહીં જામનગરમાં જ વિક્રમ સંવત ૧૯૮૨માં કહેલું : ‘આ જીવનમાં મરતા સુધી બધી અનુકૂળતા રહે તે માટે જીવ ઉપાય કરે છે, પણ આ ભવ પછી મારું શું થશે તેનો વિચાર ક્યાં કરે છે?’

વીંછીયામાં એક વકીલે—કે જેઓ ૬૦ વર્ષથી સામાયિક, પ્રતિક્રમણ આદિ કરતા હતા તેમણે—એકવાર પૂછ્યું ‘મહારાજ! આત્મા કેટલા રજકણોનો બનેલો હશે?’ લ્યો, બાહ્ય ક્રિયાઓ કરવા છતાં આટલું પણ તત્ત્વનું ભાન નહીં! કેવી આશ્ચર્યની વાત છે!!

સંપ્રદાયમાં વ્યાખ્યાન વખતે ઘણી વાર ફરમાવતા : ‘હે ભગવાન! તારો મારગ ન ફરે એવો અફરગામી છે. પણ મહા પુરુષાર્થે પ્રાપ્ત થાય એવો તે મારગ છે’. ‘ભગવાન વાણી દ્વારા કહે છે કે હે જીવ! દુનિયાના મારગ સાથે મારા મારગને મેળવીશ નહીં’.

સંવત ૧૯૮૨નું ચોમાસુ વઢવાણ હતું ત્યારે એકવાર સાંજના ૮ થી ૧૦ જણા બેઠા હતા તેમને સંબોધીને કહ્યું : ‘બે મિત્રો હતા. તેમાંથી એક મિત્રે બીજાને રૂા.૧૦૦ ઉધાર આપ્યા ને ચોપડે લખ્યા. સમય જતાં બન્ને મિત્રો અચાનક મરણ પામે છે. એકના પુત્રે—કે જેણે પૈસા આપ્યા હતા તેના પુત્રે—ચોપડામાં બે મીંડા ચડાવીને કહ્યું કે રૂપિયા ૧૦,૦૦૦ લેણા છે અને બીજાના પુત્રે—કે જેણે પૈસા લીધા હતા તેના પુત્રે—ચોપડામાંથી રકમ કાઢી નાખી. તેવી રીતે તીર્થંકરની મૂર્તિ તો છે, પણ તેની ઉપર ઘરેણા વગેરે કાંઈપણ ન હોય. છતાં દેરાવાસી—શ્વેતાંબરે પ્રતિમા ઉપર, બે મીંડા ચડાવવાની જેમ, આંગી વગેરેરૂપ શણગાર કર્યો અને સ્થાનકવાસીએ તો, બે મીંડા કાઢવાની જેમ, પ્રતિમા-મૂર્તિ જ સાવ ઉડાડી દીધી—કાઢી નાખી. આવું થયું છે.’

સમયસાર મળ્યું ત્યારથી જ અધ્યાત્મશાસ્ત્રોની શોધખોળ ચાલુ હતી. જેના ફળ સ્વરૂપે ‘સ્વાત્માનુભવમનન’ આ વર્ષમાં—૧૯૮૨માં—વઢવાણમાં મળેલું, જેને લઈને જંગલમાં —એકાંતમાં વાંચતા. અહીં જ ‘પુરુષાર્થસિદ્ધિઉપાય’ મળતાં તેનો પણ સ્વાધ્યાય કરેલો. તે ઉપરાંત વીરજીભાઈ વારીયા પાસેથી પંચાસ્તિકાય ને પંચાધ્યાયી જામનગરમાં મળેલાં.

આ જ વર્ષમાં સર્વજ્ઞભગવાન અંગેની ચર્ચા વખતે કહ્યું : ‘વીતરાગની વાણીમાં રાગ રાખવાની વાત ન હોય. તેમની ભાષા જ એવી હોય કે જેથી જન્મ-મરણનો

નાશ થાય. એવી તેમની વાણી હોય છે. સંપ્રદાયમાં જેવી વાત આવે છે તેવી તેમની વાણી ન હોય. તેમ જ વીતરાગની વાણી જેમ કહે છે તેમ કરે તેને ભવ રહે એવું ભગવાને જાણ્યું જ નથી.' વાહ! શું તર્કપૂર્ણ વાત!

વિક્રમ સંવત ૧૯૮૩માં એક તિથિ અંગે સંપ્રદાયમાં તકરાર થઈ. આ પ્રસંગે કહેલું : 'ધર્મના માલ વગરની આ બધી તકરાર છે' અર્થાત્ મૂળ વસ્તુ રહી ગઈ છે અને આડે પાટે વાત ચડી ગઈ છે.

સંવત ૧૯૮૭નું ચોમાસુ પોરબંદર કરવા તે તરફ વિહાર કરતા હતા ત્યારે પોરબંદરથી છ માઈલ દૂર એક ગામડું આવ્યું. ત્યાં આહાર માટે સાધારણ રોટલા ને છાશ જ મળ્યા. ભોજન સમય થતાં પોરબંદરના ગૃહસ્થો ઊંચી જાતના ભોજન લઈને તે ગામે સામે આવ્યા. તેમને કહ્યું : 'તમો અમારા માટે લાવ્યા છો, પણ અમારા માટે બનાવેલું ભોજન અમને ખપે નહીં, અમારાથી લેવાય નહીં.' ગૃહસ્થો કહે : 'પણ મહારાજ! આ હલકા રોટલા ને છાશ જ લેશો?' ઉત્તર આપેલો : 'હા, જે રોટલા ને છાશ મળ્યા છે એ બસ છે.' જુઓ! કાનજીસ્વામીની આવી સખત ક્રિયા છે અને હંમેશા મહિનાના ચાર ઉપવાસ પણ કરે છે.

એકવાર વિક્રમ સંવત ૧૯૯૦માં ભાવનગરવાળા સવાઈલાલભાઈ ગાંધી સાથે મૂળીમાં ચર્ચા થયેલી. તેઓ કહે : 'જુઓ! નાટક સમયસારમાં (સ્યાદ્વાદ દ્વાર પદ ૯માં) પંડિત બનારસીદાસજી કહે છે કે આત્મા કર્મને લઈને પરાધીન છે'. શાસ્ત્રના યથાર્થ મર્મને સમજાવતા કહેલું : 'ના, એમ નથી. આત્મા પર્યાયદૃષ્ટિ કરે છે, તેની અંશ ઉપર દૃષ્ટિ છે તેથી પરાધીન છે અને દ્રવ્યદૃષ્ટિએ સ્વાધીન છે.'

આ જ વર્ષની રાજકોટની વાત છે. કીરચંદભાઈ કહે : 'મહારાજ! પેટમાં રોટલા પડ્યા વિના ધર્મ કેમ થાય?' તેમને ઉત્તર આપ્યો : 'જો રોટલા પેટમાં પડ્યા પછી ધર્મ થાય તો, એ પ્રશ્ન થશે કે રોટલા પચે નહીં ત્યાં સુધી ધર્મ કેમ થાય? અને રોટલા પચ્યા તો, મળ ત્યાગ વિના ધર્મ કેમ થાય?—એ પ્રશ્ન થશે. પછી મળ ત્યાગ થતાં પેટ ખાલી થશે અને ફરીને ભૂખ લાગતા, રોટલા પેટમાં પડ્યા વિના ધર્મ કેમ થાય?—એ પ્રશ્ન ઉભો થશે. તેથી તમારે ખાવા-પીવાની પ્રવૃત્તિમાં રહેવું છે કે ધર્મ કરવો છે ?' ત્યાં ને ત્યાં તે જ સમયે તેમણે કબૂલ્યું કે 'મહારાજ! સાચી વાત છે'.

અહીં જ એક કહેવાતા પંડિત મળેલાં. તેમણે લખેલું કે ૧૮૦૦ સામાયિક કરવી, ૩૬૦૦ કરાવવી ને ૫૪૦૦ અનુમોદવી. આમાં આખા વર્ષની સામાયિક આવી જશે. તેમને કહ્યું : 'આ શું વિપરીત લખ્યું છે? તમે ગપ મારો છો'. મોટા પંડિત હોય કે કોઈપણ હોય, સત્ય કહેવામાં કાયરતા શી?

ચૈતન્યવિહારી ગુરુદેવશ્રીને સંવત ૧૯૯૦માં આવેલ એક મંગલ સ્વપ્ન તેઓશ્રીનાં જ શબ્દોમાં ...

ૐ સહજસ્વરૂપ પરમ સદ્‌ગુરુવે નમઃ

આસો સુદ પાંચમ. રાત્રે શ્રીમદ્ આવી, મારી પાસે બેઠાં હતાં. મારી સામું જોઈ રહ્યાં હતાં.

આસો સુદ નોમ, મંગળવાર. રાતના સવા વાગે અમૃત ચોઘડિયે આવેલું સ્વપ્ન : શ્રીમદ્ રાજચંદ્ર મારી પાસે આવી મારા મોઢામાં પાણીની ત્રણ ચમચી અનુક્રમે નાખી. મેં તે ત્રણે ચમચીનું પાણી મોઢામાં એકઠું કરી, પછી પી ગયો.તુરત જાગૃત થયો. અદ્‌ભુતતા લાગી....અને વિચાર આવ્યો...ભેદરત્નત્રયનું પાન કરાવી અભેદ રત્નત્રય અનુભવાયો.

વર્ષો પહેલાં એક સ્વપ્ન આવેલું. તેમાં એવું હતું કે એક કાગળનું પાનું આકાશમાંથી ઊતરે છે અને તેમાં ઓમ્ (ૐ)ના માહાત્મ્ય વિષે ઘણું બધું લખેલું છે. ભાવ ઓમ્ એટલે આત્મા. તેમ જ ઓમ્‌માં પંચ પરમેષ્ઠિ સમાય છે. જેને જે અંતરમાં ઘુંટાય છે તેનો મહિમા–તેનું માહાત્મ્ય–સ્વપ્નમાં પણ આવ્યા વિના રહે જ નહીં.

એકવાર મોરબીમાં પણ સ્વપ્ન આવેલું. પોતે મેડી ઉપર બેઠાં છે ને નીચે નાટક ચાલે છે. એ નાટકમાં એમ આવે છે કે 'મારે તરી જવું છે સંસાર....'. પોતાને આશ્ચર્ય થાય છે કે સ્વપ્નના નાટકમાં પણ આવી વાત આવી!! મુક્તિમંડપ રોપનાર પૂજ્ય ગુરુદેવશ્રીને ભવનો અભાવ થઈ ગયો છે તો સ્વપ્ના પણ ભવના અભાવ સૂચવતાં જ આવે ને!!

સંપ્રદાયમાં ચોમાસા આ પ્રમાણે કરેલા :

સંવત ૧૯૭૦નું બોટાદ, ૧૯૭૧નું લાઠી, ૧૯૭૨નું રાણપુર, ૧૯૭૩નું દામનગર, ૧૯૭૬નું દામનગર, ૧૯૭૭નું રાજકોટ, ૧૯૭૯નું બોટાદ, ૧૯૮૦નું ફરીને

બોટાદ, ૧૯૮૧નું ગઢડા, ૧૯૮૨નું વઢવાણ, ૧૯૮૩નું દામનગર, ૧૯૮૪નું રાણપુર, ૧૯૮૫નું લાઠી, ૧૯૮૬નું અમરેલી, ૧૯૮૭નું પોરબંદર, ૧૯૮૮નું જામનગર અને ૧૯૮૯નું રાજકોટમાં કરેલું. આ ચોમાસા દરમિયાન 'પરદેશી રાજા'નો અધિકાર વાંચેલો, જે સાંભળવા ત્રણ-ત્રણ હજાર જિજ્ઞાસુઓ ઉમટી પડતા. ૧૯૯૦નું ચોમાસુ પણ રાજકોટ કરેલું.

થોડાં વર્ષો પહેલાં એક સ્વપ્ન આવેલ કે પોતે રસ્તા ઉપર ચાલતા હોય છે. તેવામાં ઊંચે નજર જતાં ઇંદ્ર ને સમયસારપ્રણેતા શ્રી કુંદકુંદાચાર્ય દેખાય છે. આચાર્યદેવ કહે છે : 'તરી ગયો.' બસ, તુરત જ આંખ ઉઘડી જાય છે. વાહ! આચાર્યદેવના કેવા આશીષ મળ્યા! પાત્રતા હોય તો બધું જ મળે!

એકવાર એવું પણ સ્વપ્ન આવેલ કે બીજના ચંદ્રમાં સ્ફટિકથી લખેલો બગડો દેખાય છે. આ એમ સૂચવે છે કે બોધિબીજ—સમ્યગ્જ્ઞાન પ્રગટ્યું છે ને હવે મનુષ્યના બે ભવ બાકી છે. ક્યારેક સ્વપ્ના પણ ભાવિના સૂચક હોય છે ને!

પરિવર્તન પછી આ પ્રકારે જ્ઞાન-ધ્યાન-વૈરાગ્યની આરાધનામાં અને સ્વાધ્યાય-તત્ત્વચર્ચામાં છ મહિના વીતતાં વિક્રમ સંવત ૧૯૯૧—કે જેમાં સંપ્રદાય પરિવર્તનરૂપ મહાપરાક્રમ કર્યું તે વર્ષ—પૂર્ણ થાય છે.

❀ ❀ ❀

## * વિક્રમ સંવત ૧૯૯૨ (ઈસ્વી સન્ ૧૯૩૫-૧૯૩૬) *

## * એકાંત સાધના વર્ષ *

આ વર્ષે વઢવાણના ટી. જી. શાહ સોનગઢ આવે છે. સાતિશય જ્ઞાન-વાણીના ધારક પૂજ્ય ગુરુદેવશ્રી કહે : 'સિદ્ધ ભગવાન સૌથી મોટા છે'. ટી. જી. શાહ પૂછે છે : 'તેઓ કોનું કામ કરે?' ઉત્તર મળે છે : 'તેઓ કોઈનું કાંઈપણ કામ ન કરે, માત્ર પોતાના આનંદનો અનુભવ કરે'. પૂરક પ્રશ્ન : 'તો તો સિદ્ધ ભગવાન બહુ સ્વાર્થી કહેવાય!' સમાધાન : 'બહુ શું ? સિદ્ધ ભગવાન પૂરા સ્વાર્થી છે'. ટી. જી. શાહ આશ્ચર્યપૂર્વક કહે : 'અરે! તેઓ પરનું કાંઈપણ ન કરે? તેઓ આવા મોટા થયા તોપણ બીજાનું કામ ન કરે?' તેમનું એમ કહેવું હતું કે અમે નાના છીએ તોપણ બધાનું કામ કરીએ છીએ, જ્યારે સિદ્ધ ભગવાન મોટા થઈને પણ બીજાનું કામ ન કરે? અરેરે!! જૈન થઈને પણ પરની કર્તાબુદ્ધિનું કેટલું જોર!!

આ વર્ષે પંડિત બનારસીદાસજીએ લખેલી 'પરમાર્થ વચનિકા' વાંચવામાં આવે છે.

ચૈત્રમાસમાં વ્યાખ્યાનમાં ચાલતું 'પરમાત્મપ્રકાશ' શાસ્ત્ર પૂર્ણ થાય છે.

પર્યાયમાં પરમાત્મપણાનો પ્રકાશ થાય એવી દિવ્યધારા વરસાવનાર ગુરુરાજ અને તેમની વાણી કેવી છે? ચાલો, પૂજ્ય બહેનશ્રી એ વિષે શું કહે છે તે જાણીએ : 'પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી તો તીર્થંકર ભગવાનની દિવ્યધ્વનિ જેવી મહામંગળકારી, આનંદ ઉપજાવનારી છે. આવી વાણીનું શ્રવણ જેમને થઈ રહ્યું છે તે બધા ભાગ્યશાળી છે. તેઓશ્રી અને તેઓશ્રીની વાણી તો આ કાળના એક અચંબા છે. તેમની વાણી રસબસતી-કસદાર છે. તેમના અંતરમાં અને વાણીમાં પણ શ્રુતની ધારા-ગંગા વહે છે. તેમની મહા આશ્ચર્યકારી મુખમુદ્રા શાંતરસ ઝરતી છે ને નયન ઉપશમરસ ભરપૂર છે. અહો! પૂજ્ય ગુરુદેવશ્રી તો ભરતનું સૌભાગ્ય છે. ભરતક્ષેત્ર ભાગ્યશાળી છે કે તેઓશ્રી વિદેહથી સીધા અહીં પધાર્યા. આવો કાળ તો કોઈક કાળે આવે. આપણે તો તેમના દાસ છીએ. અરે! દાસ તો શું, દાસાનુદાસ જ છીએ.'

એક વાર એક સાધુ કહે : 'આત્મા પરનું કાર્ય ન કરે? પોતાનું જ કરે? પોતાનું પેટ

તો કૂતરાય ભરે છે?' અર્થાત્ જો તે બીજાનું કરે તો મોટો કહેવાય. દુઃખ અને આશ્ચર્યપૂર્વક અપૂર્વ ગુણધારી પૂજ્ય ગુરુદેવશ્રી કહે : ''અરે! સાધુ થઈને તમે આ શું કહો છો?'' બાહ્યમાં યમ-નિયમ-સંયમ પાળવા છતાં પણ જો જ્ઞાન-ભાન ન હોય તો ખેદ-દુઃખ થાય જ ને!

અમદાવાદના એક કરોડપતિ ભાઈને જ્ઞાનાવતારી પૂજ્યશ્રી પૂછે છે : 'કાંઈ ધર્મ કરો છો?' તે ભાઈ ઉત્તર આપે છે : 'મહારાજ! અમારી જગ્યાએ તમે હો તો ખબર પડે કે અમારે કેટલા કામ છે?' તુરત જ તેમને પ્રશ્ન કરવામાં આવે છે : 'તમે આ શું કહો છો? કોને કહો છો? ક્યાં કહો છો? એની ખબર છે? શું અભિમાન ફાટી પડ્યું છે?'

પરિવર્તન કર્યાને બરાબર એક વર્ષ પૂર્ણ થાય છે. આ જ દિવસે સોનગઢમાં એક વ્યક્તિને અપૂર્વ સત્પુરુષ ગુરુદેવ પૂછે છે : 'જડ છે?' ઉત્તર મળે છે : 'જડને માનીએ તો છે અને ન માનીએ તો નથી. અર્થાત્ જડ છે પણ ખરું અને નથી પણ ખરું'. તે વ્યક્તિને અનેકાંત સિદ્ધ કરવું હતું એટલે આ પ્રમાણે કહે છે. અનેકાંત સ્વરૂપના જ્ઞાતા ગુરુદેવ કહે : 'ભાઈ! તમે કહો છો એવું અનેકાંત નથી. જડ જડપણે છે અને પરપણે (ચૈતન્યપણે) નથી એ અનેકાંત છે'. અસ્તિ-નાસ્તિરૂપ અનેકાંત સમજાયું!

એક અન્ય પ્રસંગે એક ભાઈ પ્રશ્ન કરે છે : 'દ્રવ્યકર્મનો ઉદય આવ્યો છે એવી શું અન્ય જડને-નોકર્મને ખબર પડે છે કે જેથી નોકર્મનો સંયોગ-સંબંધ થાય છે?' અત્યંત પ્રેમથી ચૈતન્યસ્પર્શી વાણી દ્વારા ઉત્તર મળે છે : 'ભાઈ! દ્રવ્યકર્મનો અને નોકર્મનો એવો જ કોઈ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, જેથી મેળ થઈ જાય છે'.

આ જ વર્ષમાં એકવાર તત્ત્વચર્ચા દરમ્યાન પ્રશ્ન ઉઠે છે : 'જ્ઞાનચેતનાનું ફળ શું? શું જ્ઞાનચેતના ઉઘડે એટલે બધા શાસ્ત્રોનો ઉકેલ કરી નાખે?' આત્મહિતકારી સમાધાન કરતાં શાસ્ત્ર-મર્મજ્ઞ કહાનગુરુદેવ ફરમાવે છે : 'જ્ઞાનચેતના તો અંતરમાં પોતાના જ્ઞાનસ્વરૂપી આત્માને ચેતનારી છે—અનુભવનારી છે. તેથી તેનું ફળ-કાર્ય અંતરમાં આવે છે, બહારમાં નહીં. આત્માના અનુભવનો ઉકેલ આવી જાય એ જ જ્ઞાનચેતનાનું ફળ છે, પણ તેના ફળમાં શાસ્ત્રોનો ઉકેલ થવા માંડે એવું કાંઈ નથી. કોઈ જીવ શાસ્ત્રોના અર્થની ઝપટ બોલાવે માટે તેને જ્ઞાનચેતના ઉઘડી છે એમ શાસ્ત્રના ભણતર ઉપરથી જ્ઞાનચેતનાનું

માપ નથી; કારણ કે કોઈ જ્ઞાનચેતનાવંતને તે પ્રકારના ક્ષયોપશમ અને ભાષાનો યોગ ન પણ હોય. કદાચ કોઈને જ્ઞાનનો વિશેષ ઉઘાડ હોય તો, તે કાંઈ જ્ઞાનચેતનાની નિશાની નથી. કારણ કે તેનું ફળ તો અંતરની અનુભૂતિ છે. જેણે જ્ઞાનને અંતરમાં વાળીને રાગથી ભિન્ન ચૈતન્યસ્વરૂપને અનુભવમાં લઈ લીધું તેને અપૂર્વ જ્ઞાનચેતના ખીલે છે.

જ્ઞાનચેતના એટલે શુદ્ધાત્માને-જ્ઞાનને ચેતનારી—સાક્ષાત્કાર કરનારી ચેતના અને તે મોક્ષમાર્ગરૂપ છે. માટે આ જ્ઞાનચેતનાનો સંબંધ શાસ્ત્ર ભણતર કે ઓછા-વધારે જાણપણા સાથે નથી. જ્ઞાનચેતનામાં આત્મા અત્યંત શુદ્ધપણે પ્રકાશે છે, અને તે ચોથા ગુણસ્થાનથી શરુ થાય છે. જ્ઞાની આવી જ્ઞાનચેતના વડે કેવળજ્ઞાનને બોલાવે છે'.

જેમની દૃષ્ટિમાં અર્જુનની જેમ પરરૂપી વૃક્ષ, રાગરૂપી ડાળીઓ કે ભેદરૂપી ફળો દેખાતાં ન હતાં, પરંતુ પક્ષીની આંખના નેત્રમણિ સમાન ચૈતન્યમણિ જ માત્ર દેખાતો હતો એવા આજીવન વૈરાગી સાધક-આત્મા પૂજ્ય ગુરુદેવશ્રી સોનગઢમાં સ્થાયી થયા હોવાથી તેમ જ તેઓશ્રીની સ્વાનુભવરસ તરબોળ વાણીનો લાભ નિરંતર મળે તે હેતુથી પૂજ્ય બહેનશ્રીબેન, મોટાભાઈ ખુશાલભાઈ વગેરે ઘણા ભક્તો હવે ઘર લઈને સોનગઢ રહેવા લાગે છે.

આ પ્રમાણે નિજ સ્વરૂપની સાધના કરતાં કરતાં અને દરરોજ સવારના પ્રવચન દ્વારા અમૃતમય જ્ઞાનગંગા વહાવી ભક્ત શ્રોતાઓને પાવન કરતાં કરતાં વિક્રમ સંવત ૧૯૯૨નું વર્ષ પૂર્ણતાને પામે છે.

શ્રી સદ્‌ગુરુદેવના પરમ કૃપામય ઉપકારને અત્યંત ભક્તિથી નમસ્કાર...

✯ ✯ ✯

## * વિક્રમ સંવત ૧૯૯૩ (ઇસ્વી સન્ ૧૯૩૬-૩૭) *

વીતરાગવાણીમર્મ ઉદ્‌ઘાટક પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોમાં 'નાટક સમયસાર'નો બંધ અધિકાર ચાલે છે. એક કલાક સુધી અવિરત વહેતો એ અમૃતધોધ શ્રોતાઓને ભીંજવે છે ને કષાયથી કલુષિત-સંતપ્ત હૃદયો પરમ શાંતિનો અનુભવ કરે છે. આ તીર્થંકરદૂતને કારણે ભવ્યોને માટે જાણે કે અજ્ઞાનની મધરાતે જ્ઞાનસૂર્યોદય થયો, બળબળતા ભવતાપમાં શીતળ વીતરાગ કલ્પવૃક્ષની છાંયડી સાંપડી, અફાટ ભવ-અરણ્યમાં મીઠા પાણીની ચૈતન્યવીરડી ફૂટી, તેમ જ મોક્ષમાર્ગ પર મિથ્યાત્વના ઝાળા-ઝાંખરા ઉગ્યા હતા તે સાફ થતાં માર્ગ ફરીને ઝળહળતો થાય છે.

કારતક સુદ ૬ શુક્રવારે સ્વપ્ન આવે છે. પોતે કોઈ એવા તીર્થધામમાં આવ્યા છે કે જ્યાં ઘણા સુંદર, મોટાં ને શિખરબંધ મંદિરો છે. સાથે એવો ભાસ થાય છે કે પોતે અહીંયા અગાઉ આવી ગયા છે અને પૂજા પણ કરી છે, કેમ કે એક મંદિરમાંથી બીજા મંદિરમાં જવાના રસ્તા જાણીતા લાગે છે. આ મંદિરો ખાલી દેખાતા હોવાથી વિચાર આવે છે કે 'હું એકાંતવાસ શોધુ છું તો આ સ્થાન સુંદર છે, અહીં ધ્યાન કરવા બેસી જાઉં..'. શાશ્વત જિનપ્રતિમાના પૂજનનો અવસર 'અષ્ટાહ્નિકા પર્વ' આવે છે, તો સ્વપ્ન પણ તેને અનુરૂપ જ છે ને!

કારતક સુદ ૧૨ ગુરુવાર. ફરીને એક મંગલ સ્વપ્ન આવે છે. જેમાં ''ગુણવંતા રે જ્ઞાની, અમૃત વરસ્યા રે પંચમકાળમાં'' આ પદની ધૂન ઘણી ચાલે છે. વર્ષો સુધી અમૃતમય વાણીની વર્ષા થવાની છે તેનો જ જાણે કે સંકેત છે ને!

માગશર સુદ ૮ સોમવારે રાત્રિના લગભગ અગિયાર વાગે સ્વપ્ન આવે છે. પોતે કોઈ જિજ્ઞાસુ સાથે સમયસારજી પરમાગમ વિષે ચર્ચા કરે છે અને તેમાં ન્યાયોનું સ્થાપન અદ્‌ભુત દૃઢતાથી કરે છે. સમયસારજી પ્રાણપ્યારું છે ને!

એકવાર સ્થાનકવાસી સાધુ કહે : 'તંદુલમચ્છ વારંવાર મોઢું ઉઘાડતો હતો, શરીરની ક્રિયા કરતો હતો એટલે નરકે ગયો'. તેમનામાં શરીરની ક્રિયા મુખ્ય છે ને? તેથી આમ કહે છે. તેને પ્રેમથી સમજાવતાં કહ્યું : 'ભાઈ! એમ નથી. તે પોતાના પાપના

પરિણામથી નરકે ગયો છે, શરીરની ક્રિયાથી નહીં'. શરીરની ક્રિયાથી ધર્મ તો થતો નથી, પરંતુ પુણ્ય કે પાપ પણ થતા નથી એ વાત સમજાય છે ને!

વ્યાખ્યાનમાં શ્રી દીપચંદજી કૃત 'અનુભવ પ્રકાશ' ઉપર પ્રવચનો ચાલતા હતા તે પૂર્ણ થતાં પોષ વદમાં 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પ્રવચનો શરુ થાય છે. જેમાં, જેમ પિતા પ્રેમથી પુત્રને સમજાવે, ગુરુ કરુણાથી શિષ્યને સંબોધે અને ભગવાન ભક્તને કહે તેમ ગુરુદેવ પ્રસન્નતા તેમ જ સરળતાથી શાશ્વત સુખનો માર્ગ બતાવે છે અને આત્મશાંતિના પ્યાસી જીવોને તૃપ્ત કરે છે.

મહા સુદ ૧૪ બુધવાર. 'હું તીર્થંકર છું'...વિગેરે ઘણી બધી વાતો સ્વપ્નમાં આવે છે.

ચૈત્ર વદ આઠમના દિવસે, જેઓશ્રીનું સાન્નિધ્ય ભક્તોને કલ્યાણકારી મંગલમય છે એવા ગુરુદેવશ્રીનાં શાસનની પ્રભાવનામાં વિશિષ્ટ પ્રકારે નિમિત્ત થાય એવો યોગ-પ્રસંગ બને છે અને તે છે પૂજ્ય બહેનશ્રીને પૂજ્ય ગુરુદેવશ્રીના તેમ જ પોતાના ભવોનું જાતિસ્મરણજ્ઞાન પ્રગટ થવું. આ વાત પૂજ્ય બહેનશ્રી કોઈને કહેતા નથી.

વડિલ બંધુ—કે જેમનો પોતાના ઉપર અનહદ પ્રેમ છે એવા અતિ સરળ સ્વભાવી ને ભદ્રિક મોટાભાઈ શ્રી ખુશાલભાઈ—ઑપરેશન માટે ભાવનગરની હૉસ્પિટલમાં જતાં પહેલાં દર્શન કરવા માટે 'સ્ટાર ઑફ ઇન્ડિયા' આવે છે અને કહે છે : 'પ્રભુ! હું જાઉં છું'.—આ છે તેમના છેલ્લા સાંભળેલા શબ્દો. કેમ કે ત્યારબાદ અષાઢ વદ અમાસે ૫૩ વર્ષની વયે તેમનો સ્વર્ગવાસ થાય છે. આ વૈરાગ્ય પ્રસંગે શ્રી પદ્મનંદીપંચવિંશતિકાનો 'અનિત્ય પંચાશત્' અધિકાર પ્રવચનમાં વાંચવામાં આવે છે. આ પ્રસંગ પછી સવાર અને બપોર એમ બે વખત પ્રવચન આપવાની શરુઆત થાય છે, જે પરંપરા જીવનના અંત સુધી અવિરતધારાએ ચાલુ રહી.

ખુશાલભાઈના અવસાન પછી તેમના સંબંધમાં એવું સ્વપ્ન આવે છે કે તેઓ મેડીબંધ મકાનમાં મનુષ્ય તરીકે રહે છે. સરળ સ્વભાવી હતા ને!

શ્રાવણ સુદ ૭ શુક્રવારે પરોઢિયે ચાર વાગે સ્વપ્નમાં ફરી એકવાર તીર્થસ્થાન આવે છે. તેમાં આરસપહાણના મોટાં મોટાં સુંદર જિનમંદિરો દેખાય છે, તેની પોતે યાત્રા કરે

છે અને સાથે ઘણા બધા યાત્રિકો પણ છે. જાણે આ ભવિષ્યમાં થનારા યાત્રા મહોત્સવના ભણકાર તો નથી ને!

ભાદરવા સુદ : ૩. આજના દિવસે અધ્યાત્મની ઈમારતના પાયા સમાન ગ્રંથાધિરાજ શ્રી સમયસારજી ઉપર બીજીવારના જાહેર પ્રવચનો શરુ થાય છે. પ્રથમવારના જાહેર પ્રવચનો પરિવર્તન પહેલાં રાજકોટના ચાતુર્માસ દરમ્યાન સંવત ૧૯૯૦ના ભાદરવા સુદ ૮ના રોજ પ્રારંભ થયેલા. સમયસાર ઉપરના પ્રવચનો સંબંધી પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના શબ્દો : ''પૂજ્ય ગુરુદેવે સમયસાર અદ્‌ભુત અને અપૂર્વ રીતે સમજાવ્યું છે. એમ થઈ જાય કે વાહ! ગુરુદેવ વાહ! મન-વચન-કાયા આપની ચરણસેવામાં અર્પણ કરીએ તો પણ ઓછું છે એમ આજે ભાવના થઈ જતી હતી. અહા! સમયસારમાં કોઈ અદ્‌ભુત રહસ્ય ભર્યું છે.'

અન્ય પ્રસંગે પૂજ્ય બહેનશ્રી ફરમાવે છે : 'અહો! પૂજ્ય ગુરુદેવશ્રીએ તો સમગ્ર ભરતને જાગૃત કરી દીધું છે. તેમનો તો આ ક્ષેત્રના સર્વ જીવો ઉપર અમાપ-અનંત-અનંત—ઉપકાર છે. તેઓશ્રી તો અનાદિ મંગળરૂપ તીર્થંકરનું દ્રવ્ય છે, અનુપમ દ્રવ્ય છે. વળી તેમને વાણીનો યોગ પણ અદ્‌ભુત, અનુપમ ને અપૂર્વ છે. અપૂર્વતાના દાતાર ગુરુદેવની વાણી સાંભળનારા પાત્ર જીવોને અંતરથી અપૂર્વતા ભાસ્યા વિના રહેતી નથી. તેમની શ્રુતધારા વરસે છે, લોકોનાં ટોળેટોળાં તે દિવ્યવાણી સાંભળવા ભેગા થાય છે અને ઘેરઘેર લોકો આત્માની ચર્ચા કરે છે.—આ બધું ચમત્કારી લાગે છે. આવું તત્ત્વ કહેનાર બીજો પુરુષ કોણ છે?'

કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીને સમાધિમરણ સમયે બે-ત્રણ ઘર સુધી સંભળાય એવો ઘરડીયો ચાલ્યો હતો. તે પ્રસંગ ઉપરથી સાયલાવાળા ઝવેરચંદભાઈ પૂજ્ય ગુરુદેવશ્રીને કહે : ''આપ અત્યારે કહો છો એટલે માનીએ છીએ—ખબર પડે છે—કે શ્રીમદ્‌જી કેવા હતા. નહીંતર હું તેમને જ્ઞાની માનતો નહીં. તેમના સમાધિમરણ સમયે હું ત્યાં બેઠો હતો ત્યારે મનમાં એમ થતું હતું કે જો તેઓ જ્ઞાની હોય તો આવું મરણ!'' જ્ઞાની-ધર્માત્માની અંતરંગ પરિણતિને ઓળખનાર કહાનગુરુદેવ કહે : ''ભાઈ! એ અવાજ આવતો હતો તે તો દેહની ક્રિયા હતી. તે વખતે પણ તેમનો આત્મા તો આનંદમાં હતો. દેહ છૂટતાં ભલે

વાર લાગી, પણ આત્મા તો અંદરમાં સમાઈ ગયો હતો. તેમણે પોતાની પર્યાયને અંતરમાં વાળી દીધી હતી'.'

જગત ઉદ્ધારક પૂજ્ય ગુરુદેવશ્રીનું સ્વાસ્થ્ય સામાન્યપણે સારું જ રહે છે. ક્યારેક તે નબળું પણ પડે છે. આ વર્ષે તબિયતમાં જરા ફેરફાર થાય છે અને પછી સારું થઈ જાય છે. આવા પ્રસંગોએ ભક્તો શું ભાવના ભાવે છે તે પૂજ્ય બહેનશ્રીના શબ્દોમાં જોઈએ : 'આત્મ-આધાર પૂજ્ય ગુરુદેવશ્રીની તબિયતમાં હવે તો જરા પણ કાંઈ ન થાય, તદ્દન સારી રહે એમ ઝંખના છે'.

શુભભાવના પક્ષપાતી એક ભાઈ કહે : 'દ્રવ્યસંગ્રહની ૩૫મી ગાથામાં આવે છે કે વ્રત, સમિતિ એ સંવર-નિર્જરાનું કારણ છે.' કરૂણાવંત ગુરુવર સમાધાન કરાવે છે : 'ભાઈ! વ્રત એટલે શુભાશુભ રાગાદિ વિકલ્પોની નિવૃત્તિ તે વ્રત.—આવી ચોખ્ખી ટીકા ત્યાં છે. અર્થાત્ સ્વરૂપમાં વિંટળાઈ જવારૂપ—લીનતારૂપ—નિશ્ચય વ્રતની તે વાત છે અને તે સંવર-નિર્જરા-મોક્ષનું કારણ છે.' શાસ્ત્રોના યથાર્થ અર્થ સમજવા પડશે ને?

પરિવર્તન કર્યાને બે વર્ષ વીતી ગયા છે. સત્યશોધક જિજ્ઞાસુ મધ્યસ્થ જીવો તથા પુરુષાર્થપ્રેરક પૂજ્ય ગુરુદેવ પ્રત્યે ભક્તિવંત જીવોનો પ્રવાહ એટલો વધવા લાગે છે કે આ 'સ્ટાર ઑફ ઇન્ડિયા' મકાન નાનું પડે છે; મુમુક્ષુઓ સમાતા નથી. જેમ ભમરો ફૂલ પ્રત્યે આકર્ષાય છે તેમ વસ્તુસ્વરૂપના ઊંડા રહસ્યો ખુલ્લા કરનાર ગુરુવરના પ્રભાવક વ્યક્તિત્વ, અંતર્મગ્ન દશા ને વિવેકજ્ઞાનથી પ્રભાવિત થઈ ઘણા જીવો ખેંચાઈને આવવા લાગે છે. શ્રાવણ મહિનામાં ઘણા માણસો આવવાથી પ્રવચન ગુરુકુલ હાઈસ્કૂલમાં રાખવું પડે છે. તેથી ભક્તોને વિચાર આવે છે—ભાવના જાગે છે કે તારણહાર કહાનગુરુદેવના નિવાસ માટે તેમ જ પ્રવચન માટે હવે કોઈ વિશાળ જગ્યા શોધવી પડશે.

અનુભવજ્ઞાન વિના નિવેડો નથી, વીતરાગપ્રભુએ દર્શાવેલા વીરમાર્ગમાં રાગના રસિયા એવા કાયરોનું નહિ, પણ શૂરા-પુરુષાર્થી થઈ આત્મસ્વરૂપમાં ઝંપલાવનારનું કામ છે. તત્ત્વાભ્યાસપૂર્વક ભેદજ્ઞાન કરી આત્માનુભૂતિ પ્રાપ્ત કરવી એ જ ધર્મનું પહેલું પગથિયું છે.—આ પ્રકારે મંગલવાણી સૂણતાં સૂણતાં વિક્રમ સંવત ૧૯૯૩નું વર્ષ ક્યારે પૂર્ણ થયું તે પણ ખબર ન રહી....

જ્ઞાન-વૈરાગ્યના અપૂર્વ બોધ વડે સીંચન કરી ભક્તોની જ્ઞાનવેલડીને સજીવન કરનાર ગુરુદેવના ચરણકમળમાં વંદન...

❋ ❋ ❋

## * વિક્રમ સંવત ૧૯૯૪ (ઇસ્વી સન્ ૧૯૩૭-૩૮) *

## ❋ સ્વાધ્યાય મંદિર ઉદ્ઘાટન વર્ષ ❋

ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂર્વભવોનું જાતિસ્મરણ જ્ઞાન તો ગયા વર્ષે લાઠીના ઉતારામાં થયેલું, પણ કોઈને કહેલું નહીં. આ વાતની જાણ પૂજ્ય ગુરુદેવને સાત મહિના અને બાર દિવસ પછી માગશર સુદ ત્રીજે કરે છે. એક ચિઠ્ઠીમાં આ પ્રકારનું લખાણ લખીને 'સ્ટાર ઑફ ઇન્ડિયા' મોકલે છે : ''આપની કૃપાથી આપનું અને અમારું સ્મરણ આવ્યું છે'.' (જ્ઞાનવૈભવ હસ્તાક્ષર પા. ૨૬ દેખાડવા)

બીજે દિવસે સર્વસ્વદાતા પૂજ્ય ગુરુદેવશ્રી પૂજ્ય બહેનશ્રીને 'સ્ટાર ઑફ ઇન્ડિયા'માં બોલાવે છે અને પૂછે છે. ઉત્તરમાં પૂજ્ય બહેનશ્રી : 'આપ પૂર્વભવમાં રાજકુમાર હતા. જરીના વસ્ત્રો પહેરતા હતા અને ભવિષ્યમાં તીર્થંકર થવાના છો'....વિગેરે કહે છે. દીક્ષા લીધા પછી પૂજ્ય ગુરુદેવશ્રીને રાજકુમારના અને 'હું તીર્થંકર છું' વિગેરે સ્વપ્ના તો આવતા જ હતા, પણ ઉકેલ મળતો નહોતો—કંઈ મેળ ખાતો નહોતો. હવે આ જાતિસ્મરણ જ્ઞાનની વાત સાંભળતાં જ ઉકેલ મળી જાય છે, સમાધાન થઈ જાય છે. દિવ્યમૂર્તિ સદ્ગુરુદેવને અંતરમાં ભાવ જાગ્યો : 'આ તો ત્રિલોકીનાથે ચાંદલો કર્યો' અર્થાત્ ભગવાનની વાણીમાં 'હું તીર્થંકર થવાનો છું' એમ આવ્યું છે તો એના જેવું બીજું સદ્ભાગ્ય શું હોઈ શકે?

માગસર સુદ-૧૦ : ગુરુદેવશ્રીનાં કાયમી નિવાસસ્થાન ને પ્રવચન માટેના હોલનું ખાતમુહૂર્ત થાય છે.

વ્યવહારના પક્ષપાતી વઢવાણના નટુભાઈ કહે '' જુઓ! સમયસારની બારમી ગાથામાં એમ કહ્યું છે કે વ્યવહારી જનને-અજ્ઞાનીને વ્યવહારનો ઉપદેશ કરવો.'' નિશ્ચય-વ્યવહારના જ્ઞાતા ગુરુરાજ ઉત્તર આપે છે : ''ભાઈ! ત્યાં એવી વાત છે જ નહીં. અજ્ઞાનીને વ્યવહારનો ઉપદેશ આપવો એવો બારમી ગાથાનો અર્થ જ નથી. તે ગાથાનો અર્થ એવો છે કે જ્ઞાનીને પર્યાયમાં જે કાંઈ શુદ્ધતા વધે છે અને અશુદ્ધતા ઘટે છે તેને જાણવી તે પ્રયોજનવાન છે અર્થાત્ વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. આ રીતે વ્યવહાર

જાણવાલાયક છે'.' આચાર્યો—જ્ઞાનીઓના ભાવ સમજવા એ સ્વાનુભવી અને મહાપાત્ર જીવોનું કામ છે.

પોષવદ ૧૪, રવિવારે સ્વપ્ન આવે છે. એક મોટા સંઘના વૃંદમાં સત્શ્રુતોના રચયિતા શ્રી કુંદકુંદાચાર્યદેવ બિરાજમાન છે અને પોતે (પૂજ્ય ગુરુદેવશ્રી) તે સંઘમાં સાથે છે. આચાર્યદેવનાં દર્શન થતાં સહજ ઉદ્ગાર નીકળે છે : 'આ શ્રી કુંદકુંદ મહારાજ ભગવાન થવાના છે'. અહો! કેવું ભક્તિભાવભર્યું સ્વપ્ન!

મહાવદ ૧૦, ગુરુવારે રાત્રે શું થયું તે જાણીએ. સ્વરૂપસાધક ગુરુદેવ નવ વાગ્યા બાદ સહજ સ્વભાવનું સ્મરણ કરતાં કરતાં સૂવે છે– નિદ્રા આવે છે. લગભગ ૧૦:૪૫ વાગે એક સ્વપ્ન આવે છે. તેમાં એવું આવે છે કે પોતાને સહજ શુદ્ધ ચિદાનંદ આત્માનું સ્મરણ ઊંડાણથી વારંવાર આવે છે. પછી ચિદાનંદ...ચિદાનંદ... ચિદાનંદ...એવી ભાવના ને ભાવનામાં પોતે એકદમ અંતરમાં ઊતરી જાય છે અને ઉપયોગ પલટો ખાય છે અર્થાત્ 'હું ચૈતન્યગોળો ભિન્ન છું' એવો અનુભવ થાય છે, કે જેમાં સહજપણે આનંદસ્વરૂપનું વેદન હોય છે. તે સિવાય બીજું કાંઈ થતું કે હોતું નથી.—આમ, શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવનો અનુભવ થાય છે એવું સ્વપ્નમાં આવે છે. અહો! જેને જેવી ભાવના હોય તેને તેવા જ સ્વપ્ના આવે ને!

દશ દિવસ પછી ફાગણ સુદ ૬, સોમવારે રાત્રિના પાછલા ભાગમાં આવેલ સ્વપ્નમાં એક મોટા જિનમંદિરમાં ઘણા ભક્તો સાથે પોતે પ્રભુભક્તિમાં બિરાજમાન છે અને વૈરાગ્યરસમાં ભીંજાઈને પરમ શાંતભાવે ભક્તિ કરાવે છે એવું દેખાય છે. આ સ્વપ્ન પૂર્ણ થતાં સ્વયં જાગૃત થાય છે અને 'ૐ સત્' એવા મંગલ ઉદ્ગાર સહજ સરી પડે છે. ધન્ય છે જ્ઞાનીની જાગૃત દશા કે સ્વપ્ન દશા!

સંસારસાગર તરવા ઇચ્છતા ભવ્ય જીવોના દીવાદાંડી સમાન શાસન શણગાર ગુરુદેવશ્રીને ૪૯મું વર્ષ ચાલી રહ્યું છે. અંતરંગ સાધનાની સાથેસાથે બાહ્યમાં પ્રવચન, તત્ત્વચર્ચા ઇત્યાદિ કાર્યક્રમ નિયમિત થાય છે અને શાસન પ્રભાવના દિન-પ્રતિદિન વધતી જાય છે. 'સ્ટાર ઑફ ઇન્ડિયા'ના નિવાસસ્થાને સવાર-બપોર શાંતરસ ઝરતા અધ્યાત્મ પ્રવચનો ચૈત્ર-વૈશાખ માસના ધોમધખતા તાપમાં પણ શીતળતા આપે છે. ચાતક સમાન

તત્ત્વપિપાસુ ભવ્ય ભક્તોનાં ટોળે ટોળાં એ શાંતરસનું અમૃતપાન કરવા દરરોજ ઉમટે છે. તેથી આ જગ્યા નાની પડવાથી, મુમુક્ષુઓની ભાવના અનુસાર, સોનગઢના એક એકાંત-નિર્જન સ્થાનમાં જગ્યા ખરીદવામાં આવે છે. ત્યાં મુમુક્ષુઓના જીવન આધાર કહાનગુરુદેવના કાયમી નિવાસસ્થાન અને પ્રવચન-સ્વાધ્યાયધામ માટે રૂપિયા ૧૩૦૦૦ ના ખર્ચે ૫૦ફૂટ × ૨૫ફૂટનો હોલ તથા તેના ચારે ખૂણામાં એક એક રૂમ બનાવવામાં આવે છે.

નિસ્પૃહ અને નિઃકાંક્ષ એવા કહાન ગુરુરાજે કોઈને ક્યાંય ક્યારેય કાંઈ કહ્યું નથી કે 'અમારે માટે મકાન બનાવો'. ઉલટાનું તેઓશ્રી આ નવા નિવાસસ્થાનના નિર્માણ સમયે એમ કહે છે : 'તમે આ મકાન બનાવો છો એટલે મારે પ્રતિબંધ નથી કે આમાં જ રહેવું. મારી વીતરાગતા વધી જાય તો આ મકાન છોડીને ચાલ્યો પણ જાઉં'...વાહ! ધન્ય હો નિસ્પૃહતાને! અલિપ્તતાને! નિરપેક્ષપણાને! અપ્રતિબંધ ભાવનાને! છતાં ભક્તો ભક્તિભાવથી–ઉપકૃત ભાવનાથી હોલ ને ચાર રુમ બંધાવે છે. આ અરસામાં વઢવાણના શ્રી પોપટભાઈ 'સંત' 'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ''શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'' એવું નામ લખેલું પાટિયું લઈને આવે છે. આ નામ વાંચતા જ દિવ્યમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીને ગમી જાય છે. તેથી આ નવા હોલનું નામ આ જ રાખવામાં આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રીને વિક્રમ સંવત ૧૯૭૮માં વીંછીયા ગામમાં વૈશાખ વદ આઠમના રોજ 'ઓમ્‌ધ્વનિ' આવેલો. તેથી નૂતન પ્રવચનધામના ઉદ્‌ઘાટનનો દિવસ પણ વૈશાખ વદ ૮, રવિવાર નક્કી કરવામાં આવે છે અને અધ્યાત્મયોગી ગુરુદેવને સમયસારજી પ્રત્યે અતિશય બહુમાન-ભકિત હોવાથી તેમાં આ પરમાગમની સ્થાપના કરવાનું પણ નક્કી કરવામાં આવે છે.

જ્ઞાન-વૈરાગ્યપોષક પૂજ્ય ગુરુદેવશ્રી 'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં વિક્રમ સંવત ૧૯૯૧ના ફાગણ વદ પાંચમના રોજ પધારેલા. છેલ્લા ત્રણ વર્ષથી અહીંથી વહેતો તેઓશ્રીની વાણીનો અસ્ખલિત પ્રવાહ સૌ જીવોના અંતરમાં અજ્ઞાન-અંધકાર દૂર કરી જ્ઞાનપ્રકાશ પાથરે છે. પુણ્ય અને પવિત્રતાના સ્વામી સંતપુરુષ શ્રી ગુરુદેવશ્રીનાં દર્શન કરવા અને શાસ્ત્ર-પ્રવચન સાંભળવા જે જે તત્ત્વરસિક જીવો આવે છે તે બધા તેઓશ્રીનાં

જ્ઞાન-વૈરાગ્ય અને આચરણ જોઈને તેમ જ સાગરસમાન શાંત ગંભીર વ્યાખ્યાનો સાંભળીને નતમસ્તક થઈ જાય છે અને ધન્યતા અનુભવે છે. સૌને એવો ભાસ થાય છે કે તેઓશ્રીની વાણીમાં કોઈ જાદુ છે. જેમ જેમ જીવન ઉદ્ધારક પૂજ્ય ગુરુદેવશ્રીની તથા તેઓશ્રીની ભવાંતકારી મંગલમય વાણીની તેમ જ સોનગઢની ખ્યાતિ ચારેબાજુ ફેલાવા લાગે છે તેમ તેમ ભક્તોનો સમુદાય સોનગઢમાં ઉભરાવા લાગે છે, જેના કારણે સ્વાધ્યાય મંદિર બંધાવવામાં આવે છે.

સ્વાધ્યાય મંદિરના ઉદ્‌ઘાટનના તથા જેમાં સર્વજ્ઞના હૃદયનો મર્મ—છેવટનો સાર—બતાવ્યો છે, જેનું રહસ્ય પાત્રજીવ હોય તે જ સમજે છે અને જે ભવસમુદ્રમાં ડૂબતા જીવોને દિવાદાંડી સમાન છે એવા સમયસારજીની પ્રતિષ્ઠાના આ મંગલ પ્રસંગે બ્રહ્મચારી શીતલપ્રસાદજી સહિત બહારગામથી ૭૦૦ મુમુક્ષુઓનો સમુદાય ઉલ્લાસભેર આવે છે. કેમ કે આ તો પહેલવહેલો મંગલ-ઉત્સવ છે ને!

અજ્ઞાનભાવમાં સૂતા હોવા છતાં ધર્મ કર્યાનું અભિમાન સેવતા જીવોને સન્માર્ગે દોરવા ભરતક્ષેત્રે પધારેલ પૂજ્ય ગુરુદેવશ્રીને તેડવા માટે મુમુક્ષુવૃંદ સવારના વાજતેગાજતે 'સ્ટાર ઑફ ઇન્ડિયા' આવે છે. 'સ્ટાર ઑફ ઇન્ડિયા'માં બરાબર ત્રણ વર્ષ, ત્રણ માસ ને ત્રણ દિવસ વસવાટ કરીને હવે વૈશાખ વદ આઠમના રોજ 'સ્વાધ્યાય મંદિર'નાં દક્ષિણ-પશ્ચિમ દિશાના નૈઋત્ય ખૂણામાં આવેલ રૂમમાં કાયમી નિવાસ કરવા માટે ગુરુવર કહાન વિહાર કરે છે. ધીર-ગંભીર ચાલે પાવન પગલે ચાલતા ચાલતા સ્વાધ્યાય મંદિર તરફ પધારે છે. સાથે સાથે મુમુક્ષુભક્તો પણ આનંદ ઉમંગપૂર્વક સ્તવન ગીતો ગાતાં ગાતાં ચાલે છે....

બીજી બાજુ પૂજ્ય બહેનશ્રીબેન તથા ભક્તબહેનો લાઠીના ઉતારે—કે જ્યાં તેઓશ્રી રહે છે ત્યાં—જેનો કહાનગુરુવર ઉપર પરમ ઉપકાર છે એવા ભરતક્ષેત્રના સર્વોત્કૃષ્ટ પરમાગમ શ્રી સમયસારજીને ચાંદીની થાળીમાં બિરાજમાન કરીને, બહુમાનપૂર્વક સાથે લઈને, મંગલભકિત કરતાં કરતાં, આ સ્વાગતયાત્રામાં જોડાય છે...એક અદ્‌ભુત ઉલ્લાસ-ઉમંગ-ઉત્સાહ અને આનંદનું વાતાવરણ સર્જાય છે. કેમ ન સર્જાય? કારણ કે પરિવર્તન સ્થળ 'સ્ટાર ઑફ ઇન્ડિયા' તો નિર્મિત હતું, જ્યારે ભક્તોના હૃદય સિંહાસને

બિરાજમાન ઉપકારી ગુરુના આ સ્થાયી સ્થાનનું નિર્માણ તો ભક્તોએ ભાવનાથી કર્યું છે અને ત્યાં આજે ગુરુરાજ બિરાજમાન થવાના છે...

દૂરથી સ્વાધ્યાય મંદિર તરતા જહાજ જેવું લાગે છે. લાગે જ ને! ભવજલ તરણતારણ જહાજ સમાન ગુરુદેવ ત્યાં બિરાજવાના છે. સ્વયં ગુરુરાજ તરતાપુરુષ છે, મહાપુરુષ છે. સંસારસમુદ્રના પોતે તરનારા છે અને ભક્તોને પણ તારનાર છે. તેથી તેઓશ્રીનું સાધનાધામ પણ એવું જ—તરતા જહાજ જેવું જ—હોય ને!

સૌ સ્વાધ્યાય મંદિરે આવે છે, ઉદ્‌ઘાટન થાય છે, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીનાં મંગલ હસ્તે તેના ગોખલામાં બાર અંગરૂપ શ્રુતસાગરને વલોવી પ્રાપ્ત કરેલ અમૃતકુંભ સમાન ગ્રંથાધિરાજ શ્રી સમયસારજી સ્થપાય છે અને શાસન શિરોમણિ સંત પૂજ્ય ગુરુદેવશ્રી સ્વાધ્યાય મંદિરમાં પાટ પર બિરાજમાન થાય છે. ભક્તોનો હર્ષોલ્લાસ ઉછળી ઉઠે છે, જયજયકાર ગાજી ઉઠે છે અને ભક્તિગીત વહેવા લાગે છે.

ધર્મધ્વજ ફરકે છે મોરે મંદિરિયે, સ્વાધ્યાયમંદિર સ્થપાયા અમ આંગણિયે...

શાસનતણા સમ્રાટ અમારે આંગણે આવ્યા,
અદ્‌ભુત યોગિરાજ અમારાં ધામ દીપાવ્યાં;

મીઠો મહેરામણ આંગણિયે કહાન મહારાજ, પુણ્યોદયનાં મીઠાં ફળ ફળિયા આજ...

અમૃતભર્યાં જ્યાં ઉર છે, નયને વિજયનાં નૂર છે,
જ્ઞાનામૃતે ભરપૂર છે, બ્રહ્મચારી એ ભડવીર છે;

મુક્તિ ન્યાયમાં શૂરા છો યોગિરાજ, નિશ્ચય વ્યવહારના સાચા છો જાણનહાર...

દેહે મઢેલા દેવ છો, ચરિતે સુવર્ણવિશુદ્ધ છો,
ધર્મે ધુરંધર સંત છો, શૌર્યે સિંહણપીધ દૂધ છો;

મુક્તિ વરવાને ચાલ્યા છો યોગિરાજ, સનાતન ધર્મના સાચા છો ઋષિરાજ...

સૂત્રો બતાવ્યાં શાસ્ત્રમાં, ઉકેલવા મુશ્કેલ છે,
અક્ષર તણો સંગ્રહ ઘણો, પણ જ્ઞાન પેલે પાર છે;

અંતર્ગતના ભાવોને ઓળખનાર, આત્મિક વીર્યના સાચા સેવનહાર...

ભક્તો અંતરમાં ભાવના ભાવે છે : હે નાથ! આપ અમારા ધર્મપિતા છો, અમે આપના પુત્રો છીએ. આપે સ્વાધ્યાય—પ્રવચન દ્વારા આપેલા અને હજુ ભવિષ્યમાં આપનારા શ્રદ્ધા-જ્ઞાન-આનંદરૂપ અમૂલ્ય વારસાને સ્વીકારીને તેમ જ આપના પાવન પંથે— પગલે...પગલે ચાલીને અમો પણ આપના જેવા થશું, આપની સમીપ સદા રહેશું એ વિશ્વાસ છે.

સમયસારમર્મજ્ઞ ગુરુદેવશ્રી સમયસારને ઉત્તમોત્તમ શાસ્ત્ર ગણે છે, કહે છે. અરે! તેની વાત કરતાં પણ ઉલ્લાસ ઉછળી જાય છે. આજે મંગલ આશીષરૂપ પ્રવચનમાં શ્રી સમયસારજીનો અપૂર્વ મહિમા અંતરના અહોભાવથી વર્ણવે છે અને શ્રી કુંદકુંદાચાર્યદેવનો અપાર ઉપકાર વર્ણવતાં કુંદકુંદશાસન પ્રભાવક સંત ગુરુદેવ એક ગૂઢ સંકેત પણ આપે છે : ''સમયસારજીની પ્રત્યેક ગાથા મોક્ષ આપે તેવી છે. ભગવાન કુંદકુંદાચાર્યદેવનો અમારા પર ઘણો ઉપકાર છે. અમે તેમના દાસાનુદાસ છીએ. ભગવાન કુંદકુંદાચાર્યદેવ મહાવિદેહક્ષેત્રમાં સર્વજ્ઞ વીતરાગ શ્રી સીમંધર ભગવાનના સમવસરણમાં ગયા હતા, ત્યાં તેઓશ્રી આઠ દિવસ રહ્યા હતા. એ વાત યથાતથ છે, અક્ષરશઃ સત્ય છે, પ્રમાણસિદ્ધ છે. તેમાં લેશમાત્ર શંકાને સ્થાન નથી. કલ્પના કરશો નહીં, ના કહેશો નહીં, એ વાત એમ જ છે. માનો તો પણ એમ જ છે અને ન માનો તો પણ એમ જ છે. તે અક્ષરેઅક્ષર સાચું છે, આ બધી નજરે જોયેલી વાત છે, તેમાં અમારી સાક્ષી છે...'.'—આમ નિઃશંકપણે ભક્તિભીના હૃદયે અંતરથી કહે છે. આ ઉપરાંત અલૌકિક સત્પુરુષ ગુરુદેવશ્રી પૂજ્ય બહેનશ્રીને 'ભગવતી' એવું બહુમાનભર્યું વિશેષણ આપે છે. હર્ષઘેલાં મુમુક્ષુઓનાં હૃદયમાં ભક્તિનો ઉત્સાહ સમાતો નથી. એટલે ફરીને ભકિત શરુ થાય છે :

વાગે છે જ્ઞાનવાજાં, ગુરુરાજનાં મંદિરિયે;
ગુરુરાજનાં મંદિરિયે, સ્વાધ્યાય સુમંદિરિયે.....

જ્ઞાની ગુરુજી બિરાજ્યાં, સ્વાધ્યાય મંદિર શોભાવ્યા;
ઉપદેશ રૂડા આપ્યા, ભવ્ય જીવને ઉદ્ધાર્યા...વાગે...

પ્રભુ સુવર્ણપુરી માંહી, અચિંત્ય જ્ઞાન ખીલવી;
સૂક્ષ્મ ન્યાયો પ્રકાશી, જ્ઞાનજ્યોતિને જગાવી...વાગે...

મુખથી છૂટે છે ધ્વનિ, અમૃત સમી એ વાણી;
સુણતાં આનંદ થાયે, હૃદય વિકસીત થાયે...વાગે...

દિવ્યધ્વનિનો નાદ છૂટ્યો, ચારે દિશાએ પ્રસર્યો;
મહિમા કરું શી તેરી? અલ્પમતિ છે મેરી...વાગે...

શુદ્ધ જ્ઞાન જ્ઞાતા માંહી, શ્રદ્ધા પ્રતીત કરાવે;
અકર્તાપણું છે તારું, એ વાતને મલાવે...વાગે...

ભગવાન કુંદકુંદનું શાસન વર્તે છે જયવંત;
તુજ કુળને દિપાવ્યું, ગુરુ કહાનદેવ વિજયવંત...વાગે...

જગતશિરોમણિ છો, જગપૂજ્ય વંદનિક છો;
વીતરાગદેવ વીરના, ગુરુ આપ લઘુનંદન છો...વાગે...

ઈન્દ્રો અને નરેન્દ્રો, માંહો માંહે વાત કરતા;
આ ભરતક્ષેત્ર માંહી, એ વીર કોણ જાગ્યો...વાગે...

ચાલો સહુ મળીને, સુવર્ણપુરી જઈએ;
જ્ઞાયકસ્વરૂપ સુણીને, જીવન કૃતાર્થ કરીએ...વાગે....

ભક્તિ કરવાને તારી, શરણે આવ્યો હું વારી;
દીન-હાથ ગ્રહો કૃપાળુ, મુજ રંકને ઉગારી...વાગે...

આમ, અપૂર્વ ઉત્સાહ, ઉમંગ અને ભક્તિભાવથી જાણે કે ભાવિમાં થનારી અભૂતપૂર્વ પ્રભાવનાનો માણેકસ્થંભ રોપાતો હોય એ રીતે આ મહોત્સવ ઉજવાય છે. મુમુક્ષુઓના આગમચક્ષુ ગુરુરાજના પધારવાથી સ્વાધ્યાય મંદિર ચેતનવંતુ અને જીવંત ભાસે છે. અત્યાર સુધી દરરોજ જે તત્ત્વપ્રેમી મુમુક્ષુઓનો પ્રવાહ 'સ્ટાર ઑફ ઈન્ડિયા' તરફ વહેતો હતો તે હવે સ્વાધ્યાય મંદિર તરફ વળે છે. કેમ કે હવે આ સોનગઢનાં સંત સ્થાયી નિવાસસ્થાનમાં બિરાજમાન થયા છે અને પ્રવચનધામ સ્વાધ્યાય મંદિરમાં નિયમિતપણે સવારે તથા બપોરે વ્યાખ્યાનો થવા લાગ્યા છે.

સોનગઢની આ પવિત્ર ભૂમિ ઉપર સ્વાધ્યાય મંદિરના નિર્માણથી વીતરાગ શાસનની પ્રભાવનામાં એક નવા પ્રકરણનો પ્રારંભ થાય છે.

એક સ્થાનકવાસી સાધુ પ્રશ્ન કરે છે : 'આ આત્માને અને પુદ્‌ગલને કઈ રીતે સંબંધ? એ તો જડ છે ને?' લ્યો, સાધુ થઈને પણ આવી શંકા? અદ્‌ભુત શ્રુતજ્ઞાનધારી ગુરુવર સમાધાન કરાવે છે : 'જ્ઞાન અરૂપી છે તો પણ રૂપી ઘડિયાળને જાણે છે કે નહીં? ઘડિયાળનો કાંટો અત્યારે અહીં છે એમ જ્ઞાનમાં જણાણું છે કે નહીં? તો, જેમ અરૂપી રૂપીને જાણે એવો સંબંધ છે તેમ નિમિત્ત-નૈમિત્તિકસંબંધ પણ છે. જો રૂપી સાથે બિલકુલ સંબંધ જ ન હોય તો જાણપણું પણ બની શકે નહીં.' વાહ! શું દૃષ્ટાંત ને સિદ્ધાંત!!

આ પ્રમાણે સુષુપ્ત ચેતના-પુરુષાર્થને જાગૃત કરનાર તેમ જ માર્ગનું રહસ્ય સમજાવી સાધનાની સીડી બતાવનાર પૂજ્ય ગુરુદેવશ્રીના જીવનનું એક મહત્ત્વનું વર્ષ—વિક્રમ સંવત ૧૯૯૪નું સ્વાધ્યાય મંદિર પ્રવેશવર્ષ—સમાપ્ત થાય છે.

ગુરુરાજના અદ્‌ભુત પ્રતાપને અહોનિશ ભક્તિથી વારંવાર નમસ્કાર...

❒ ❒ ❒

# ❈ વિક્રમ સંવત ૧૯૯૫ (ઈસ્વીસન્ ૧૯૩૮-૩૯) ❈
# * પ્રથમવાર સિદ્ધિધામ યાત્રા તથા સુવર્ણ જન્મજયંતી વર્ષ *

કારતક વદ ત્રીજ ગુરુવાર. પરોઢીયે સ્વરૂપનું ધ્યાન—તેમાં એકાગ્રતા—થતાં સંયોગ અને વિભાવથી અલિપ્ત-નિર્લેપ તથા સમદર્શી એવા પૂજ્ય ગુરુદેવશ્રીને સહજ ઉદાસીનતા વધે છે અને સ્વપ્ન આવે છે. તેમાં એમ દેખાય છે કે કોઈ વ્યક્તિ આવીને પોતાની સ્તુતિ કરે છે તોપણ પોતે ઉદાસીનપણે જ્ઞાતા રહે છે. જુઓ, જ્ઞાનીની દશા! કોઈ સ્તુતિ કરે કે નિંદા, જ્ઞાતાપણું છૂટતું નથી.

પોષ વદ : ૭ ગુરુવાર. રાત્રે બાર વાગ્યા પછી સ્વપ્ન આવે છે. જેમાં પારદર્શી વિરાટ વ્યક્તિત્વના ધારક ગુરુદેવને પ્રકાશ સહિત ૐકાર દેખાય છે. ઓમ્કાર ધ્વનિ–જિનવાણી–સમ્યક્‌જ્ઞાનપ્રકાશ પ્રગટવામાં નિમિત્ત છે ને!

આ વર્ષમાં જીવનમાં સૌ પ્રથમવાર તીર્થયાત્રાનો યોગ બને છે, અને તે પણ એક નિર્વાણધામની. પોષ વદ દશમે મોક્ષધામના પાવન યાત્રિક જ્ઞાનભાસ્કર પૂજ્ય ગુરુદેવ ૩૦૦ ભક્તો સહિત પાદવિહાર કરીને સોનગઢથી પાલીતાણા પધારે છે. અહીં ત્રણ દિવસ બિરાજે છે. પાંચ પાંડવ અને આઠ કરોડ મુનિવરોના પાવન ચરણકમળથી પવિત્ર એવી ત્રણ પાંડવ તથા આઠ કરોડ મુનિરાજની નિર્વાણભૂમિ શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા તેરસને દિવસે અનેરા ઉત્સાહ-ઉમંગ અને ભક્તિભાવપૂર્વક થાય છે. તે પ્રસંગે તેઓશ્રી ફરમાવે છે : 'રાગ એ વિપરીત પરિણતિ હોવાથી શત્રુ છે અને તે રાગ રહિત પરિણમવું (–તેના ઉપર વિજય મેળવવો) એ આત્માનો સ્વભાવ હોવાથી આત્મા જ ખરેખર શત્રુંજય છે.'

પાલીતાણા ગામના દિગંબર જિનમંદિરમાં પણ ભક્તિનો કાર્યક્રમ ઉલ્લાસભર્યો થાય છે. અહીં, આ નિર્વાણધામની યાત્રા અને જિનેન્દ્રદેવની ઉપશમરસભરી વીતરાગ શાંતમુદ્રાના દર્શન કરતાં પૂજ્ય બહેનશ્રીબેનને એક ખોટ સાલે છે કે આપણને સોનગઢમાં ભગવાનના દર્શન મળતા નથી. સાક્ષાત્ પરમાત્માનો તો વિરહ છે જ, પરંતુ તેમની મુદ્રાના દર્શન પણ મળતા નથી. તેથી એક જિનમંદિર હોય તો સારું એવી ભાવના જાગે છે. વીતરાગી ભગવાનની સ્થાપના કરવાની આ ભાવના જિનેન્દ્રભક્ત ગુરુદેવ પાસે પહોંચે છે. તેઓશ્રીને પણ તેવા ભાવ જાગે છે.

જિનેન્દ્રદેવના દર્શનની ઝંખના એવી તીવ્રતાને પામે છે કે ભક્તો ભાવનાભીનો કાગળ ભગવાનને લખે છે.

સ્વસ્તિ શ્રી મહાવિદેહ ક્ષેત્રમાં, જીહાં બિરાજે તીર્થંકર વીશ,
તેને નમાવું શીશ, કાગળ લખું નાથજી.....

ભરતક્ષેત્રથી લખીતંગ જાણજો, આપ દર્શન ઇચ્છક દાસ,
રાખું તુમ આશ, કાગળ લખું નાથજી...

મેં તો પૂર્વમાં ખામી રાખી ઘણી, જેથી તુમ દર્શન રહ્યા દૂર,
ન પોંચું હજુર, કાગળ લખું નાથજી...

આડા પહાડ પર્વતો ને ડુંગરા, જેથી નજર નાખી નવ જાય,
દર્શન કેમ થાય, કાગળ લખું નાથજી....

દેવે પાંખ આપી હોયે પિંડમાં, ઊડી આવું દેશાવર દૂર,
તો પહોંચું જરૂર, કાગળ લખું નાથજી...

ઓછું અધિક પ્રભુજી જે લખ્યું, માફ કરજો જરૂર જિનરાય,
લાગુ તુમ પાય, કાગળ લખું નાથજી.....

પાલીતાણામાં શ્વેતાંબરના એક પ્રસિદ્ધ આચાર્ય કહે : ''કેવળી પહેલાં સમયે વાણી ગ્રહે અને બીજા સમયે છોડે.'' સમાધાન : 'ના, એમ નથી.' જ્ઞાની હો કે–અજ્ઞાની કોઈપણ જીવ વાણી આદિ પરને ગ્રહે કે છોડે નહીં. અરે! જ્ઞાની તો ખરેખર રાગને પણ ગ્રહતા કે છોડતા નથી.

સીમંધરલઘુનંદન કહાનગુરુદેવને પોતાના ઉપર સીમંધરનાથનો અલૌકિક ઉપકાર હોવાથી તેમના પ્રત્યે અનહદ ભક્તિ છે. કોઈ કોઈવાર તેમનું સ્મરણ આવતા દર્શનવિરહે નેત્ર આંસુથી ભરાઈ જાય છે. આવા સીમંધરભક્ત ગુરુરાજ ચૈત્ર સુદ ૮ના રોજ ભરતક્ષેત્રના ભવ્યજીવો ઉપર કરુણા કરી શ્રી કુંદકુંદાચાર્યદેવ દ્વારા ભવ્ય ભેટણારૂપ અપાયેલ શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર ત્રીજી વારના હિતકારી પ્રવચનો શરુ કરે છે.

ચૈત્ર વદ ૧૩, સોમવાર. એક મંગલમય સ્વપ્નમાં ''પોતે તીર્થંકર છે'' એવો

ભાવ આવે છે અને જાણે કે ત્રણલોકના જીવોના હિતની હાકલ કરતા હોય એવું જણાય છે.

વૈશાખ સુદ બીજ : ભક્તોના તારણહાર કૃપાળુ ગુરુદેવ આ માનવ જીવનના ૫૦મા વર્ષમાં પ્રવેશે છે. ભક્તો ભાવના ભાવે છે :

ભવ્યજીવોના અંતરમાં આત્માર્થતાનું વાવેતર કરનાર હે ગુરુદેવ! આપ શાશ્વત બિરાજો ને જગતના જીવો પર આપની છાયા અમર તપો.

હે મુમુક્ષુસમાજ સર્જનહાર! આપશ્રી નિરંતર ચૈતન્યપ્રકાશથી પ્રકાશમાન છો— ઝળહળી રહ્યા છો. તેથી કદાચ આપશ્રીની મણિરત્નોના દીપકથી આરતી ઉતારીએ તો પણ શું ?

હે સુખભંડાર જ્ઞાયકના મધુરા વાયુ વહેવડાવનાર! આપશ્રી સદા ચૈતન્ય-આનંદસાગરમાં સ્નાન કરી રહ્યા છો. તેથી કદાચિત્ આપશ્રીનો ક્ષીરસાગરના જલથી અભિષેક કરીએ તો પણ શું?

હે સ્વાનુભૂતિમય સત્ધર્મને પુનઃ પ્રકાશિત કરનાર! આપશ્રી નિત્ય ચૈતન્યમય રત્નત્રયથી શોભિત છો. તેથી કદાચિત્ આપશ્રીને જડ હિરારત્નોથી વધાવીએ તો પણ શું?

હે જૈન જગતના અનુપમ તેજસ્વી તારલા! આપશ્રીએ અમ ભક્તોને ચૈતન્યરૂપ આત્મદેવ આપ્યો છે. તેથી કદાચ આપશ્રીનાં ચરણકમળમાં તન-મન-ધન....અરે! સર્વસ્વ ન્યોછાવર કરીએ તો પણ શું? કેમ કે આપશ્રીનાં અલૌકિક-અનુપમ-અદ્‌ભુત-અપાર-અચિંત્ય ઉપકારસિંધુ સામે આ લૌકિક જડચીજો તો અતિતુચ્છ-સ્થૂળ છે.

અમે, વિવેકહીન અંધશ્રદ્ધાને સમ્યગ્દર્શન માનતા હતા. આપશ્રીએ કહ્યું : ‘ભેદજ્ઞાન થયા વિના સમ્યગ્દર્શન કેવું?’ અમે, સ્વાનુભૂતિ રહિત બહિર્લક્ષી જ્ઞાનને સમ્યગ્જ્ઞાન જાણતા હતા. આપશ્રીએ બતાવ્યું : ‘સ્વસંવેદન પ્રગટ્યા વિના સમ્યગ્જ્ઞાન કેવું?’ અને અમે, આત્મસ્થિરતા વિનાની શુભક્રિયાને સમ્યગ્ચારિત્ર સ્વીકારતા હતા. આપશ્રીએ ફરમાવ્યું : ‘વીતરાગ પરિણતિ વિના સમ્યગ્ચારિત્ર કેવું?’

ખરેખર, આપશ્રી અનુભવપૂર્વકની નિઃશંકતાથી સદા જ્ઞાનાનંદસાગરને ઉછાળનાર, અત્યંત ઉલ્લસિતભાવે ભગવાન આત્માના ગીત ગાનાર અને અધ્યાત્મની

અમૃત વર્ષા વરસાવનાર આ કાળના અદ્વિતીય યુગપુરુષ-યુગસ્રષ્ટા છો. આપશ્રી વસ્તુવિજ્ઞાનના સિદ્ધાંતોને સમજાવનાર એક અધ્યાત્મવૈજ્ઞાનિક છો. અનુભવની મુદ્રા છાપવાળી, આગમની સાક્ષીપૂર્વકની ને તર્ક-ન્યાયથી અબાધિત એવી અદ્ભુત વાણીના સ્વામી—બહુશ્રુતધારી છો. જ્ઞાનચક્ર વડે અજ્ઞાનનો નાશ કરનાર ચૈતન્યચક્રવર્તી છો. અમારું જે કાંઈ વૈરાગ્ય-જ્ઞાન-આરાધના-ભાવના-રુચિ-લગનીમય આત્મજીવન છે તેના નિર્માતા-દાતા-મૂળ આપશ્રી જ છો. માત્ર આજે જ નહીં, પંચમકાળના અંત સુધી પણ જે કોઈ માર્ગપ્રાપ્તિ કરશે તે આપશ્રીનાં પ્રત્યક્ષ કે પરોક્ષ ઉપકારથી જ પ્રાપ્ત કરશે. બસ, એક જ ભાવના છે કે આપશ્રી અમોને કેવળજ્ઞાન પામતા સુધી સાથે ને સાથે રાખો....

આ પ્રસંગે જોઈએ તેઓશ્રીનાં જીવનનાં મહત્ત્વના વર્ષોની યાદી.

- વિક્રમ સંવત ૧૯૪૬ : જન્મવર્ષ. બાળપણના ૧૩ વર્ષ ઉમરાળામાં વીતે છે.
- ૧૩ વર્ષની વયે વિક્રમ સંવત ૧૯૫૯માં સ્થાયી રહેવા માટે પાલેજ જવાનું થયું.
- ૧૭ વર્ષની વયે વિક્રમ સંવત ૧૯૬૩માં વેપાર કરવા માટે દુકાને બેસવાનું થયું.
- ૨૨ વર્ષની વયે વિક્રમ સંવત ૧૯૬૮માં ૯ વર્ષ પાલેજમાં ગાળી ધર્મનો અભ્યાસ કરવા અને દીક્ષા લેવા માટે દુકાન છોડી.
- ૨૪ વર્ષની વયે વિક્રમ સંવત ૧૯૭૦માં ૨ વર્ષ ધાર્મિક અભ્યાસ કરી સ્થાનકવાસી સંપ્રદાયમાં દીક્ષા લીધી.
- ૩૨ વર્ષની વયે વિક્રમ સંવત ૧૯૭૮માં દિગંબર સંત શ્રી કુંદકુંદાચાર્ય રચિત સમયસાર મળ્યું.
- ૪૫ વર્ષની વયે વિક્રમ સંવત ૧૯૯૧માં ૨૧ વર્ષ દીક્ષાપર્યાયમાં રહી સોનગઢમાં સંપ્રદાય પરિવર્તન કર્યું.
- ૪૮ વર્ષની વયે વિક્રમ સંવત ૧૯૯૪માં ૩ વર્ષ સ્ટાર ઑફ ઇન્ડિયામાં વસવાટ કરી સ્વાધ્યાય મંદિરમાં પદાર્પણ કર્યું.
- ૫૦મા વર્ષમાં વિક્રમ સંવત ૧૯૯૫માં જીવનમાં પ્રથમવાર સિદ્ધિધામની યાત્રા કરી.

સુવર્ણ જન્મજયંતી પ્રસંગે પ્રસ્તુત છે ભાવસ્તુતિ.......

યુગપુરુષ તેને કહેવાય કે જે ભ્રમિત યુગને સન્માર્ગ બતાવે, સમસ્ત યુગ ઉપર જેની છાપ પડે. ગુરુદેવશ્રી માત્ર સન્માર્ગ બતાવતા જ નથી, સ્વયં તેના ઉપર ચાલે પણ છે. તેઓશ્રી એવા યુગપુરુષ છે કે જેમણે પોતાના જીવનમાં તો આમૂલ પરિવર્તન કર્યું જ છે, સાથે-સાથે અનેક સુપાત્ર ભક્તોના જીવનમાં પણ પરિવર્તન આણ્યું છે, આણી રહ્યા છે. આ મહાપુરુષે અધ્યાત્મક્રાંતિ કરીને બાહ્ય ક્રિયાકાંડમાં ફસાયેલ જૈન સમાજને શાશ્વત શાંતિ-સુખપ્રાપ્તિનો માર્ગ બતાવ્યો છે. સૂતેલા સમાજને ઢંઢોળ્યો છે, જગાડ્યો છે અને સચેત-સાવધાન કર્યો છે.

તેઓશ્રી સાચે જ યુગપુરુષ છે, કેમ કે તેઓશ્રી યુગથી નહીં, પરંતુ યુગ તેમનાથી પ્રભાવિત થયો છે. યોગીરાજ ગુરુદેવ ઉપર ભૌતિકયુગનો કોઈ પ્રભાવ દેખાતો નથી. આ ભોગપ્રધાન યુગમાં જ્યારે પામર જીવો વિષય-ભોગમાં ફસાઈ ગયા છે ત્યારે કહાન ગુરુરાજ દ્વારા પ્રવાહિત અધ્યાત્મગંગાની ધારાએ હજારો જીવોનું જીવન બદલી નાખ્યું છે. હજારો જિજ્ઞાસુઓ ઊંડો તાત્ત્વિક અભ્યાસ કરવા લાગ્યા છે અને અધ્યાત્મમય તત્ત્વચર્ચામાં રસ લેતા થયા છે.

આશ્ચર્યોના ભંડાર યુગપ્રધાની ગુરુદેવની કાર્યશૈલી પણ અદ્ભુત છે. તેઓશ્રી પ્રવચન અને તત્ત્વચર્ચા સિવાય કોઈ પ્રવૃત્તિમાં ભાગ લેતા નથી. છતાં વીતરાગમાર્ગની પ્રભાવના દિન પ્રતિદિન સહજપણે વૃદ્ધિગત થતી જાય છે. આ તેઓશ્રીનો પુણ્યપ્રભાવ જોઈને આશ્ચર્યચકિત થઈ જવાય છે.

આ એક નિર્વિવાદ સત્ય છે કે ગુરુદેવશ્રી આ કાળના એક મહાન આધ્યાત્મિક ક્રાંતિકાર છે, કે જેમણે પોતાનો આત્મહિતકારી પંથ તો પ્રશસ્ત કર્યો છે જ, સાથે સાથે વીતરાગી વાણી વહાવી જૈનજગતમાં અભૂતપૂર્વ ધર્મક્રાંતિ કરી હજારો જીવોને આત્માર્થી-મોક્ષાર્થી બનાવ્યા છે. આજના મંગલમય પ્રસંગે તેઓશ્રીનાં ચરણોમાં ઉપકૃત ભાવિકજનોનાં કોટિ કોટિ વંદન....

ધન્ય ધન્ય શ્રી ઉમરાળા ગામ, પ્રગટ્યા ધર્મધુરંધર કહાન;
તારાં શાં શાં કરું સન્માન, જગમાં સત્ય પ્રકાશનહાર.
ઓગણીસ છેંતાલીસ વર્ષે, વૈશાખ બીજ રવિવારે;
ઝળહળ જગમાં ભાનુપ્રકાશ, જન્મ્યા કહાનકુંવર ગુરુરાજ.
માતા ઉજમબા કૂખ નંદ, જન્મ્યા ભારતના આ ચંદ. ધન્ય૦ ૧.

પ્રભુ નિર્મળ બાળ લીલાએ, તું વધિયો વિવેકભાવે;
રહેતો અંતરથી ઉદાસ, અદ્‌ભુત એવી તારી વાત. ધન્ય૦ ૨.

કુંદામૃત પાન પીધાં, નિજ આતમકાજ કીધાં;
જિનની સાચી રાખી ટેક, જાગ્યો સત્ય સુકાની એક.
તારી મહિમા અપરંપાર, તારાં શાં કરીએ સન્માન. ધન્ય૦ ૩.

પ્રભુ જ્ઞાન ખજાના ખીલ્યા, તુજ આતમ માંહી પ્રકાશ્યા;
દીપે બાહ્યાંતર ગુરુરાજ, જગમાં સત્ય પ્રકાશનહાર.
શોભે જન્મભૂમિનાં સ્થાન, જન્મ્યા લાડીલા ગુરુકહાન;
ધન્ય ધન્ય માત-પિતા કુળ જાત, જન્મ્યા જગના તારણહાર.
મારા આતમના આધાર, જન્મ્યા જગના તારણહાર. ધન્ય૦ ૪.

સીમંધર-સુત જન્મ્યા, ગગને વાજિંત્રો વાગ્યાં;
ઈન્દ્રો આનંદ-મંગલ ગાય, જન્મ્યા કહાનકુંવર ગુરુરાજ.
માતા ઉજમબાના લાલ, જયજયકાર જગતમાં આજ. ધન્ય૦ ૫.

જગમાં બહુ હતાં અંધારાં, સૂઝે નહિ માર્ગ લગારા;
સાથી સાચો જાગ્યો કહાન, જગમાં સત્ય પ્રકાશનહાર. ધન્ય૦ ૬.

પ્રભુ મંગલમૂર્તિ તમારી, તુજ દર્શને હર્ષ અપારી;
વંદન હોજો અગણિત વાર, જગમાં સત્ય પ્રકાશનહાર. ધન્ય૦ ૭.

*

પરિવર્તન પછી, પ્રથમવાર જ સોનગઢ સિવાય અન્ય નગરમાં ચાતુર્માસ કરવા નિમિત્તે વિહાર કરવાનો પ્રસંગ બને છે. રાજકોટના તત્ત્વપ્રેમી જિજ્ઞાસુઓના આગ્રહથી ચાતુર્માસ કરવા માટે તે તરફ વિહાર કરતાં સાયલા ગામ આવે છે. ત્યાં રાત્રે ચિંતન-મંથન સમયે વિચાર આવે છે –પ્રશ્ન ઉઠે છે–કે આત્માની કેટલી શક્તિમાં અશુદ્ધતા છે? જો કે અશુદ્ધતા ઘણી શક્તિઓમાં છે, તો પણ ગણતરી કરતાં ૨૧ શક્તિ લક્ષમાં આવી. પરિવર્તન પહેલાનું  સંપ્રદાયનું છેલ્લું ચોમાસુ પણ વિક્રમ સંવત ૧૯૯૦માં રાજકોટને આંગણે થયેલું અને હવે પરિવર્તન પછી બહારગામમાં પહેલી વારનું ચોમાસુ પણ રાજકોટમાં થાય છે.

રાજકોટમાં ચાતુર્માસ અવસરે જૈનવિશ્વને જાગૃત કરનાર પૂજ્ય ગુરુદેવશ્રી નાનાલાલભાઈ જસાણીના મકાન 'આનંદકુંજ'માં કુલ દશ મહિના અને દશ દિવસ બિરાજે છે. આ સમય દરમ્યાન શ્રી સમયસારજી, શ્રી પદ્મનંદિ પંચવિંશતિ, શ્રી આત્મસિદ્ધિ અને 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?' એ કાવ્ય ઉપર સરલ સાદી ભાષામાં છતાં અદ્ભુત, રોચક, વિસ્તૃત પ્રવચનો થાય છે.

'આત્મસિદ્ધિ'ની ભાષા સહેલી-સુગમ હોવા છતાં તેમાં ગૂઢ જ્ઞાનભાવો ભર્યા છે. તેથી જો કોઈ આત્મસિદ્ધિપ્રાપ્ત સંત દ્વારા તેના ગૂઢ રહસ્યોનું ઉદ્ઘાટન થાય તો મુમુક્ષુઓને વિશેષ હિતનું કારણ થાય. આવી ઉત્તમ ભાવના સહ કેટલાક જિજ્ઞાસુઓ મૂળમાર્ગ રહસ્યજ્ઞ ગુરુદેવને વિનંતી કરે છે. સ્વરૂપાનુભવી ગુરુદેવ કૃપા કરીને વિનંતી સ્વીકારે છે અને અપૂર્વ પ્રવચનો થાય છે.

સંસારનો અંત જેમને અતિ નિકટ છે, અનેક વર્ષોથી તત્ત્વજ્ઞાનનો ધોધ વહેવડાવી ભવછેદક જ્ઞાનનો જેઓ પ્રસાર-પ્રચાર કરે છે એવા ગુરુદેવશ્રીનાં મુખારવિંદથી દરરોજ સવારે એક કલાક જ્ઞાન-વૈરાગ્ય નીતરતી વાણીનો પ્રવાહ વહે છે. 'આત્મસિદ્ધિ'ની ગાથાના શબ્દેશબ્દ ખોલી તેમાં રહેલા સૂક્ષ્મ ઊંડા અભિપ્રાયને અલૌકિક રીતે પ્રગટ કરે છે.  છ પદાદિ વિષયને અનેક રીતે છણીને તેમ જ અનુભવગર્ભિત તર્ક-ન્યાય અને સરળ દૃષ્ટાંતો આપીને આત્માર્થતાને ઉજાગર કરે છે. દરેક વિષયને અપૂર્વ વચનયોગી ગુરુરાજ એવો ખોલે છે કે સર્વ જીવોને સ્પષ્ટ સમજણ થઈ અપૂર્વ ભાવો દૃષ્ટિગોચર થાય છે અને પુરુષાર્થ  કરવા પ્રેરાય છે. 'આત્મસિદ્ધિ'ના મર્મને વિકસાવીને–વિસ્તારીને તથા તેના ગહન ભાવ હૃદયમાં

સોંસરવટ ઉતરી જાય એવી અસરકારક વેધક વાણી વડે સમજાવીને ગુરુદેવ અપાર-પરમ ઉપકાર કરી રહ્યા છે. શ્રીમદ્જીએ દોરેલા મોક્ષમાર્ગના સુંદર ચિત્રમાં કહાન ગુરુરાજ અલૌકિક રંગ પૂરે છે. જાણે કે શ્રીમદ્જીએ રોપેલાં અધ્યાત્મતત્ત્વજ્ઞાનના બીજ ૪૩ વર્ષ પછી વૃક્ષરૂપે પાંગરે છે.

કર્મ-નિમિત્તથી પોતાને પરાધીન સમજી નમાલાપણું-પુરુષાર્થહીનતા અનુભવતા જીવોને સ્વાધીન સુખનો માર્ગ બતાવતી ગુરુદેશના મળે છે : 'જ્યાંસુધી સંયોગમાં-નિમિત્તમાં કે પુણ્ય-પાપના રાગમાં—ક્યાંય પણ પ્રભુતા સ્થાપીશ, તેનાથી મોટપ માનીશ ત્યાંસુધી આત્મા હાથ નહીં આવે. માટે અંતરમાં તારી પ્રભુતાનો એકવાર સ્વીકાર કર. બાપુ! તારી પ્રભુતાની કોઈ સીમા નથી. છતાં પુણ્ય ને તેના ફળમાં મીઠાશ કેમ આવે છે? ભગવાન! તું તારી જાતને ભૂલી ગયો છો અને આ જ તારી મોટી ભૂલ છે.' અહો! આત્મશુદ્ધિરૂપ નિર્દોષ ભાવમાંથી નીકળતી આ જ્ઞાન-વૈરાગ્યની ગંગાનું રસપાન તત્ત્વપિપાસુ ભાવિક ભક્તો કરી રહ્યાં છે એ દશ્ય કેવું રોમાંચકારી છે!

'શ્રી આત્મસિદ્ધિ' અને 'અપૂર્વ અવસર' ઉપરનાં આ પ્રવચનો પાછળથી પુસ્તકાકારે પ્રસિદ્ધ થાય છે.

સીમંધરદૂત પૂજ્ય ગુરુદેવશ્રી ચાતુર્માસ દરમ્યાન અહીં રાજકોટમાં બિરાજી રહ્યા છે. આ અરસામાં ગુરુદેવશ્રીનાં પ્રવચનમાં જિનપ્રતિમા સંબંધી વાત સાંભળતા શ્રી નાનાલાલભાઈ જસાણી અને તેમના ભાઈઓ સોનગઢમાં એક જિનમંદિર બંધાવવાની ભાવના ઉલ્લાસભેર વ્યક્ત કરે છે. આ મંગલ ભાવનાની અનુમોદનારૂપે એક કલાક ઉમંગભરી ભક્તિ પણ થાય છે.

સમયસારજીના કળશ ૪૭ ઉપરના પ્રવચન વખતે ગુરુવર્ય ફરમાવે છે : ''જ્ઞાનીને બંધ નથી.'' આ વાતથી શ્રોતાઓમાં આશ્ચર્યભર્યો ખળભળાટ થાય છે કે 'બંધ તો દસમા ગુણસ્થાન સુધી હોય છે ને? છતાં જ્ઞાનીને ચોથા ગુણસ્થાને પણ બંધ નહીં?' તત્ત્વગંભીર ગુરુદેવશ્રી સમજાવે છે : 'ભાઈ! જ્ઞાનીને અબંધસ્વરૂપ દ્રવ્યની દૃષ્ટિથી અબંધભાવ પ્રગટ થયો છે અને બંધભાવની નિવૃત્તિ થઈ છે—અભાવ થયો છે, માટે તેને બંધ નથી. આ રીતે સ્વભાવદૃષ્ટિનું જોર બતાવવું છે. તેમ જ સમયસારમાં મિથ્યાત્વ સહિત બંધને જ બંધ તરીકે ગણવામાં આવ્યો છે.'

રાજકોટમાં જેઠ સુદ ૧૩ના રોજ મહાત્મા ગાંધી, કસ્તુરબા અને મહાદેવભાઈ દેસાઈ વીતરાગપ્રધાની પૂજ્ય ગુરુદેવશ્રીનું વ્યાખ્યાન સાંભળવા આવે છે. નિર્વિકલ્પ તત્ત્વની ધૂન લગાડનાર પૂજ્ય ગુરુદેવશ્રી દયા-અહિંસાનું સ્વરૂપ સમજાવતાં કહે છે : 'આત્મા પરની દયા પાળી શકતો જ નથી, કારણ કે તે પર આત્મા સ્વતંત્ર છે. તેની દશાનો કર્તા તે સ્વયં છે, છતાં કોઈ બીજો જીવ એમ માને કે હું પર જીવને જીવાડું છું, પરની દયા પાળી શકું છું, તો તે માન્યતા મિથ્યાભ્રમ છે અને તે જીવ અજ્ઞાની મૂઢ છે.'

અહીં જ શ્રી ગોકળદાસ ગાંધી સાથે ચર્ચા થાય છે. તેઓ કહે : 'મેઘકુમારના જીવે દયા પાળી તેથી સંસાર પરિત-ઓછો કર્યો તેમ જ સાધુને આહાર દેવાથી સંસાર ઘટે છે.' સિદ્ધાંતમર્મજ્ઞ પૂજ્ય ગુરુદેવશ્રી ઉત્તર આપતા કહે : 'પર જીવની દયા પાળવાથી તથા સાધુને આહાર આપવાથી સંસાર ઓછો થાય એમ બને જ નહીં.' સાચી જ વાત છે ને કે શું પરના લક્ષે સંસાર ઘટે?

વસ્તુસ્વરૂપના યથાર્થ પ્રતિપાદક ગુરુવર કહાન ફરમાવે છે : 'ભગવાનની ભક્તિ, પૂજા વગેરેમાં રાગ મંદ કરે તો શુભરાગ થાય. પણ તે રાગથી, શ્વેતામ્બર મત કહે છે તેમ, ધર્મ થતો નથી અને સ્થાનકવાસી સંપ્રદાય કહે છે તેમ જિનપ્રતિમા ન હોય એમ પણ નથી.' વાત તો ન્યાયસર મુદ્દાની છે ને!

એક ભાઈ કહે : 'સમ્યગ્દર્શન-જ્ઞાન થાય તેની ખબર ન પડે.' તર્કસંગત સમાધાન કરતાં ગુરુરાજ કહે : 'ભાઈ! ખબર ન પડે એ જ બતાવે છે કે તે અજ્ઞાન છે, સમ્યગ્જ્ઞાન નથી.'

જેમ ડહોળાયેલું પાણી આછરી જાય તેમ સંપ્રદાયનો આગ્રહ છૂટી જતાં અનેક સુપાત્રજીવો કલ્યાણમૂર્તિ ગુરુદેવશ્રીનાં દર્શનથી ધન્ય બને છે અને અમૃતમય કલ્યાણકારી શાંત-શીતળ વાણી સુણી પાવન બને છે. અધ્યાત્મથી ભરપૂર વ્યાખ્યાન સાંભળી ભક્તોને અંતરમાં ઉમંગભરી ભાવના જાગે છે કે : ગુરુદેવે પોતાના ઘરનું કાંઈ નવું કહ્યું નથી. જે સનાતન સત્ય છે, તીર્થંકરોની દિવ્ય વાણીમાં જે તત્ત્વ આવ્યું છે, શ્રી કુંદકુંદદેવ આદિ આચાર્યોએ શાસ્ત્રોમાં જે વસ્તુસ્વરૂપ પ્રતિપાદન કર્યું છે તે જ સત્ય તત્ત્વ અને વસ્તુસ્વરૂપનો મર્મ તેઓશ્રી પોતાની સીધી, સુગમ ભાષામાં ખોલે છે. શ્રી કુંદકુંદાચાર્યની ગહન ગાથાઓનું ગંભીર વિશદ વિવેચન શ્રી અમૃતચંદ્રાચાર્યે કર્યા

પછી આ કાળમાં સુંદર, સરળ ને હૃદયગ્રાહી ભાષામાં તેના ખુલાસા જો કોઈએ કર્યા હોય તો તે ગુરુદેવ જ છે, જેનાથી સાધારણ જીવોને પણ તત્ત્વ સમજવામાં વાર લાગતી નથી. વર્તમાનકાળમાં ગુરુદેવ જ અનોખા મહામાનવ છે કે જેમણે એક પણ અક્ષર લખ્યા વિના માત્ર વાણીના બળે આટલી મોટી ધર્મક્રાંતિ કરી છે. આ પણ એક આશ્ચર્ય જ છે. ગુરુદેવની વાણી એ અંતર અનુભવને સ્પર્શીને નીકળેલું અમૃત છે.

વીરમાર્ગ પ્રભાવક ધર્મમહારથી ગુરુદેવ રાજકોટના રોકાણ દરમ્યાન તત્ત્વની રેલમછેલ કરે છે, આધ્યાત્મિક પ્રવચનો દ્વારા ભવ્યજીવોને ઢંઢોળી સાધનામાર્ગ તરફ દોરે છે, અનેક તત્ત્વપિપાસુ જીવોની જ્ઞાનતૃષા છીપાવી આત્મજીવન અર્પણ કરે છે અને વીતરાગમાર્ગમાં સ્વાનુભૂતિની પ્રધાનતા છે એ વાત જગતમાં ગાજતી કરે છે. ભક્તોમાં આત્માર્થીતા જગાડનાર પૂજ્ય ગુરુદેવશ્રી રાજકોટમાં વીતરાગવાણીની અમૃતધાર વરસાવી રહ્યા છે અને આ સંવત ૧૯૯૫નું વર્ષ પૂર્ણ થાય છે.

સ્વરૂપદાન દાતા, સ્વરૂપ જીવન જીવનાર, આરાધનાનો સુમધુરમાર્ગ
બતાવનાર ગુરુવર કહાનનો જય હો....વિજય હો.

❋ ❋ ❋

## ❀ વિક્રમ સંવત ૧૯૯૬ (ઈસ્વી સન્ ૧૯૩૯-૪૦) ❀

## ✻ નિર્વાણક્ષેત્ર ગિરનારજી યાત્રા વર્ષ ✻

રાજકોટમાં ૧૯૯૫ના ચાતુર્માસ પ્રસંગે દશ માસ ને દશ દિવસ રહેવાનું થાય છે. આ પ્રસંગે અપૂર્વ પ્રવચનો થયા તેની ખુશાલીમાં એક વકીલ મુમુક્ષુભાઈ જાહેરાત કરે છે : 'જે મુમુક્ષુ દશ મહિના ને દશ દિવસના પ્રવચનોનો સાર દશ લીટીમાં લખશે તેને દશ રૂપિયા ઇનામ મળશે.' કેવી સુંદર ભાવના!

વળી એક ભાઈ કહે : 'દશ મહિના એકલો આત્મા જ કૂટ્યો.' અરે! આત્મા શું ચીજ છે, કેવી મહાન વસ્તુ છે તેની જગતના જીવોને ક્યાં ખબર છે?

રાજકોટમાં ચાતુર્માસ પૂર્ણ કરી ધર્મપ્રભાવક જ્ઞાનદિવાકર પૂજ્ય ગુરુદેવશ્રી સોનગઢ તરફ વિહાર કરે છે.

કાંતિમય પડછંદ ગૌરવર્ણ કાયા, શાંતિથી ઓપતું પૂનમના ચંદ્ર સમાન આભાપૂર્ણ મુખમંડળ, બાળસહજ નિર્દોષ છતાં જાજરમાન અત્યંત પ્રભાવશાળી પ્રસન્ન વ્યક્તિત્વ, ચમકદાર ગંભીર આંખો આદિ બાહ્યવૈભવ ઉપરાંત કમળ સમાન બાહ્ય ભાવોથી નિર્લેપતા, દિવ્ય જ્ઞાનવૈભવ, નિષ્કારણ કરુણાભંડાર વગેરે ગુણસમુદ્ર વિરાટ આત્મા ગુરુદેવની વાત દુનિયાથી ન્યારી છે. અધ્યાત્મના ઉન્નત શિખરે બિરાજમાન ગુરુદેવની મોટપ કે ઊંડપનો તાગ લેવા જતાં અલ્પ શક્તિ-મતિવંતનો પનો ટૂંકો પડે એવું છે. મર્યાદિત શબ્દશક્તિ ગુરુદેવની અમર્યાદિત મહાનતાને પૂરેપૂરો ન્યાય ક્યાંથી આપી શકે?

આવા, અધ્યયન-મનન-મંથનમાં મગ્ન રહેનાર ગુરુદેવનું વ્યાખ્યાન સાંભળવા કોઠારિયા જેવા નાના ગામમાં પણ હજાર-બારસો જિજ્ઞાસુ ઉમટે છે. ગામડામાં પ્રવચન હોલ ક્યાંથી હોય? એટલે બગીચામાં એક ઝાડ નીચે ઓટલો હોય છે તેની ઉપર પાટ ગોઠવવામાં આવે છે. તે પાટ ઉપર બેસી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રવચન આપે છે અને ચારે બાજુ ફરતાં શ્રોતાઓ બેસે છે. ભગવાનના સમવસરણ જેવો દેખાવ લાગે છે. અહીં ચૈતન્યનો અભૂતપૂર્વ રસ જગાડનાર કહાન ગુરુદેવશ્રી 'પદ્મનંદી પંચવિંશતિ' વાંચે છે.

અહીંથી ગોંડલ, જેતપુર થઈ બાલબ્રહ્મચારી બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ

ભગવાનના ત્રણ કલ્યાણકથી શોભિત એવા ગિરનાર સિદ્ધક્ષેત્રની યાત્રાએ ૩૦૦ભક્તો સહિત પધારે છે. મહા વદ અમાસથી ફાગણ સુદ બીજ  એમ ત્રણ દિવસ સુધી ગિરનાર ગીરિ ઉપર અધ્યાત્મ અને ભક્તિની ધૂન મચે છે. હજુ પહાડ ઉપર ચડવાની શરૂઆત થાય છે ત્યાં તો, ચોમાસુ ન હોવા છતાં, વરસાદ વરસે છે. જાણે કે તીર્થંકરના કેડાયતનું સ્વાગત! પવિત્ર પુરુષના પાવન પગલાં થતાં પર્વત પણ પવિત્ર–સ્વચ્છ–બને છે. વાતાવરણમાં પણ અજબનો ચમકાર જણાય છે.

પહેલી ટૂંક ઉપરના જિનમંદિરમાં અનુપમ ભક્તિ ઉછળે છે. શ્રી નેમિનાથ ભગવાનની દીક્ષા અને કેવળજ્ઞાન પ્રાપ્તિનું ધામ સહસ્રામ્રવનમાં  અપૂર્વભાવ ઉછળવાથી ગુરુદેવશ્રી સાષ્ટાંગ નમસ્કાર કરે છે અને સંયમભાવનામય વૈરાગ્યભરી સ્તવનની ધૂન જામે છે.

બાળ બ્રહ્મચારી જિણંદ પદ ધારી,
સેવે સુરનર ચંદા રે;
ગિરનાર ગિરિ નેમનાથ બિરાજે,
ભેટંતા ટળે ભવ ફંદા રે...
બાળ બ્રહ્મચારી વિષય નિવારી,
નિસ્નેહી ગુણરાયા રે;
સચિત્ત પુદ્‌ગલ ભોગ ક્ષીણ જાણી,
સંયમ લીધો ગિરનારી રે...
જિણંદ પદ ધારી રાગદ્વેષ નિવારી,
ઘાતિ કરમ ક્ષયકારી રે;
સહેસાવને કેવળ પ્રગટાવી,
કલ્યાણ મંગલ જયકારી રે....
અયોગી ગુણસ્થાન ગ્રહીને,
જોગાતીત પદ લીધો રે;
સમશ્રેણી છે પાંચમી ટૂંકે,
આત્મપ્રદેશ ઘન કીધો રે....

તારું જીવન ખરું તારું જીવન, જીવી જાણ્યું નેમનાથે જીવન;
સુતાં રે જાગતાં બેસતાં ઉઠતાં, હૈડે રહે તારું ખૂબ રટન......તારું૦
ગિરિ ગુફામાં નેમ પ્રભુજી, સંયમ કેવળ શિવ રમન.....તારું૦
કથનાક્ષરી અક્ષર ન પાવે, અનંત ગુણાક્ષરી તારું લેખન.....તારું૦
ગિરિનગરના વીતરાગ સ્વામી, દર્શન દ્યોને નાથ દયાળ......તારું૦

ગિરિનગરના વાસી નેમ જિણંદજી,
થયાં પ્રભુના કલ્યાણક ત્રણ ગિરનાર જો...
તુજ દરશનથી મારું મન પ્રસન્ન થયું,
પૂરો પ્રભુજી શિવપુરની મુજ આશ જો...

જ્યાં સમશ્રેણીએ સિદ્ધાલયમાં નેમપ્રભુજી બિરાજે છે તે નિર્વાણભૂમિ પાંચમી ટૂંકે પણ દોઢ કલાક અધ્યાત્મરસમાં તરબોળ—તલ્લીન થઈને કહાનગુરુ પદો ગવરાવે છે. જીવનમાં ક્યારેય નહીં જોયેલી એવી કોઈ અદ્‌ભુત-અલૌકિક-અપૂર્વ ભાવનાથી એ પદોની ધૂન જામે છે. જેમણે આ બધું પ્રત્યક્ષ જોયું-સાંભળ્યું છે તેમના હૃદયમાં ને કર્ણમાં વર્ષો સુધી તેના મીઠાં નાદ ગુંજતા રહેવાના. જ્ઞાનની મસ્તી અને વૈરાગ્યની ધૂનપૂર્વક મીઠી હલક દ્વારા તીર્થંકર લઘુનંદન ગુરુદેવશ્રી ગવરાવે છે :

'હું એક શુદ્ધ સદા અરૂપી, જ્ઞાન-દર્શનમય ખરે;
કંઈ અન્ય તે મારું જરી, પરમાણુમાત્ર નથી અરે!

એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથરૂપ જો;
તોપણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો....
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે....'

ભાવભીની ભક્તિથી શાંત આધ્યાત્મિક વાતાવરણ છવાઈ જાય છે અને ઉર્મિભર્યા સ્મરણો અંતરમાં કોતરાઈ જાય છે. યાત્રા કરીને નીચે આવતાં જ ભક્તો ઉમંગથી સહજ બોલી ઊઠે છે : 'અમે તો જાણે મોક્ષમાં જઈ આવ્યા હોય એવું લાગે છે. ગુરુદેવે સિદ્ધભગવંતોની ઓળખાણ કરાવી છે, સિદ્ધપદની પ્રાપ્તિનો ઉપાય બતાવ્યો છે, સિદ્ધિધામની યાત્રા કરાવી છે અને સિદ્ધસ્વરૂપ આત્મા પણ બતાવ્યો છે.'

અહો! આ સિદ્ધોના ને મુનિરાજના ધામમાં જાણે ચારે કોર સિદ્ધો ને મુનિરાજ બિરાજતા હોય અને તેમનાં દર્શન થતાં હોય એવું લાગે છે.

યાત્રામાં સાથે આવેલા નાનાલાલભાઈ જસાણીને આદર્શ જીવન જીવનાર પૂજ્ય ગુરુદેવશ્રી કહે છે : 'પૈસા ખર્ચે ખૂટતા નથી, પણ પુણ્ય ખૂટે વગર ખર્ચે ખૂટી જાય છે.'

ઉમંગ-ઉત્સાહભરી યાત્રા પછી જૂનાગઢમાં એક ભાઈ સાથે ચર્ચા થતાં તે કહે : 'અમે ભગવાનની ભક્તિ વીતરાગતા માટે કરીએ છીએ, રાગ માટે નહીં. માટે ભક્તિમાં રાગ ક્યાં આવ્યો?' સમાધાનકારી પ્રત્યુત્તર આપતા પૂજ્ય ગુરુદેવશ્રી કહે : 'ભાઈ! ભગવાનની ભક્તિનો ભાવ રાગ જ છે, તેમાં વીતરાગતા નથી. માટે તેનાથી વીતરાગતા કે મુક્તિ ક્યાંથી મળે?' ભાવના-પ્રયોજન ગમે તે હો, પણ પરદ્રવ્યના લક્ષે રાગ-વિકાર જ થાય એ સિદ્ધાંત ખ્યાલમાં આવે છે ને!

બીજો એક પ્રશ્ન થાય છે : 'દાન, અહિંસા વગેરેમાં રાગ ક્યાં આવ્યો?' રાગ કેવી રીતે થાય છે એ બતાવતાં પૂજ્ય ગુરુદેવશ્રી ફરમાવે છે : 'જ્ઞાનસ્વરૂપ આત્માને છોડી કોઈપણ બાહ્ય વિષયોમાં ઉપયોગ ફરે છે તો રાગ થાય છે. માટે દાનાદિમાં રાગ જ છે.' દાનાદિનો ભાવ રાગ-વિકલ્પ હોવાથી આસ્રવ છે, પરંતુ ધર્મ નથી. સમજાણું કાંઈ ?

આ પ્રકારે સૌરાષ્ટ્રનું બીજું સિદ્ધિધામ ગિરનારજીની યાત્રા ઉલ્લાસભરી ભક્તિ અને અધ્યાત્મ તત્ત્વજ્ઞાનમય ચર્ચાપૂર્વક પૂર્ણ થાય છે.

ગયા વર્ષે સંવત ૧૯૯૫માં પ્રથમવાર નિર્વાણક્ષેત્ર શત્રુંજયની યાત્રા થઈ હતી અને હવે આ વર્ષે સૌરાષ્ટ્રની દ્વિતીય નિર્વાણભૂમિ ગિરનારજીની મંગલ યાત્રા થઈ.

પૂજ્ય ગુરુદેવશ્રી અને ભક્તોને નિરંતર ભાવના તો રહે જ છે કે દરરોજ જિનેન્દ્રદેવના પાવન દર્શન-પૂજન-ભક્તિનો લાભ મળે. પરંતુ હજુ સુધી સોનગઢમાં જિનમંદિર નહીં હોવાથી આવો યોગ બન્યો નથી. તેથી જ્યાં જિનમંદિર મળે, જિનેન્દ્ર ભગવાન નિહાળવાનો-દર્શનનો પ્રસંગ બને કે તુરત જ ભક્તિનો ધોધ વહેવા લાગે છે. જેની ચાહના-ઝંખના હોય તે માંડ-માંડ મળે તો ભાવનાના ઉમંગનું કહેવું જ શું? ભાવના ઉછળ્યા વિના રહે જ નહીં. આવો અનુભવ દરેક ભક્તોને યાત્રામાં થાય છે.

ગિરનારજી યાત્રાનો કાર્યક્રમ પૂર્ણ કરી સોનગઢ તરફ વિહાર કરતા રસ્તામાં અમરેલી, લાઠી વગેરે ગામોમાં પણ આત્મધર્મના મર્મને–તત્ત્વના રહસ્યને–દાંડી પીટીને જાહેર કરી વીતરાગપ્રણીત સનાતન દિગંબર જૈનધર્મનો વિજયધ્વજ ફરકાવે છે અને અનેક સુપાત્ર જીવોના અંતરમાં વ્યાપેલ અજ્ઞાન અંધકારને દૂર કરી સત્‌ની– સમજણની—જ્યોત પ્રગટાવે છે. અમરેલીમાં ૧૮ દિવસ રહેવાનું બને છે.

બગસરા પાસેના એક નાના ગામમાં રહેતા ખેડૂતો 'અગાધગતિ' નામનું પુસ્તક લાવે છે. તેમાં એમ લખ્યું છે કે : 'ભગવાનનું નામસ્મરણ, ભક્તિ તેમ જ દયા-દાન આદિ અહીંયા ફળશે'. ખેડૂતો કહે : 'મહારાજ! આનો અર્થ શું છે તે ખ્યાલમાં આવતો નથી, ખબર પડતી નથી'. ગુરુવર કહે : 'ભાઈ! અહીંયા ફળશે એટલે કે તેનાથી આ સંસાર મળશે, પણ મોક્ષરૂપ અગાધગતિ નહીં મળે'. કરુણાસાગર ગુરુવરનો કેવો અદ્‌ભુત ખુલાસો!! અભણ પણ સમજી જાય ને ?

આ જ વર્ષમાં મહાવીર જયંતિના મંગલ દિવસે શ્રી સમયસારજી ઉપરના ચોથી વારના પ્રવચનો શરૂ થાય છે. પૂજ્ય બહેનશ્રી ભાવના વ્યક્ત કરે છે : 'ગુરુદેવના શબ્દેશબ્દમાં અનંતતા ભરી છે...ગુરુદેવના સમયસારના અર્થની શક્તિનો પાર પામવો મુશ્કેલ છે, તેમાં અનંત રહસ્ય છે.'

વૈશાખ માસમાં શીતલ કલ્પવૃક્ષ સમાન સદ્‌ગુરુદેવ પુનઃ સુવર્ણપુરી પધારે છે. ગ્રીષ્મઋતુની કાળઝાળ ગરમીમાં પણ અધ્યાત્મની અમૃતવર્ષા વરસાવી ભક્તોને તૃપ્ત કરે છે.

શ્રાવણ સુદ ૧૩ના રોજ નાનાલાલભાઈ જસાણી દ્વારા સુવર્ણપુરીમાં દિગંબર જિનમંદિરનું ખાતમુહૂર્ત થાય છે.

આમ, જે વર્ષમાં ગિરનારગિરિની મંગલયાત્રા અને પ્રભાવનાકારી મંગલ વિહાર થયો તે સંવત ૧૯૯૬નું વર્ષ પૂર્ણતાને પામે છે.

અંતરંગ વિચાર કરવાથી જ જેમની વાણી યથાર્થપણે સમજાય છે તેમ જ જેમના વિશાળ જ્ઞાનવૈભવ અને ઉજ્જવળ પરિણતિને ઓળખવા પાત્રતા કેળવવી પડે એવા કહાનગુરુવર્યના ચરણકમળમાં અનંત અનંત નમન.

❁ ❁ ❁

## ❋ વિક્રમ સંવત ૧૯૯૭ (ઈસવી સન્ ૧૯૪૦-૪૧) ❋

## ✻ વ્હાલા વિદેહીનાથ શ્રી સીમંધરભગવાનની પાવન પધરામણીનું મંગલકારી વર્ષ ✻

ગ્રંથાધિરાજ સમયસાર સ્વરૂપસાધક ગુરુદેવશ્રીનાં પ્રભાવશાળી આરાધનામય જીવનનો જનક છે. તે પ્રથમથી જ આત્મસાધનામાં સાથી રહ્યો છે. તેના ગહન અવગાહનથી તેઓશ્રીની પરિણતિમાં અતીન્દ્રિય આનંદના ઉભરા આવી રહ્યા છે અને તે ઉભરા ભવ્ય ભક્તોના સદ્‌ભાગ્યોદયે જાણે કે શબ્દનું રૂપ ધારણ કરીને કલ્યાણકારી પ્રવચનરૂપે વહે છે. સમયસારની મહિમા કરતાં ગુરુવર કહે છે : 'તે કુંદકુંદાચાર્યદેવની અમર કૃતિ છે. આત્માર્થીને એક સમયસાર બસ છે.'

કેવળજ્ઞાનના વિરહ ભુલાવનાર, ભરતક્ષેત્રનું ભગવાન એવા આ સમયસાર પરમાગમનો ગુજરાતીમાં અનુવાદ થાય એવી ભાવના ઉપકારી ગુરુરાજને રહેતી હતી. આ ભાવના કારતક સુદ પૂનમના રોજ શુક્રવારે ફળીભૂત થાય છે. કારતક માસની અષ્ટાહ્નિકાના અંતિમ દિવસે પંડિતશ્રી હિંમતભાઈ શાહે કરેલ ગુજરાતી અનુવાદવાળું સમયસારજી મહોત્સવપૂર્વક પ્રકાશિત થાય છે. સમયસાર મર્મજ્ઞ ગુરુદેવશ્રી મીઠી ભલામણ કરે છે કે અહા જીવો! સમયસારરૂપી ભેટણું સ્વીકારો, તે વિના મુકિત નહીં થાય. આ રહ્યા એકત્વ-વિભક્ત શુદ્ધાત્માને બતાવનાર સમયસારજી પરમાગમ વિષે કહાન ગુરુદેવના હૃદયોદ્‌ગાર :

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ સમયપ્રાભૃતમાં કહે છે કે હું જે આ ભાવ કહેવા માગું છું તે અંતરના આત્મસાક્ષીના પ્રમાણ વડે પ્રમાણ કરજો; કારણ કે આ અનુભવપ્રધાન શાસ્ત્ર છે. તેમાં મારા વર્તતા સ્વ-આત્મવૈભવ વડે કહેવાય છે. આમ કહીને છઠ્ઠી ગાથા શરૂ કરતાં આચાર્યભગવાન કહે છે કે 'આત્મદ્રવ્ય અપ્રમત્ત નથી અને પ્રમત્ત નથી એટલે કે એ બે અવસ્થાનો નિષેધ કરતો હું એક જાણનાર અખંડ છું. એ મારી વર્તમાન વર્તતી દશાથી કહું છું.' મુનિપણાની દશા અપ્રમત્ત અને પ્રમત્ત એ બે ભૂમિકામાં હજારો વાર આવ-જા કરે છે, તે ભૂમિકામાં વર્તતા મહા મુનિનું આ કથન છે.

સમયપ્રાભૃત એટલે સમયસારરૂપી ભેટણું. જેમ રાજાને મળવા ભેટણું આપવું પડે છે તેમ પોતાની પરમ ઉત્કૃષ્ટ આત્મદશાસ્વરૂપ પરમાત્મદશા પ્રગટ કરવા સમયસાર જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ આત્મા તેની પરિણતિરૂપ ભેટણું આપ્યે પરમાત્મદશા—સિદ્ધદશા—પ્રગટ થાય છે.

આ શબ્દબ્રહ્મરૂપ પરમાગમથી દર્શાવેલા એકત્વ-વિભક્ત આત્માને પ્રમાણ કરજો, હા જ પાડજો, કલ્પના કરશો નહિ. આનું બહુમાન કરનાર પણ મહાભાગ્યશાળી છે.

❋ ❋ ❋

આ ભરતભૂમિમાં જેના સમાન બીજી કોઈ રચના નથી એવા અણમૂલ્ય સમયસારજી પ્રત્યે બહુમાનથી પૂજ્ય બહેનશ્રી લખે છે : સમયસાર ખૂબ વિચારપૂર્વક, આત્માર્થીતાપૂર્વક અને બહુ ભક્તિભાવપૂર્વક વાંચવા જેવું છે.

શ્રી સમયસાર જિનવાણી માતનો જય હો......

આ જ દિવસે રાત્રિના ધ્યાનકાળે ગુરુદેવશ્રીને અલૌકિક આહ્‌લાદ આવે છે.

માગસર સુદ સાતમ. જ્યારે જૈનના નામે અજૈન વાત અને સંસારપોષક ઉપદેશ ચાલી રહ્યો છે, ધર્મના બહાના હેઠળ અજ્ઞાન અંધકાર છવાઈ રહ્યો છે એવા આ વિષમકાળમાં સમ્યગ્જ્ઞાન જ્યોતિ પ્રગટાવનાર ગુરુવર કહાનના શ્રી સમયસારજી ઉપર પાંચમી વારના પ્રવચનો શરૂ થાય છે, જે માર્ગની પરંપરાને ટકાવી રાખે છે.

માગશર સુદ દશમ : આજે આકાર પામી રહેલા જિનમંદિરના ગર્ભગૃહનું (નિજમંદિરનું) શિલાન્યાસ થાય છે. આજના દિવસે જ ત્રણ વર્ષ પહેલાં સંવત ૧૯૯૪માં સ્વાધ્યાય મંદિરનું પણ ખાતમુહૂર્ત થયેલું.

પોષ વદ ચૌદસના દિવસે પ્રમુખ દિગંબર આચાર્ય શ્રી શાંતિસાગરજી શત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરી સંઘ સહિત સોનગઢ આવે છે. અહીં અપૂર્વ સહજાનંદવૃત્તિના ધારક ગુરુદેવશ્રીનું પ્રવચન સાભળે છે અને સમયસારજીની તેરમી ગાથા ઉપર સુંદર તત્ત્વચર્ચા પણ થાય છે. શ્રુતલબ્ધિવંત ગુરુદેવશ્રીનું તત્ત્વભરપૂર પ્રવચન તથા તત્ત્વચર્ચા સાંભળીને તેમ જ ગુરુવર કહાનના મહા પ્રભાવનાયોગે સૌરાષ્ટ્રભરમાં થઈ રહેલો દિગંબર જૈનધર્મનો પુનઃઉદ્યોત જોઈને વિહાર કરતી વખતે આચાર્ય શ્રી શાંતિસાગરજી

પ્રસન્નતાપૂર્વક કહે છે : 'હમેં યહાંકા ધાર્મિક વાતાવરણ દેખકર ખુશી હુઈ હૈ. તીર્થંકર અકેલે મોક્ષ નહીં જાતે. યહાં કુછ ઐસા યોગ હૈ ઐસા હમેં લગતા હૈ.' ગુરુદેવશ્રીના પ્રભાવનાયોગની સરખામણી તીર્થંકર સાથે કરવામાં આવી એ સાંભળીને ભક્તો ઉલ્લસીત થાય છે, આશ્ચર્ય પામે છે.

નિર્માણાધિન જિનમંદિરમાં બિરાજમાન કરવા હેતુ જિન પ્રતિમાજી લેવા પૂજ્ય બહેનશ્રીબેન તેમ જ જસાણી પરિવારના સભ્યો જયપુર જાય છે. એક વેપારીને ત્યાં ત્રણ પ્રતિમાઓ જોવામાં આવે છે. અદ્‌ભુત અને દિવ્ય ભાવવાહી શાંત-ઉપશમ વીતરાગી મુખમુદ્રાધારી પ્રતિમાજી જોવામાં આવતાં જ ગમી જાય છે. તેથી ટ્રેનમાં સાથે લઈને સોનગઢ આવવા નીકળે છે. સોનગઢ રેલ્વે સ્ટેશન ઉપર ભક્તો ભગવાનનું સ્વાગત કરવા આવ્યા છે તે જોઈને વિસ્મય થાય છે—નવાઈ લાગે છે. ભક્તો કહે : 'જિનેન્દ્રભક્ત ગુરુદેવશ્રીને વહેલી સવારે ધ્યાનમાં બેઠા હતા ત્યારે ટ્રેનની ત્રણ લાઈટ દેખાણી હતી. આ ઉપરથી ટ્રેનમાં ત્રણ ભગવાન આવે છે એવો સંકેત લાગતા અમને સ્વાગત કરવા મોકલ્યા છે.' આ પ્રસંગ બને છે મહા સુદ બીજના રોજ.

જયપુરથી પધારેલ પ્રતિષ્ઠેય ભગવંતોનું સ્વાગત ઉત્સાહથી કરવામાં આવે છે અને સ્વાધ્યાય મંદિરમાં પેટીઓ ખોલવામાં આવે છે. ચૈતન્યમૂર્તિ જિનેન્દ્રદેવની ભાવવાહી જિનમુદ્રા—કે જે વીતરાગતાના દર્શન કરાવે છે તે—નિહાળતાં જ કવિ કે લેખક વર્ણવી ન શકે એવો આનંદ-ઉત્સાહ જાગે છે. ગુરુદેવશ્રી તો અંતરંગના ભક્તિભાવથી સ્તબ્ધ થઈ જાય છે અને નેત્રોમાંથી અશ્રુધારા વહેવા લાગે છે. આ પ્રતિમાજી સ્વાધ્યાય મંદિરની રૂમમાં રાખવામાં આવે છે.

હજુ તો પ્રતિષ્ઠા થઈ પણ નથી, છતાં ભગવાનને જોઈને ગુરુદેવને અત્યંત ઉમંગ-ઉલ્લાસ ઉછળે છે. 'હાલો, મારા ભગવાન દેખાડું' એમ કહીને બધાને ભગવાન પાસે લઈ જાય છે. ઘણીવાર તો ભગવાનની સન્મુખ બેસી ભક્તિભીના ચિત્તે શાંતરસથી છલકાતું સ્તવન સ્વયં ગાય છે :

'અમીય ભરી મૂરતિ રચી રે; ઉપમા ઘટે ન કોય,
શાંત સુધારસ ઝીલતી રે, નીરખત તૃપ્તિ ન હોય....
સીમંધર જિન દીઠાં લોયણ આજ....
મારાં સીધ્યાં વાંછિત કાજ સીમંધર જિન દીઠાં લોયણ આજ...

ભક્તો પણ ભક્તિધૂન મચાવે છે :

'જિનવર દર્શનના જાગ્યા છે કોડ, વીતરાગી શીતલ એ છાંયડી;
મૂર્તિ જિણંદાની જગમાં અજોડ, સોહે છે શીતલ એ છાંયડી....
શ્રી વીતરાગ કેરી છાંયડીમાં વસતાં,
શ્રી જિનરાજનાં ચરણકમળ સેવતાં;
જ્ઞાન દર્શ ચારિત્રનાં પૂરાય કોડ...વીતરાગી શીતલ એ છાંયડી...

દેજો દિલાસા દિલવર દિલના, સેવક પર કરી મ્હેર,
જિનવર આવો અમારા....

દાસ દુઃખી પ્રભુ આપ સુખી એ, જોઈ શકો પ્રભુ કેમ,
જિનવર આવો અમારા.....

સેવકને પ્રભુ પોતાના કરીને, રાખો ગણધરની જેમ,
જિનવર આવો અમારા.....

ભાગ્ય ઉદયથી દર્શન પાયો, આવી છે નવનિધિ ઘેર,
જિનવર આવો અમારા.....

દર્શન વંદન પૂજન કરતાં, આનંદ થાશે ઢેર,
જિનવર આવો અમારા.....

શ્રી ગુરુદેવના રોમે રોમે, વસે વીતરાગી દેવ,
જિનવર આવો અમારા.....

વઢવાણના શ્રી પોપટભાઈ 'સંત' કહે : 'આપણે પ્રતિમાજીને સીમંધર ભગવાનનું નામ આપો.' આ વાત બધાને ગમી જાય છે, કેમ કે સીમંધરનાથના દિવ્ય સંદેશા લઈને ગુરુરાજ અહીં પધાર્યા છે ને! તેમનો પરમ ઉપકાર છે ને! તેથી મૂળનાયક તરીકે વિદેહીનાથ શ્રી સીમંધર ભગવાન બિરાજમાન કરવા અને મહા વદ ૧૧થી ફાગણ સુદ ૨ સુધી આઠ દિવસનો પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવો એમ નક્કી થાય છે.

જેમ જેમ પ્રતિષ્ઠાનો માંગલિક દિવસ ફાગણ સુદ બીજ નજીક આવતો જાય છે તેમ તેમ ગુરુદેવશ્રીને અને ભક્તોને ઉત્સાહ-ભાવના વધતા જાય છે. જિનબિંબ પ્રતિષ્ઠા મહોત્સવ તો જીવનમાં કોઈવાર જોયેલો નહીં. અરે! સૌરાષ્ટ્રભરમાં દિગંબર જિનમંદિર પણ આંગળીના વેઢે ગણાય એટલા છે, તેથી એ જાણવાની જિજ્ઞાસા-ઝંખના ઘણી જ છે કે પંચકલ્યાણક પ્રતિષ્ઠા કેવી રીતે ઉજવાય છે.

વિધિનાયક મહાવીરપ્રભુના ગર્ભ-જન્મ વગેરે કલ્યાણક જાણે સાક્ષાત્ ઉજવાતા હોય એ રીતે આનંદ-હર્ષપૂર્વક ઉજવાય છે. મહાવદ અમાસના જન્મકલ્યાણક દિને તો સુવર્ણપુરી કુંડલપુર બની જાય છે. નદી કિનારે મેરુપર્વત બનાવવામાં આવે છે. આ પ્રતિષ્ઠા પ્રસંગે જૂનાગઢની ત્રણ પ્રતિમાઓ સહિત કુલ ૧૦ પ્રતિમાઓ ઉપર પ્રતિષ્ઠામંડપ ‘કહાનનગર’માં ગુરુવરના મંગલ હસ્તે અંકન્યાસ વિધિ થાય છે. સોનગઢ જેવા નાના ગામડામાં મોટરકાર જેવા સાધનો તો ક્યાંથી હોય? છતાં ભક્તો ભક્તિ-ઉમંગથી બળદગાડા ને ઘોડાગાડીમાં બેસી શોભાયાત્રા-ઝુલુસમાં ભાગ લે છે. સાધનોની અલ્પતા-ઓછપ છે, પણ ભાવનાની ઉત્કૃષ્ટતા છે. આ પ્રસંગે એક હાથી પણ આવે છે.

સીમંધરભક્ત ગુરુદેવને પણ વિખુટા પડેલા ભગવાન મળવાથી અપૂર્વ આનંદ ઉછળે છે અને પ્રતિષ્ઠાના આઠેય દિવસ પ્રવચનમાં ભક્તિરસની અલૌકિક ધારા વહાવે છે. પદ્મનંદી પંચવિંશતિના શાંતિનાથ સ્તોત્ર ઉપરના ભક્તિભીના આ પ્રવચનોમાં વારંવાર સીમંધર ભગવાનને યાદ કરીને ભાવના ભરેલા ભક્તોના રૂંવાડે રૂંવાડે ભક્તિ જગાડે છે. પ્રથમ વાર ભગવાન ભેટવાનો પ્રસંગ છે અને તેમાં વળી ઉપકારી સીમંધર ભગવાન! એટલે ભક્તિમાં શું ખામી હોય? આ મહોત્સવમાં ૧૫૦૦ મુમુક્ષુઓનો સમુદાય આનંદોલ્લાસથી ભાગ લે છે. ભાવનગર નરેશ પણ લાભ લેવા આવે છે અને ગુરુવાણી સાંભળે છે કે દરબાર! મહિને લાખ માગે તે નાનો માગણ, પાંચ લાખ માગે તે મોટો માગણ અને કરોડ રૂપિયા માગે તે માગણનો પણ માગણ મોટો ભિખારી છે.

પ્રતિષ્ઠાના મંગલમય દિને ને મુહૂર્તે જ્યારે જિનમંદિરના પ્રવેશદ્વારે વિદેહીનાથ શ્રી સીમંધર ભગવાન પધારે છે ત્યારે જાણે કે સાક્ષાત્ ત્રિલોકીનાથ તીર્થંકરદેવ આંગણે પધારતા હોય એવું અદ્‌ભુત-અનુપમ વાતાવરણ સર્જાય છે. ભક્તોના સર્વાંગેથી ભક્તિરસ વરસે છે.

જિનજી આવ્યા છે જિનાલય દ્વારમાં,
સદ્‌ગુરુ દેવનો હરખ અપાર, ભગવાન ભેટ્યા આજ,
મહિમા મુખથી ન થાય મંગળ પ્રતિષ્ઠા થાય છે....

જિનેશ્વર લઘુનંદન ગુરુદેવ પણ અતિશય ભક્તિભાવથી 'પધારો ભગવાન! પધારો!' એમ સ્વાગત વચન કહીને સાષ્ટાંગ દંડવત્ નમસ્કાર કરે છે. તેઓશ્રીને સહજપણે ભક્તિરસની એવી તો ખુમારી ચડી જાય છે કે તેના અતિપ્રચંડ પ્રવાહને લીધે આખો દેહ બે-ત્રણ મિનિટ શાંત....શાંત...નિશ્ચેષ્ટ થઈ જાય છે. અંતરહૃદય જાણે કે કહે છે : 'હે પ્રભો! આપનો વિરહ વસમો લાગતો હતો. તે હવે આપના પધારવાથી દૂર થશે.' ભગવાન પાસે બાળક જેવા બનનાર ગુરુદેવશ્રીનાં હૃદયના ભાવો કળવા મુશ્કેલ છે. ભવ્ય ને સુંદર પરમાત્માના ભાવવાહી દર્શન કરતાં તેઓશ્રીને તૃપ્તિ જ થતી નથી અને આંખોમાંથી હર્ષાનંદનાં આંસુ વહેવા લાગે છે. આ અપૂર્વ-આશ્ચર્યકારી-અનોખું ભક્તિભાવનું દશ્ય પાસે ઉભેલા ભક્તોથી પણ જીરવી શકાતું નથી. તેમનાં નેત્રો પણ આંસુથી ઉભરાય જાય છે અને ભક્તિની ધૂન ઉછળે છે :

આવો આવો સીમંધરનાથ, અમ મંદિર આવો રે,
રૂડા ભક્તિવત્સલ ભગવંત, નાથ પધારો રે...

હું કઈ વિધ પૂજું નાથ, કઈ વિધ વંદું રે,
મારે આંગણે વિદેહીનાથ, જોઈ જોઈ હરખું રે...

કહાન ગુરુ પ્રતાપે આજ, જિનવર મળિયા રે,
મારા આતમના એ દુઃખ સર્વે ટળિયા રે...

સુંદર સ્વર્ણપુરીમાં સ્વર્ણરવિ આજે ઉગ્યો રે,
ભવ્યજનોના હૈયે હર્ષાનંદ અપાર,
શ્રી સીમંધરપ્રભુજી પધાર્યા છે અમ આંગણે રે...

જેની મુદ્રા જોતાં આત્મસ્વરૂપ લખાય છે રે,
જેની ભક્તિથી ચારિત્રવિમળતા થાય,
એવા ચૈતન્યમૂર્તિ પ્રભુજી અહો! અમ આંગણે રે...

જેની વાણી ઝીલી કુંદપ્રભુ શાસ્ત્રો રચ્યાં રે.
જેની વાણીનો વળી સદ્‌ગુરુ પર ઉપકાર
એવા ત્રણ ભુવનના નાથ અહો! અમ આંગણે રે...

જેના દ્વારા જિનજી આવ્યા, ભવ્યે ઓળખ્યા રે,
તે શ્રી કહાનગુરુનો પણ અનુપમ ઉપકાર,
નિત્યે દેવ-ગુરુનાં ચરણકમળ હૃદયે વસો રે...

જિનેન્દ્રસેવક પૂજ્ય ગુરુદેવશ્રીનાં પવિત્ર કરકમળથી વ્હાલા વિદેહીનાથ જીવંતસ્વામી શ્રી સીમંધર ભગવાન, શ્રી પદ્મપ્રભુ, શ્રી શાંતિનાથ આદિ ભગવંતોની નીચે અને ઉપરમાં શ્રી નેમિનાથની મંગળકારી પ્રતિષ્ઠા થાય છે. ગુરુરાજના પ્રભાવનાયોગે—નિમિત્તે આ પહેલું-વહેલું જિનમંદિરનું નિર્માણ થયું છે અને પોતે ભક્તિભરેલા ચિત્તથી જાણે કે દેહનું ભાન ભૂલી ગયા હોય એવા અપૂર્વભાવે જિનબિંબોની પ્રતિષ્ઠા કરે છે અને હૃદય પોકારે છે કે 'હે નાથ! આપની સ્થાપના કરી અમે આપનો વિરહ ભૂલાવશું.'

ભરતક્ષેત્રના ભવ્ય ભક્તોની ભાવનાભરી અરજી-વિનંતી સ્વીકારી વિદેહના ભગવાન ભરતે પધાર્યા! અહો! કેવો યોગ! કેવી ઘટના! કેવું આશ્ચર્ય! ભક્તો બરોબર એક વર્ષ પહેલાં આજના દિવસે ગિરનારજીની પાંચમી ટૂંકે જામેલી ભક્તિની ધૂનને યાદ કરે છે કે ભક્તોએ ભાવના ભાવી અને એક વર્ષમાં તો પ્રભુજી પધાર્યા. જાણે ભક્તિ જ ભગવાનને જ લાવી!! ગુરુ પ્રતાપે ભગવાન ભેટ્યા ને ભક્તોએ ઓળખ્યા.

હવે ભરતભૂમિમાં સીમંધરયુગ શરૂ થાય છે. જેમની વિરહવેદનાથી ગુરુદેવશ્રીનું હૃદય રડતું હતું અને આંખોમાંથી અશ્રુની ધારા વહેતી હતી તે છૂટા પડેલા ભગવાન ફરીને ભેટે છે, વિરહા દૂર થાય છે. સોનગઢના મુમુક્ષુઓને જિનેન્દ્રદર્શન-અભિષેક-પૂજન-ભક્તિનો અમૂલો અવસર નહોતો મળતો તે હવે મળવા લાગે છે, જે કડી ખૂટતી હતી તે પૂર્ણ થાય છે. દરરોજ સુપ્રભાત થતાં જ ભકતો દર્શન-અભિષેક-પૂજન કરવા ઉમટે છે :

પૂર્વજ્ઞ છે ગણધરો પ્રભુ પાદપદ્મે,
સર્વજ્ઞ કેવળી ઘણા પ્રભુના નિમિત્તે;

આત્મજ્ઞ સંતગણના હૃદયેશ સ્વામી,
સીમંધરા! નમું તને શીર નામી નામી.

શુચિ નિરમલ નીરં ગંધ સુ અક્ષત પુષ્પ ચરુ લે મન હરષાય,
દીપ ધૂપ ફલ અર્ઘ સુ લેકર નાચત તાલ મૃદંગ બજાય;
સીમંધર જિન ચરણકમલ પર બલિ બલિ જાઊં મનવચકાય,
હો કરુણાનિધિ ભવદુઃખ મેટો યાતૈં મૈં પૂજું પ્રભુ પાય.

ૐ હ્રીં શ્રી સીમંધર જિનવરદેવાય ચરણકમલ પૂજનાર્થે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા...

હે જિનરાજ તુમારા ચરણ કમળની પૂજના,
હૃદય ઉલસિત થાય કે ભાગ્ય માનું ઘણું રે.
દર્શન તાહરા પ્રભુ અનંત મોંઘા મૂલના,
આપ કૃપાએ વરસ્યા અમૃત મેહુલા રે.

ધન્ય દિવસ ને ધન્ય કૃતાર્થ હું આ જ જો,
જય જય વર્તો જગગુરુ તણી સેવના રે...

બપોરના પણ વ્યાખ્યાન પછી નૂતન જિનમંદિરમાં પૂજ્ય બહેનશ્રીબેન હંમેશા ૪૫ મિનિટ ભક્તિરસમાં તરબોળ થઈને ભક્તિ કરાવે છે :

સુવર્ણપુરી આજ પાવન થઈ છે સીમંધર પ્રભુજી પધાર્યા રે...
મહાવિદેહે વિભુ વિચરતા, ભરત ક્ષેત્રે બિરાજ્યા રે...સુવર્ણપુરી૦
ભરતના ભક્તોની અરજ સુણીને, સુવર્ણપુરીને સોહાવી રે,
શાંતિજિનેશ્વર નેમ પ્રભુજી, ઉપશમ રસમાં ઝૂલતા રે...સુવર્ણપુરી૦
સુવર્ણપુરીના જિનાલયમાં, જિનમુદ્રા પ્રભુ સોહે રે,
દેવ તણા તમે દેવ પધાર્યા, ધન્ય નગર ધન્ય ભૂમી રે...સુવર્ણપુરી૦

**સ્વર્ણપુરીમાં સ્વર્ણમયી વધામણાં રે, (૨)**
**સીમંધર ભગવંત (આજ) પધાર્યા મંદિરે.**

**આવો પધારો વિદેહી જિનરાજજી રે,**
**—સીમંધર જિનરાજજી રે,**
**મણિરત્ને વધાવું ત્રિભુવનનાથને....સ્વર્ણ૦ ૧.**

વિદેહક્ષેત્રે સીમંધરનાથ બિરાજતા રે, (૨)
આજ પધાર્યા સ્વર્ણપુરીના મંદિરે;
આજ પધાર્યા ભરતભૂમિના આંગણે;

દેવ-દેવેન્દ્રો આવે જિનવર પૂજવા રે, (૨)
વિધવિધ રત્ને વધાવે જિનવરદેવને....સ્વર્ણ૦ ૨.

ગુરુજી-પ્રતાપે જિનવરદર્શન પામિયા રે, (૨)
ગુરુવરજીનાં કૃપામૃત વરસી રહ્યાં;
ગુરુજી મારા! ચૈતન્યરસ વરસાવજો રે, (૨)
અમ સેવકને ભવોદધિતારણહાર છો;
દેવ, ગુરુ ને શાસ્ત્ર વસો મનમંદિરે રે, (૨)
અમ સેવકને શિવસુખના દાતાર છો....સ્વર્ણ૦ ૧૫.

દરરોજનો આ ક્રમ પાછળથી તો નિત્યક્રમ બની જાય છે, જે વર્ષો સુધી ચાલે છે. પૂજ્ય ગુરુદેવશ્રી પણ અચૂકપણે જિનેન્દ્રભક્તિમાં પધારે છે. જિનેન્દ્રદેવ કથિત વીતરાગમાર્ગનું રહસ્ય વ્યાખ્યાનમાં સાંભળ્યું હોવાથી તીર્થંકર પરમાત્મા પ્રત્યે હૃદયમાં બહુમાન ઉછળે એ સહજ છે. તેથી પ્રવચન પછી તુરત જ થતી આ ભક્તિમાં અદ્‌ભુત ભાવો ઉલ્લસે છે.

ફાગણ સુદ આઠમ ગુરુવાર : શ્રી સીમંધરાદિ ભગવંતોની પધરામણીનો આનંદકારી મહોત્સવ પૂર્ણ થયાને છ દિવસ વીતી ગયા છે. છતાં સીમંધરસેવક ગુરુરાજના અંતરમાં ખૂબ જ ભક્તિભાવ ઘોળાયા કરે છે. તે કારણે એક સ્વપ્ન એવું આવે છે કે સુવર્ણપુરીમાં ઇન્દ્રો આવીને પ્રભુની પ્રતિષ્ઠાનો મહોત્સવ કરે છે.

આનંદકારી પ્રતિષ્ઠા પછી રાજકોટનો મુમુક્ષુ સંઘ રાજકોટ પધારવાની વિનંતી કરે છે. ગુરુવર કહે : 'આ વર્ષે તો વિહાર કરવો નથી. અહીં ભગવાન પધાર્યા છે એટલે ધરાઈ ધરાઈને દર્શન-ભક્તિ કરવા છે. તેથી આ વર્ષમાં ક્યાંય વિહાર કરવો નથી.'

ચૈત્ર સુદ ચોથ મંગળવાર : ગુરુદેવને પોતાની ભાવિ પર્યાય વિષેની નિઃશંકતા સૂચક એક સ્વપ્ન આવે છે. તેમાં પોતે અન્ય વ્યક્તિને કહે છે : 'આ વાત તમને બેસે એવી નથી, પરંતુ અમને તો બેસી ગઈ છે અને તેથી અમારો તો મોક્ષ છે.' અહો! નિઃશંકતા એ સમકિતનું પ્રથમ અંગ છે ને!

ફરીને ચૈત્ર વદ દસમના સોમવારે સવારના પરોઢીએ સાડા ચાર વાગે સ્વપ્ન આવે છે. તેમાં પોતે બીજાને કહે છે : 'અમે બધા આત્માઓને ભગવાન સમાન માનીએ છીએ. ભલે તે આત્મા કદાચ અનંત સંસારી હોય, તોપણ અમારા ભાવથી—અમારી દૃષ્ટિથી—તો તે ભગવાન છે.' વાહ! જેની પર્યાયદૃષ્ટિ—પર્યાયબુદ્ધિ છૂટી ગઈ છે તે ધર્માત્મા બીજા જીવને પણ દોષ રહિત પૂર્ણ પરમાત્મપણે જ જોવે છે. ધન્ય હો સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિને!

જિનશાસન પ્રભાવક પૂજ્ય ગુરુદેવશ્રીનો પ્રભાવના વેગ ઝડપથી વૃદ્ધિ પામતો જાય છે. તેના અંગભૂત તત્ત્વજ્ઞાનનો લાભ મોટી ઉંમરના વડિલો તો લે જ છે, પણ નાના બાળકો તથા યુવાનો પણ તે લાભથી વંચિત ન રહી જાય તે હેતુથી હવે આ વર્ષથી નિશાળના ઉનાળાના વેકેશન દરમ્યાન વિદ્યાર્થીઓ માટે ધાર્મિક શિક્ષણવર્ગનો પ્રારંભ થાય છે. આ શિક્ષણવર્ગને અંતે વિદ્યાર્થીઓની લેખિત-મૌખિક પરીક્ષા લેવામાં આવે છે અને પૂજ્ય ગુરુદેવશ્રીનાં પવિત્ર હસ્તે પ્રમાણપત્ર અને ઇનામ પણ આપવામાં આવે છે. ગુરુદેવશ્રીની શીતલ છાયામાં ધાર્મિક અભ્યાસ થાય અને જીવનમાં હિતકારી સંસ્કારોનું સિંચન થાય તે હેતુલક્ષી આ વર્ગનો લાભ પ્રથમ વર્ષે ચાલીસ વિદ્યાર્થીઓ મેળવે છે.

આ રીતે, જે વર્ષમાં વિદેહીનાથ શ્રી સીમંધર ભગવાનના ભેટા ભક્તોને સુવર્ણપુરીમાં થયા તે વિક્રમ સંવત ૧૯૯૭નું વર્ષ આરાધના-સાધનામાં પૂર્ણતાને પામે છે.

જેમના પુણ્ય પ્રતાપે પામરને પ્રભુ મળ્યા તે અજોડ રત્ન કૃપાળુ ગુરુદેવના ચરણકમળમાં પરમ ભક્તિથી વારંવાર નમસ્કાર....

❀

## ❀ વિક્રમ સંવત ૧૯૯૮ (ઈસવીસન્ ૧૯૪૧-૪૨) ❀

### * ધર્મસભા–સમવસરણ પ્રતિષ્ઠા વર્ષ *

વીરમાર્ગ ઉદ્યોતકાર પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા આરંભાયેલી વિજયી ધર્મપ્રભાવના યાત્રા ધીરે ધીરે પણ મક્કમ પગલે આગળ ચાલી રહી છે. વીર સુપુત્ર-સપુત વડે સૌરાષ્ટ્રભરમાં ધર્મક્રાંતિનો ઉદયકાળ શરૂ થઈ ચૂક્યો છે. આંગળીને વેઢે ગણી શકાય એટલાં ભક્તો સાથે પરિવર્તન કરીને એકલવીરની જેમ વીતરાગ પંથે આગળ વધતા ગુરુવરની સાથમાં અલ્પ સમયમાં જ હજારો ભક્તો આવી મળે છે. સંપ્રદાયમાં ભય પ્રસરી જાય છે કે જે સોનગઢ જાય છે તે તેમના થઈ જાય છે. તેથી મધ્યસ્થ જીવોને સોનગઢ ન જવાની, તેમની વાણી ન સાંભળવાની પ્રતિજ્ઞાઓ લેવરાવવામાં આવે છે. પરંતુ જ્યાં આભ ફાટે ત્યાં થીગડું કેમ મરાય? ભૂતકાળમાં આરાધના ચૂકેલા હજારો જિજ્ઞાસુ જીવો તેઓશ્રીનાં મુક્તિસંઘમાં જોડાવા સુવર્ણપુરી આવે છે. ઘણાં તો નિજ વતન છોડી સ્થાયીપણે સોનગઢમાં વસે છે. આ રીતે નવા નવા જિજ્ઞાસુઓ–સત્સુખપ્રાપ્તિના ઇચ્છુક જીવો–આનંદથી મુક્તિમંડળીમાં જોડાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી સવાર-બપોરના વ્યાખ્યાનો દ્વારા અધ્યાત્મના આંબા રોપતા ફરમાવે છે : ‘આત્માર્થીનું કેવળ એક જ કામ છે–પોતાને પૂર્ણ શુદ્ધ માને, જાણે અને અનુભવે. શુદ્ધાત્માની શુદ્ધ પરિણતિ સિવાય ક્યાંય વિશ્રાંતિ નથી. ચૈતન્યદેવ સિવાય બહારમાં ક્યાંય સુખ નથી. બધેથી વૈરાગ્ય પામી અદ્‌ભુતસ્વરૂપ શુદ્ધાત્મામાં સમાય જવું એ જ શ્રેયભૂત છે.’ આવી આત્મહિતકારી વાણી સાંભળી ભક્તોના હૃદયમાં બહુમાનભરી વાચા ફૂટે છે : ‘ભલે આપણને સમકિત પ્રાપ્ત ન થયું હોય, પરંતુ ગુરુદેવ જેવા સમકિતપ્રાપ્ત અનુભવી ધર્માત્મા પ્રત્યે મહાત્મ્યભાવ તો જરૂર આપણા હૃદયમાં નિરંતર હોવો જોઈએ. આ, સમકિતના વિષયભૂત ભગવાન આત્માની પ્રાપ્તિના પુરુષાર્થની ભાવનાનો સૂચક છે. જો સમકિતીનો મહિમા નથી તો આત્મપ્રાપ્તિની તમન્ના-લગની-ધગશ પણ નથી.’

એક ભાઈ સાથે ચર્ચા થતાં કૃપાળુ ગુરુદેવ કહે છે : ‘દેહવ્યાપક, સ્વપરપ્રકાશક આત્મતત્ત્વ છે એમ ખ્યાલમાં આવી શકે છે. તે પદાર્થ છે અરૂપી, તોપણ ‘તે છે’ અને ‘જાણનાર છે’ એમ ખ્યાલમાં આવી શકે છે.’ કોઈને પ્રશ્ન થાય કે ‘પરંતુ તે ચીજ દેખાતી તો નથી ને?’ તેનું સમાધાન આ છે કે ‘પણ તે દેખાતી નથી એવું નક્કી કોણે

કર્યું?' ઉત્તર : 'જ્ઞાને.' બસ, આ જ્ઞાનમય જ આત્માની સત્તા છે. 'હું દેખાતો નથી' એ ભાવમાં જ 'હું પોતે છું' એમ સાબિત થાય છે. વાહ! આત્માની સિદ્ધિ કરતી કેવી ન્યાયપૂર્ણ ચર્ચા!

ગયા વર્ષે ઉત્સાહ-ઉમંગસહ સંપન્ન પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવના મીઠાં-મધુરા ભણકારા હજુ ગૂંજ્યા કરે છે ત્યાં ભાવના જાગે છે કે અહીં વિદેહીનાથનું સમવસરણ રચાય તો? આ જ ભાવનાવશ જિનમંદિરના પાછળના ભાગમાં 'શ્રી સીમંધરસ્વામી સમવસરણ મંદિર—જિનેન્દ્ર ધર્મસભા'નું નિર્માણ થાય છે. જેમાં ધૂલિસાલ કોટ, આઠ ભૂમિ, બાર સભા, ત્રણ પીઠિકા વગેરેની અતિશય સુંદર રચના પૂજ્ય બહેનશ્રીનાં જાતિસ્મરણ અને આદિપુરાણના આધારે થાય છે.

ફરીને આ વર્ષે સુવર્ણપુરીમાં વીતરાગ શાસનની વિજય પતાકા ફરકાવતો મંગલકારી જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ આનંદોલ્લાસથી ઉજવાય છે. વૈશાખ વદ છઠ્ઠના રોજ શ્રી સીમંધરનાથની ચૌમુખી પ્રતિમાજીની તેમ જ શ્રી કુંદકુંદાચાર્યની ખડ્ગાસન પ્રતિમાજીની પ્રતિષ્ઠા થાય છે. આ પ્રસંગે ૨૦૦૦ જેટલા ભક્તોનાં ટોળાં ઉમટે છે. સુવર્ણપુરીમાં સમવસરણની રચના થતાં જાણે કે ભરતમાં વિદેહક્ષેત્ર ખડું થયું હોય એવું લાગે છે. સમવસરણની મુનિસભામાં શ્રી સીમંધરનાથની સન્મુખ અત્યંત ભક્તિથી બે હાથ જોડીને વંદન કરતા મહાસમર્થ યોગીશ્વર જેવી જેમની મુદ્રા છે ને જેમના રૂંવાડે રૂંવાડે દેહાતીત દશા છે એવા શ્રી કુંદકુંદાચાર્યના શાંત-ગંભીર-સૌમ્ય પ્રતિમાજીના દર્શન કરતાં જ માનો આચાર્યદેવ પ્રત્યક્ષરૂપે વિદેહીનાથની ધર્મસભામાં દિવ્યદેશના સાંભળતા હોય એવું આનંદકારી દશ્ય નજર સામે ખડું થાય છે. ભૂતકાળના ભવમાં ભગવાન અને આચાર્યદેવના સાક્ષાત્ કરેલા દર્શન, ભક્તિ વગેરે મંગલમય પ્રસંગો યાદ આવે છે અને ભક્તહૃદય ભક્તિથી ઉછળી જાય છે :

ધન્ય ધન્ય આજનો દિન, અમ ઘેર પ્રભુજી પધાર્યા....
ધન્ય ધન્ય આજનો દિન, અમ ઘેર જિનવર પધાર્યા....

મહાવિદેહવાસી પ્રભુજી પધાર્યા, જગત ઉદ્ધારક દેવ...અમ ઘેર..
ગુણમણિ ગુણનિધિ પ્રભુજી પધાર્યા, મનવાંછિત દેનાર...અમ ઘેર..

દિવ્યધ્વનિના નાદ ગાજે છે, સમવસરણ મોજાર...અમ ઘેર..
અંતર મારું આનંદથી ઉછળે, પધાર્યા શ્રી વીતરાગ...અમ ઘેર...
સુવર્ણપુરીના સદ્‌ભાગ્ય ખીલ્યા છે, જિનપ્રતિષ્ઠા મહોત્સવ થાય...
અમ ઘેર...

સુવર્ણપુરીમાં સોના સૂરજ ઉગીયો રે જિનજી,
પૂર્યા પૂર્યા મોતીના ચોક, સુરનર આવો આવો જિનપ્રતિમાને પૂજવા રે..
ભરતભૂમિમાં સત્ સાગર ઉછળી રહ્યાં રે જિનજી,
આવ્યા છે મારા ત્રણ ભુવનના નાથ....સુરનર આવો..
કુંદકુંદ આદિ આચાર્યદેવને વંદશું રે જિનજી,
વંદુ વંદુ સદ્‌ગુરુનાં હું પાય...સુરનર આવો...
જૈનશાસનના જય જયકાર ગવાય છે રે જિનજી,
શુદ્ધ ચૈતન્યના ગાજે છે નાદ....સુરનર આવો...
સત્યતણા પૂર આવ્યા છે અમ આંગણે રે જિનજી,
પ્રગટ્યા પ્રગટ્યા શુદ્ધ સ્વરૂપના તેજ...સુરનર આવો...

**સુખશાંતિપ્રદાતા, જગના ત્રાતા, કુંદકુંદ મહારાજ;**
**જનભ્રાંતિવિધાતા, તત્ત્વોના જ્ઞાતા, નમન કરું છું આજ......**
**જડતાનો આ ધરણી ઉપર, હતો પ્રબળ અધિકાર;**
**કર્યો ઉપકાર અપાર પ્રભુ! તેં, રચીને ગ્રંથ ઉદાર રે...સુખ૦**
**વરસાવી નિજ વચનસુધારસ, કર્યો સુશીતલ લોક;**
**સમયસારનું પાન કરીને, ગયો માનસિક શોક રે...સુખ૦**
**તારા ગ્રંથોનું મનન કરીને, પામું અલૌકિક ભાન;**
**ક્ષણે ક્ષણે હું જ્ઞાયક સમરું, પામું કેવળજ્ઞાન રે...સુખ૦**
**તારું હૃદય પ્રભુ! જ્ઞાન-સમતાનું, રહ્યું નિરંતર ધામ;**
**ઉપકારોની વિમલ યાદીમાં, લાખો વાર પ્રણામ રે...સુખ૦**

પ્રતિષ્ઠા પ્રસંગે પંડિત શ્રી હિંમતભાઈ 'સમવસરણ સ્તુતિ'ની રચના કરીને લાવે છે અને પૂજ્ય ગુરુદેવશ્રીના તેના ઉપર ભક્તિ ભરેલાં પ્રવચનો થાય છે. તેમાં જ્યારે 'રે રે સીમંધરનાથના વિરહા પડ્યા આ ભરતમાં..'.એ પંક્તિ આવે છે ત્યારે વિદેહીપ્રભુના વિરહે સીમંધરલઘુનંદન ગુરુરાજનું ભક્તિભર્યું હૃદય દ્રવી ઉઠે છે અને અંતરંગના ભાવ નેત્રના આંસુ દ્વારા વ્યક્ત થઈ જાય છે. ગુરુવર તે સમયે ગદ્ગદ્ભાવે સીમંધરનાથ અને કુંદકુંદપ્રભુ પ્રત્યે જે અતિશય ભક્તિ વ્યક્ત કરે છે તેનું વર્ણન શબ્દોથી કરવું શક્ય નથી. સમવસરણ-સ્તુતિની અંતિમ પંક્તિમાં આવે છે કે 'અહો! ગુરુ કહાનનો.' ભક્તોને જિજ્ઞાસાવૃત્તિ થાય છે : ગુરુદેવશ્રી અહીં શું બોલશે? જ્યારે આ પંક્તિ આવે છે ત્યારે તેઓશ્રી ફરમાવે છે : 'અહો! તે ગુરુ આત્મનો!'...અને ભક્તો આશ્ચર્યચકિત રહી જાય છે.

આ રીતે બે વર્ષમાં બે પ્રતિષ્ઠા મહોત્સવ હર્ષોલ્લાસથી ઉજવાય છે. અહો! એ ગુરુવરનો અચિંત્ય પ્રતાપ છે કે સુવર્ણપુરીમાં સમવસરણ ઉતર્યું. આ કાળે ભગવાનના ભેટા થયા અને તેમની દિવ્યધ્વનિની પ્રસાદી મળે છે તે મુમુક્ષુઓના પરમ સદ્ભાગ્ય છે.

દ્વિતીય જેઠ વદ ૧૧ બુધવાર. રાત્રિના સ્વપ્ન આવે છે. એક દિગંબર મુનિરાજના દર્શન થાય છે અને તેઓશ્રી કરુણા કરીને ઉપદેશ આપે છે કે નિર્વિકલ્પદશામાં રહેવું. અહો! કેવા સદ્ભાગ્ય કે મુનિરાજના દર્શન થયા! વાણી સુણવા મળી!!

જેઠ વદ બારસ. જેઓ ભવની ગુલામીમાં જકડાયેલા ભવ્યોને વસ્તુ સ્વાતંત્ર્યના દર્શન કરાવે છે અને જેમના પુરુષાર્થનો રાહ એક જ દિશાનો છે એવા ગુરુદેવ શ્રી સમયસારજી ઉપરના છઠ્ઠી વખતના પ્રવચનો શરૂ કરે છે.

અષાઢ વદ એકમ, વીરશાસન જયંતિ અર્થાત્ અંતિમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરપ્રભુની રાજગૃહી નગરીના વિપુલાચલ પર્વત ઉપરથી પ્રથમ દિવ્યધ્વનિ છૂટવાનો મંગલકારી દિવસ. આ દિવસે જેમને વીરનો ધ્વનિ ગુરુપરંપરાથી મળ્યો હતો એવા ભરતક્ષેત્રના સમર્થ આચાર્ય શ્રી કુંદકુંદાચાર્યદેવ વિરચિત દિવ્યધ્વનિના સારભૂત શ્રી પ્રવચનસારજી પરમાગમ ઉપર વીરદેશનાનું રહસ્ય ખોલનાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો પ્રારંભ થાય છે. તેમાં જ્યારે 'જ્ઞેયતત્ત્વપ્રજ્ઞાપન અધિકાર' આવે છે ત્યારે તો

અહો! અનેક વર્ષોમાં નહીં સાંભળેલ એવી કોઈ અચિંત્ય અને આશ્ચર્યકારક અનુભવવાણીની ગંગા શ્રુતમર્મજ્ઞ ગુરુદેવના અંતર આત્મામાંથી વહેવા લાગે છે. દ્રવ્ય-ગુણ-પર્યાય વિષેની વાત જાહેરમાં કહેવાની શરૂઆત તો વિક્રમ સંવત ૧૯૭૮થી—શ્રી સમયસારજી મળ્યું ત્યારથી—જ થઈ ગઈ હતી, પણ હવે તો તેનું સૂક્ષ્મ રહસ્ય વ્યાખ્યાનમાં આવવા લાગે છે. જિનપ્રવચનરહસ્ય ઉદ્ઘાટક ગુરુરાજના નિર્મળ ભાવશ્રુતજ્ઞાનસાગરમાંથી વહેલા ગંભીર અને ગહન એવા શ્રુતના અમૃત ધોધમાં જે કોઈ ભીંજાણા છે તેના જ્ઞાનપટ ઉપર આ ધન્ય પ્રસંગ સદાને માટે કોતરાઈ ગયો છે. ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી કહે છે : 'અહો! ગુરુદેવને શ્રુતના દરિયા ઉછળે છે.' ભક્તોને બહુમાન જાગે છે : આ તો કોઈ અનુપમ આત્મવિભૂતિ કે વિસ્મયકારી શ્રુતની નિર્મળ શ્રેણી જોવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. સમ્યગ્જ્ઞાનબળના અપૂર્વયોગે જેમને કેવળજ્ઞાનના ભણકારા આવ્યા છે એવા ગુરુદેવના કોઈપણ એક વાક્યને પણ યથાર્થપણે સમજશું તો કલ્યાણ થયા વિના રહેશે નહીં.

વીરવાણીના રણકાર સુણાવનાર ગુરુદેવના સવાર-બપોરના અમૃતમય પ્રવચનોમાં તથા વાંચનમાં ભગવત્કુંદકુંદાચાર્યદેવ રચિત સમયસાર, પ્રવચનસાર આદિ શાસ્ત્રો ઉપરાંત પરમાત્મપ્રકાશ, તત્ત્વાર્થસાર, ગોમ્મટસાર, ષટ્ખંડાગમ, પંચાધ્યાયી, પદ્મનંદી-પંચવિંશતિ, મોક્ષમાર્ગપ્રકાશક, દ્રવ્યસંગ્રહ વગેરે શાસ્ત્રો પણ વિસ્તૃત-વિશદ્પણે વંચાયાં છે. તેઓશ્રીનાં સમ્યક્જ્ઞાનસાગરમાં નિત્ય નવી નવી નિર્મળ જ્ઞાનછોળો ઉછળ્યા જ કરે છે. તેથી, દૃષ્ટિપ્રધાન સમયસાર હો કે જ્ઞાનપ્રધાન, પ્રવચનસાર હો કે ચારિત્ર ને ભક્તિપ્રધાન કોઈ શાસ્ત્ર હો, તેમાંથી સહજ સ્ફૂરિત અનેક અલૌકિક આધ્યાત્મિક ન્યાયો નીકળે છે, જે સાંભળી હજારો તત્ત્વરસિક જીવો પાવન બને છે. આ રીતે સોનગઢમાં અહોરાત્ર તત્ત્વજ્ઞાનનું પાવન વાતાવરણ સદા ગુંજતું રહે છે.

આ પ્રમાણે, જે વર્ષમાં વહાલા વિદેહીનાથ જીવંતસ્વામી સીમંધરપ્રભુનું સમવસરણ ભરતમાં પધાર્યું—સોનગઢમાં રચાયું—તે વિક્રમ સંવત ૧૯૯૮નું વર્ષ પૂર્ણ થાય છે.

જેમની ભક્તિના બળે ભરતના ભક્તોને ભગવાન ભેટ્યા તે ગુરુવર કહાનને વંદન.

❋ ❋ ❋

## * વિક્રમ સંવત ૧૯૯૯ (ઈસ્વી સન્ ૧૯૪૨-૪૩) *

જેમ જેમ કાળચક્ર ફરતું જાય છે તેમ તેમ જ્ઞાનદિવાકર ગુરુરાજના અંતરમાં જ્ઞાન-વૈરાગ્યની ભરતી વધતી ચાલે છે, પરિણતિ વધુ ને વધુ પવિત્ર બનતી જાય છે અને તેઓશ્રી અધ્યાત્મના રાહે અગ્રસર થતાં જાય છે. તેઓશ્રીની આ અંતરંગ પવિત્ર ઉદાસીનદશાના દર્શનથી ભક્તોને સ્વભાવ સાધવાનો ઉત્સાહ ઉછળી ઉઠે છે.

દર્શનવિજય નામના શ્વેતાંબર સાધુ એકવાર સોનગઢમાં કહે : 'આ તમારું સમયસાર છે તે ગુરુની વાણી છે, પણ વીતરાગી દેવની નહીં.' તેમને પ્રશ્ન કરવામાં આવે છે : 'તમે ભવિ છો કે અભવિ?' ઉત્તર મળે છે : 'અમને ખબર નથી, તેની તો ભગવાનને ખબર હોય. અમે નિર્ણય કર્યો નથી.' આશ્ચર્યથી ગુરુદેવ કહે : 'અરે! હું ભવવાળો છું કે ભવ વિનાનો છું તેની પણ હજુ તમને ખબર નથી અર્થાત્ પોતાનો નિર્ણય તો છે નહીં અને સમયસાર ભવ વિનાના વીતરાગી ભગવાનની વાણી છે કે નહીં તે તપાસવા નીકળ્યા છો? પરીક્ષા કરવા નીકળ્યા છો?' કોઈને કોઈપણ શંકા-પ્રશ્ન હોય, ન્યાયપૂર્ણ સમાધાન તુરત જ હાજર! શ્રુતની લબ્ધિ છે ને!

સોમચંદભાઈ ખારા પ્રશ્ન કરે છે : 'રાગાદિ ભાવ ખરેખર પુદ્ગલના છે?' ઉત્તર : 'ત્રિકાળી જ્ઞાયકસ્વભાવમાં રાગાદિ નથી અને સ્વભાવની દૃષ્ટિ કરનાર જ્ઞાની પણ રાગાદિથી જુદો પડ્યો છે. માટે નિશ્ચયથી રાગાદિ જીવના નથી, પણ પુદ્ગલના છે એમ કહેવામાં આવે છે. છતાં પર્યાય અપેક્ષાએ જોતાં તેઓ જીવના છે.' જ્ઞાનમાં વસ્તુના બધા પડખાંનો સુમેળ હોય છે ને!

એકવાર પંડિત લાલન કહે : 'સમાધિતંત્રમાં કહ્યું છે કે મુનિને લિંગનો આગ્રહ ન હોય.' શાસ્ત્રોના અંતરંગ ભાવોને ઓળખનાર ગુરુદેવશ્રી સમજાવે છે : 'ભાઈ! તેનો અર્થ શું? કે આનંદના અનુભવી મુનિને બાહ્યમાં હોય તો નગ્નપણું ને ૨૮ મૂળગુણ જ, પરંતુ તેનો આગ્રહ એટલે કે તેનાથી મોક્ષ થશે એમ તેઓ માનતા નથી.' વાહ! શું ખુલાસો!!

જિનશાસન પ્રભાવક પૂજ્ય ગુરુદેવશ્રી પ્રભાવના ઉદયે તેમ જ રાજકોટના મુમુક્ષુઓના આગ્રહને લીધે રાજકોટમાં ચાતુર્માસ કરવા અર્થે ફાગણ સુદ પાંચમ ગુરુવારના રોજ સવારે સોનગઢથી ઉમરાળા વિહાર કરે છે. આગળ ગઢડા, બોટાદ,

રાણપુર, ચુડા, લીંબડી ને વઢવાણ આદિ ઝાલાવાડના અનેક ગામોમાં સત્યધર્મનો ડંકો વગાડતો વિહાર થાય છે. ગામેગામ લોકોની ભક્તિ ઉછળી પડે છે, ભવ્ય સ્વાગતયાત્રાઓ થાય છે અને હજારો જિજ્ઞાસુઓ પ્રવચન સાંભળવા ઉમટી પડે છે. દરરોજ સવાર-બપોર વસ્તુસ્વરૂપ સમજાવનારા પ્રવચનો થાય છે ને રાત્રિના શંકા-સમાધાન થાય છે. પદ્મનંદી પંચવિંશતિ અને મોક્ષમાર્ગપ્રકાશક ઉપરના પ્રવચનો વડે અનુભવરસભીની અમૃતવાણીની ધોધમાર વર્ષા કરીને ગુરુરાજ ભાવિકોની તૃષા છીપાવે છે. તેઓશ્રી અનંત તીર્થંકરોએ પ્રરૂપેલું અધ્યાત્મતત્ત્વ, શાસ્ત્રના શબ્દોનો ઓછામાં ઓછો પ્રયોગ કરીને ઘણી જ સહેલી, સરળ ને મધુર વાણી વડે નાનું બાળક પણ સમજી જાય એવી ઘરગથ્થું ભાષામાં સચોટપણે પ્રકાશે છે. જેના પરિણામે તત્ત્વજ્ઞાનનો બહોળો પ્રચાર થાય છે.

ઉત્કૃષ્ટ કરુણાથી વહેતી અમૃતવાણી સાંભળી જિજ્ઞાસુ શ્રોતાઓને ભાવ જાગે છે : 'હે પવિત્રતાની મૂર્તિ! સત્પુરુષના અંતરંગભાવોનું આબેહૂબ સ્વરૂપ આપ દર્શાવી રહ્યા છો. આપના થકી અમે નિર્દોષ શ્રુતગંગારૂપ વીતરાગવાણીનું રહસ્ય સમજવા ભાગ્યશાળી બન્યા છીએ. આપના આ ઉપકાર વિશે શું કહીએ? બસ, નિજહિતાર્થે આપના ચરણકમળમાં સર્વાંગ અર્પણતા કરીએ છીએ. આપ જો ન મળ્યા હોત તો તોફાની સમુદ્રમાં પડેલા લાકડાના ટૂકડાની જેમ અમે પણ ૮૪ લાખ યોનિમાં ક્યાંય ફંગોળાતા હોત.' ગુરુદેવનો પુણ્ય પ્રભાવના ઉદય જોતાં જે કાળે તીર્થંકરપ્રભુ અને મહાસમર્થ આચાર્યો આ ભારતભૂમિમાં વિચરતા હતા ત્યારે ધર્મનો કેવો ઉદ્યોત હશે, અધ્યાત્મ ને ભક્તિનું કેવું વાતાવરણ ફેલાયું હશે તેનો તાદશ ચિતાર મનચક્ષુ સમક્ષ ખડો થાય છે.

ગુરુદેવશ્રી ચુડાના દરબારગઢમાં બિરાજમાન છે અને પરમાગમ સમયસારની ગાથા ૯૦ ઉપર મંથન ચાલે છે : 'ઉપયોગ શુદ્ધ, નિરંજન અને એક પ્રકારનો છે, તોપણ વિકારથી અશુદ્ધ, સાંજન અને અનેકપણે થયો છે, ત્રણ પ્રકારે થયો છે. તેથી જીવ સ્વયં અજ્ઞાની થયો થકો વિકારરૂપ પરિણમીને જે ભાવને કરે છે તે ભાવનો કર્તા થાય છે. આ રીતે શ્રી કુંદકુંદાચાર્યદેવે જીવની ભૂલ બતાવી છે.' અહો! આપણા સદ્ભાગ્ય છે કે આચાર્યની ભવતાપનાશક વાણીનું દોહન કૃપાસિંધુ ગુરુદેવ પાસેથી મળે છે. અહીં જ એક ભાઈ કહે : 'આપણે કાનજીસ્વામીનું માનીએ તો ઉપાશ્રયમાં

તાળા દેવા પડે. કેમ કે તેઓ સામાયિક, ઉપવાસ વગેરેમાં ધર્મ નથી કહેતા.' ભાઈ! સાચી સામાયિક હોય તો ધર્મ થાય ને?

સુરેન્દ્રનગરનો પ્રસંગ જોઈએ. ધાંગ્રધ્રાના એક વેદાંતમતના બાવાજી દરરોજ પ્રવચન સાંભળવા આવે છે. તે એકવાર પ્રવચન સાંભળીને કહે : 'એક...એક... એક' અર્થાત્ જગતમાં દ્વૈતપણું નથી, અદ્વૈત છે. તેનું સમાધાન કરતાં ગુરુરાજ કહે : 'ભાઈ! આત્મવસ્તુ છે તે એક છે, અનેક નથી એવો નિર્ણય કોણ કરે છે? પર્યાય નિર્ણય કરે છે. તેમ જ સર્વથા એકપણું હોય તો એકપણાનો નિર્ણય કરનાર કોણ? માટે આ વાત જ સિદ્ધ કરે છે કે અનેકપણું છે.' જિનેન્દ્રકથિત અનેકાંતવાદ જ સત્ય છે એ ખ્યાલમાં આવે છે ને!

રાજકોટ તરફના વિહારમાં એક સ્થાનકવાસી સાધુ મળે છે. તે કહે : 'આત્મા તો સાકાર છે અર્થાત્ તેમાં જડનો આકાર છે, તે રૂપી છે.' સાચી અપેક્ષા સમજાવતાં ગુરુરાજ કહે : 'ભાઈ! એ અપેક્ષાએ આત્મા સાકાર નથી. સાકાર એટલે શું આ જડનો આકાર આત્મામાં છે? ના. તેવી રીતે પ્રદેશત્વગુણને લઈને આકાર થાય છે તે આ સાકારપણું છે? ના. જ્ઞાનનો ભિન્ન-ભિન્ન પાડીને સ્વ-પર જાણવાનો સ્વભાવ હોવાથી તેને સાકાર કહેવાય છે. સાકાર કહો, વિશેષ કહો કે સવિકલ્પ કહો—એક જ છે. આ રીતે જ્ઞાનની અપેક્ષાએ આત્માને સાકાર કહ્યો છે, પણ તેથી આત્માને રૂપીપણું છે એમ નથી'. અરે! ત્યાગી થઈને પણ મૂળ વસ્તુની ખબર નથી. તેમ જ અપેક્ષા ન સમજે તો ગોટાળા જ થાય ને !

વિહારયાત્રા દરમ્યાન વીતરાગમાર્ગના રહસ્યોદ્‌ઘાટક કહાનગુરુરાજ ફરમાવે છે: 'દિગંબર જૈનધર્મ કોઈ સંપ્રદાય કે વાડો નથી, વસ્તુસ્વરૂપ છે. આ જ સાચો જૈનધર્મ છે. તેનો બીજા કોઈ ધર્મ સાથે મેળ છે જ નહીં, તેનો બીજા ધર્મ સાથે સમન્વય કરવો એ તો રેશમ અને કંતાનના સમન્વય જેવો નિષ્ફળ છે.

કોઈપણ આત્મા, જ્ઞાની કે અજ્ઞાની, એક રજકણ પણ ફેરવવા સમર્થ નથી. તો પછી દેહાદિની ક્રિયા તો ક્યાંથી કરી જ શકે? છતાં અજ્ઞાની દેહાદિની ક્રિયા અને રાગાદિની પરિણતિનો હું કર્તા છું એમ માને છે, જે મિથ્યાત્વ-અજ્ઞાન છે. જ્યારે પોતાના શુદ્ધસ્વભાવનો અનુભવ કરનાર જ્ઞાની તેમનો કર્તા થતો નથી, જ્ઞાતા જ રહે

છે. તેથી સાચી સમજણ વડે રાગાદિની કર્તાબુદ્ધિનો અભાવ કરવો એ જ સમ્યક્ પુરુષાર્થ છે કે જે કર્તવ્ય છે. સાચી સમજણ વિના બધા જ બાહ્ય ક્રિયાકાંડ વ્યર્થ છે.' આ રીતે ગુરુદેવ વિહારમાં ગામ અજાણ્યું હોય કે જાણીતું; શ્રોતા નવા હોય કે પરિચિત; હરહંમેશ પ્રવચનોમાં એક જ વાત કરે છે—આત્માની સમજણ કરવા ઉપર જ ભાર આપે છે. અનેક જીવો અધ્યાત્મ ઝંખતા હતા. તેમને આ વિહારથી ચિંતિત ફળ મળે છે અને સૌરાષ્ટ્રમાં ઘણી જાગૃતિ આવે છે.

શ્રુતપંચમીના મંગલ દિને, વિક્રમ સંવત ૧૯૯૫ના ચાતુર્માસ પ્રસંગે રાજકોટમાં થયેલ શ્રીમદ્ રાજચંદ્ર રચિત 'આત્મસિદ્ધિ' ઉપરના પ્રવચનો પુસ્તકરૂપે પ્રકાશિત થાય છે અને વીતરાગવાણી વહાવનાર ગુરુદેવશ્રીનાં પ્રવચનો પુસ્તકાકારે પ્રસિદ્ધ કરવાની પરંપરા શરૂ થાય છે.

રાજકોટ જતાં વચ્ચે આવતા ગામોમાં વિહાર કરતાં કરતાં જેઠ સુદ ૧૦ના રોજ ગુરુવર્યની રાજકોટમાં મંગલકારી પધરામણી થાય છે. અહીં ચાતુર્માસ સમયે નિવૃત્તિ હોવાથી ગુરુદેવનું અંતરમંથન ગંભીર-ઊંડું થતું જાય છે અને તેઓશ્રીની જ્ઞાનકળા અદ્ભુત સૂક્ષ્મતાને ધારણ કરે છે. તેથી અધ્યાત્મથી ભરેલ દ્રવ્યાનુયોગના સમયસારાદિ શાસ્ત્ર હો કે અન્ય અનુયોગના શાસ્ત્ર હો, તેના શબ્દેશબ્દમાં રહેલા ગહન અને અનુપમ ભાવોને બહાર કાઢી તેનું રહસ્ય સરળ ને સાદી ભાષામાં સમજાવે છે. જેમ સુવર્ણપાત્રમાં અમૃત ઘોળાય તેમ ગુરુદેવશ્રી વીતરાગના વચનામૃતોને અંતરંગમાં ખૂબ ઘૂંટે છે અને તે અમૃતનું પાન કરાવી ભવ્ય જીવોને ન્યાલ કરે છે. જે વસ્તુસ્વરૂપ તીર્થંકરો અને આચાર્યોએ પ્રકાશ્યું છે તેના ગૂઢ ભાવોને પોતાની નિત્ય ખીલતી અભૂતપૂર્વ જ્ઞાનપરિણતિ દ્વારા ઓળખી મુમુક્ષુઓને બતાવી રહ્યાં છે.

ગુરુદેવશ્રી આ વર્ષે એક ગંભીર રહસ્યને ખોલે છે : 'એકરૂપ કારણશુદ્ધપર્યાય દ્રવ્યાર્થિકનયનો વિષય છે, પર્યાયાર્થિકનયનો નહીં.' તેઓશ્રીની મિથ્યાત્વભેદિની વજ્રસમ જોરદાર વાણી સાંભળી શાસ્ત્રોના અભ્યાસી પ્રકાંડ વિદ્વાનો પણ દંગ રહી જાય છે અને ઘણીવાર ઉલ્લાસથી કહે છે : 'હે ગુરુદેવ! આપની વાણી અપૂર્વ-અનુપમ-અલૌકિક છે. તેનું શ્રવણ કરતા જ રહીએ એમ ભાવના થાય છે. આપ ગમે તે વિષય લ્યો, તોપણ, અમને તેમાં કાંઈક નવું જ દેખાય છે. આપના વચનામૃતમાં વીતરાગી દેવ અને આચાર્યોનું હૃદય દૃષ્ટિગોચર થાય છે. શાસ્ત્રોમાં શબ્દો છે, તેનો

મર્મ જ્ઞાનીના હૃદયમાં છે એ વાત હવે અમને યથાર્થપણે સમજાય છે. શાસ્ત્રોનાં તાળાં ઉઘાડવાની ચાવી તીર્થંકરદેવે સદ્‌ગુરુને સોંપી છે.—આવો સત્પુરુષનો મહિમા હવે સાચી રીતે ખ્યાલમાં આવે છે.'

ધ્વનિયંત્ર—Mike—વિના પણ પહાડી, બુલંદ ને કર્ણપ્રિય ધ્વનિએ ગાજતા પ્રવચનને સાંભળવા હજારો શ્રોતાઓની મેદની ઊભરાય છે. રસ્તા ઉપર મોટર ને ઘોડાગાડીઓની હાર લાગે છે. તત્ત્વઅભ્યાસી તેમ જ વકિલો, ડૉક્ટરો, પ્રોફેસરો વગેરે શિક્ષિત બુદ્ધિશાળી વર્ગ ઉપરાંત હિંદુ, પારસી, વોરા મુસલમાન આદિ અજૈન જિજ્ઞાસુ શ્રોતાઓ પણ અધ્યાત્મવિજ્ઞાનથી ભરપૂર, તર્ક-ન્યાયથી સિદ્ધ, મીઠી વાણી સાંભળવા આવે છે. જૈનમાં વ્રતાદિ બાહ્ય ક્રિયાકાંડને બદલે સૂક્ષ્મ તત્ત્વજ્ઞાનની—સમજણની વાત છે એમ જાણી આશ્ચર્યપૂર્વક મંત્રમુગ્ધ થઈ તેઓ બધા ગુરુદેવની પવિત્ર વાણી હૃદયની પ્રસન્નતાથી સાંભળે છે અને ચિંતવનમાં ઊંડા ઉતરે છે. તેઓનું અંતરંગ અધ્યાત્મવિજ્ઞાની ગુરુદેવ પ્રત્યે ભક્તિથી ઉછળી જાય છે, મન ડોલી ઉઠે છે અને તન અહોભાવથી નમ્રીભૂત થઈ જાય છે. અહા! શું અદ્‌ભુત સાતિશય વાણીનો પ્રભાવ!!

શ્રુતલબ્ધિવંત ગુરુરાજની પ્રવચન શૈલી તેઓશ્રીનાં અગાધ ને ગંભીર જ્ઞાન જેવી જ કોઈ વિસ્મયકારી-અચિંત્ય છે. શુષ્ક ને મુશ્કેલ લાગતા અધ્યાત્મના વિષયને પણ સ્પષ્ટીકરણ અને દૈનિક જીવનનાં દૃષ્ટાંતો વડે એટલો સરળ કરી દે છે કે અભણ જીવો પણ સહેલાઈથી સમજી જાય છે. શાસ્ત્રોમાં ગૂઢ-ગંભીરપણે ગૂંથાયેલ મિથ્યાત્વ-અજ્ઞાનના નાશના અમોઘ ઉપાયને સરલ-સહેલી રીતે દેશભાષામાં બતાવવો એટલે કે ગહન વિષયને પણ ગમ્ય કરી દેવો એ તેઓશ્રીની વાણીની વિશિષ્ટતા છે. વળી તેઓશ્રીની વાણી એવી રસબસતી છે—સ્વયં એટલા રસથી કહે છે—કે શ્રોતાઓનો રસ જળવાઈ રહે છે. અરે! શ્રોતાઓ મોરલીના નાદે ડોલતા સર્પની જેમ ડોલી ઉઠે છે અને પ્રવચનનો સમય ક્યાં પૂરો થઈ જાય છે તે પણ ખબર પડતી નથી. ગુરુદેવશ્રીની વાણી એક સંજીવની છે, જે ગમે તે પ્રસંગમાં ધૈર્યને ટકાવી રાખે છે, શાંતિ આપે છે, કર્તાપણાના અહંકારને તોડી જ્ઞાતા-દૃષ્ટા થવાની પાવન પ્રેરણા આપે છે તેમ જ તેનાથી ક્યારેય આત્મબળ તૂટતું નથી. તેઓશ્રીની વાણીનો રણકાર ભ્રાંતિના પડદાને ચીરી નાખે છે. અધિક શું કહેવું? જે તેના ભાવને અંતરમાં ઉતારે છે તેનું જીવન સફળ ને સાર્થક બની જાય છે.

અધ્યાત્મમૂર્તિ ગુરુદેવનો આત્મા તો અધ્યાત્મરંગથી રંગાયેલ છે જ, પરંતુ તેઓશ્રીનો દેહ પણ જાણે કે અધ્યાત્મના શાંતરસમાં તરબોળ છે. પ્રવચન આપતા આપતા ક્યારેક તેઓશ્રી તે રસમાં એવા તન્મય-એકાકાર થઈ જાય છે કે અંદર આત્મામાં ડૂબકી લગાવી દે છે, જેની શ્રોતાઓ ઉપર અમીટ અસર થયા વિના રહેતી નથી અને તેઓ પણ અધ્યાત્મ-અમૃતરસથી ભીંજાય છે. આવા ગુરુદેવશ્રીનો અધ્યાત્મ ઉપદેશ જેમ જેમ જીવોને સાંભળવા મળે છે તેમ તેમ તેઓશ્રી પ્રત્યે અંદરમાં બહુમાન પ્રગટતું જાય છે.

ચમત્કારી પ્રતિભાના સ્વામી ગુરુદેવનું વ્યાખ્યાન સમજાય કે ન સમજાય, સાંભળનારા બધા જીવો એટલું તો સ્પષ્ટપણે સ્વીકારે જ છે કે જગતથી જુદી જ વાત કહેનાર આ કોઈ અલૌકિક વિશિષ્ટ મહાત્મા છે. તેઓશ્રીની વાણી માત્ર શબ્દોની ગુંથણી નથી, પણ તેની પાછળ અજબ-ગજબનું કોઈ જોર છે—જે બીજે જોવામાં આવતું નથી. શ્રોતાઓને ગુરુદેવની અનુભવથી ભીંજાયેલી વાણી સાંભળ્યા પછી અન્ય વક્તાઓની શુષ્કવાણી સાંભળવી ગમતી નથી. અહો! આ કળિકાળમાં અંતરંગમાં કેવળજ્ઞાનના કારણભૂત અનુભૂતિનું પરિણમન હોય અને બાહ્યમાં તીર્થંકરપણાને સૂચવતો અપૂર્વ પ્રભાવનાયોગ તેમ જ અનુપમ વાણીનો યોગ હોય એવા ધર્માત્માનો ભેટો થવો લગભગ અશક્ય છે. છતાં મુમુક્ષુઓના સદ્‌ભાગ્યે આવા સંતનો સમાગમ મળ્યો છે. આત્માર્થીઓના પુણ્ય હજુ ખૂટ્યા નથી.

રાજકોટના જિજ્ઞાસુઓને ભાવિ ભગવંત ગુરુદેવની અનુપમ વજ્રમય વાણી સાંભળવા મળે છે એ તો પરમ સૌભાગ્ય છે જ, અરે! તેઓશ્રીનાં દર્શન પણ મહાપુણ્યોદયે પ્રાપ્ત થયા છે. અધ્યાત્મમસ્ત ગુરુવરની મંગલ નિશ્રામાં—ઉત્તમ સાન્નિધ્યમાં—સંસારની આધિ-વ્યાધિ-ઉપાધિથી તપ્ત પામર જીવોને પરમ વિશ્રાંતિ-શાંતિ મળે છે. જે વિભાવભાવ મહાપ્રયત્ને પણ છૂટતા નથી તે તેઓશ્રીનાં ચરણકમળમાં સહેજે ચાલ્યા જાય છે અને જે વસ્તુસ્વરૂપનું શ્રદ્ધાન વર્ષોથી થતું ન હતું તે તેઓશ્રીની વાણી સાંભળવાથી પળભરમાં થઈ જાય છે.

જેણે અધ્યાત્મશાસ્ત્રોનો રસ-રુચિપૂર્વક અભ્યાસ કર્યો હોય,તેનું તલસ્પર્શી અધ્યયન કર્યું હોય તે જ તેના ઊંડા, સાચા રહસ્યને પામી શકે છે. ગુરુવર તે રહસ્યને

પામ્યા છે અને સ્વાનુભવ પ્રગટ કર્યો છે. આવા સ્વાનુભવી સંત ગુરુદેવશ્રી પોતાના પવિત્ર જ્ઞાનપ્રકાશ અને મંગલ વાક્ગંગા વડે ભક્તો ઉપર અનુપમ, કલ્યાણકારી પરમ પરમ ઉપકાર કરી રહ્યાં છે. સાચે જ રાજકોટના ભવ્યજીવોને આંગણે આત્મિક શીતળ છાંય દેનારું અધ્યાત્મ કલ્પવૃક્ષ ઉગ્યું છે—જે મહાભાગ્ય છે.

આ રીતે આ વર્ષના ચોમાસા દરમ્યાન રાજકોટ સદરમાં વીતરાગ લઘુનંદન પૂજ્ય ગુરુદેવશ્રી વિરાજી રહ્યાં છે. દરરોજ પ્રવચનમાં અમૃતધાર વહી રહી છે, જેનો સર્વ જીવો પોતપોતાની યોગ્યતાનુસાર લાભ લઈ રહ્યાં છે. કેટલાકને સંપ્રદાય મોહ છૂટી સત્ધર્મ પ્રત્યે રુચિ જાગે છે, કોઈકને અજ્ઞાનતા ટળી સાચી સમજણ પ્રગટે છે અને કોઈકની તો આખી જીવન દિશા જ પલટી જાય છે.

સામાન્યપણે દરરોજનો કાર્યક્રમ આ પ્રમાણે હોય છે :

| | | |
|---|---|---|
| સવારના : | ૦૭-૦૦ થી ૦૭-૩૦ | જ્ઞાનચર્ચા. |
| | ૦૯-૧૫ થી ૧૦-૧૫ | ગુરુદેવશ્રીનું સમયસારજી ઉપર મંગલ પ્રવચન. |
| | ૧૦-૩૦ થી ૧૧-૧૫ | નિયમસારજીનું વાંચન અને તે પૂર્ણ થતાં સર્વાર્થસિદ્ધિનું વાંચન. |
| બપોરના : | ૦૨-૩૦ થી ૦૩-૧૫ | પંચાસ્તિકાયનું વાંચન તથા તે પૂર્ણ થતાં સર્વાર્થસિદ્ધિનું વાંચન. |
| | ૦૩-૩૦ થી ૦૪-૩૦ | ગુરુદેવશ્રીનું પ્રવચનસારજીના બે અધિકાર ઉપર અને તે પૂર્ણ થતાં સમયસારજી ઉપર કલ્યાણકારી પ્રવચન. |
| | ૦૪-૪૫ થી ૦૫-૪૫ | અષ્ટપાહુડનું વાંચન. |
| સાંજના : | ૦૮-૧૫ થી ૦૯-૧૫ | પ્રશ્નોત્તરી. |

પર્યુષણ પર્વમાં સવારે સમયસારજી અને બપોરના પદ્મનંદી પંચવિશંતિના દાન અધિકાર ઉપર પ્રવચનો થાય છે

ગુરુદેવશ્રી એકવાર અહીં પ્રવચનમાં કહે છે : 'નવ તત્ત્વનો ભેદરૂપ અનુભવ

મિથ્યાત્વ છે.' આ સાંભળી એક ભાઈ કહે : 'અમને ક્યાં લઈ જવા છે? આત્મા દેહની ક્રિયા કરે એ વાત તો કાઢી નાખી, પુણ્યથી ધર્મ થાય એ વાત પણ કાઢી નાખી અને હવે નવ તત્ત્વનું ભેદરૂપ જ્ઞાન પણ કાર્યકારી નથી એમ કહીને ભેદરૂપ ખંડખંડ જ્ઞાન પણ કાઢી નાખ્યું. હવે અમારે જવું ક્યાં?' અહો! આચાર્યદેવ ને ગુરુદેવશ્રી આપણને અભેદ આત્માનો અનુભવ કરાવવા માંગે છે. સમજાણું કાંઈ?

એકવાર તત્ત્વજિજ્ઞાસાથી મણિભાઈ પૂછે છે : 'ઘડીકમાં આપ એમ કહો છો કે રાગ વ્યાપ્ય છે ને કર્મ વ્યાપક છે. વળી ઘડીકમાં એમ પણ કહો છો કે રાગ વ્યાપ્ય છે ને આત્મા વ્યાપક છે. તો આમાં સાચું શું છે?' વિવેકજ્ઞાનભંડાર ગુરુવર સમાધાન કરાવે છે : 'ભાઈ! જ્યારે શુદ્ધ સ્વભાવ સિદ્ધ કરવો હોય—સ્વભાવ અને વિભાવનું ભેદજ્ઞાન કરાવવું હોય—ત્યારે રાગને ભિન્ન પાડી રાગ વ્યાપ્ય છે ને કર્મ વ્યાપક છે એમ કહેવાય છે. તથા બે દ્રવ્યોની ભિન્નતા બતાવવી હોય ત્યારે રાગ વ્યાપ્ય છે ને આત્મા વ્યાપક છે એમ કહેવાય છે.' જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ.—શ્રીમદ્ રાજચંદ્રજીની આ વાત ખ્યાલમાં આવે છે ને?

કોઈપણ રીતે જગતના જીવો સર્વજ્ઞપિતાના અણમૂલા વારસાને—કે જેને કુંદકુંદાચાર્યે સમયસારમાં સંઘર્યો છે તેને—પ્રાપ્ત કરે અને અનાદિની દીનતાનો નાશ કરે એવી કરુણાબુદ્ધિથી સર્વજ્ઞલઘુનંદન ગુરુદેવશ્રી પરમાગમ શ્રી સમયસારજીના કેટલાક અધિકારો ઉપર અનુભવગર્ભિત પ્રવચનો આપે છે. આ અમૃતવર્ષાનો પ્રત્યક્ષ લાભ હજારો જીવો તો મેળવે છે જ, પરંતુ જેમને આ પ્રત્યક્ષ યોગ મળ્યો નથી એવા જિજ્ઞાસુઓને આ અમૂલ્ય મુક્તાફળો મળે તો સ્વરૂપલક્ષ્મી પ્રાપ્ત થઈ રાગાદિરૂપ પામરતા ટળે એવી ભાવના ઘણાને જાગે છે. પૂજ્ય બહેનશ્રીબેનને પણ આ પ્રવચનો સાંભળી અહોભાવ આવવાથી, ગુરુદેવશ્રી અને ગુરુવાણી પ્રત્યેના ભક્તિભાવથી પ્રેરાઈને, પ્રવચનો લિપિબદ્ધ કરવાની ભાવના જાગે છે. તેઓશ્રી પ્રવચનોને લિપિબદ્ધ કરે પણ છે—જે પાછળથી સમયસાર પ્રવચન ભાગ ૩, ૪, ૫ રૂપે પ્રકાશિત થાય છે. સમયસારજી ઉપરના પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો વિશે પૂજ્ય બહેનશ્રી શું કહે છે તે જોઈએ : 'પૂજ્ય ગુરુદેવે સમયસાર  અદ્ભુત ને અપૂર્વ રીતે સમજાવ્યું છે. એમ થઈ જાય છે કે વાહ! ગુરુદેવ વાહ! મન-વચન-કાયા આપની ચરણસેવામાં અર્પણ કરીએ તો પણ ઓછું છે એમ આજે ભાવના થઈ જતી હતી.'

પરમ કૃપાળુ જ્ઞાનનિધિ ગુરુદેવના પરમ ઉપકારને વારંવાર નમસ્કાર.

જ્ઞાન વૈરાગ્યે રંગ્યો રે....ગુરુ મારો જ્ઞાન વૈરાગ્યે રંગ્યો રે....
ચૈતન્ય સુખનો રસિયો....ગુરુ મારો

ઉત્તમ સંસ્કારોને કારણે, સહજ સ્વરૂપે ઠર્યો રે,
ભેદવિજ્ઞાને અજોડ પુરુષાર્થે, કેવો મસ્ત બન્યો રે...ગુરુ મારો૦

મહા પૂર્વ પુણ્યનાં ઉદયે, વીરલો ગુરુ મળ્યો રે,
એની વાણીથી ધ્યેય સમજીને, નિજ આત્મા લઉં ઉગારી...ગુરુ મારો૦

બાળ બ્રહ્મચારી સમ્યક્ધારી, જ્ઞાનદશાએ ખીલ્યો રે,
અજર પ્યાલા પીવે પીવડાવે, જિનેન્દ્ર ભક્તિમાં ભીંજ્યો રે...ગુરુ મારો૦

સો સો શરદો ચિરંજીવ રહેજો, અમ જેવાને ઉગારવા,
આતમ લક્ષ્મીનો લાભ કરાવી, કાફલો સિદ્ધપુર પહોંચાડજો...ગુરુ મારો૦

❋ ❋ ❋

## ❀ વિક્રમ સંવત ૨૦૦૦ (ઈસ્વીસન્ ૧૯૪૩-૪૪) ❀

## ❋ આત્મધર્મ પ્રકાશન વર્ષ ❋

ગુરુવર કહાન રાજકોટ સદરના 'આનંદભવન'માં બિરાજી રહ્યા છે. સવારના અને બપોરના સમયસારજી ઉપર પ્રવચનો ચાલે છે. રાત્રિના તત્ત્વચર્ચા હોય છે.

અહીંયા વાંકાનેરના ઉતારે પ્રવચનો ચાલી રહ્યાં છે તેના સમાચાર એક વેદાંતી સાધુને મળે છે કે એક જૈનના મહારાજ આવ્યા છે અને આત્માની-અધ્યાત્મની વાત કરે છે. આ સાંભળી તે સાધુને આશ્ચર્ય થાય છે અને કહે: 'ચાલો સાંભળવા.' તે સાધુ વ્યાખ્યાન સાંભળવા આવે છે. ગુરુદેવશ્રીનાં વ્યાખ્યાનમાં એવી વાત આવે છે કે 'પર્યાય અપેક્ષાએ આત્મા અનિત્ય છે.' આ સાંભળી વેદાંતી સાધુ કહે: 'શું આત્મા અનિત્ય છે? તે પલટે છે? ચાલો, અહીંથી ભાગો.' અનેકાંતસ્વરૂપ આત્મા નિત્ય પણ છે અને અનિત્ય પણ છે.—આવી સત્ય વાત જૈનદર્શન સિવાય ક્યાં છે?

જેઓશ્રીનાં મુખારવિંદથી જિનધર્મ-જિનવાણીનો વિશાળ અખંડ-અતૂટ પ્રવાહ ધારાવાહી વહી રહ્યો છે એવા ગુરુરાજનો પ્રભાવના વ્યાપ વધતો જાય છે. વિદેશોમાં પણ પ્રભાવના પ્રકાશ ફેલાય છે. દેશ-વિદેશના નગરોમાં વસતા ગુરુભક્તોના ઘરે ઘરે ગુરુવાણીનો લાભ નિયમિતપણે મળતો રહે તેવા પવિત્ર ઉદ્દેશથી એક પત્રિકા પ્રકાશિત કરવાની જરૂરિયાત જણાય છે. જેના ફળ સ્વરૂપે માગસર સુદ બીજે મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીના તંત્રીપદે શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર 'આત્મધર્મ'નું પ્રકાશન શરૂ થાય છે. તેમાં ગુરુદેવશ્રીનાં મંગલ પ્રવચનો ઉપરાંત તેઓશ્રીનાં નિમિત્તે થતી વીતરાગ માર્ગની પ્રભાવનાનું વર્ણન પણ આપવામાં આવે છે. 'આત્મધર્મ'નું પ્રકાશન થતાં જ તેના ૪૦૦ જેટલા ગ્રાહકો બને છે. આ 'આત્મધર્મ'થી દિગંબર જૈન સમાજના અગ્રણી નેતા ઈંદોરના સર હુકમચંદજી શેઠ જેવા મહાનુભાવ પણ ગુરુદેવ પ્રત્યે આકર્ષાય છે. તેઓ એકી સાથે પચીસ વર્ષનું લવાજમ મોકલી આપે છે ને હિન્દી ભાષામાં પણ 'આત્મધર્મ' પ્રકાશિત થાય એવી ભાવનાપૂર્વક રૂા. ૧૦૦૧/- મોકલે છે.

ફાગણ વદ બીજના અંતિમ પ્રવચનમાં તેઓશ્રી ફરમાવે છે : 'શુભલાગણી એ રાગ છે, વિકાર છે. તે વડે ધર્મ માનનાર આત્માના સ્વરૂપનું ખૂન કરે છે.' જ્ઞાનીની કડક ભાષા હોવા છતાં તે અત્યંત કરુણાભીની હોય છે હો.

આ રીતે રાજકોટમાં નવ મહિના અભૂતપૂર્વ ધર્મપ્રભાવના કરી, ચાતુર્માસ પૂર્ણ કરી તેમ જ તત્ત્વજ્ઞાનજળ વડે આત્માર્થી જીવોને પવિત્ર કરી ફાગણ વદ ત્રીજના રોજ પુનઃ સોનગઢ પધારવા ગુરુદેવશ્રી રાજકોટથી વિહાર કરે છે. ફરીને એકવાર રસ્તામાં આવતા ગામેગામમાં વીતરાગધર્મનો વિજય ડંકો વગાડે છે. વીંછીયા આવતા જયધવલાનો પહેલો ભાગ હાથમાં આવે છે. તેનો સ્વાધ્યાય કરતાં તે જિનવાણી પ્રત્યે અતિશય બહુમાન જાગે છે, તેથી પ્રવચનોમાં પ્રમોદપૂર્વક તેના કેટલાક અંશોના અર્થ સમજાવે છે અને રસ્તામાં આવતા ગામોમાં મુમુક્ષુઓ દ્વારા ઉત્સાહથી જિનવાણી જયધવલાનું શ્રુતપૂજન થાય છે.

ચૈત્ર સુદ ૧૩. મહાવીર જયંતી અને પરિવર્તનના મંગલ દિને શ્રી ભાગચંદજીકૃત 'સત્તાસ્વરૂપ'નું પ્રકાશન થાય છે.

ગુરુવર કહાન ચૈત્ર વદ ૧૧ના રોજ પુનઃ સોનગઢ પધારે છે.

હવે તો જિનમંદિર, સમવસરણ અને તેઓશ્રીની ઉપસ્થિતિથી સોનગઢ એક અધ્યાત્મ તત્ત્વજ્ઞાનનું પરબ—અધ્યાત્મ તીર્થધામ—બની ગયું છે. ગુરુદેવે અંતર્મંથનથી શોધી કાઢેલો તેમ જ અનુભવથી સિદ્ધ એવા સિદ્ધાંતોથી ભરપૂર વીતરાગમાર્ગ જેમ જેમ પ્રકાશમાં આવતો જાય છે તેમ તેમ બહારગામથી વધારે ને વધારે જિજ્ઞાસુઓ આકર્ષાયને જિન-ગુરુ દર્શન અને ગુરુવાણીનો લાભ લેવા સોનગઢ આવે છે. અરે! દૂરના પ્રદેશોથી પણ ઘણા દિગંબર ત્યાગીઓ, પંડિતો અને જૈનો આવે છે.

સુવર્ણપુરીના દૈનિક કાર્યક્રમમાં સવારના જિનેન્દ્ર પૂજન તથા ગુરુદેવશ્રીનું વ્યાખ્યાન, બપોરના ફરીને વ્યાખ્યાન અને જિનેન્દ્ર ભક્તિ, પછી સાંજના રાત્રિચર્ચા હોય છે. આ સિવાયના વ્યક્તિગત ચર્ચા-વાર્તા થાય છે તે અલગ. આમ આખા દિવસના વિવિધ ધાર્મિક કાર્યક્રમથી યાત્રિકોનો સમય આનંદમય આરાધનામાં પસાર થાય છે. શાંત-અધ્યાત્મમય વાતાવરણ જોઈને ઘણા ભક્તો તો સોનગઢમાં ઘર લઈને

કાયમ માટે રહેવા લાગે છે. આત્મ-આરાધનારત ગુરુદેવશ્રીનાં અંતરમાં જેમ જેમ શ્રુતલબ્ધિ ખીલે છે તેમ તેમ નવા નવા ન્યાયો-સિદ્ધાંતો પ્રસિદ્ધિમાં આવતા જાય છે. તેથી ધર્મોદ્યોત દિવસે ને દિવસે પ્રબળ રીતે વૃદ્ધિંગત થતો જાય છે.

સમયસાર વાંચનારા પંડિત નંદલાલજી સુવર્ણપુરી આવે છે. ગુરુવર્યની પ્રવચનસભામાં સેંકડો શ્રોતાઓની હાજરી જોઈ આશ્ચર્યચકિત રહી જાય છે અને કહે છે : 'અમે સમયસાર વાંચીએ તો માંડ બે-ત્રણ વ્યક્તિ બેઠી હોય. જ્યારે આપની સભામાં ૧૫૦ શ્રોતાઓ!!!' અનુભવરસભીની ન્યાયપૂર્ણ તત્ત્વની વાત સાંભળવા કોણ ન આવે?

જેઠ સુદ પાંચમ : શ્રુતપંચમીના પવિત્ર દિવસે જયધવલા ઉપર ખાસ પ્રવચન થાય છે. તેમાં ગુરુવરશ્રી ફરમાવે છે : 'સંતોએ પોતાના હૃદયકુંડમાં વીતરાગના અમૃત ભર્યા હતા અને તેનો પ્રવાહ અહીં વહેતો મૂક્યો છે. અહા! જગતના અહો ભાગ્ય છે કે વીતરાગની વાણી રહી ગઈ.' આજે 'દ્રવ્યસંગ્રહ' પ્રકાશિત થાય છે.

વીરશાસન જયંતી, અષાઢ વદ એકમ : સંવત ૧૯૯૫માં રાજકોટમાં થયેલા 'અપૂર્વ અવસર' ઉપરના પ્રવચનો પ્રસિદ્ધ થાય છે. ગુરુદેવશ્રીનાં નિમિત્તે સમયસાર, અનુભવપ્રકાશ વગેરે દિગંબર શાસ્ત્રો ગુજરાતીમાં પ્રકાશિત થયા છે અને તેનો ઘણો પ્રચાર થઈ રહ્યો છે. અરે! ગુજરાતી સમયસારની ૨૦૦૦ પ્રતો તુરત જ ખપી જાય છે. આ જ સુચવે છે કે પાત્ર જીવો કેવા તત્ત્વપિપાસુ છે. હવે ગુજરાતીભાષી અધ્યાત્મપ્રેમી જિજ્ઞાસુઓને પોતાની જ ભાષામાં સત્સાહિત્ય સુલભ થવા લાગે છે.

અત્યારે ધર્મનો મોટો ક્રાંતિકાળ ચાલી રહ્યો છે. ચૈતન્યચિંતામણિ ગુરુદેવની કલ્યાણકારી વાણીનું શ્રવણ કોઈપણ રીતે કરવા હજારો જીવો ઝંખી રહ્યા હતા—આતુર હતા. તેવામાં 'આત્મધર્મ'ની શરૂઆત થાય છે. તેનો સ્વાધ્યાય કરીને જિજ્ઞાસુ જીવો ઘરે બેઠાં કંઈક અંશે તૃપ્ત થાય છે અને ઘણા જીવો તો સાક્ષાત્ વાણી સાંભળવા સોનગઢ આવવા લાગે છે.

કેટલાંક ગામોમાં તો થોડાં મુમુક્ષુઓ ભેગા થઈને મુમુક્ષુ મંડળની સ્થાપના કરે છે અને ગુરુદેવ પાસેથી મળેલા અધ્યાત્મ મર્મ અનુસાર શાસ્ત્રોનો નિયમિત સ્વાધ્યાય પણ

કરે છે. આ રીતે ગુરુવરની કૃપાથી નિર્મળ જિનવાણી ગંગાનો પ્રવાહ ચારેબાજુ વહેવા લાગે છે અને હજારો સુપાત્ર જીવો તેમાં ડૂબકી મારી પવિત્ર થાય છે.

વિક્રમ સંવત ૧૯૭૮માં પ્રથમવાર સમયસાર વાંચ્યું ત્યારથી જ જો કે 'પર્યાય ક્રમબદ્ધ થાય છે' એમ અંદરથી આવ્યું હતું, છતાં આ વર્ષે સમયસારની ગાથા ૩૦૮ થી ૩૧૧ ઉપરથી ક્રમબદ્ધપર્યાયનો વિશેષ ખ્યાલ આવે છે.

એક ભાઈ પ્રશ્ન કરે છે : 'આપ સંસારમાં દુઃખ કહો છો, પણ અમે તો સંસારમાં ખાઈ-પીને લહેર કરીએ છીએ. તેથી તેમાં દુઃખ ક્યાં છે?' ગુરુવર ઉત્તર આપે છે : 'ભાઈ! સંસારમાં પોતાની સ્વાધીનતા લૂંટાણી છે અને પરાધીન થયા છો એ દુઃખ નથી તો શું છે? પરના આશ્રયમાં ગયા છો તે દુઃખ જ છે, છતાં તેની ખબર નથી!!' અરે! આ કેવી વિચિત્રતા છે કે આપણે આપણા વેદનને ઓળખી શકતા નથી.

એક બ્રહ્મચારી ગુરુવરની વાણીનો લાભ લેવા ગુરુદેવશ્રી પાસે આવે છે ને બે મહિના રહે છે. તેમની સાથે વાતચીત દરમ્યાન 'દ્રવ્યસંગ્રહ'નો આધાર આપી ગુરુવર્ય કહે છે : 'હસ્તાદિની ક્રિયા સ્વયમેવ થાય છે, તેનો આત્મા કર્તા નથી.' વાતચીતથી તત્ત્વનો લાભ થતાં તેઓ કહે : 'આપે જે વાત કહો છો તેની તો અમને કાંઈ ખબર જ નથી'. અરે! તત્ત્વની કાંઈ ખબર નહીં ને ત્યાગી નામ ધારણ કરવા છે!

આ વર્ષે ગુરુદેવ અંગત સ્વાધ્યાયમાં 'શ્રીમદ્ રાજચંદ્ર' પુસ્તક વાંચે છે. તેમાં એમ આવે છે કે 'સ્વ-આકાર પરિણામી..' આ વાંચતા જ ખ્યાલમાં આવે છે કે આ કારણશુદ્ધપર્યાયની વાત છે. જો કે આ કારણશુદ્ધપર્યાયની વાત ગયા વર્ષે પોષ સુદમાં નિયમસાર ગાથા ૧૫ ઉપરથી દૃષ્ટાંત સહિત કહી હતી કે : 'દરિયાનું પાણી તે દ્રવ્ય છે, શીતળતા તે ગુણ છે, પાણીની એકરૂપ સપાટી તે કારણશુદ્ધપર્યાય છે અને આ સપાટી ઉપરની હિલોળો એટલે કે મોજાં તે કાર્યપર્યાય છે. તેવી રીતે ચૈતન્યરત્નાકર આત્મા તે દ્રવ્ય છે, જ્ઞાનાદિ સ્વભાવ તે ગુણ છે, ગુણોની એકરૂપ પર્યાય તે કારણશુદ્ધપર્યાય છે અને તેની ઉપર જે પુણ્ય-પાપ કે શુદ્ધતા આદિરૂપ હિલોળો છે તે કાર્યપર્યાય છે. આ કાર્યપર્યાય દ્રવ્ય-ગુણ કે કારણશુદ્ધપર્યાયમાં નથી.

શ્રાવણ સુદ ૧૨ તારીખ ૧-૮-૪૪ના રોજ સમયસારજી ઉપરના છઠ્ઠીવારના

પ્રવચનો પૂર્ણ થાય છે અને બીજે જ દિવસે ૭મી વખતના પ્રવચનોનો પ્રારંભ થાય છે. અહા! સમયસારજી ઉપરના અદ્‌ભુત પ્રવચનો સાંભળી ક્યો આત્માર્થી જીવ 'રાગાદિ મારા છે અને હું તેનો સ્વામી છું' એવી મિથ્યાબુદ્ધિને વળગ્યો રહેશે? અહો! સર્વજ્ઞના પેટ ને આચાર્યોના હાર્દ પ્રભાવશાળી તથા કલ્યાણકારી ગુરવાણીમાં સમાયા છે

ગુરુદેવશ્રી ફરમાવે છે : 'સમયસાર એટલે કેવળીનો સંદેશ. તેનું અધ્યયન-મનન-સ્વાધ્યાય જીવનના છેલ્લા શ્વાસોશ્વાસ સુધી કરવાયોગ્ય છે. તેને માત્ર શબ્દો ન સમજશો, એ તો દૈવી મંત્રો-વાણી-શાસ્ત્ર છે; ભરતક્ષેત્રનું ભગવાન છે અને કામધેનુ ગાય છે.અહો! ભરતક્ષેત્રની અંદર અત્યારે આવું શાસ્ત્ર બીજું કોઈ નથી. જેમ ભગવાન એક ૐમાં પુરું કહે છે તેમ આચાર્યદેવ એક પદમાં પૂર્ણ વાત કહે છે. સમયસાર બધી રીતે પૂર્ણ જ છે.'

સમયસારના પ્રવચનોની પૂર્ણાહૂતિ પ્રસંગે બપોરની ભક્તિમાં 'જય સમયસાર! જય સમયસાર!'ની સાથે સાથે 'જય ગુરુરાજ! જય ગુરુરાજ!'ની બેહદ ઉલ્લાસભરી ધૂન જામે છે અને અજબ ઉત્સાહમય ભક્તિ પુરી થતાં દેવ-શાસ્ત્ર-ગુરુના ગગનભેદી જયનાદ કરતાં ભક્તો થાકતા નથી. જયવંત વર્તો શ્રી સમયસાર અને તેના સમજાવનાર શ્રી સદ્‌ગુરુદેવ!

જેમાં અધ્યાત્મની ગંધ પણ નથી, માત્ર જડક્રિયા છે એવા સંપ્રદાયમાં ત્રીસેક વર્ષ પહેલાં સાધુ અને શ્રાવકોની સ્થિતિ કેવી હતી તેની વાત કરતા ગુરુદેવશ્રી કહેતા : વિક્રમ સંવત ૧૯૭૧માં મૂળચંદજીને પ્રશ્ન કરેલો કે ધર્માસ્તિકાયના ગુણ કેટલા? તેમણે કહેલું : 'બે, ગતિહેતુત્વ અને અરૂપી.' અરેરે! ગુરુભાઈ મૂળચંદજી જૈનના બેરિસ્ટર કહેવાતા હતા, તો પણ આટલી જ ખબર હતી!

એવી જ રીતે વિક્રમ સંવત ૧૯૭૬માં વઢવાણમાં એક સાધુને પુછેલું : 'સામાયિક શું છે — દ્રવ્ય, ગુણ કે પર્યાય? ત્રસ કે સ્થાવર?' તેમણે કહ્યું : 'મારા ગુરુએ શીખવ્યું નથી'. અરે! જ્યાં સાધુને જ ખબર ન હોય ત્યાં શ્રાવકની વાત તો શું કરવી?

આ જ સાલમાં એક વ્યક્તિ સત્યથી વિરૂદ્ધ સંપ્રદાયની—મતાગ્રહની વાત કરવા લાગ્યા ત્યારે અત્યંત કડક શબ્દોમાં કહેલું : 'હું આ જ સ્થિતિમાં અર્થાત્ સ્થાનકવાસી

સાધુ તરીકે જ રહું એમ બંધાયેલ નથી. માટે તમો સત્ય શું છે તે વાત કરો, કોઈ પક્ષ કે સંપ્રદાયની નહીં.' જુઓ! સંપ્રદાયના સાધુ તરીકે હોવા છતાં વાડાનું બંધન સ્વીકાર્ય નહોતું.

વિક્રમ સંવત ૧૯૭૭ની વાત છે. દીક્ષા લીધા પછી પ્રથમવાર ભાવનગર આવવાનું થયેલું. તે સમયે સત્યાગ્રહી તરીકે મહાત્મા ગાંધી બાહ્યમાં પ્રસિદ્ધ હોવાથી ચુસ્ત નિયમના આગ્રહી કાનજીસ્વામી વિષે લોકો કહે : 'ધર્મના ગાંધી' આવ્યા છે. તેમની આહાર લેવાની ક્રિયા એવી કડક કે લોકો રાડ નાખતા. આહાર આપવામાં જરા સરખી પણ ભૂલ થાય તો તેઓ આહાર લીધા વિના પાછા ચાલ્યા જતા. તેથી લોકો રડતાં કે અમારે ત્યાં આવ્યા, પણ પાછા ચાલ્યા ગયા.

આ જ વર્ષની બોટાદની વાત છે. વિલાયતની પરીક્ષા પાસ કરેલ એક ભાઈ દર્શન કરવા આવેલા. તેમને પૂછ્યું : 'ભાઈ! આત્મા વિશે કાંઈ વાંચ્યું છે?' ઉત્તર મળેલો : 'વાંચ્યું છે ખરું, પણ આત્મા છે કે નહીં તે અંગે હજુ નિર્ણય કર્યો નથી'. લ્યો, આ મોટા ભણીને આવ્યા! હજુ આત્મા છે કે નહીં તેનો નિર્ણય પણ નથી તો પછી આત્મા કેવો છે અને કઈ રીતે પ્રાપ્ત થાય તે વાત તો ક્યાં રહી?!!!

આ વર્ષનું ચોમાસુ રાજકોટમાં હતું. પર્યુષણ પર્વ આવતા તેના પ્રથમ દિવસે ફરમાવેલું : 'આજે આર્યપણાનો દિવસ છે, કેમ કે ૪૨૦૦૦ વર્ષથી માંસાહાર થતો હતો તે આજના દિવસથી બંધ થઈ શાકાહારપણું શરૂ થયું હતું અને ખરેખર તો ચારિત્ર જ આર્યપણું છે.'

તત્ત્વની સૂક્ષ્મ વિચારણા તો તેઓશ્રીનાં અધ્યાત્મ જીવનની સાથે વણાઈ ગઈ હતી. સંપ્રદાયમાં હતા ત્યારે પણ તત્ત્વ ચિંતવનની ધારા નિરંતર વહેતી. વિક્રમ સંવત ૧૯૮૧માં ગઢડામાં આવેલ એક વિચાર જણાવતા કહેલું : 'નિગોદ કે એકેન્દ્રિયજીવને દર્શનમોહનીય કર્મની સ્થિતિ વધારેમાં વધારે ૧ સાગરની હોય છે, પણ ત્યાંથી બહાર નીકળે છે ત્યારે તેની સ્થિતિ અંતઃ ક્રોડાક્રોડી સાગરની થઈ જાય છે. તો, કર્મની સ્થિતિ વધી કેમ? જો કર્મથી ડીગ્રી ટુ ડીગ્રી વિકાર થતો હોય તો આ પ્રકારે સ્થિતિ કઈ રીતે વધે?' સ્વયં પોતે જ સમાધાન કરાવેલું : ' ભાઈ! જીવના પર્યાયની—ઉલ્ટા પુરુષાર્થની—

સ્વતંત્ર યોગ્યતા જ એવી છે કે કર્મની સ્થિતિ ઓછી હોવા છતાં વધારે જોડાણ—રાગ કરે છે અને તેથી કર્મની સ્થિતિ વધે છે. જીવ એકેન્દ્રિયપણામાંથી બહાર નીકળે છે ત્યારે વીર્યનો ક્ષયોપશમ વધે છે ને? તો તે વીર્યનું ઉલ્ટાપણું—વિપરીતપણું વધે છે તેથી કર્મની સ્થિતિ પણ વધી જાય છે.' વાહ! કેવી તર્કબદ્ધ ન્યાયપૂર્ણ વાત!

સંપ્રદાય વખતનો બીજો પ્રસંગ પણ જાણવા જેવો છે. નારણભાઈએ એક સાધ્વીને પ્રશ્ન કર્યો : 'તમે ભવિ છો કે અભવિ?' આવા પ્રશ્નથી મુંઝાયેલા તે સાધ્વીએ કહ્યું : 'કાનજીસ્વામી નામના એક સાધુ બહુ પ્રસિદ્ધ છે તેમને પૂછો. તેમની પાસેથી ખુલાસો મળશે.' તેથી  નારણભાઈ રાણપુરના જૂના ઉપાશ્રયમાં આવ્યા. ત્યાં સાતથી આઠ સાધુ બેઠા હતા. કાનજીસ્વામી કોણ છે તેની નારણભાઈને કાંઈપણ ઓળખાણ કે પીછાણ હતી નહીં, છતાં કુદરતે તેઓ સીધા તેમની પાસે આવ્યા અને પ્રશ્ન કર્યો : 'તમે ભવિ છો કે અભવિ?' નિઃશંકતાથી કાનજીસ્વામીએ જવાબ આપ્યો : 'અમે ભવિ છીએ કે અભવિ એ શું પૂછો છો? અમારે સંસાર જ નથી. અમારે ભવ આદિ કાંઈ નથી.' અહો! કેવી દૃઢતા! કેવું વીર્યનું બળ! ભવનો અભાવ એ જ તેઓશ્રીનું લક્ષ-સાધ્ય છે.

વિક્રમ સંવત ૧૯૮૩માં એક ભાઈ કહે : 'ક્ષયોપશમભાવ બંધનું કારણ છે એમ મેં આખી રાત વિચાર કરી નક્કી કર્યું છે.' કાનજીસ્વામી કહે : 'કેવી રીતે?' તે ભાઈ કહે : 'જુઓ, મનુષ્યપણું બંધાય છે તે ક્ષયોપશમભાવથી બંધાય છે ને ?' બંધ-મોક્ષના યથાર્થ કારણના જ્ઞાતા કાનજીસ્વામી કહે : 'ના, ના. મનુષ્યપણું તો ઉદયભાવથી બંધાય છે, ક્ષયોપશમભાવથી નહીં.'

તેઓશ્રી સંપ્રદાયમાં હતા તે વખતે બગસરામાં એકવાર કહેલું : 'મુક્તિનો મારગ તો આ છે. જો તે પ્રાપ્ત ન થઈ શકે તો, શ્રદ્ધા તો અવશ્ય કરવાયોગ્ય છે કે આ જ મારગ છે.' આ સાંભળી એક શ્રોતાએ કહ્યું : 'આપ મુક્તિની વાત કરો છો, પણ અમારે તે જોઈતી નથી.' તેમને પ્રશ્ન કર્યો : 'તો તમારે શું જોઈએ છે?' ઉત્તર મળેલો : 'અમદાવાદના માણેકચોકમાં ઝવેરી થવું છે.' તે વખતે આશ્ચર્યપૂર્વક ખેદ થયેલો કે અરે! આવી ભાવના! આવી માગણી! અહો! તૃષ્ણાની કેવી વિચિત્રતા છે.

પ્રવચન કે ચર્ચામાં જ્યારે-જ્યારે પણ સર્વજ્ઞની અથવા તો કેવળજ્ઞાનની વાત

નીકળે છે ત્યારે અતિ ઉલ્લાસમાં આવી ગુરુદેવ ફરમાવે છે : 'કેવળી ભગવાનને જે જાણે છે—સર્વજ્ઞ જેના જ્ઞાનમાં બેઠા છે—તેને ભવ હોય જ નહીં, તેના ભવ ભગવાને જોયા જ નથી. કેમ કે જે કેવળી ભગવાનને જાણે છે તે પોતાના આત્માને પણ જાણે છે અને તેથી તેના મોહનો નાશ થાય જ છે. આવો—મોહનો નાશ થાય એવો—ભગવાનનો ઉપદેશ હોય છે. તેમાં ભવના અભાવની જ વાત હોય છે અને આવી વાણી જ અમારે સ્વીકાર્ય છે, બીજી નહીં.

સ્વયં કેવળી ભગવાન ભવનો અભાવ કરીને વિજ્ઞાનઘન થયા છે. માટે, 'અમારા દ્રવ્ય-ગુણ-પર્યાયને જે જાણે છે તે પોતાના આત્માને જાણે છે અને તેને ભવ હોતા નથી.'—એવી ભવના અભાવવાળી વાણી તેમની હોય છે. સર્વજ્ઞ ભગવંતે અજ્ઞાન અને રાગનો નાશ કર્યો છે. તેથી તેમની દિવ્યવાણી પણ તેવી જ હોય છે. ભવના છેદની વાત તેમની વાણીમાં હોય છે અને તે આગમ છે.'

આ વાત ઉપરથી વિક્રમ સંવત ૧૯૭૨માં થયેલી ચર્ચા યાદ કરીને જ્ઞાનપ્રભાવક ગુરુદેવશ્રી કહેતા : 'મેં ગુરુભાઈ મૂળચંદજીને ત્યારે કહેલું કે 'ભગવાને જોયું હશે તે દિ' ભવ ઘટશે'—એ વાત ક્યાંથી એટલે કે શું વાંચીને કે સાંભળીને બોલો છો? આ તમે શું કહો છો—બોલો છો—તેની તમને ખબર છે? આવી વાણી વીતરાગની કે આગમની હોઈ શકે નહીં. ભગવાન જ્યારે પૂર્ણ વીતરાગતા તથા સર્વજ્ઞપણાને સાધતા હતા ત્યારે પૂર્ણ થવાનો વિકલ્પ હતો અને તેનાથી વાણીને યોગ્ય પરમાણુ બંધાયા હતા. તેથી પૂર્ણતા થતાં જ્યારે વાણી છૂટે છે ત્યારે રાગ ને અલ્પજ્ઞતા ટળે અને પૂર્ણતા થાય એવો જ ઉપદેશ તેમાં હોય છે. તથા જે જીવ તે વીતરાગ વાણીને અંતરલક્ષે સાંભળે છે તે જીવ પણ વીતરાગ-સર્વજ્ઞ થયા વિના રહેતો જ નથી.'—આ શૈલીની વાત તે દિવસે અંદરથી આવી હતી.

વિક્રમ સંવત ૧૯૮૪નું ચોમાસુ રાણપુરમાં હતું. તે સમયના એક પ્રસંગની વાત કરતા ગુરુદેવશ્રી કહેતા : 'ઉપાશ્રય સામે એક ગરીબ માણસ ખાટલા ભરવાનું કામ કરતો હતો. બપોરના ખાવાનો સમય થતાં તેની સ્ત્રી અને બાળકો સૂકો રોટલો તેમ જ છાશ લઈને આવ્યા. બધા સાથે મળીને ખાવા બેઠા. તે માણસ સૂકો રોટલો અને છાશ

એવા રસથી ખાતો હતો કે જાણે ચક્રવર્તી ભોજન કરવા બેઠો ન હોય?' એવી રીતે અરેરે! આ અજ્ઞાની જીવ પણ મર્યાદિત વિષયોમાં અમર્યાદિત મમતા કરે જ છે ને!

અહીં જ વીરજીભાઈ વારિયા પ્રશ્ન કરે છે : 'આ જેટલા પ્રકૃતિના પરમાણુઓ છે એ તો સ્વતંત્ર જડની પર્યાય છે, પરંતુ આત્મામાં તેને નિમિત્ત થાય એવા પ્રકારો—એવો ભાવ—છે કે નહીં?' કાનજીસ્વામી સમાધાન કરાવે છે : 'હા, આત્મામાં છે ને! જેટલા પ્રકારે-પ્રમાણે જડકર્મ પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગરૂપે બંધાય છે તેટલા જ પ્રકારે—પ્રમાણે તેને નિમિત્ત એવો વિકૃતભાવ પોતાને લઈને જીવની પર્યાયમાં હોય છે. કારણ કે જીવના પરિણામ અને જડકર્મ વચ્ચે નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે ને! છતાં નિમિત્ત એવો વિભાવભાવ કાંઈ કરે નહીં.' આ પ્રકારની વાત વિક્રમ સંવત ૧૯૮૯માં ખસ ગામમાં પણ કરેલી કે નિમિત્ત કોઈપણ કાર્ય પરાણે કરાવે નહીં. હા, ઉપાદાન સ્વયં પરિણમે છે તો નિમિત્તની હાજરી હોય છે. અહા! તત્ત્વની સત્ય વાત સહજપણે અંદરથી આવતી હતી ને!

એવી જ રીતે બીજા કોઈ પ્રસંગે વીરજીભાઈ સાથે વાતચીત થતાં કહેલું : 'શાસ્ત્રમાં આવે છે કે અજ્ઞાની શાસ્ત્રની વાત ધારે છે તેમ જ પ્રરૂપણા પણ કરે છે. પરંતુ તેથી તે શાસ્ત્રની સત્ય વાતને જાણે છે એમ નથી. જુઓ! આ શું કહે છે? કે અજ્ઞાની સાચું-યથાર્થ જાણતો નથી, ભાવશ્રુતજ્ઞાની-સમ્યગ્જ્ઞાની જ સાચું જાણે છે.' તથા એકવાર ચર્ચા-વાર્તા વખતે એમ પણ કહેલું કે 'પર્યાયનું લક્ષ (ધ્યેય) દ્રવ્ય છે.' અહો! વર્ષો પહેલાં પણ સત્યનો આવિષ્કાર કેવો કરેલો!!

કાનજીસ્વામી સ્થાનકવાસી સાધુ હતા તો પણ વિક્રમ સંવત ૧૯૮૪માં વઢવાણમાં નારણભાઈ સાથે વાતચીતમાં કહેલું કે : 'પાતરા લેવાનો ભાવ મુનિને ન હોય અને સ્ત્રીનો મોક્ષ થાય એ વાત બેસતી નથી.'

કોઈ ન્યાયથી વિરુદ્ધ અસત્ય કહે—પછી ભલે તે બાહ્યમાં મોટી વ્યક્તિ હોય તોપણ—તે સ્વીકારી લેવું એ તેઓશ્રીની પ્રકૃતિ જ નથી. અને કોઈ નાની વ્યક્તિ પણ ન્યાયપૂર્ણ સત્ય કહે તો સ્વીકારવામાં જરાપણ ખચકાટ ન થાય એવા સરળ પણ તેઓશ્રી છે. વાત છે વિક્રમ સંવત ૧૯૮૫ની, વઢવાણ ગામની. લીંમડી સંપ્રદાયના

મોહનલાલજી નામના સાધુએ એક પુસ્તકમાં લખેલું : 'અભવિને મોહનીય કર્મની ૨૬ પ્રકૃતિ હોય અને જે મોક્ષ જવાનો છે તે ભવિને તેની ૨૭ પ્રકૃતિ હોય. મોહનલાલજીની દીક્ષા પર્યાયના ઘણા વર્ષો થયેલા અને કાનજીસ્વામીને દીક્ષા લીધે ૧૫ વર્ષ જ થયા હતા. છતાં કાનજીસ્વામીની પ્રતિષ્ઠા ઘણી હતી તેથી તેમની વાત બધા માનતા. કાનજીસ્વામી અતિ દૃઢતાથી કહે : 'ના, એમ નથી. ભવિ હો કે અભવિ, અનાદિથી જે સમકિત પામ્યો નથી તે મિથ્યાદૃષ્ટિને મોહનીય કર્મની ૨૬ જ પ્રકૃતિ હોય. પછી સમ્યગ્દર્શન થતાં દર્શનમોહનીયના ત્રણ ટુકડા થાય છે.' વાહ! વાત અધ્યાત્મની હો કે કરણાનુયોગની, સત્ય જ હોવી જોઈએ ને!

વિક્રમ સંવત ૧૯૮૬માં ભાવનગરમાં પ્રથમવાર દિગંબર સાધુને જોયેલા. તેમને જોઈને કહેલું : 'મુનિ જિનકલ્પી હો કે સ્થવિરકલ્પી, વસ્ત્રરહિત જ હોય છે.' અહો! સંપ્રદાયમાં હોવા છતાં સત્યને પોતે ગોતી કાઢ્યું હતું ને!

અહીં જ જેઠ મહિનામાં એક સાધુને કહ્યું : 'જ્ઞેયના સ્વ અને પર એવા ભેદ છે, પણ તેને જાણવાની શક્તિ તો જ્ઞાનની છે. આવે છે ને? કે સ્વ-પર પ્રકાશક સકતિ હમારી....'

રાજકોટના મોતીલાલજી—કે જેઓ પરમહંસ (વેદાંતી સાધુ) થયેલા તેમની—સાથે એકવાર ચર્ચા થયેલી. તેમને કહ્યું : 'વેદાંત એમ કહે છે કે આત્યાંતિક દુઃખથી મુક્ત થાવ. તો પછી દુઃખ છે એ વાત સિદ્ધ થાય છે ને? કેમ કે જો દુઃખ ન હોય તો આનંદ હોવો જોઈએ અને આનંદ નથી તો તેનો અર્થ એ થયો કે દુઃખ છે. તેમ જ જો દુઃખ છે તો તેમાં કોઈ બીજી ચીજ નિમિત્ત હોવી જોઈએ ને? કારણ કે દુઃખ એ સ્વભાવભાવ નથી. માટે તેમાં બીજી ચીજ નિમિત્ત છે અને તે કર્મ છે. આ રીતે, દુઃખ પણ સિદ્ધ થયું અને તેમાં નિમિત્ત એવી બીજી ચીજ—કર્મ પણ સિદ્ધ થયું. અદ્વૈતપણું રહ્યું નહીં.' તુરત જ મોતીલાલજી કહે : 'કાંઈક સાચું લાગે છે હોં.' ન્યાયથી વાત આવે તો સ્વીકારવી જ પડે ને!

કોઈએ એકવાર પ્રશ્ન કરેલો : 'તમારે ગીતા હોય?' નિઃશંકતાથી તુરત જ ઉત્તર આપેલો : 'હા, સમયસાર એ અમારી ગીતા છે, કેમ કે તેમાં આત્માના ગીત ગાયા છે, ગુણ ગાયા છે.'

સ્થાનકવાસી સાધુ શતાવધાની રતનચંદજીએ એક શબ્દકોષ બનાવેલો. તેમાં 'ચૈત્ય' શબ્દ આવતાં તેનો અર્થ 'પ્રતિમા' ન કર્યો. તેમને આ અંગે પૂછ્યું : 'આમ કેમ કર્યું છે?' ઉત્તર મળેલો : 'ચૈત્યનો અર્થ પ્રતિમા થાય છે ખરો, પરંતુ હું શું કરું? હું શેમાં છું?' અહો! સંપ્રદાયની દૃષ્ટિ છોડવી–તેમાંથી બહાર નીકળવું–ભારે પુરુષાર્થ માગે છે.

કાનજીસ્વામી પાસે ઘણા લોકો–અરે! શ્વેતામ્બરના ગૃહસ્થો પણ–આવીને કહે કે 'મહારાજ! કાંઈક આજ્ઞા કરો.' અર્થાત્ પાંચ-પચીસ હજાર રૂપિયા ખર્ચવાનું કહો. રાણપુરમાં કરોડપતિ એવા નાગરભાઈ પુરુષોત્તમના ભાઈ ઉજમશીભાઈ આવું કહે છે ત્યારે તેમને કહેલું : 'ભાઈ! અમે કોઈને કહેતા નથી કે આ લાવો અને પૈસા ખર્ચો. એ અમારું કામ નહીં.' વાહ! શું નિસ્પૃહતા! ઉપેક્ષા!!

પરિવર્તન પહેલાંની વાત છે. વિક્રમ સંવત ૧૯૯૦ના પોષ મહિનામાં બોટાદમાં હતા ત્યારે પ્રવચનમાં કહેલું : 'સોનાની કટકી ઘણા રજકણોની બનેલી છે, તે એક વસ્તુ નથી.' આ સાંભળી એક શ્રાવક કહે : 'મહારાજ! આત્મા કેટલા રજકણોનો બનેલો છે?' જુઓ તો ખરા! સંપ્રદાયના શ્રાવકોનું અજ્ઞાન! વળી બીજા શ્રાવક કહે :'ભગવાન લોકાલોકનું નાટક જુએ છે તેથી તેમને ઘણો આનંદ છે, જ્યારે અમે એક-બે નાટક જોઈએ છીએ તેથી થોડો આનંદ છે.' અરેરે! જૈન થઈને પણ આવી મૂર્ખતા!?

વિક્રમ સંવત ૧૯૯૧, ફાગણ મહિનો, ઉમરાળા. પરિવર્તન માટે સોનગઢ આવ્યા પહેલાં અહીં ભાવનગરના પુરુષોત્તમભાઈ કામદારે (દાસભાઈએ) પૂછેલું : 'વેદ્યવેદકભાવ એકસાથે કેમ ન હોય?' સમાધાન : 'ભાઈ! જ્યારે વેદવાનો ભાવ છે ત્યારે વેદાવાયોગ્ય ભાવ કે સામગ્રી નથી અને જ્યારે ભાવ કે સામગ્રી આવે છે ત્યારે પહેલાંનો વેદકભાવ હોતો નથી. આ રીતે નાશવાન એવા વેદકભાવ અને વેદ્યભાવનો સંબંધ બનતો નથી. માટે જ્ઞાની કાંઈપણ ઈચ્છતા નથી.' અહો! વૈરાગ્યવંત જ્ઞાનીને કોની ઈચ્છા હોય?

જેઓશ્રીનું સમગ્ર જીવન અને ઉપદેશ અધ્યાત્મતત્ત્વથી તરબોળ તથા ઓતપ્રોત છે એવા અધ્યાત્મમૂર્તિ જ્ઞાનાવતારી ગુરુદેવ જે ધારાને પૂર્વભવમાં અંતરંગ રુચિમાં સંગ્રહિત કરીને અહીં લાવેલા તેમ જ આ ભવમાં જેને ઘૂંટી રહ્યા છે તે વીતરાગ

તીર્થંકરદેવના વચનોની ધારાથી ભક્તો તો ન્યાલ થાય જ છે, સાથે સાથે તેઓશ્રીનાં નિરંતર વૃદ્ધિ પામતા નિર્મળ ભાવશ્રુતજ્ઞાન ભંડારમાંથી સહજ ઉછળતા અમોઘ, અબાધિત સિદ્ધાંત-ન્યાયો સાંભળી, અધ્યાત્મના પ્રબળ આંદોલનથી પ્રભાવિત થઈ, અનેક જૈનેતર સુપાત્ર જીવો પણ શ્રદ્ધા પરિવર્તન કરી તેઓશ્રીનાં ભક્ત-સેવક બને છે. ખરેખર આત્મ-ઉપાસનાનો અધ્યાત્મપંથ બતાવી તેઓશ્રી વિશ્વભરમાં અનેક જીવોને જગાડી રહ્યા છે.

શ્રી ભાગચંદજી કૃત 'સત્તાસ્વરૂપ' ઉપર શ્રાવણ વદ ૧૩થી ભાદરવા સુદ ૫ એમ આઠ દિવસ પ્રવચનો થાય છે, જે કાળાંતરે 'મુક્તિનો માર્ગ' એ નામથી પુસ્તકરૂપે પ્રકાશિત થાય છે.

આસો વદ છઠ્ઠે મોક્ષમાર્ગપ્રકાશક ઉપરના પ્રવચનોનો પ્રારંભ થાય છે.

આ પ્રમાણે જે વર્ષમાં 'આત્મધર્મ'નો પ્રારંભ થયો તેમ જ પરિવર્તન કર્યાનું દસમું વર્ષ શરૂ થયું તે વિક્રમ સંવત ૨૦૦૦ નું વર્ષ પૂર્ણ થાય છે.

જ્ઞાનસાગર ગુરુદેવના કૃપામય ઉપકારને પરમભક્તિથી વારંવાર નમસ્કાર.



## ❀ વિક્રમ સંવત ૨૦૦૧ (ઈસ્વી સન્ ૧૯૪૪-૪૫) ❀

તારીખ ૨૨-૧૧-૪૪ના રોજ ચર્ચા સમયે જ્ઞાનાનંદ વિહારી ગુરુદેવ ફરમાવે છે :

(૧) બસ! આ અનેકાંત જૈનદર્શનની ચાવી છે.

(૨) દ્રવ્ય, ગુણ અને પર્યાય સ્વતંત્ર સિદ્ધ છે.

(૩) શ્રદ્ધાની પર્યાયનો પણ આશ્રય શ્રદ્ધાને નથી. શ્રદ્ધા—સમ્યગ્દર્શનનો વિષય અખંડ ધ્રુવ આત્મા છે.

(૪) દ્રવ્યસ્વભાવમાં ભવ નહીં હોવાથી તેની દૃષ્ટિમાં પણ ભવનો અભાવ જ છે. દ્રવ્યદૃષ્ટિ ભવને સ્વીકારતી નથી. અને

(૫) ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધામાં દ્રવ્યની શ્રદ્ધા થઈ જાય છે.' વાહ! શું તત્ત્વનું પ્રતિપાદન!!

હજારો જીવો શાસ્ત્રો-પ્રવચનોનો અભ્યાસ કરી શકે તે માટે 'ભગવાનશ્રી કુંદકુંદ-કહાન જૈન શાસ્ત્રમાળા' શરૂ કરવામાં આવે છે. ભગવાનશ્રી કુંદકુંદ-કહાન જૈન શાસ્ત્રમાળા એટલે કુંદકુંદભગવંતના અંતર અનુભવમાંથી ઝરેલાં મોતીઓની કહાનગુરુએ ગુંથેલી માળા. આ શાસ્ત્રમાળાના પહેલા મણકારૂપે આજે—ફાગણ સુદ બીજે—'સમયસાર પ્રવચન ભાગ-૧' પ્રસિદ્ધ થાય છે, કે જેમાં સંવત ૧૯૯૯માં રાજકોટમાં સમયસારજી ઉપર થયેલા પ્રવચનો છપાયેલા છે.

જન્મ-મરણના ફેરા મટાડે એવી હિતકારી વાણી વરસાવનાર ગુરુદેવશ્રીનાં જીવનનાં 'વન'ના વર્ષો ચાલી રહ્યાં છે. તેમાં આ વર્ષની ૫૬મી જન્મજયંતી પ્રસંગે 'આત્મધર્મ'ની હિન્દી આવૃત્તિ શરૂ કરવામાં આવે છે.

ગુરુવર કહાનની પવિત્ર, ઉત્તમ છત્રછાયા-નિશ્રાથી સુવર્ણધામનું વાતાવરણ અધ્યાત્મજ્ઞાન-વૈરાગ્ય-ભક્તિની સુગંધથી નિરંતર મહેકી રહ્યું છે. અરે! તેઓશ્રી તો સુવર્ણપુરીમાં છેલ્લા દશ વર્ષથી અમૃત વરસાવતા મહામેઘની જેમ તત્ત્વજ્ઞાનામૃતની ધોધમાર વર્ષા વરસાવી રહ્યા છે. સૌભાગ્યશાળી હજારો જૈનો અને જૈનેતરો પણ એ

વર્ષામાં સ્નાન કરી ભવાતાપનો નાશ કરે છે. અહો! અધ્યાત્મથી અજાણ જૈનેતરો પણ એ પ્રભાવશાળી આત્મહિતકારી ઉપદેશ સાંભળી દંગ રહી જાય છે. અધ્યાત્મક્રાંતિવીર ગુરુકહાન સિંહનાદ સમાન જોરદાર વાણી વડે સૌરાષ્ટ્રના ગામેગામના બાળક-યુવાન-વૃદ્ધોમાં આત્મમંથનનું પ્રબળ આંદોલન ફેલાવે છે અને આ મોંઘેરા માનવભવમાં જો દેહાદિથી ભિન્ન નિજ પરમાત્મતત્ત્વને જાણ્યું-અનુભવ્યું નહીં તો આ ભવ નિષ્ફળ છે એમ દાંડી પીટીને જગજાહેર કરે છે. તેઓશ્રી થકી જૈનધર્મની અદ્‌ભુત પ્રભાવના અને અધ્યાત્મજ્ઞાનનો ઘણો પ્રચાર થઈ રહ્યા છે.

જ્ઞાનપોષક સુમેઘ ગુરુરાજ હજુસુધી સૌરાષ્ટ્રની બહાર વિચર્યા નથી. છતાં પણ ભારતભરમાં ધર્મધ્વજા ફરકાવી શકે એવું સામર્થ્ય તેઓશ્રીમાં દેખાય છે. અનુપમ આત્મિક વીર્યધારક પવિત્રાત્મા ગુરુવર કહાન સૌરાષ્ટ્રની જ નહીં, ભારતની વિભૂતિ છે. તેઓશ્રી અનેક ચૈતન્યગુણોથી શોભાયમાન છે. તેઓશ્રી તીક્ષ્ણ-સૂક્ષ્મ બુદ્ધિ વડે તત્ત્વના ઊંડાણ સુધી પહોંચી જાય છે અને સ્મરણ શક્તિ તો એવી છે કે વર્ષો પહેલાંની વાત તિથિ-વાર સહિત યાદ છે. અસત્યની સામે વજ્રથી પણ કઠોર-અણનમ હોવા છતાં સત્યની સામે કુસુમવત્ કોમળ પણ છે, સહેજે નમી જાય છે. આ એક અધ્યાત્મમસ્ત આત્માનુભવી યુગપુરુષના રગેરગમાં આત્મ-અસ્તિની મસ્તી વ્યાપી ગઈ છે. તેઓશ્રીનાં શબ્દેશબ્દમાં અનુભૂતિ ઝરે છે ને શ્વાસે-શ્વાસે વીતરાગતાના રણકાર ઉઠે છે. આવા ગુરુદેવ ભક્તોના અદ્વિતીય રત્ન છે અને તેઓશ્રીથી જિનશાસન ગૌરવવંત છે.

ગુણરત્નભંડાર ગુરુદેવશ્રીનાં પ્રત્યક્ષ પરિચયમાં આવનાર કોઈપણ વ્યક્તિ ઉપર તેઓશ્રીનાં પ્રતિભાવંત વ્યક્તિત્વનો પ્રભાવ પડ્યા વિના રહેતો જ નથી. અરે! ‘આત્મધર્મ’ દ્વારા તેઓશ્રીની પરોક્ષ ખ્યાતિ સાંભળીને દર્શન કરવા, પ્રત્યક્ષ પરિચય મેળવવા અને ભવતાપવિનાશીની વાણી સાંભળવા દિગંબર જૈન સમાજના શ્રેષ્ઠી ઈંદોરના સર શ્રી હુકમચંદજી શેઠ સોનગઢ આવવાનું નક્કી કરે છે.

આ અરસા દરમ્યાન જસાણી પરિવાર તરફથી શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ રચિત પરમાગમ શ્રી સમયસારજીની મૂળ ગાથાઓને ચાંદીના ૩૧ પત્રોમાં કોતરાવવામાં આવે છે. આ પત્રોને ‘સ્વાધ્યાય મંદિર’ના સમયસારજીના ગોખલામાં બિરાજમાન

કરવાનો ત્રણ દિવસનો ઉત્સવ વૈશાખ વદ ૬થી આઠમ સુધી ઉજવવાનું નક્કી કરવામાં આવે છે. શ્રી હુકમચંદજી શેઠ આ ઉત્સવમાં ભાગ લેવા પરિવાર તેમ જ પંડિત જીવનધરજી, પંડિત નાથુલાલજી સહિત સૌ પ્રથમવાર તારીખ ૧-૬-૪૫ના રોજ સોનગઢ આવે છે. એક હજાર મુમુક્ષુઓનો સમુદાય પણ આ પ્રસંગે ઉમટે છે.

વૈશાખ વદ ૬ને દિવસે અર્થાત્ પ્રથમ દિવસે પ્રથમ વ્યાખ્યાન સાંભળતા જ હુકમચંદજી બોલી ઉઠે છે : 'શ્રી કુંદકુંદાચાર્ય ભગવાનને શાસ્ત્રોમેં સબ કહા હૈ, કિંતુ ઉસકા રહસ્ય સમજાનેકે લિયે આપકા જન્મ હૈ.' ખરેખર! આ મહાન આત્મતત્ત્વવેત્તા સત્પુરુષનો જન્મ શુદ્ધનય અને તેના વિષયભૂત ત્રિકાળી શુદ્ધાત્માનું સ્વરૂપ બતાવવા જ થયો છે.

બીજે દિવસે 'મોક્ષમાર્ગપ્રકાશક' ઉપરના પ્રવચનમાં નિશ્ચય-વ્યવહારની સંધિપૂર્વકની વાત આવતાં શેઠ ઉત્સાહથી કહે છે : 'મહારાજ! કોઈ લોગ તો કહતે થે કિ આપ વ્યવહારકા લોપ કરતે હો. લેકિન મૈં સમજતા હૂં કિ આપ તો નિશ્ચય-વ્યવહારકા સચ્ચા જ્ઞાન દિખલાતે હો.' વ્યાખ્યાનમાં પુરુષાર્થ સંબંધી જોરદાર વાત આવે છે ત્યારે તેઓ ઉલ્લાસથી ઉછળી જઈ કહે છે : 'મહારાજ! પુરુષાર્થસે હી મુક્તિ હોતી હૈ. હમારે મહા પુણ્યસે હી આપકા જન્મ હુઆ હૈ.'

શેઠે હજુ તો ગુરુદેવશ્રીનાં ત્રણ પ્રવચનો જ સાંભળ્યા છે, છતાં તેનાથી પ્રભાવિત થઈ રૂપિયા ૨૫,૦૦૦/-નું દાન પ્રમોદપૂર્વક જાહેર કરે છે અને કહે છે : 'યદિ યહ અધ્યાત્મજ્ઞાનકે લિયે મેરા સબ કુછ અર્પણ કિયા જાય તો ભી કમ હૈ.'

શ્રી હુકમચંદજી સાથે આવેલા પંડિત જીવનધરજી સાથે તત્ત્વચર્ચા પણ થાય છે. તેઓ કહે : 'સિદ્ધ ભગવાન સિદ્ધશીલાથી ઉપર જતા નથી, કારણ કે તેની આગળ ધર્માસ્તિકાય નથી. માટે તેઓ એટલા પરાધીન છે.' તેમનું એમ કહેવું હતું કે આ અનેકાંત માર્ગ છે, તેથી સિદ્ધ ભગવાન કથંચિત્ સ્વતંત્ર છે અને કથંચિત્ પરાધીન છે. તેમને પ્રેમથી સમજાવતા કરુણામૂર્તિ ગુરુદેવ કહે : 'સિદ્ધ ભગવાન સર્વથા સ્વતંત્ર છે અને જરાય પરાધીન નથી.—આ અનેકાંત છે. તેઓની યોગ્યતા જ લોકાગ્ર સુધી જવાની છે, તેથી તેઓ આગળ જતા નથી. હા, ધર્માસ્તિકાયને સિદ્ધ કરવું હોય ત્યારે એમ

કહેવાય કે ધર્માસ્તિકાય આગળ નથી તેથી સિદ્ધ આગળ જતા નથી.' પ્રશ્ન થાય છે : 'આપનું એકાંત છે.' અપૂર્વ દૃઢતાથી ઉત્તર મળે છે : 'યાદ રાખજો! તમારે ફરવું પડશે, અમારે નહીં. આ કાંઈ 'છજાના છોડ' નથી કે સુકાઈ જાય. સત્ય જોઈતું હોય તો દુનિયાને ફરવું પડશે.'

બીજી વાર ઉપાદાન-નિમિત્તની ચર્ચા સમયે પંડિત જીવનધરજી કહે : 'વિકારી કાર્ય થવામાં કર્મના-નિમિત્તના ૫૦% છે અને જીવના-ઉપાદાનના ૫૦% છે.' સકળ ભાવોની સ્વતંત્રતાનો શંખ ફૂંકનાર ગુરુરાજ કહે : 'સોએ સો ટકા અજ્ઞાનીના ઉલ્ટા પુરુષાર્થથી—ઉપાદાનથી વિકાર થાય છે. તેમાં કર્મનો કે નિમિત્તનો એકેય ટકો છે નહીં. ઉપાદાનના સોએ સો ટકા ઉપાદાનમાં છે અને નિમિત્તના સોએ સો ટકા નિમિત્તમાં છે.' આ ચર્ચા સાંભળી હુકમચંદજી પંડિત જીવનધરજીને કહે : 'આ વાત અર્થાત્ કાર્ય ઉપાદાનથી થાય કે નિમિત્તથી થાય એ વાત અહીં છંછેડવી નહીં.' નિઃશંકતાના સ્વામી ગુરુદેવ કહે : 'શેઠ! આ વાત કેમ ન છંછેડવી? પંડિતોમાં, શેઠિયાઓમાં—બધામાં આ વાત છંછેડવી.' શેઠ હોંશથી કહે : 'અંતઃકરણથી હું કહું છું કે આપની વાત જ સાચી છે. આપની વાત પહેલાં 'આત્મધર્મ'માં તો વાંચી હતી, પણ જ્યારથી અહીં સભામાં આપની વાત સાંભળી છે ત્યારથી મને નિશ્ચય થઈ ગયો છે કે આપ કહો છો તે સત્ય ને અપૂર્વ જ છે.'

પ્રવચનમાં સમયસારના પુણ્ય-પાપ અધિકારની ગાથા-૧૬૦ ચાલે છે. પંડિત બંસીધરજી કહે : 'જુઓ, આત્મા સર્વજ્ઞાની-દર્શી તો છે, પણ કર્મરજથી ઢંકાયેલ હોવાથી બધાને જાણતો નથી.' સમયસારજ્ઞાતા ગુરુદેવ કહે : 'ભાઈ! તમે કહો છો એવો તેનો અર્થ નથી. અંદર ટીકામાં જુઓ તો ખરા! આત્મા પોતાના અપરાધથી ઢંકાયેલ છે એમ તેમાં કહ્યું છે. જીવ પોતાના ઉલ્ટા પુરુષાર્થથી ભાવકર્મરૂપી મેલથી લેપાયેલો હોવાથી સર્વને જાણતો-દેખતો નથી.' શું થાય? આ વાત અત્યારે હિન્દુસ્તાનમાં ચાલતી નથી એટલે જીવો શું કરે? તેમ જ 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ'.....એ વાત યાદ છે ને!

ત્રીજે દિવસે વૈશાખ વદ આઠમે, 'સ્વાધ્યાય મંદિર'ના ઉદ્‌ઘાટનના વાર્ષિક મંગલ

દિવસે શ્રી હુકમચંદજી શેઠના હસ્તે સમયસારજીની ગાથાઓ કોતરેલ ચાંદીના પત્રોને સમયસારજીના ગોખલામાં બિરાજમાન કરવામાં આવે છે. પોતાની ભાવના વ્યક્ત કરતા તેઓ કહે છે : ‘મહારાજજીકા યહ અદ્ભુત તત્ત્વજ્ઞાનકા પ્રચાર પૂરી દુનિયામેં ઔર સભી ભાષામેં હો ઐસી હમારી ભાવના હૈ.’ આજના મંગલ દિને ‘સમયસાર પ્રવચન ભાગ—૩’ પ્રકાશિત થાય છે.

તેઓ સોનગઢમાં ત્રણ દિવસ રોકાય છે તે દરમ્યાન અહીંનું અધ્યાત્મમય વાતાવરણ જોઈને તેમ જ ગુરુવરની જ્ઞાનગંગામય પવિત્ર વાણી સાંભળીને પ્રસન્ન થાય છે. આ પ્રસંગ પછી તો અનેક દિગંબર જૈનો, ત્યાગીઓ, પંડિતો સોનગઢ આવવા લાગે છે. જેમ જેમ પ્રભાવનાપ્રવાહ વધતો જાય છે તેમ તેમ નવા નવા અનેક જિજ્ઞાસુઓ પણ સોનગઢ તરફ આકર્ષાય છે. તેથી ઉત્સવ પ્રસંગોએ ‘સ્વાધ્યાય મંદિર’ ટૂંકું પડવા માંડે છે. આ કારણે ‘સ્વાધ્યાય મંદિર’ કરતાં ચાર ગણો મોટો, ૨૫૦૦ શ્રોતાઓ બેસી શકે એવડો, ૫૦’ × ૧૦૦’નો ‘પ્રવચન હોલ’ બાંધવાનું નક્કી કરવામાં આવે છે.

આ વર્ષે પણ ઉનાળાના વેકેશનમાં બાળકો-યુવાનો માટે શિક્ષણવર્ગ રાખવામાં આવે છે, જેમાં ૧૫૦ વિદ્યાર્થીઓ ભાગ લે છે. તેમને શ્રી જૈન સિદ્ધાંત પ્રવેશિકા, છઢાળા તથા આત્મસિદ્ધિ શાસ્ત્ર શીખવવામાં આવે છે અને અંતે પરીક્ષા પણ લેવામાં આવે છે.

જેઠ સુદ ૫ શ્રુતપંચમીના પવિત્ર દિને જ્ઞાનની સ્વાધીનતા અને અંશમાં પૂર્ણની પ્રત્યક્ષતા જાહેર કરતું જયધવલા ઉપરનું પ્રવચન થાય છે, જે પાછળથી ‘વસ્તુવિજ્ઞાનસાર’માં છપાય છે.

શ્રાવણ વદ ૧૩થી ભૈયા ભગવતીદાસજી કૃત ‘ઉપાદાન-નિમિત્ત સંવાદ’ ઉપરના અદ્ભુત પ્રવચનો શરૂ થાય છે, જે કાળક્રમે ‘મૂળમાં ભૂલ’ એ નામથી પુસ્તકરૂપે પ્રસિદ્ધ થાય છે.

જિનપ્રવચનરહસ્ય ઉદ્ઘાટક ગુરુદેવશ્રીની નિર્મલ ભાવશ્રુતજ્ઞાનગંગામાં નિરંતર ઉછળતા નવા નવા અધ્યાત્મન્યાયતરંગોથી....જેવા કે સ્વભાવ-વિભાવની ભિન્નતા,

નિશ્ચય-વ્યવહારની સંધિ, ઉપાદાન-નિમિત્તનો સુયોગ વગેરે જિનસિદ્ધાંતોની છોળોથી હજારો પાત્ર જીવો પવિત્ર બને છે. ગુરુરાજ ફરમાવે છે : 'નિયતવાદનું નિરાકરણ કરનાર પુરુષાર્થવાદ છે, શુભભાવથી સુખ ન થાય અને સર્વજ્ઞને માને તેને ભવ ન હોય.'—આવી મંગલ વાણીથી સુવર્ણપુરીમાં દિનરાત તત્ત્વજ્ઞાનનું આનંદકારી વાતાવરણ વર્તી રહ્યું છે.

આસો સુદ એકમ. જેનું ગુજરાતી ભાષાંતર તૈયાર થઈ રહ્યું છે તે શ્રી પ્રવચનસાર પરમાગમ ઉપર પ્રવચન શરૂ થાય છે અને ભાષાંતર થયેલ ૧૧૬ ગાથા સુધી પ્રવચનો થાય છે.

આ વર્ષના અંતિમ દિવસે દિપાવલીના પ્રવચનમાં વિશિષ્ટ વાત આવે છે. સ્વયં ગુરુકહાન કહે છે : 'ધ્યાન રાખજો! આજનું ઘૂંટણ જુદી જ જાતનું આવે છે. આજે વિષય સારો આવી ગયો છે. અંદરનું ઘૂંટણ બહાર આવે છે. આજે તો અપૂર્વ ભાવો આવ્યા છે. આવી સરસ વાત કોઈ વખતે થઈ નથી.'

દિવ્યજ્ઞાનમૂર્તિ ભારતના ભગવાન પરમ કૃપાળુ  ગુરુદેવનાં ચરણકમળમાં પરમ ભક્તિથી નમસ્કાર.......



## ❀ વિક્રમ સંવત ૨૦૦૨ (ઈસ્વી સન્ ૧૯૪૫-૪૬) ❀

અધ્યાત્મક્રાંતિના સૂત્રધાર કહાન ગુરુદેવના નેતૃત્વ નીચે આનંદકારી મોક્ષની વણઝાર ચાલી રહી છે. દરરોજ તેમાં નવા નવા જિજ્ઞાસુઓ જોડાતા જાય છે. ગુરુરાજ પણ નિત્ય અનુપમ ન્યાયો વડે માર્ગની અલૌકિક પ્રભાવના કરી રહ્યા છે. તેઓશ્રી કહે છે :

(૧) સર્વજ્ઞ ભગવાન કહે છે કે હું અને તું સરખા છીએ. બોલ! આ વાત તને બેસે છે? તું આ વાતને સ્વીકારે છે? જો હા, તો મોક્ષમાં ચાલ્યો આવ.

(૨) જે આત્માને ભગવાન માને તે ભગવાન થાય.

(૩) દર્શનશુદ્ધિથી જ આત્મસિદ્ધિ. —આ જૈનધર્મનો મુદ્રાલેખ છે.

(૪) અનંતા જ્ઞાનીઓ કહે છે કે તું પ્રભુ છો. તો હવે પ્રભુ! તારા પ્રભુત્વની એકવાર હા તો પાડ!

(૫) ધ્રુવતત્ત્વની ખોજ તે સત્પુરુષાર્થ છે.

(૬) સ્વરૂપનું અજાણપણું અને પરવસ્તુમાં સુખબુદ્ધિ એ મહાન અપરાધ છે.

(૭) સૂર્યોદય, સૂર્યાસ્ત થવા માટે છે; તેમ સંયોગ, વિયોગ થવા માટે છે; કાયમ રહેવા માટે નહીં.

(૮) મૃગજળમાં પાણી જેવું દેખાય છે, પણ હોય નહીં. તેવી રીતે પુણ્યભાવમાં સુખ-શાંતિ જેવું દેખાય છે, પણ હોય નહીં.

(૯) અરે ભાઈ! તને દુઃખ ટાળવાની વાત સાંભળવા મળી અને તે સંભળાવનારા સંતો મળ્યા તોપણ ચહેરા ઉપર પ્રસન્નતા નથી!!!

(૧૦) તારી હયાતીથી તો બીજાની હયાતી જણાય છે. તો પછી તારો મહિમા છે કે બીજાનો?

(૧૧) જે સ્વરૂપમાં વિહરતો નથી તેને સુખનો વિરહ છે.

(૧૨) સંસારનો સંકેલો કરી મોક્ષનો વિસ્તાર કરવાનું આ ટાણું છે.

(૧૩) મિથ્યાત્વ સૌથી મોટામાં મોટું પાપ છે,
તીર્થંકર નામકર્મ સૌથી મોટામાં મોટું પુણ્ય છે અને
સમ્યગ્દર્શન સૌથી પહેલામાં પહેલો ધર્મ છે.

(૧૪) પર્યાયમાં ક્રમમાં ફેરફાર કરવા કોઈ સમર્થ નથી.

(૧૫) અધ્યાત્મ તો અનેકાંત બતાવ્યા પછી જીવને સમ્યક્ એકાંત સ્વભાવમાં ઢાળે છે.—આ જ તેનું પ્રયોજન છે.

(૧૬) અરે ચૈતન્ય! જાગ રે જાગ. આ સમયસારના દૈવી મંત્રો તારા શુદ્ધાત્મસ્વરૂપને દર્શાવી અનાદિથી ચડેલાં મિથ્યાત્વના ઝેરને ઉતારી નાખે છે.

જે વિશાળ હોલ બાંધવાનો નિર્ણય ગયા વર્ષે લેવામાં આવ્યો હતો તે 'ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ'નો શિલાન્યાસ માગસર સુદ ૧૦ને તારીખ ૧૪-૧૨-૪૫ના રોજ રાખવામાં આવે છે. આ શિલાન્યાસ કરવા માટે ગયા વર્ષની જેમ ફરીથી ઇંદોરથી સર શ્રી હુકમચંદજી શેઠ, પંડિત બંસીધરજી, પંડિત જીવનધરજી તેમ જ પંડિત નાથુલાલજીને સાથે લઈને ત્રણ દિવસ માટે માગસર સુદ ૯ના દિવસે સોનગઢ આવે છે.

પ્રવચનસારજી ઉપરના પ્રવચનમાં પ્રવચનના સારને સમજાવતા ગુરુદેવ ફરમાવે છે : 'શુભરાગમાં પુણ્ય  છે, પણ ધર્મ નથી.' આ સાંભળી હુકમચંદજી શેઠ કહે : 'પુણ્યસે ધર્મ નહીં હોતા ઐસા કહકર આપ પુણ્યસે જીવોંકો છુડાતે નહીં, લેકિન ધર્મ ઔર પુણ્યકા સચ્ચા સ્વરૂપ દિખલાતે હોં.'

શેઠ સાથે આવેલા પંડિત બંસીધરજી સાથે ચર્ચા દરમ્યાન ઉપકારી ગુરુરાજ શાસ્ત્ર આધાર આપી કહે છે : 'જુઓ! શુભરાગ ધૂર્ત અભિસારિકા સમાન છે એમ પ્રવચનસાર શાસ્ત્રની ગાથા ૭૯માં કહ્યું છે.' આ જાણી શુભરાગનો પક્ષ હવે તો છોડવો જ રહ્યો.

એકવાર ચર્ચા દરમ્યાન પ્રશ્ન ઉઠે છે : 'પ્રથમ શું કરવું?' ગુરુવર સમાધાન

કરાવતાં કહે છે : 'આત્મા અને બંધને પ્રથમ તો તેમનાં નિયત સ્વલક્ષણોના વિજ્ઞાનથી સર્વથા જ છેદવા અર્થાત્ ભિન્ન કરવા. જુઓ, સમયસાર ગાથા ૨૯૫.' આગમ સાક્ષીપૂર્વકના ઉત્તરથી પંડિતો પણ આશ્ચર્ય પામે છે.

અન્ય પ્રસંગે એક શેઠ કહે : 'પરજીવ સુખી-દુઃખી થાય છે તો તેના પોતાનાથી, પણ આપણે તેમને  સુખી કરવા પ્રયત્ન તો કરવો પડે ને?' જિનસિદ્ધાંતનું રહસ્ય ખોલતા ગુરુદેવ કહે : 'ભાઈ! આ આત્મા પરનું કાંઈ કરી શકતો જ નથી. તેથી તેને સુખી કરવાનો પ્રયત્ન કરવો કે ન કરવો એ પ્રશ્ન જ રહેતો નથી. હા, આ આત્મા કાં રાગ અને કાં દ્વેષ એવા પોતાના ભાવને કરે છે.' આ સાંભળી પરના કર્તૃત્વનું અભિમાન રાખવું છે કે છોડવું છે?

બીજે દિવસે માગસર સુદ ૧૦ના રોજ ખાતમુહૂર્ત પહેલાં ગુરુદેવશ્રી માંગલિક કરતા કહે છે : 'આ કુંદકુંદ પ્રવચન મંડપનું મુહૂર્ત એટલે કુંદકુંદ ભગવાનના કહેલા શાસ્ત્રના પ્રવચનને જે સમજે તેની મુક્તિ જ થાય અને એ મુક્તિ માંડવાનું આજે મંગળ મુહૂર્ત છે. હજારો મુમુક્ષુઓ હવે તો તૈયાર થઈ ગયા છે.' આવા મંગલ આશિષપૂર્વકના માંગલિક બાદ મુમુક્ષુઓના જયજયકાર ધ્વનિ વચ્ચે શિલાન્યાસ વિધિ થાય છે. ત્યાર પછી તુરત જ સ્વાધ્યાયમંદિરમાં ગુરુદેવશ્રીનું વ્યાખ્યાન થાય છે.

આજના પ્રવચનમાં તેઓશ્રીનાં અંતર આત્મામાં સંગ્રહાયેલી શ્રી સીમંધરપ્રભુ અને શ્રી કુંદકુંદાચાર્ય પ્રત્યેની ભક્તિ ઉછળી-ઉછળીને બહાર આવે છે. તેમ જ જાણે કે પોતાની દશાનું વર્ણન કરતા હોય એ રીતે સાધકભાવનો ભાવભીનો ચિતાર આપે છે. ચાલો, આપણે પણ તે જ્ઞાનભક્તિગંગામાં સ્નાન કરીએ : 'સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા સીમંધરદેવ પાસે કુંદકુંદભગવાન ગયા હતા, ત્યાં આઠ દિવસ રહ્યા હતા અને સાક્ષાત્  દિવ્યધ્વનિ સાંભળી અંતરથી વિશેષ સ્થિરતા કરી હતી. તેઓશ્રીએ જે શાસ્ત્રો રચ્યાં છે તેમાં અપૂર્વ અપ્રતિહતભાવો ઉતાર્યા છે. આ ભાવોની જે જીવ પ્રતીતિ કરે છે તે પોતાની મોક્ષ પરિણતિને લેતાં લેતાં વચ્ચે સીમંધરપરમાત્માનું સ્મરણ કરે છે કે હે પરમાત્મા! આપ પૂર્ણ પરિણતિ પામ્યા છો. આપને સાથે રાખીને અમે પણ સાધકપણામાંથી પૂર્ણ થવાના છીએ, વચ્ચે વિઘ્ન આવવાનું નથી. જે ભાવે સાધકદશામાં

ઉપડ્યા છીએ તે જ ભાવે પુરું કરવાના છીએ, તેમાં ફેર નથી....નથી....નથી.... ૐકાર ધ્વનિમાંથી કુંદકુંદભગવાન વસ્તુનો સ્વભાવ લઈને આવ્યા હતા અને તેની જ કાંઈક પ્રસાદી અહીં ભવ્ય મુમુક્ષુઓને પીરસાય છે. આ તો હજુ બીજડાં રોપાણા છે. આ બીજડાંમાંથી જ કેવળજ્ઞાનના પાક પાકવાના છે. સ્વભાવનો ભરોસો થવો તે જ મહા માંગલિક છે'....વાહ! શું સ્વભાવદૃષ્ટિનું નિઃશંક-અપ્રતિહત જોર!! ધન્ય છે તે રત્નત્રય પરિણતિને! ધન્ય છે તે સાધકને કે જે પૂર્ણતાના કોલકરાર કરે છે!! આજે 'નિયમસાર પ્રવચન ભાગ–૧' પુસ્તકનું પ્રકાશન પણ થાય છે.

માગસર સુદ ૧૧ના દિવસે પ્રવચનમાં એવી વાત આવે છે કે જે ભાવે તીર્થંકરપ્રકૃતિ બંધાય તે ભાવે પણ મોક્ષ ન પમાય. તે ભાવને પણ સ્વભાવના જોરે છેદતાં મોક્ષ પમાય છે. આ વાત સાંભળતા જ હુકમચંદજી શેઠ ઉલ્લાસથી કહે છે : 'અહો! સમ્યગ્દૃષ્ટિકે અલાવા કૌન યહ બાત સમજા શકતા હૈ? આપકે પાસ તો મોક્ષ જાનેકા સીધા રાસ્તા હૈ.' પછી પોતાની ભાવના વ્યક્ત કરતા કહે છે : 'મૈં મહારાજજીકે ઉપદેશકા લાભ અનેક બાર જરૂર ઉઠાઉંગા ઔર મેરી તો ભાવના હૈ કિ મેરા સમાધિમરણ મહારાજજીકે સમીપમેં હો.'

બીજે દિવસે કાર્તિકેયાનુપ્રેક્ષા ગાથા ૩૨૧-૨૨-૨૩ ઉપરના પ્રવચનમાં લુપ્તપ્રાયઃ સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મમાર્ગને પુનઃ પ્રકાશિત કરનાર ગુરુદેવ ફરમાવે છે : 'ક્રમબદ્ધ-પર્યાયની શ્રદ્ધામાં સ્વભાવનો અનંત પુરુષાર્થ આવે છે. ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા તે નિયતવાદ નથી, પણ સમ્યક્ પુરુષાર્થવાદ છે.' આ પ્રવચન કાળાંતરે 'વસ્તુવિજ્ઞાનસાર' નામના પુસ્તકરૂપે પ્રસિદ્ધ થાય છે.

ગુરુદેવશ્રીનો અમૃતમય મંગલ સંદેશ-ઉપદેશ-વાણી જગતભરમાં પહોંચાડતું 'આત્મધર્મ' અનેક સુપાત્ર જીવોના ભાવ પરિવર્તનમાં નિમિત્ત બને છે. તેના ઉત્કૃષ્ટ દૃષ્ટાંતરૂપ એક અનુપમ પ્રસંગ આ વર્ષે બને છે, જે ગુરુરાજના 'ગુરુતત્ત્વ'ને અધિકપણે ઉજાગર કરે છે. વાત છે પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીની. તેઓ સત્સુખની શોધમાં હતા. તેમાં એક આત્માર્થી તેમને 'આત્મધર્મ' આપે છે. 'આત્મધર્મ'માં છપાયેલ પ્રવચનપ્રસાદીરૂપ એક સારગર્ભિત વાક્ય ઉપર તેમની નજર પડે છે : 'છ આવશ્યક શું?

એક જ આવશ્યક છે.' —આ વાક્ય વાંચતા જ અંતરમાં ચોંટ લાગે છે. આ અમૃતવાક્ય તેમના અંતરને જગાડી દે છે અને રોમેરોમમાં ઝણઝણાટી વ્યાપી જાય છે. અંતરમાંથી અવાજ આવે છે : 'અરે! મળી ગયું, જે સત્યની શોધ હતી તે મળી ગયું અને તેની પ્રાપ્તિની વિધિ બતાવનાર પણ  મળી ગયા.' તત્ક્ષણ ગુરુદેવશ્રી અને તેઓશ્રીની મંગલકારી વાણી પ્રત્યે શ્રદ્ધા-અંતરંગ રુચિ સ્ફુરિત થાય છે. તે જ 'આત્મધર્મ'માં છપાયેલ ગુરુદેવશ્રીનાં ભવ્ય ચિત્રને જોતાં જ અહોભાવ ઉછળી જાય છે, મન ભક્તિ-ઉલ્લાસથી ભરાય જાય છે અને ત્યાં ને ત્યાં જ તે ચિત્રને અર્ઘ અર્પણ કરે છે.

બસ, હવે તો આવા સંત-મહાત્માના દર્શન માટે મન તડપવા લાગે છે. અંતે આરાધ્ય ગુરુના ચરણકમળમાં પહોંચી તેઓશ્રીનાં પવિત્ર ચરણની રજ મસ્તક ઉપર ચડાવવા સોગાનીજી સોનગઢ આવી પહોંચે છે. સુવર્ણપુરી આવી અનુપમ આદર્શ સંત સાક્ષાત્ ચૈતન્યમૂર્તિ ગુરુદેવશ્રીની દિવ્ય મુખમુદ્રાને ભાવવિભોર—મંત્રમુગ્ધ થઈ નિહાળે છે અને ભેદજ્ઞાન ભરપૂર ગુરુવાણીના  આ વચનો 'જ્ઞાન ને રાગ જુદા છે' સાંભળતા જ એકદમ શાંતિનું વેદન થાય છે. ગુજરાતી ભાષા આવડતી નહોતી, છતાં ગુરુવચનોના ભાવ સમજવામાં કોઈ મુશ્કેલી ન પડી. કેમ કે રુચિવંતને કાંઈ નડતું જ નથી. તે જ ક્ષણે સાચો પુરુષાર્થ જાગે છે અને સોનગઢની ભોજનશાળા 'સમિતિ'ના એક રૂમમાં બેસી આખી રાત જ્ઞાયક ધ્રુવસ્વભાવનું ઘોલન કરે છે. ગુરુવાણીના ભાવભાસનથી અનંતકાળથી અનંત કર્તૃત્વના બોજા હેઠળ દબાયેલો તેમનો આત્મા સહજપણે ભારમુક્ત થઈ જાય છે. અહો! સ્વાનુભવપ્રાપ્ત સંત દેશનાલબ્ધિદાતા ગુરુદેવશ્રીના પ્રથમ તથા અલ્પ પરિચયમાં તેમ જ પ્રથમવાર પ્રત્યક્ષ વાણી સાંભળીને તેઓ તે જ રાત્રે નિર્વિકલ્પ સ્વાનુભૂતિ પ્રાપ્ત કરે છે. ગુરુદેવશ્રીનાં જિનશાસન પ્રભાવનાના પ્રતાપે અને પ્રસાદથી અંતરંગમાં ભાવજિનશાસન પ્રગટે છે.

આ રીતે એક અનુપમ-અનોખો ગૌરવમયી પ્રસંગ બને છે, જે તીર્થધામ સુવર્ણપુરીના સ્વર્ણમયી ઇતિહાસના પૃષ્ઠો ઉપર સદાને માટે અંકિત રહેશે. સોનગઢ કહાન ગુરુદેવની સાધનાભૂમિ તો છે જ, હવે જ્ઞાનતીર્થ—સમ્યક્સ્થળી બને છે.

વૈશાખ સુદ છઠ્ઠે અષ્ટપાહુડ ઉપર પ્રવચનો શરૂ થાય છે.

જેઠ સુદ પાંચમ—શ્રુતપંચમીના પવિત્ર દિવસે પરમાગમ શ્રી સમયસારજી ઉપરના સાતમી વારના પ્રવચનો પૂર્ણ થાય છે. ગુરુવર ફરમાવે છે : 'આ શાસ્ત્રમાં ગંભીર રહસ્ય રહેલાં છે. ગુરુગમ વગર તે સમજાય તેવું નથી. પંડિત જયચંદજી કહે છે કે આ ગ્રંથનો ગુરુ સંપ્રદાય વ્યુચ્છેદ થઈ ગયો છે. આ કથન તો ૧૫૦ વર્ષ પહેલાનું છે. પરંતુ અત્યારે તે વ્યુચ્છેદ ફરીને અતૂટપણે સંધાઈ ગયો છે, ગુરુપરંપરા અવિચ્છિન્નપણે ચાલે છે.'

પ્રવચન કે તત્ત્વચર્ચા દરમ્યાન ગુરુરાજ ભાગ્યે જ પોતાની અંતરંગ દશા વિશે જણાવે છે. પરંતુ આજે ઉલ્લાસપૂર્વક જાહેર કરે છે : 'શ્રી કુંદકુંદાચાર્યદેવની કૃપાથી-સેવાથી આ આત્માને ભાવશ્રુત મળ્યું છે અને તેથી તેમની કૃપાએ આજે આ સમયસારની પરંપરા સંધાઈ ગઈ છે. સીમંધર ભગવાનની ધ્વનિના લાભથી અને કુંદકુંદપ્રભુની કૃપાથી તેમ જ પોતાની પાત્રતાથી મુમુક્ષુ જીવોના મહાભાગ્યે આ સમયસારની પરંપરા ચાલુ થઈ છે અને આચાર્યશ્રીનો આશય જળવાઈ રહ્યો છે. આ રીતે શ્રુતધારા અચ્છિન્ન છે.' અહો! પુરાણપુરુષ, શાસનપ્રભાવક ગુરુદેવશ્રીનાં સાતિશય પુણ્ય પ્રભાવે આ વીતરાગશાસન પંચમકાળના અંત સુધી જયવંત રહેશે એમાં શંકા છે?

વાહ! ધન્ય હો! કુંદકુંદાચાર્યની કૃપાથી ભાવશ્રુતપ્રાપ્ત કરનાર ગુરુરાજ ધન્ય હો!

ભાવશ્રુતજ્ઞાનધારી કહાન ગુરુદેવનો જય હો....વિજય હો.....

આજના દિવસે જ સમયસારજી ઉપરના આઠમી વારના પ્રવચનો શરૂ કરતાં ગુરુવર મહિમાપૂર્વક કહે છે : 'સભામાં પ્રવચનરૂપે આઠમી વાર વંચાય છે. અંદર પોતાના સ્વાધ્યાયમાં લગભગ વીસ વાર વંચાઈ ગયું છે. પરંતુ એ કાંઈ વધારે નથી. આખી જિંદગી સુધી આ સમયસારના ભાવોને ઘૂંટ્યા કરે તોપણ તેના ભાવો પૂરા ન પડે એવા ગૂઢ રહસ્ય તેમાં ભરેલાં છે. કેવળજ્ઞાન થાય ત્યારે સમયસારના ભાવો પૂરા પડે. સમયસારના ભાવોનો આશય સમજીને પોતે એકાવતારી થઈ જાય એટલું કરી શકે છે.... આ સમયસાર આ કાળે ભવ્યજીવોનો મહાન આધાર છે...નિશ્ચય સ્વભાવ ગૂલ થઈ ગયો છે—ઢંકાઈ ગયો છે ત્યારે આ સમયસાર શુદ્ધાત્મતત્ત્વ બતાવીને તત્ત્વના વિરહ ભૂલાવી દે છે.' જુઓ! એ વાત તો ખરી છે ને? કે જ્યારે પણ પૂજ્ય ગુરુદેવશ્રી આચાર્યદેવના અક્ષરદેહરૂપ સમયસાર ઉપર પ્રવચન આપે છે ત્યારે તે ચેતનવંતુ લાગે છે.

ગુરુદેવને સમયસાર શાસ્ત્ર મળ્યાને ૨૪ વર્ષ પૂર્ણ થઈને ૨૫મું વર્ષ ચાલે છે. તેમાં વીસ વાર તો અંગત સ્વાધ્યાયમાં વંચાઈ ગયું છે. અહો! કેવો સમયસારજી પ્રત્યે અગાધ પ્રેમ! તેથી જ તેઓશ્રી કહે છે : 'આ પરમાગમ ગ્રંથ નિરંતર અભ્યાસ-શ્રવણ-મનન કરવાયોગ્ય છે. વિક્રમ સંવત ૧૯૭૮માં આ સમયસાર હાથમાં આવ્યું, વાંચ્યું અને અભ્યાસ કરતાં તેમાંથી અલૌકિક ભાવો નીકળ્યા.....આ ગ્રંથાધિરાજ છે.' શું હવે આનાથી અધિક કહેવાની કાંઈ જરૂર છે? સમયસારમર્મજ્ઞ સંતનો જય હો...મુમુક્ષુજીવન ઘડવૈયા ગુરુદેવનો જય હો...

**ધન્ય દિવ્ય વાણી ૐકારને રે,**
**જેણે પ્રગટ કર્યો આત્મદેવ,**
**જિનવાણી જયવંત ત્રણ લોકમાં રે.**

**સ્યાદવાદ-અંકિત શાસ્ત્રો મહા રે,**
**સમયસાર પ્રવચનસાર....જિનવાણી૦**

**સુવિમલ વાણી વીતરાગની રે,**
**દર્શાવે શુદ્ધાત્મસાર....જિનવાણી૦**

**શુદ્ધામૃત-પૂરિત સરિતા વહે રે,**
**વહે પૂર અનાદિ-અનંત....જિનવાણી૦**

**માત! રત્નત્રયી દાતાર છો રે,**
**છો ભવસાગરની નાવ....જિનવાણી૦**

**ખોલ્યાં રહસ્ય જિનવાણી માતનાં રે,**
**ગુરુ કહાન વરતાવે જયકાર....જિનવાણી૦**

**જિનવાણી-પ્રસંગ વિધવિધના રે,**
**ગુરુ 'કહાન' પ્રતાપે નિરખાય....જિનવાણી૦**
**ગુરુ 'કહાન' મહિમા છે મહાન....જિનવાણી૦**

**મહામંગળમૂર્તિ ગુરુ માહરા રે,**
**અહો! મંગળ કાર્યો કરનાર....જિનવાણી૦**
**દેવ-શાસ્ત્ર-ગુરુ જયકાર....જિનવાણી૦**

*

સમયસાર ઉપરના પ્રવચનમાં કર્તાકર્મ અધિકાર શરૂ થાય છે. અહો! એક તો ભરતક્ષેત્રનો અલૌકિક કર્તા-કર્મ અધિકાર હોય અને તેમાં પણ સમજાવનાર શ્રુતલબ્ધિવંત આત્મરસથી ઓતપ્રોત એવા ગુરુદેવ હોય, તો પછી કહેવું જ શું? જાણે સોનામાં સુગંધ.

પૂજ્ય બહેનશ્રી ભાવભક્તિથી કહે છે : પૂજ્ય ગુરુદેવના ઉપકારની શી વાત કરવી? તેમણે તો શબ્દેશબ્દના અર્થ કર્યા છે, તળિયા તપાસ્યા છે. ગુરુદેવે જો આવા અર્થ ન કર્યા હોત તો સમયસારનો એક શબ્દ પણ કોણ સમજી શકવાનું હતું? કર્તા-કર્મ અધિકારમાં કોની ચાંચ ડૂબવાની હતી?

આ રીતે ધર્મક્ષેત્ર સુવર્ણપુરીમાં ધર્મકાળ વર્તી રહ્યો છે. ભક્તજનો મહામંગલ મંદિર એવા સ્વાધ્યાય મંદિરમાં મહત્પુરુષ શ્રી ગુરુદેવશ્રીનાં મુખેથી વહેતો ધર્મધોધ ઝીલવા, ધોમધખતો તડકો હોય કે વરસતો વરસાદ હોય તોપણ, હર્ષભેર આવે છે.

અધ્યાત્મ અને સ્વાનુભવરસથી ભીંજાયેલી દિવ્યધ્વનિ સમાન વાણીથી આકર્ષિત થઈને જિજ્ઞાસુ, અભ્યાસી, ત્યાગી, વિદ્વાન વગેરે સોનગઢ આવવા લાગે છે અને જૈનસમાજમાં એક પૂર્ણ યુગપરિવર્તન—પલટો થાય છે. ગુરુદેવશ્રી અંધારામાં ડૂબેલા સત્યને અંતરંગમાં ઉદિત સમ્યગ્જ્ઞાનપ્રકાશ વડે બહાર કાઢે છે. અનાદિથી પંચપરાવર્તન—ભવપરિભ્રમણ— કરી અનંત-અનંત દુઃખ ભોગવતા જીવોને શાશ્વત શાંતિ-સુખનો માર્ગ-ઉપાય બતાવી વીતરાગ ધર્મનો ઉદ્યોત કરે છે અને અચૂક લક્ષ્યવેધી રામબાણ વાણીથી ભવ્ય ભક્તોના મિથ્યાત્વ-અજ્ઞાન પડળને ભેદી નાખે છે. આથી જ, તેઓશ્રીનાં પ્રતાપે દિગંબરધર્મનો આવો વિસ્મયકારી અદ્ભુત પ્રચાર-પ્રસાર જોઈને, દિગંબર જૈન વિદ્વત્ પરિષદ પોતાનું આગામી અધિવેશન સોનગઢમાં રાખવાનો નિર્ણય કરે છે.

દિપાવલી પર્વ પ્રસંગે પૂજ્ય સોગાનીજી ભાવના ભાવે છે : 'સતત કૃપાદષ્ટિની ધારા વરસાવતા ચૈતન્યના અસંખ્ય પ્રદેશે પ્રદેશે સહજ ભાવશ્રુતજ્ઞાનના દિપક પ્રગટાવી અધ્યાત્મ દિપાવલી ઉજવનાર ગુરુદેવને નમસ્કાર.

તીર્થંકરથી પણ અધિક એવા સર્વસ્વદાતા ગુરુદેવનો યોગ પ્રાપ્ત થયો છે તો એ જ ભાવના છે કે પરમ ઉપકારી શ્રી ગુરુદેવની છત્રછાંયામાં આપણે બધા મુમુક્ષુઓ

પોતાના નિત્ય સ્વક્ષેત્રમાં અડગ-નિશ્ચલ રહીએ. ગુરુદેવના આશયને યથાર્થ પરિણમાવી દેવો એ આપણા બધા મુમુક્ષુઓનું પરમ કર્તવ્ય છે. પરમ પિતાએ ભક્તપુત્રમંડળને અખૂટ લક્ષ્મી  ભંડાર ભોગવવા આપ્યો છે (તેને) નિત્ય ભોગવીએ.'

પરમ પ્રતાપી પરમ ઉપકારી કૃપાળુ ગુરુદેવને વારંવાર નમસ્કાર.....



## ❀ વિક્રમ સંવત ૨૦૦૩ (ઈસ્વી સન્ ૧૯૪૬-૪૭) ❀

## * પ્રવચન મંડપ ઉદ્દ્ઘાટન તથા વિદ્વત્ પરિષદ અધિવેશન વર્ષ *

પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિથી તેમ જ વીરવાણીના અદ્ભુત ન્યાયોને ખોલનારી, મોક્ષમાર્ગના રહસ્યને સમજાવનારી કલ્યાણકારી વાણીથી સુવર્ણપુરી અધ્યાત્મ તીર્થધામ—વીતરાગ વિજ્ઞાનનું કેન્દ્ર—બની ગયું છે. દિવસભરના ધાર્મિક કાર્યક્રમ અને અધ્યાત્મ વાતાવરણથી થોડા દિવસ માટે માત્ર જોવા આવેલા જિજ્ઞાસુને અહીંથી પાછા જવાનું મન થતું નથી. તેને લાગે છે કે આત્માર્થતાપોષક આવું પવિત્રધામ બીજે ક્યાંય નથી. આત્મરસના પ્યાસી જીવો પંચમ આરાના પરમ આશ્ચર્ય એવા આ તીર્થંકરદૂતની પુરુષાર્થપ્રેરક અમૃતવાણીનું પાન કરી શાંતિ અનુભવે છે. જાણે કે ચોથો આરો ફરીને આવ્યો છે!!

માગસર સુદ ચોથ બુધવાર. રાત્રિના સ્વપ્ન આવે છે. તેમાં ગુરુદેવશ્રી ફરમાવે છે : 'દેહ અને આત્મા જુદેજુદા છે એમ માન્યા વિના બધા વર્તન મીંડા જેવા છે.' અહો! દિવસ દરમ્યાન જે ભાવો ઘુંટાય છે તે રાત્રિના પણ સ્વપ્નરૂપે ઘુંટાય છે ને!

મહા વદ પાંચમે અષ્ટપાહુડ ઉપરના પ્રવચનો પૂર્ણ થતાં મહા વદ છઠ્ઠે પંચાસ્તિકાય ઉપરના પ્રવચનો શરૂ થાય છે.

મહા વદ આઠમ ગુરુવાર. પાછલી રાત્રે સ્વપ્ન આવેલ. પોતે ભવસમુદ્ર તરી ગયા હોય તેનું સૂચક એવા આ સ્વપ્નમાં એમ આવે છે કે પોતે દરિયો તરી જાય છે.

સમયસાર જિનવાણી પ્રત્યેની અતિ ગાઢ ભક્તિ-બહુમાનથી આ વર્ષે એવા ભાવ જાગે છે કે આચાર્યદેવશ્રી કુંદકુંદાચાર્યે જે તાડપત્રોમાં સમયસાર લખ્યું છે તે મૂળ તાડપત્રો મળે તો તેમને સોનાથી મઢાવવા. વાહ! શું સમયસાર ભક્તિ!!

જેનો શિલાન્યાસ ગયા વર્ષે થયેલો તે 'ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ' એક વર્ષમાં જ તૈયાર થઈ જાય છે. જેમણે ભરતક્ષેત્રમાં શ્રુતની અપૂર્વ પ્રતિષ્ઠા કરી છે એવા શ્રી કુંદકુંદભગવાનના અપાર ઉપકારોની જાહેરાત જગતમાં થાય એ હેતુએ આ 'પ્રવચન મંડપ' સાથે તે પવિત્ર નામ જોડવામાં આવે છે. વીતરાગી સંત-મુનિઓના પરમ જ્ઞાન-

ધ્યાન અને વૈરાગ્યમય દશ્યોથી આ પ્રવચન મંડપની ભવ્યતા કોઈ જુદી જ લાગે છે, જેને જોઈને મુમુક્ષુઓના હૃદયમાં આત્મિક ભાવનાની ઊર્મિઓ જાગ્યા વિના રહેતી નથી. ઉત્સવ પ્રસંગોએ પ્રવચન સમયે સ્વાધ્યાય મંદિર નાનું પડવા લાગ્યું અને આ મંડપ બંધાયો એ જ સૂચવે છે કે દિન-પ્રતિદિન સત્ધર્મની પ્રભાવના વૃદ્ધિગત થતી જાય છે, સત્ પિપાસુ જીવો વધતા જાય છે.

'પ્રવચન મંડપ'ના ઉદ્‌ઘાટનનો દિવસ ફાગણ સુદ એકમ તારીખ ૨૧-૨-૪૭ નક્કી કરવામાં આવે છે. ઉદ્‌ઘાટન પ્રસંગે હુકમચંદજી શેઠ કુટુંબ-પરિવાર, સદ્‌ગૃહસ્થો તેમ જ પંડિત જીવનધરજી, પંડિત દેવકીનંદનજી સહિત ૪૫ વ્યક્તિઓને સાથે લઈને ત્રણ દિવસ માટે સોનગઢ આવે છે અને આ પ્રવાસને 'સોનગઢ યાત્રા' એવું નામ આપે છે.

સવારના ૮ા વાગે પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં ભગવાન શ્રી કુંદકુંદદેવના જયકાર નાદ વચ્ચે પ્રવચન મંડપનું ઉદ્‌ઘાટન થાય છે. આ પ્રસંગે એટલો મુમુક્ષુ સમુદાય ઉમટે છે કે પ્રવચન મંડપ લગભગ ભરાઈ જાય છે. શેઠશ્રી રૂપિયા ૩૫ હજારની દાન રાશિ જાહેર કરી કહે છે : 'આપ સર્વે મુમુક્ષુઓના મહા ધન્યભાગ્ય છે કે શ્રી કાનજી મહારાજના આવા પવિત્ર ઉપદેશનો વારંવાર લાભ લઈ રહ્યા છો. હું એમ સમજુ છું કે મારી બધી જ સંપત્તિ આ સત્ધર્મની પ્રભાવનાર્થે ન્યોછાવર કરી દઉં તોપણ ઓછું છે.' ભાવનગર રાજ્યના દિવાન સંદેશો મોકલે છે : 'શ્રી કાનજીસ્વામી મહારાજ જેવા પવિત્ર આત્મા અમારા રાજ્યમાં છે તેનાથી અમારું રાજ્ય મહાન ગૌરવવંત છે.' બીજે દિવસે તેઓ સ્વયં આવે છે. આજે ફાગણ સુદ એકમે 'સમ્યગ્જ્ઞાન દીપિકા'નું પ્રકાશન પણ થાય છે.

શ્રી હુકમચંદજી સાથે પંડિત જીવનધરજી તો પહેલાં બે વાર આવી ગયેલા, આ વખતે પંડિત દેવકીનંદનજી પ્રથમવાર આવે છે. તેમને ગુરુદેવ સાથેની તત્ત્વચર્ચાથી ઘણો પ્રમોદ આવે છે અને ઘણીવાર ઉલ્લાસથી કહે છે :'અમારું બધું ભણતર તો ભૂલવાળું છે. આપ કહો છો એવું ભણતર જ અમારું નથી. અમારા બધા પંડિતોનું ભણતર નિમિત્તાધીન જ છે. એ જ રીતે ભણાવવામાં આવે છે. આપે જ સત્ય સમજાવ્યું છે.

અત્યાર સુધી અમારી દષ્ટિએ અમે શાસ્ત્રોના અર્થો બેસાડતા હતા, પણ શાસ્ત્રના વાસ્તવિક અર્થ શું છે તે આપે જ શીખવ્યું છે.' તે ઉપરાંત જ્યારે તેમને ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત સમજાવવામાં આવે છે ત્યારે તેઓ આશ્ચર્ય પામે છે અને કહે છે : 'અહો! આવી વાત છે! આ વાત અત્યાર સુધી અમારા લક્ષમાં નહોતી આવી.'

ફાગણ સુદ ત્રીજ. સોનગઢ પછી પ્રથમ જિનમંદિરના નિર્માણ નિમિત્તે વીંછીયામાં શ્રી જિનમંદિર અને સ્વાધ્યાય મંદિરનું ખાતમુહૂર્ત થાય છે. તે પ્રસંગે શ્રી હુકમચંદજી શેઠ ભાવના વ્યક્ત કરે છે : 'આવા પવિત્ર ધર્મપ્રસંગમાં ભાગ લેવા હું દિનરાત તૈયાર છું. મારી ભાવના છે કે સ્વામીજી દ્વારા ભારતભરમાં દિગંબર જૈનધર્મનો ડંકો વાગી જાય. જ્યારે પણ મને યાદ કરશો ત્યારે અડધી રાત્રે પણ ઉઠીને આવવા તૈયાર છું.' પંડિત દેવકીનંદનજી પણ ગુરુદેવશ્રી પ્રતિ ભક્તિભાવ વ્યક્ત કરતા કહે છે : 'આવા ધર્મપ્રભાવક, મહાન તત્ત્વજ્ઞ, તીર્થસ્થાપક, યુગપ્રધાની મહર્ષી પુરુષ ઘણા વર્ષોથી થયા નથી એમ હું મારા હૃદયથી માનું છું. શાસ્ત્રાધાર સહિત વસ્તુસ્વરૂપ બતાવવાની તેમની શૈલી મેં આજસુધી ક્યાંય જોઈ નથી.'

આ શિલાન્યાસ પછી ૧૫ દિવસે સોનગઢમાં એક ઘટના બને છે, જેનાથી ભારતના દૂર દૂરના ગામોમાં પણ ગુરુદેવશ્રીનું નામ રોશન થાય છે—પ્રસિદ્ધિને પામે છે અને તત્ત્વજ્ઞાનની છોળો ઉછળે છે. એ ઘટના છે તીર્થધામ સોનગઢમાં ભરાયેલ શ્રી ભારતવર્ષીય દિગંબર જૈન વિદ્વત્ પરિષદનું અધિવેશન.

વીતરાગમાર્ગ પ્રભાવક મહાન ઉપકારી ગુરુરાજના પુનિત પ્રતાપે પવિત્ર જિનશાસનની મહાન પ્રભાવના થઈ રહી છે અને સોનગઢનું નામ ગાજતું થયું છે. આથી, સોનગઢ આવીને ગુરુવરની મંગલકારી વાણીનો પ્રત્યક્ષ લાભ મળે એવી ભાવનાથી 'શ્રી ભારતવર્ષીય દિગંબર જૈન વિદ્વત્ પરિષદ' પોતાનું ત્રીજું વાર્ષિક અધિવેશન તારીખ ૭-૮-૯ માર્ચ ૧૯૪૭ એમ ત્રણ દિવસ સોનગઢમાં રાખે છે. આ અધિવેશનમાં બનારસ, કટની, મથુરા, આરા, દિલ્હી, બીના, બડૌત, રોહતક, સાગર, લખનૌ, લલિતપુર વગેરે ભિન્ન-ભિન્ન પ્રદેશોના જુદા જુદા શહેર-ગામોથી ન્યાયાચાર્ય, સિદ્ધાંતશાસ્ત્રી એવા ૩૨ વિદ્વાનો આવે છે. જેમાં મુખ્ય છે : પંડિત કૈલાશચંદજી, પંડિત

જગન્મોહનલાલજી, પંડિત રાજેન્દ્રકુમારજી, પંડિત મહેન્દ્રકુમારજી, પંડિત દરબારીલાલજી, પંડિત ફૂલચંદજી, પંડિત લાલબહાદુરજી અને પંડિત પન્નાલાલજી. સ્યાદ્વાદ વિદ્યાલય બનારસના પંડિત કૈલાશચંદજીને અધિવેશનના પ્રમુખ ચુંટવામાં આવે છે.

સ્વાગત-અધ્યક્ષ ટ્રસ્ટ પ્રમુખ શ્રી રામજીભાઈ દોશી સ્વાગત પ્રવચન કરતા કહે છે: 'વિક્રમ સંવત ૧૯૭૮માં ગ્રંથાધિરાજ શ્રી સમયસાર ગુરુદેવનાં હસ્તકમળમાં આવતાં આનંદ-ઉદધિ ઉલ્લસ્યો. સમયસારના પરમ ગંભીર ભાવો ભાવુક હૃદયમાં પચાવતાં અમૃતસાગરનો અનુભવ થયો. અહો! સ્વતંત્ર દ્રવ્ય...સ્વતંત્ર ગુણ....સ્વતંત્ર પર્યાયો!....દરેક દ્રવ્યની સ્વતંત્રતાને પ્રકાશિત કરનાર જ્ઞાનાંશનું—નિશ્ચયનયનું—નિરુપણ કરીને વીતરાગ ભગવંતોએ આપણા ઉપર પરમ ઉપકાર કર્યો છે. આપણને સૌને માટે ખેદની વાત છે કે જૈનદર્શનનું એ એક મુખ્ય અંગ—નિશ્ચયનય—આજે પક્ષઘાતથી પીડાઈ રહ્યું છે. જૈનસમાજમાં એ નિશ્ચયનયના જ્ઞાનની ભારે ઉણપ વર્તી રહી છે....જીવના ત્રસ-સ્થાવરાદિ અને ગુણસ્થાન-માર્ગણાસ્થાન આદિ ભેદો ઉપર તેમ જ કર્મની સ્થિતિ વગેરે ઉપર જે લક્ષ અપાય છે તે કરતાં ઘણું વધારે લક્ષ જ્યારે ભેદવિજ્ઞાનના કારણભૂત અધ્યાત્મશાસ્ત્રોના જ્ઞાન ઉપર અપાશે તે દિવસ ધન્ય હશે. અમારી પ્રભાવનાપ્રેમ પ્રેરિત એ ભાવના છે કે આપ સમા જૈનદર્શનના વિદ્વાનો દ્વારા સ્વતંત્રદ્રવ્ય, સ્વતંત્રગુણ અને સ્વતંત્રપર્યાયનું જ્ઞાન વિશેષ વિશેષ પ્રચાર પામો..... કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનનો પરમ મહિમા જનસમાજમાં વિસ્તરો અને નયાધિરાજ નિશ્ચયનયનો વિજય ડંકો દિગંત સુધી ગાજો..'

આ અધિવેશનના ઠરાવોમાં એક મહત્ત્વનો ઠરાવ છે ગુરુદેવના અભિનંદનનો. સૌરાષ્ટ્રમાં લુપ્તપ્રાયઃ થઈ રહેલ દિગંબરધર્મનો ફરીને ઉદ્યોત થતો જોઈને તેના પ્રબળ કારણભૂત પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે બહુમાનનો એક પ્રસ્તાવ રજુ કરવામાં આવે છે, જેને બધા વિદ્વાનો ઉત્સાહથી વધાવી લે છે. પ્રોફેસર ખુશાલ જૈને રજુ કરેલ ઠરાવનો સારાંશ :

## ❁ શ્રી ભારતવર્ષીય દિગંબર જૈન વિદ્વત્ પરિષદકા મહત્ત્વપૂર્ણ પ્રસ્તાવ ❁

'આત્માર્થી શ્રી કાનજી મહારાજ દ્વારા જો દિગંબર જૈનધર્મકા સંરક્ષણ ઔર સંવર્ધન હો રહા હૈ, વિદ્વત્ પરિષદ ઉસકા શ્રદ્ધાપૂર્વક અભિનંદન કરતી હૈ...વહ ઇસે પરમ સૌભાગ્ય ઔર ગૌરવકા વિષય માનતી હૈ કિ આજ દો હજાર વર્ષ બાદ ભી મહારાજને શ્રી ૧૦૦૮ વીરપ્રભુકે શાસનકે મૂર્તિમાન પ્રતિનિધિ ભગવાન કુંદકુંદકી વાણીકો સમજ કર અપનેકો હી નહીં પહિચાના હૈ, અપિતુ હજારોં ઔર લાખો મનુષ્યોંકો જીવકે ઉદ્ધારકે સત્યમાર્ગ પર ચલનેકી સુવિધાયેં જુટા દી હૈ....ઇસ અવસર પર અભિનંદન ઔર સ્વાગતકે સાથ સાથ પરિષદ યહ ભી ઘોષિત કરતી હૈ કિ જો આપકા કર્તવ્ય હૈ વહ હમારા ભી હૈ. અતઃ ઇસ પ્રવૃત્તિમેં હમ આપકે સાથ હૈ.'

પંડિત મહેન્દ્રકુમારજી આ ઠરાવને ટેકો આપતા કહે છે : 'આત્માર્થી સત્પુરુષ શ્રી કાનજી મહારાજના પ્રવચનો સાંભળીને અમારું હૃદય આશ્ચર્યચકિત થઈ ગયું છે. અમને અધ્યાત્મદૃષ્ટિનું સ્પષ્ટ અને ભીંજાયેલું વિવેચન સાંભળવા મળ્યું છે. અમે અમારી પ્રસન્નતા ક્યા શબ્દોમાં વ્યક્ત કરીએ?....શ્રી કાનજી મહારાજ સો વર્ષ સુધી ચિરજીવન પ્રાપ્ત કરે અને આપણને બધાને લાભ પહોંચાડતા રહે.'

પંડિત પરમેષ્ઠીદાસજી તેમ જ ન્યાયાચાર્ય પંડિત રાજેન્દ્રકુમારજી પણ તેને ટેકો– સમર્થન આપતું હૃદયદ્રાવક ભાષણ કરે છે. પંડિત રાજેન્દ્રકુમારજી તો કહે છે : 'હમ મહારાજશ્રીકો અભિનંદન દેતે હૈ, બહુમાનપૂર્વક સ્વાગત કરતે હૈ....જો લોગ ઐસા બોલતે હૈ કિ મહારાજ વ્યવહારકા નિષેધ કરતે હૈ વે લોગ મહારાજશ્રીકા ઉપદેશકો હી યથાર્થ નહીં સમજતે હૈ....હમ દૃઢતાસે કહતે હૈ કિ મહારાજશ્રી નિમિત્તકા નિષેધ નહીં કરતે હૈ, કિન્તુ ઉપાદાન ઔર નિમિત્ત યહ દોનો પદાર્થોકી સ્વતંત્રતાકો હી બરાબર દિખાતે હૈ. સ્વામીજી આજ દો હજાર વર્ષકે બાદ ભી શ્રી કુંદકુંદસ્વામીકે શાસ્ત્રોંકા રહસ્ય પ્રગટ કર રહે હૈ....હમ ગદ્ગદ્ હૃદયસે કહતે હૈ કિ સ્વામીજીકા ઉપદેશ હમેં બહુત અચ્છા લગતા હૈ. હમ સ્વામીજીકે ચરણોમેં શ્રદ્ધાંજલિ દેતે હૈ, શ્રદ્ધા કરતે હૈ. હમ સહૃદયસે કહતે હૈ કિ સોનગઢ જૈસા વાતાવરણ સારા હિન્દુસ્તાનમેં ફૈલ

જાવે....હમારી અંતરભાવના યહ હૈ કિ હમ યહાઁ પર હી રહ જાવે....હમ દૃઢતાપૂર્વક કહતે હૈ કિ મહારાજશ્રીકા ઉપદેશ યથાર્થ હૈ, પરમ સત્ય હૈ.'

અંતમાં અધિવેશનના પ્રમુખ પંડિત કૈલાશચંદજી પોતાના ભાવભીના વક્તવ્યમાં ગળગળા થઈ કહે છે : 'યહાઁ પર પરિષદકા અધિવેશન કરનેસે હમ સબકો મહારાજશ્રીકે પાસમેં અધ્યાત્મકા બહુત લાભ મીલા હૈ. અધિવેશનમેં ઉપસ્થિત સભી વિદ્વાન કહ રહે હૈ કિ હમકો મહારાજશ્રીકે આધ્યાત્મિક ઉપદેશસે બહુત લાભ હુઆ હૈ...૧૯૯૬કી સાલમેં જૂનાગઢમેં જબ મહારાજશ્રીસે મેરા એક ઘંટે તક પરિચય હુઆ થા તબસે હી મેરે હૃદયમેં ઐસી છાપ પડી હુઈ થી કિ મહારાજશ્રીકા ઉપદેશ અવશ્ય સુનના ચાહિયે...જબ હમ વિદ્યાર્થીઓંકો શાસ્ત્રાભ્યાસ કરાતે થે તબ પ્રવચનસારાદિમેં ચિદાનંદ શુદ્ધ આત્માકી જો અધ્યાત્મ બાત આતી થી ઉસકો તો છોડ દેતે થે ઔર ઉદ્ધર્વાંસ કલ્પનાદિ બાત શિખાતે થે...યહ સોનગઢ જૈસા વાતાવરણ અન્યત્ર કહીં પર ભી નહીં હૈ....દિનરાત અધ્યાત્મકી ચર્ચા સુનાઈ પડતી હો વહી સોનગઢ હૈ....યહાં મહારાજકી પાસમેં હમ સબકો નઈ દૃષ્ટિ મીલી હૈ. હમારી ભાવના યહ હૈ કિ હમ નિત્ય યહાં પર હી ઠહર જાય ઔર મહારાજશ્રીકા ઉપદેશ સુનકર અપના આત્મકલ્યાણ કરેં....આજ દો હજાર વર્ષકે બાદ ભી મૈં મહારાજશ્રીકો કુંદકુંદસ્વામીકે મૂર્તિમંતરૂપમેં દેખ રહા હૂં...'

સાગરના પંડિત દામોદરદાસજી કહે છે : 'સોનગઢકી હવા શાસ્ત્રમય હૈ. સિદ્ધાંતમેં વર્ણિત નિશ્ચયનયરૂપ સોનેકી પરખ ઈસ ઝૌહરીને કી હૈ.'

આ ત્રણ દિવસ દરમ્યાન શ્રુતમર્મજ્ઞ ગુરુદેવશ્રીનાં સવાર-બપોરના પ્રવચનો સાંભળીને તેમ જ સતત તત્ત્વચર્ચાથી બધા વિદ્વાનોને ઘણો પ્રમોદ આવે છે અને જિનવાણીના રહસ્ય ખોલનાર ગુરુરાજ પ્રત્યે આદરભાવ પ્રગટે છે. પ્રખર વિદ્વાનોની વિવિધ શંકાઓ ને પ્રશ્નોના સરળ ભાષામાં ખુલાસાથી તેમ જ ક્યારેય નહીં સાંભળેલ એવા અપૂર્વ ન્યાયો સાંભળવામાં આવતા તેઓ પ્રભાવિત પણ થાય છે. તેઓ કબૂલે છે કે અહીંયા પરિષદના કાર્યની ગૌણતા છે, મુખ્ય તો કાનજીસ્વામીનો ઉપદેશ સાંભળવો છે. ખરેખર બને છે પણ એવું જ. બધા જ વિદ્વાનો ઉલ્લાસથી અધ્યાત્મ વાણીનો અને તત્ત્વચર્ચાનો લાભ લે છે.

આ પરિષદના મંત્રી પંડિત ફુલચંદજી હજુ આઠ દિવસ રોકાય છે અને તેમને ગુરુદેવ પ્રત્યે ભક્તિ જાગે છે. તેઓ પણ વારંવાર કહે છે :'આ યુગપ્રવર્તક પુરુષ છે, અસાધારણ વ્યક્તિ છે એ નિઃસંદેહ છે.'

આ પરિષદ દરમ્યાન પંડિત મહેન્દ્રજી એક વાર કહે : 'પરની અપેક્ષા હોય તો પર્યાય થાય'. ઉત્તર મળે છે : 'પર્યાય થવામાં પરની અપેક્ષા તો નથી, પરંતુ પોતાના દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી. પંડિતજી! આવું તત્ત્વ છે.'

આ રીતે વિદ્વત્ પરિષદનું અધિવેશન અભૂતપૂર્વ સફળતાપૂર્વક પૂર્ણ થાય છે. ગુરુવરની વાણીથી, તેઓશ્રીના પ્રભાવનાયોગથી તથા સોનગઢના અધ્યાત્મમય વાતાવરણથી માત્ર હુકમચંદજી શેઠ વગેરે શ્રીમંતો જ નહીં, હવે તો ધીમંત પંડિતો પણ પ્રભાવિત થાય છે. મહા પ્રતાપી પુરુષ ગુરુદેવના અતિ પ્રચંડ પ્રભાવના ઉદયે જૈનશાસનના વિજય ડંકા વાગી રહ્યા છે. ગુરુદેવશ્રીનો પ્રભાવ અને અધ્યાત્મનો પ્રચાર હવે હિન્દી પ્રદેશો સહિત આખા ભારતમાં ઝડપથી ફેલાવા લાગે છે.

એક સાધુ સાથે ચર્ચા થાય છે. કૃપાળુ ગુરુરાજ કહે : 'આત્મા કર્મને બાંધે કે છોડે નહીં, તેનો કર્તા થાય નહીં તેમ જ તેનાથી વિકાર થાય નહીં.' તે સાધુ કહે : 'વર્તમાનમાં આ વાત ચાલતી તો નથી?' માટે તમારી વાત ખોટી છે એમ તેમનું કહેવું હતું. ગુરુરાજ કહે : 'આ વાત ચાલતી નથી તેથી શું થયું? સત્ય તો આ છે.' પછી આ વિષય ઉપર ચર્ચા આગળ ચાલે છે. અંતે વધારે દલીલ ન કરી શકવાથી તે સાધુ જવા માટે ઉભા થાય છે અને કહે છે : 'અમે ૪૦ વર્ષથી મુંડાવ્યું છે તો તેનો કાંઈક લાભ તો થશે ને?' અરેરે! વિપરીતતા સેવવી છે અને લાભની આશા રાખવી છે!!

વૈશાખ વદ આઠમ : સ્વાધ્યાયમંદિરમાં ગુરુ પધરામણીના નવ વર્ષ પૂર્ણ થઈ દસમું વર્ષ શરુ થાય છે. આજના મંગલ દિને 'ઉપાદાન-નિમિત્ત સંવાદ' ઉપરના ગુરુદેવશ્રીનાં પ્રવચનોનું પુસ્તક 'મૂળમાં ભૂલ'ની હિન્દી આવૃત્તિ પ્રસિદ્ધિને પામે છે.

પરિવર્તન પછીના વર્ષો દરમ્યાન અધ્યાત્મયોગી ગુરુદેવ અને તેઓશ્રીની અનુભવ ઝરતી વાણીનો પ્રભાવ એવો વધતો ચાલે છે કે આ વાણી સોનગઢની બહાર

વસતા સુપાત્ર જીવોને દરરોજ સાંભળવા મળે તે માટે મૈનપુરીના તત્ત્વપ્રેમી જીવો સર્વાનુમતે એક ઠરાવ પસાર કરે છે, જે ગુજરાતીમાં આ પ્રમાણે છે :

શ્રી જૈન સાહિત્ય સભા,
૮૫, મિયાના સ્ટ્રીટ, મૈનપુરી (ઉત્તર પ્રદેશ)

તારીખ ૧૪-૬-૧૯૪૭

શ્રી જૈન સાહિત્ય સભા મૈનપુરી એવો ઠરાવ કરે છે કે સુવર્ણપુરી સોનગઢમાં એક વાયુ પ્રવચન સ્થાન (Broadcasting Station) સ્થાપિત કરવામાં આવે, જેના દ્વારા વર્તમાન સમયના ઉત્કૃષ્ટ જૈનતત્ત્વવેત્તા શ્રી કાનજીસ્વામીનાં પરમોપકારી આધ્યાત્મિક પ્રવચનો આખા જગતને સહેલાઈથી મળી શકે અને જેથી જગતના મુમુક્ષુઓનું કલ્યાણ થાય.

—મહતાબચંદ્ર જૈન, મંત્રી.

વાહ! શું ઉત્તમ અભિનંદનીય ભાવના! બહારમાં એવો યોગ બની શકે કે નહીં—બન્યો કે નહીં—તે વાત ગૌણ છે. પણ ગુરુવાણી પ્રત્યે કેવી ઉમદા-ઉત્કૃષ્ટ ભક્તિ છે તે તો જણાઈ આવે છે ને!

વર્તમાનમાં પ્રાપ્ત જૈનશાસનના બધા જ શાસ્ત્રો સ્વાધ્યાયમંદિરમાં છે અને તે બધાનો અભ્યાસ ગુરુદેવે કરી લીધો છે. તે સત્શ્રુતોનું—જિનવાણીનું—પ્રકાશન જેમ જેમ મુમુક્ષુઓમાં સત્‌ની જિજ્ઞાસા વધતી જાય છે તેમ તેમ થતું જાય છે. તેની કડીરૂપે આચાર્ય શ્રી ઉમાસ્વામી રચિત મોક્ષશાસ્ત્ર-તત્ત્વાર્થસૂત્રનું પ્રકાશન થાય છે, કે જેની ટીકા મુરબ્બી રામજીભાઈ દોશી—'બાપુજી'એ અથાગ મહેનત લઈને કરી છે.

અષાઢ વદ ૧૪ ગુરુવાર. એક સ્વપ્ન આવે છે. તેમાં, સ્વયં ઉપદેશ આપે છે કે શુદ્ધાત્માનું સાચું સ્વરૂપ સમજવું હોય અને મોક્ષની પ્રાપ્તિ કરવી હોય તો સોનગઢ આવવું. સ્વપ્નમાં આવેલી આ વાત સાચી જ છે ને!

આ વર્ષે ૧૫મી ઓગસ્ટના રોજ ભારતદેશ ગુલામી છોડી સ્વતંત્ર થાય છે. ચાલો, તે દિવસના ગુરુદેવશ્રીનાં વસ્તુ સ્વતંત્રતાનો ઢંઢેરો ગજાવનાર પ્રવચનનો લાભ

લઈએ : 'હે જીવો! જો તમે તમારી સ્વતંત્રતા અને સુખ ચાહતા હો તો પરના આશ્રયે મારું સુખ છે, પરવસ્તુ ઉપર મારી સત્તા ચાલે છે એવી માન્યતા છોડો....સ્વતંત્રતા તેને કહેવાય કે જેમાં પોતાના સુખ માટે કોઈ બીજાના આશ્રયની જરૂર ન પડે, પણ પોતે જ સ્વાધીનપણે સુખી હોય....અજ્ઞાની જીવો સ્વાધીન આત્મસ્ભાવને નહીં જાણતા હોવાથી કદી પણ સ્વતંત્રતા પામ્યા નથી. પોતાના સુખ માટે પરાશ્રય લેવો તે જ મહાન ગુલામી છે....જ્ઞાનીઓ જ સ્વભાવની એકાગ્રતારૂપ અહિંસાના જોરે પરાશ્રયરૂપ ગુલામીના બંધનને સર્વથા છેદીને સંપૂર્ણ સ્વતંત્રદશામાં સિદ્ધ ભગવાનરૂપે બિરાજે છે. આવી પરમ સ્વતંત્રતા પ્રાપ્ત કરવાનો એકમાત્ર ઉપાય ભેદજ્ઞાન છે. જેને ભેદજ્ઞાન નથી તે ગુલામ છે અને જેને ભેદજ્ઞાન છે તેને જ સ્વતંત્રતાની શરૂઆત છે'....અહો! કેવી ગુલામી અને સ્વતંત્રતાની વ્યાખ્યા!!

આ વર્ષે પ્રથમ શ્રાવણ સુદ પાંચમથી અમાસ સુધી પ્રથમવાર પ્રૌઢ શિક્ષણવર્ગ શરૂ કરવામાં આવે છે, જેનો ૪૫ જિજ્ઞાસુ લાભ લે છે.

દ્વિતીય શ્રાવણ વદ પાંચમથી 'પંચાસ્તિકાયસંગ્રહ' ઉપરના પ્રવચનો પૂર્ણ થતાં જિનવાણી રહસ્ય ઉદ્‌ઘાટક ગુરુદેવશ્રી આચાર્યવર શ્રી યોગીન્દ્રદેવ વિરચિત 'પરમાત્મપ્રકાશ' ઉપર પ્રવચનો આપવાનું શરૂ કરે છે.


ભાદરવા મહિનામાં દશલક્ષણી પર્યુષણ પર્વ દરમ્યાન ગુરુરાજ શ્રી પદ્મનંદી પંચવિંશતિમાંથી ઉત્તમ ક્ષમા આદિ દશ ધર્મો ઉપર પ્રવચન આપે છે. તેમાં ક્ષમાવાણીના મંગલ અવસરે ફરમાવે છે : 'હે આત્મા! મને ક્ષમા હો. હવે હું તને ખમાવું છું. તારા અખંડ જ્ઞાનસ્વભાવમાં એક વિકલ્પ પણ નહીં થવા દઉં. હે પરમાત્મસ્વભાવી આત્મા! હું તારો આદર છોડી વિકલ્પમાત્રનો આદર નહીં કરું.' આ પ્રવચનો સમયાંતરે પુસ્તકરૂપે પ્રસિદ્ધ થાય છે.

તત્ત્વજ્ઞાનરસિક મુમુક્ષુઓની મીટ જૈનશાસનની રાજધાની તીર્થધામ સુવર્ણપુરી ઉપર મંડાયેલી રહે છે. કારણ કે જિનશાસન શણગાર ગુરુરાજના પ્રતાપે આ ધર્મક્ષેત્ર બન્યું છે અને અહીંયા પાંચમો નહીં, ચોથો કાળ વર્તે છે. અહીં બધાને એવો અનુભવ થાય છે કે વીતરાગદેવની સાક્ષાત્ વાણી સમાન શ્રી સમયસારજીની સર્વોત્કૃષ્ટ ભક્તિ

અને બહુમાન આખા ભારતમાં જો કોઈને હોય તો  ગુરુદેવને જ છે. તેમ જ સમયસારમાં તત્ત્વજ્ઞાનના કેવા ઊંડા ને અપૂર્વ ભાવો ભર્યા છે તેનો ખ્યાલ ત્યારે જ આવે છે કે જ્યારે સમયસારજી ઉપરના ગુરુરાજના અદ્ભુત પ્રવચનો સાંભળવા મળે છે.

આ પ્રમાણે જે વર્ષમાં પ્રવચનમંડપનું ઉદ્ઘાટન થયું અને વિદ્વત્ પરિષદ સોનગઢમાં ભરાણી તે વિક્રમ સંવત ૨૦૦૩નું વર્ષ પૂર્ણતાને પ્રાપ્ત થાય છે.

ત્રિકાળ જયવંત વર્તો ધર્મવીર ગુરુકહાન કે
જેઓ શાસનનો જયજયકાર વર્તાવી રહ્યા છે.



# ❀ વિક્રમ સંવત ૨૦૦૪ (ઈસ્વી સન્ ૧૯૪૭-૪૮) ❀

# ✻ ગુરુ-જન્મજયંતી ઉજવણી પ્રારંભ વર્ષ ✻

કારતક સુદ એકમના મંગલ સુપ્રભાતે ભક્તો ભાવના ભાવે છે : આ જૈનશાસનમાં પંચમકાળની અંદર ગુરુદેવસૂર્ય સુપ્રભાત ઉગ્યું છે એ જ સાચું સુપ્રભાત છે. તેઓશ્રીનાં જ્ઞાનપ્રકાશના કિરણો ચારેકોર ફેલાઈ ગયા છે. હે ગુરુદેવ! નિરંતર આપશ્રીનાં દર્શન હો, સદા આપશ્રીની પ્રસન્નતા પ્રાપ્ત હો, નિત્ય આપશ્રી કૃપા વરસાવો, દિનરાત આપશ્રીનાં આશીષ મળો, સર્વથા આપશ્રીનું શરણ હો, અમ ભક્તોનું શીઘ્ર મંગલ કરો, અમારા ઉપર કરુણાદષ્ટિ કરો. આપના જેવા ઉજ્જવળ-પવિત્ર આત્માઓથી તો અમે ઉજળા થયા છીએ.

અભિનંદીએ અભિનંદીએ, સુપ્રભાતમય ગુરુદેવને,
આશીષ લઈએ આપના, હવે સાધીએ નિજ કાર્યને;
સમ્યક્ પ્રભાત ખીલ્યું આપને, ખીલવો ગુરુ અમ હૃદયમાં,
ભાવના ભરી પ્રાર્થના છે, નિત્ય વસો અમ આત્મમાં.

હે સમ્યક્ સુપ્રભાતસ્વરૂપ અચિંત્ય ભાનુ! અમારી ભાવનિંદ્રા ટાળીને મંગલકારી સમ્યગ્દર્શન સુપ્રભાત અમ આત્મમાં ખીલવો. હવે ચૈતન્યસૂર્યનો ઉદય થઈ અજ્ઞાન રાત્રિનો નાશ થાય એવી આ નૂતન વર્ષે ભાવના ભાવીએ છીએ. આપશ્રીનાં પરમ પ્રતાપે સુવર્ણપુરીમાં ધર્મની ધીકતી પેઢી ચાલી રહી છે અને અમે ભક્તો તત્ત્વ અભ્યાસથી રસબસતું જીવન ગાળી રહ્યા છીએ. આપશ્રીએ જિનવાણીના અતિશય ગંભીર આશયોને અત્યંત સ્પષ્ટપણે પ્રગટ કરીને વીતરાગ વિજ્ઞાનની ઝંખાતી જ્યોતને સતેજ કરી છે. આપશ્રીના પ્રત્યક્ષ સમાગમ અને પ્રવચનશ્રવણ વિના અમારા જેવા અલ્પ બુદ્ધિવંત જીવોને જિનાગમોમાં ભરપૂર ભરેલાં પરમ નિધાનો જોઈ શકવાની લેશ પણ દૃષ્ટિ કેમ પ્રાપ્ત થાત? આ કાળે—કે જ્યારે સાચા ઉપદેશદાતાઓની અતિશય ન્યૂનતાને લીધે મોક્ષમાર્ગ બહુ જ ઢંકાઈ ગયો હતો ત્યારે—આપશ્રીએ ભેદજ્ઞાનના બળથી પરમાગમનો મર્મ ખોલીને મુક્તિપંથ ખુલ્લો કર્યો છે અને વીતરાગધર્મનો ઉદ્ધાર કરીને મહા પ્રભાવશાળી પ્રભાવના કરી રહ્યા છો. સ્વાનુભૂતિપંથ પ્રકાશક આપશ્રી તથા આપશ્રીની વાણી સદા જયવંત રહો.

સંસારમૂળને છેદવાનું જો કોઈ અમોઘ શસ્ત્ર હોય તો, દુર્લભ મનુષ્યભવનું પ્રથમમાં પ્રથમ જો કોઈ કર્તવ્ય હોય તો, તે છે આત્માનુભૂતિ. સ્વરૂપસુધા-ઈચ્છુક અમે ભક્તગણ ઉલ્લાસપૂર્વક તત્ત્વ-અભ્યાસ કરી ઉગ્ર પુરુષાર્થથી આવી સ્વાનુભૂતિને પ્રાપ્ત કરીએ અને શાશ્વત પરમાનંદને પામીએ એવા આશીષની યાચના આપશ્રી પાસે આ મંગલ સુપ્રભાતે કરીએ છીએ........

શ્રી સીમંધરાદિ જિનેન્દ્રદેવની ઉપશમરસ નીતરતી વૈરાગ્યમુદ્રાવંત પ્રતિમાયુક્ત જિનમંદિર, સમવસરણની અદ્‌ભુત અને શોભાયમાન રચના તેમ જ આધ્યાત્મિક તત્ત્વજ્ઞાનની ધારા વહેવડાવનાર ગુરુદેવશ્રી તથા તેઓશ્રીની વાણીથી સોનગઢ તીર્થધામરૂપે જગપ્રસિદ્ધ બની ચૂક્યું છે. આ ધર્મક્ષેત્ર સુવર્ણધામની ખરી મહત્તા તો ગુરુદેવશ્રી દ્વારા જે અધ્યાત્મજ્ઞાનવર્ષા નિરંતર વરસી રહી છે તેનાથી જ છે. તે અપૂર્વ તત્ત્વજ્ઞાન આખી દુનિયાથી જુદું છે અને આત્માર્થીઓના આત્માને સીધું સ્પર્શનારું છે. તેથી સોનગઢની ખરી શોભા સ્વરૂપાનંદી ગુરુવર કહાન જ છે. તેઓશ્રીની પવિત્ર છત્રછાંયામાં આખો દિવસ અધ્યાત્મનું શાંત વાતાવરણ છવાયેલું રહે છે, જેથી મુમુક્ષુઓ સંસારની જંજાળ ભૂલી જાય છે. અરે! તિથિ, વાર કે તારીખ પણ યાદ રહેતા નથી.

આત્મસાધનાર્થી જિજ્ઞાસુની પરિણતિમાં જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિનો ઉત્સાહ જગાડનાર સુવર્ણપુરીનો આત્મહિતલક્ષી દૈનિક કાર્યક્રમ સામાન્ય રીતે આ પ્રમાણે હોય છે :

| | | |
|---|---|---|
| સવારે : | ૫-૪૫ થી ૬-૦૦ | શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુ વંદન |
| | ૬-૩૦ થી ૭-૩૦ | શ્રી જિનેન્દ્ર પૂજન |
| | ૮-૦૦ થી ૯-૦૦ | વસ્તુસ્વતંત્રતાની ઘોષણા કરનાર ગુરુરાજની અમૃતવાણીની વર્ષા |
| બપોરે : | ૩-૦૦ થી ૪-૦૦ | ફરીને ભવનાશક વીરવાણીની ધારા |
| | ૪-૦૦ થી ૪-૪૫ | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| | ૫-૦૦ થી ૫-૪૫ | તત્ત્વચર્ચા |

સાંજે : ૬-૪૫ થી ૭-૧૫ આરતી

૮-૦૦ થી ૯-૦૦ રાત્રિચર્ચા.

ઋતુ અનુસાર સમયમાં અલ્પ ફેરફાર થાય છે.

—આવી પુરુષાર્થપોષક પ્રવૃત્તિમાં સંસાર કેવી રીતે યાદ આવે?

માગસર સુદ ૧૫ : પ્રાથમિક ભૂમિકાવાળા તત્ત્વજિજ્ઞાસુ જીવોને હિતકારી થાય એવું પુસ્તક 'વસ્તુવિજ્ઞાનસાર' પ્રસિદ્ધ થાય છે.

પોષ સુદ આઠમની રાત્રે એક સ્વપ્ન આવે છે. તેમાં બળદેવ અને વાસુદેવ ચર્ચા કરતા દેખાય છે. ગુરુદેવ તેમને પ્રશ્ન કરે છે : 'તમો શું કરો છો?' આનો ઉત્તર મળે તે પહેલાં આંખ ઉઘડી જાય છે. તુરત જ ગુરુદેવને વિચારણા ચાલે છે કે આ બળદેવ-વાસુદેવ કોણ હશે? આ બંને બહેનો—ચંપાબહેન અને શાંતાબહેન—તો મારી સાથે મોક્ષે જાય એવું લાગે છે. તેથી બીજે દિવસે બન્ને બહેનોને બોલાવીને પૂછે છે : 'તમે બંને બળદેવ-વાસુદેવ થવાના છો? મને સ્વપ્નમાં આવ્યું છે તે શું છે?' ત્યારે પૂજ્ય બહેનશ્રી અતિ નમ્રભાવે કહે છે : 'ના, તે બળદેવ-વાસુદેવ અમે નહીં. અમે તો આપના પુત્ર થઈ, ગણધર થઈ, મોક્ષ પામવાના છીએ'. આમ, પોતે શું થવાના છે તે વાત ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીએ, પોતાને જાતિસ્મરણજ્ઞાન દ્વારા ખબર હોવા છતાં દશ વર્ષ પછી અને તે પણ પૂજ્ય ગુરુદેવશ્રીએ પૂછયું ત્યારે, કરી. વાહ! શું જ્ઞાનને પચાવવાની શક્તિ! બહાર પડવાની—જગત પ્રસિદ્ધિની—ઉપેક્ષારૂપ વૈરાગ્ય!! ગુરુવરના શબ્દોમાં કહીએ તો : 'તેમની સ્થિતિ બહુ ઊંચી છે, શક્તિ બહુ છે; પણ કોઈને કહે નહીં, બોલે નહીં. તેમને અહંકાર છે જ નહીં, અહંકાર મરી ગયો છે અને તેઓ અંદર ઠરી ગયા છે.'

સંવત ૨૦૦૧માં પ્રકાશિત 'સમયસાર-પ્રવચન'ની પ્રસ્તાવનામાં પોતાના વિશે વપરાયેલ 'યુગપ્રધાન' વિશેષણ વાંચી પૂજ્ય ગુરુરાજે કહેલું : 'મારા માટે બહુ મોટો શબ્દ લખ્યો છે.' પરંતુ આ ચૈત્ર મહિનામાં પંડિત લાલન અતિ ઉલ્લાસમાં આવી કહે છે : 'ગુરુદેવ! આપશ્રી યુગપ્રધાન નહીં, પણ યુગસ્રષ્ટા છો.' અહો! સાચે જ ગુરુદેવશ્રી યુગપ્રધાનથી પણ અધિક આધ્યાત્મિક વસ્તુવિજ્ઞાનના તથા સમયસારના 'યુગસર્જક' છે.

તેઓશ્રી સિવાય અનુભવની વજ્રભૂમિ ઉપર ઊભા રહીને 'હું ભગવાન આત્મા છું' એવી ઘોષણા કરનાર કોણ છે? આનંદસાગર ઉછાળતા-ઉછાળતા પ્રમોદપૂર્વક ચૈતન્યના ગાણાં ગાઈને ભક્તોના જીવનને ઘડનાર કોણ છે?

ભરતક્ષેત્રના ભવ્ય જીવોની ભીડ ભાંગવા ૫૮ વર્ષ પહેલાં ભગવાને એક ભોમિયો અહીં મોકલ્યો હતો. તમે તેને ભેટ્યા છો? કોઈએ તેને ભાળ્યો છે? ઓળખ્યો છે? અરે! હવે તો કોઈ તેને ભેટો? ઓળખો! ભારતભૂમિમાં ધર્મયુગના સર્જક મહાપુરુષ ગુરુદેવશ્રી જીવનના 'વન' વર્ષો પૂર્ણ કરી આ વૈશાખ સુદ બીજે ૫૯મા વર્ષમાં પ્રવેશ કરતા હોવાથી તેમ જ ભૂત-ભવિષ્ય સાથે સંધિ ધરાવનાર એક આશ્ચર્યકારી મંગળ ઘટના બની હોવાથી અસાધારણ હર્ષોલ્લાસને કારણે આ ભાવિ તીર્થંકરની ૫૯મી જન્મજયંતીનો સુભાગી દિવસ વિશેષ મહોત્સવપૂર્વક ઉજવવાની ભાવના ભક્તોને જાગે છે અને વૈશાખ સુદ એકમથી ત્રીજ એમ ત્રણ દિવસ પ્રથમવાર જન્મોત્સવ ઉજવવાનું નક્કી કરવામાં આવે છે. ગુરુસેવકોમાં આનંદ-ઉત્સાહ-ઉમંગનું મોજું ફરી વળે છે અને જોરદાર તૈયારી થવા લાગે છે. દૈવી મહાપુરુષનો જન્મમહોત્સવ ઉજવવા માટે કોના હૃદયમાં આનંદસાગર ન ઉછળે? જે ધન્ય દિવસે અનાથોના નાથ જન્મ્યા તે ઉજ્જ્વળ દિવસની ભક્તો આતુરતાથી રાહ જોવા લાગે છે.

વૈશાખ સુદ એકમ : સવારના મંગલ સુપ્રભાતે 'સદ્ધર્મપ્રભાવક દુંદુભી મંડળી'ના વાજિંત્રો મંગળ નાદ કરી મહામહોત્સવની વધામણી આપે છે. સ્થાનિક અને બહારગામથી પધારેલ અનેક મુમુક્ષુઓ સમ્યગ્દર્શન-જ્ઞાન સુપ્રભાતસ્વરૂપ ગુરુવર કહાનના દર્શન તેમ જ સ્તુતિ કરે છે. પછી જિનમંદિરમાં જિનેન્દ્રપૂજા થાય છે. ત્યારબાદ, જેમની ભારતભૂમિમાં પાવન પધરામણી ધર્મજિજ્ઞાસુ જીવોના મહાભાગ્યોદયે-સદ્ભાગ્યે-પુણ્યોદયે થઈ છે એવા ગુરુરાજનું પ્રવચન થાય છે. તેઓશ્રી ફરમાવે છે : 'સંસાર તથા સંસાર તરફના વલણવાળા સમસ્ત ભાવથી હવે અમે સંકોચાઈએ છીએ અને ચિદાનંદ ધ્રુવસ્વભાવી સમયસારમાં—શુદ્ધાત્મામાં સમાઈએ છીએ. અમને બાહ્ય સંયોગ કે અંતરંગ રાગાદિભાવ સ્વપ્ને પણ જોઈતા નથી. અમને જે શુદ્ધ પરિણતિની ધારા પ્રગટી છે તેને રોકવા જગતમાં કોઈ સમર્થ નથી'. પ્રવચન પછી ૪૫ મીનીટ જન્મોત્સવ સંબંધી ભક્તિ થાય છે. બપોરના, ભક્તોમાં સાચી જિજ્ઞાસા, ઝંખના, તીખી લગની અને કરડો પુરુષાર્થ જાગૃત કરનાર ગુરુદેવશ્રીનું

પ્રવચન થાય છે અને જિનમંદિરમાં ઉત્કૃષ્ટ ભાવનાભરી ભક્તિ થાય છે. પૂજ્ય બહેનશ્રીબેનને એવી તો ભક્તિ ઉછળે છે કે તેઓશ્રી ઊભા થઈને ભક્તિ કરાવે છે.

વૈશાખ સુદ બીજ : અનુપમેય-અવર્ણનીય-અદ્વિતીય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને સમ્યગ્દર્શનના જન્મનો સુકાળ; મનુષ્યજન્મની સફળતાનો સુયોગ; જૈનશાસનની ઉન્નતિનો સુઅવસર; પંચમકાળનો ચોથાકાળમાં પલટો; ભરતક્ષેત્રનું મહાવિદેહક્ષેત્રમાં પરિવર્તન; પામરને પ્રભુતાની પ્રાપ્તિ; ક્રમબદ્ધના સિદ્ધાંત વડે અકર્તાપણાની જાહેરાત; નિમિત્ત—ઉપાદાનનો ફેંસલો; નિશ્ચય-વ્યવહારની યથાર્થ સમજણ; પર્યાયમાત્રની સ્વતંત્રતાનો સિંહનાદ; ભૂલાયેલ શુદ્ધાત્માના સ્મરણનો પ્રસંગ; ઉદયપ્રસંગે શૂરવીરતા પ્રગટાવવાની તક; વીતરાગ-વિજ્ઞાનીનો જન્મ; મોક્ષપ્રાપ્તિના ભણકારનો કાળ; વિભાવથી નિવૃત્તિ પામવાની ક્ષણ; શાશ્વત નિજ નિધિ પામવાની પળ; ભીષણ દુઃખથી છૂટવાનો પ્રસંગ અને આખા જગતથી નિસ્પૃહ થવાનો અવસર....

આ કળિકાળમાં આ ભરતભૂમિમાં જેવા ધર્મપુરુષની જરૂર હતી તેવા ધર્મધુરંધર સંતે ૫૮ વર્ષ પહેલાં આજના સદ્‌ભાગી દિવસે જન્મ લીધો હતો. તે મંગલ ઘડી—દિનનું સ્મરણ કરાવવા મંગલ મુહૂર્તે મંગલ વાજિંત્રો વાગે છે, સ્વાધ્યાયમંદિર જ્ઞાનપ્રકાશના પ્રતિકરૂપ ૫૯ દિપકોથી ઝળહળી ઊઠે છે. જન્મવધાઈના ઉમંગભર્યા ભક્તિગાન કરતો મુમુક્ષુવૃંદ ગુરુનિવાસ એવા સ્વાધ્યાયમંદિરને ત્રણ પ્રદક્ષિણા આપી તરણતારણને ત્રિકાળ વંદના કરવા ગુરુદર્શને આવે છે. ભાવભીની સ્તુતિ થાય છે અને ભક્તો ભાવિ ભગવાનને ભાવનાના જળથી પૂજે છે.

જિનેન્દ્ર પૂજા અને જિનવાણીની રથયાત્રા પછી જ્ઞાયકના ગહનસ્વરૂપને સરળ કરી બતાવનાર ગુરુવાણીની ધારા વહે છે :

(૧) જે પોતાના વિના ન થાય અને પર વિના જ થાય તે ધર્મ.

(૨) આત્માના ગુણને રોકનાર શુભભાવને ભલો માનવો તે મહાપાપ છે.

(૩) તું ત્રણલોકનો નાથ—બાદશાહ હોવા છતાં તને શુદ્ધ પરિણતિ નથી તે શું શોભે છે?

(૪) અમે પંચમ આરાના છીએ એટલે અમારી વાણી અને તેના ફળ સાધારણ છે એમ ન સમજો.

(૫) ત્રણકાળ ત્રણલોકમાં આ માને જ છૂટકો છે. આજે માનો, કાલે માનો કે પછી માનો; પણ આ માન્યે નીવેડો છે.

(૬) તારો પ્રભુ તારી પાસે નહીં, તું જ છો.

(૭) દ્રવ્યદૃષ્ટિ થતાં પર્યાયમાં દ્રવ્યનો ફોટો પડે છે.

(૮) સ્વભાવ અસલી હોય અને વિભાવ નકલી હોય.

(૯) પ્રથમમાં પ્રથમ ભવ રહિત સ્વભાવની નિઃશંક શ્રદ્ધા કરો.

(૧૦) જ્ઞાનના દોરે અંદર જવું, રાગથી ભિન્ન જ્ઞાયક દેખાશે.

(૧૧) જે પોતાના નથી તેને પોતાના માનવા તે જ રખડવાનું કારણ છે.

પ્રવચનધારા પછી એ દિવ્ય વિભૂતિ પ્રત્યે ઉપકાર ભક્તિ વ્યક્ત કરતા ભક્તો ભાવના ભાવે છે : હે ગુરુવર! આપ અમોને ઘોર અજ્ઞાન-અંધકારમાંથી સૂર્ય સમાન ઉજ્જ્વળ અને ચંદ્ર સમાન શીતળ જ્ઞાનપ્રકાશમાં લાવ્યા છો. નિરંતર દુઃખથી પીડાતા અને સુખ માટે જ્યાં-ત્યાં અથડાતા અમ જીવોને શાશ્વત સુખનો રાજમાર્ગ બતાવ્યો છે. બૂડતા સત્યને ઉગારી જગત સમક્ષ રજૂ કર્યું છે. જિજ્ઞાસુઓને ભાવમરણથી બચાવવા અનંત તીર્થંકરોએ આપેલ ભેદજ્ઞાન સંજીવનીની લહાણી કરી રહ્યા છો. મૃતક ક્લેવરમાં મૂર્છિત જીવોને જ્ઞાનાંજલિ છાંટી તેમની સુષુપ્ત ચેતનાને જાગૃત કરી રહ્યા છો. જ્ઞાનપિપાસુ આત્માર્થીઓને જ્ઞાનામૃત પીવરાવી રહ્યા છો. આપ જ્ઞાનપ્રભાથી શોભિત, ધર્મકાળ વર્તાવનાર અજોડ ધર્મવીર છો. ધર્મધોધ વહેવડાવનાર ધર્મક્ષેત્રના મહત્પુરુષ છો. આપ અંતરંગમાં વીતરાગદેવના સંદેશા ભરી લાવ્યા છો અને તેનો પ્રવાહ અહીં વહાવી રહ્યા છો.

હે દિવ્યમૂર્તિ! ધન્ય છે આપના સમકિતને, જ્ઞાનને, વૈરાગ્યને, આરાધનાને!! તીર્થંકરના વિરહ ભૂલાવનારી આપની વાણી સાંભળવા મળવી એ જીવનનો લ્હાવો છે. આપ નિરંતર ધર્મોપદેશ આપી અમારા ઉપર મહાન ઉપકાર કરી રહ્યા છો. મહત્પુણ્યે અમે આપના દર્શન પામ્યા છીએ, મહાસદ્‌ભાગ્યે આપશ્રીની વાણી સાંભળવા મળી છે અને હવે તેના રહસ્યને સમજી અમે સાચા ભાગ્યશાળી બન્યા છીએ. બસ, જેમને શુદ્ધસ્વરૂપનો

ઉત્સાહ છે, જ્ઞાયકદેવની ભક્તિ છે અને શાસનપ્રેમ છે એવા આપશ્રીનાં ચરણકમળમાં આ મંગલ દિને આપશ્રીનાં અનંત ઉપકારોનું સ્મરણ કરીને સર્વાંગ અર્પણતા કરીએ છીએ.

વળી કોઈ ભાવના ભાવે છે : ચૈતન્યના સ્પર્શથી જેઓશ્રીએ પોતાનું જીવન ધન્ય કર્યું છે એવા હે ગુરુદેવ! આપ યુગ-યુગ જીવો. આપશ્રીનું અંતરંગ જીવન પવિત્ર ભેદજ્ઞાન વડે બાહ્યભાવોથી પરમ અલિપ્ત હોવા છતાં આપને આશ્ચર્યકારી એવો પ્રભાવના યોગ પણ વર્તી રહ્યો છે, જેને લીધે એક યુગ પલટો થયો છે. આપશ્રી જ્ઞાનમૂર્તિ આત્માના, સમ્યગ્દર્શનની મહત્તાના અને પદાર્થની સ્વતંત્રતાના પરમ પ્રકાશક છો. આપશ્રીએ અથાગ પુરુષાર્થ દ્વારા મેળવેલી અદ્‌ભુત વસ્તુ અમને અપૂર્વ વાણીથી સમજાવી રહ્યા છો. આત્મજ્ઞાન રહિત આંધળી શ્રદ્ધા તથા તત્ત્વ સમજણ શૂન્ય બાહ્યક્રિયામાં લોકો ધર્મ મનાવી રહ્યા હતા ત્યારે આપશ્રીએ અબાધિત વીતરાગવિજ્ઞાનના સિદ્ધાંતોનું ગહન અવગાહન કરીને ચમત્કારીક આત્માનુભવપૂર્વક વજ્રવાણી વડે ડંકાની ચોંટે જાહેર કર્યું કે ‘હું ભગવાન આત્મા છું’ એવી સ્વાનુભૂતિ વિના ધર્મ નથી. અમે જે માર્ગે ચાલીએ છીએ અને બતાવીએ છીએ તે માર્ગે નિઃશંક ચાલ્યા આવો, જરૂર કલ્યાણ થશે.

હે ગુરુદેવ! આપશ્રીનાં ચરણોમાં પર્યાયે-પર્યાયે અનંત-અનંત વંદન, ગુણગાન અને સ્તુતિ કરીએ તોપણ આપે જે ઉપકાર કર્યા છે તેનો બદલો કેમ વાળી શકીએ? આપશ્રીના ઉપકારોની આગળ તે કાંઈ હિસાબમાં નથી, તેની કોઈ જ કિંમત નથી. કેમ કે બદલો ન વાળી શકાય એવા અનુપમ ઉપકાર આપે કર્યા છે. અહો! આપ તો ભૂતકાળના મહાપુરુષ છો, વર્તમાનકાળના યુગસર્જક પુરુષ છો અને ભાવિકાળના ત્રિલોકપૂજ્ય મહાવિભૂતિ છો.

હે ગુરુરાજ! જે ક્ષણે આપનો ભેટો થયો તે મારી ઉત્તમ ક્ષણ છે.

હે કૃપાનાથ! જે પળે આપ મળ્યા તે મારી ધન્ય પળ છે.

હે ગુરુદેવ! જે કાળે આપના દર્શન થયા તે મારો મંગલ કાળ છે.

હે કૃપાસાગર! જે સમયે આપ પ્રાપ્ત થયા તે મારો અપૂર્વ સમય છે.

હે તારણહાર! જે વખતે આપનો સમાગમ થયો તે મારો અમૂલ્ય વખત છે.

હે કૃપાસિન્ધુ! જે ઘડીએ આપની ઓળખાણ થઈ તે મારી અલૌકિક ઘડી છે.

હે સ્વરૂપસાધક! જે ક્ષેત્રે આપનો ભેટો થયો તે મારું ઉત્તમ ક્ષેત્ર-તીર્થ છે.

હે કૃપાનિધાન! જ્યારથી આપનો સંગ થયો છે ત્યારથી મારું જીવન સાર્થક થયું છે.

અહો! જ્યારે આપશ્રી મળ્યા તે મારા જીવનનો અચિંત્ય પ્રસંગ છે, મહા મહોત્સવ છે, અદ્‌ભુત ઘટના છે, અચંબો છે—આશ્ચર્ય છે.

અધિક શું કહું? આપ મળતાં શું ન મળ્યું? બધું જ મળ્યું. કેમ કે આપ જ મારા સર્વસ્વ છો.

સવારના ઉલ્લાસભર્યા કાર્યક્રમ બાદ બપોરના બાલિકાઓનો સંવાદ થાય છે. તેમાં ભક્તિની છોળો ઉછળે છે અને જાણે દેવલોકમાં પણ આ જન્મોત્સવ ઉજવાય છે એવી ભાવના વ્યક્ત થાય છે. ૩ થી ૪ ફરીને પ્રવચનધારા વરસે છે :

જેમ લીંડી પીપર રંગે કાળી ને અલ્પ તીખાશવાળી દેખાવા છતાં અંદરમાં શક્તિરૂપે પૂરેપૂરો લીલો રંગ ને તીખાશ ભરી છે. તેવી રીતે આત્મા અશુદ્ધ—રાગી ને અલ્પ જ્ઞાનવાળો દેખાવા છતાં અંદરમાં સ્વભાવે તો પૂર્ણ વીતરાગ ને સર્વજ્ઞ જ છે.

જ્ઞાની હો કે અજ્ઞાની, કોઈપણ જીવ ક્યારેય પરદ્રવ્યને ભોગવી શકતો જ નથી. ભલે અજ્ઞાની જીવ માને કે હું પરને ભોગવું છું, છતાં તેને પણ પોતાના ભાવોનું જ વેદન થાય છે. જેમ કે કૂતરો સૂકું હાડકું ચાવે છે ત્યારે હાડકાની અણી પોતાની દાઢને વાગતા લોહી નીકળે છે અને તે લોહીને કૂતરો ચાખે છે. આ રીતે કૂતરો ચાખે છે તો પોતાનું જ લોહી, છતાં માને છે કે હાડકાને ચાખું છું.

જેમ બિલાડી જે મુખથી પોતાના બચ્ચાને પકડે છે તે જ મુખથી ઉંદરને પણ પકડે છે. છતાં ‘પક્કડ પક્કડમેં ફેર હૈ’—બચ્ચાને વાગે નહીં અને ઉંદર ભાગે નહીં. તેવી રીતે જે સંયોગો વચ્ચે અજ્ઞાની હોય તે જ સંયોગો વચ્ચે જ્ઞાની હોવા છતાં અભિપ્રાયમાં ફેર છે : અજ્ઞાની સંયોગોમાં એકત્વ-મમત્વ-કર્તૃત્વ કરે છે, જ્યારે જ્ઞાની માત્ર જ્ઞાતા જ રહે છે.

જેવી રીતે પોપટ ભૂંગળી ઉપર બેસવા જતાં ભૂંગળી પલટવાથી ઊંધો થઈ લટકે છે અને ભૂંગળીને જોરથી પકડી રાખે છે. પરંતુ જો પોપટ ભૂંગળી છોડી દે તો આકાશમાં ઉડવા લાગશે, કેમ કે તેનો સ્વભાવ ઉડવાનો છે. પણ અંદરમાં ‘હું પડી જઈશ’ એવો

મિથ્યા ભય પેસી ગયો છે અને ઉડવાના સ્વભાવનું વિસ્મરણ થઈ ગયું છે—વિશ્વાસ નથી. તેથી ભૂંગળીને છોડતો નથી. તેવી રીતે આ અજ્ઞાની જીવ પોતાના સુખસ્વભાવને ભૂલીને પર ઇન્દ્રિયવિષય અને રાગાદિ વિભાવમાં સુખ-આનંદની કલ્પના કરીને તેને પોતાના માને છે—પકડી રાખે છે, પણ નિજ જ્ઞાનાનંદસ્વરૂપને ઓળખતો નથી.

પ્રવચનની જ્ઞાનધારા પછી ૪૫ મિનિટ ભક્તિધારા વહે છે. સાંજના આરતી, રાત્રિચર્ચા પછી ફરીને એક કલાક ઉલ્લાસ—ઉમંગભર્યો ભક્તિભાવનો પ્રવાહ વહે છે.

**ગુરુ-જન્મજયંતી આજે છે,**
**ગુરુરાજની જયંતી આજે છે;**
**એના શબ્દ ગગનમાં ગાજે છે....ગુરુ-જન્મ૦**

**વીરમાર્ગપ્રવર્તક ભરતે ગાજે છે,**
**ધર્મધ્વજનો ડંકો બજાવે છે;**
**શાસન ઉન્નતિ આજે છે....ગુરુ-જન્મ૦**

**મુમુક્ષુ હૃદયો ઉલ્લસે છે,**
**આજે અમૃતવર્ષા વર્ષે છે;**
**જૈન શાસનનો જયકાર ગાજે છે....ગુરુ-જન્મ૦**

**આજે સ્વર્ગેથી ભક્ત દેવો આવે છે,**
**આવી ભક્તિની ધૂન મચાવે છે;**
**ગુરુરાજનો જયકાર ગજાવે છે....ગુરુ-જન્મ૦**

**વૃક્ષો ને વેલડિયો નાચે છે,**
**ફળ ફૂલ આજે પાય લાગે છે;**
**ગુરુભક્તિમાં સહકાર આપે છે....ગુરુ-જન્મ૦**

**અજોડ સંતની વધાઈ વાગે છે,**
**કેસરી સિંહની વધાઈ વાગે છે;**
**એ તો ગુણમાં વધતો ગાજે છે....ગુરુ-જન્મ૦**

**દિવ્યધ્વનિનાં રહસ્યો જેણે ખોલ્યાં છે,**
**શાસ્ત્રના ઊંડા મર્મ ઊકેલ્યા છે;**
**એ તો જગના તારણહાર જાગ્યા છે...ગુરુ-જન્મ૦**

પ્રભુ સેવક લળી પાય લાગે છે,
આત્મલાભની વધાઈ આજે વાગે છે;
કૃપાનાથ કૃપા વરસાવે છે....ગુરુ-જન્મ૦

✻

વૈશાખ સુદ ત્રીજ : જન્મોત્સવના આજના અંતિમ ત્રીજા દિવસે પણ ઉત્સાહ-ઉમંગસહ કાર્યક્રમો થાય છે.

આ રીતે પ્રથમવાર આનંદોલ્લાસપૂર્વક ગુરુ જન્મજયંતી ઉજવાય છે અને ભાવિ તીર્થંકર તથા ગણધરના મહિમાથી સુવર્ણપુરી ગાજી ઉઠે છે.

વૈશાખ વદ આઠમ : સ્વાધ્યાય મંદિરની સ્થાપનાને ૧૦ વર્ષ પૂર્ણ થાય છે. 'સ્ટાર ઑફ ઇન્ડિયા'માં દશ-વીસ જિજ્ઞાસુઓ દેખાતા હતા, સ્વાધ્યાયમંદિર બનતા સેંકડો મુમુક્ષુઓ નજરે પડવા લાગે છે અને પ્રવચનમંડપ બન્યા પછી તો હજારો આત્માર્થીઓ ઉમટવા લાગ્યા છે. જે કોઈ સાધક આત્માર્થી આ કાળે સાધના કરે છે અને પછી પણ પંચમકાળના અંત સુધી કરશે તેમાં પ્રત્યક્ષરૂપે કે પરોક્ષરૂપે કારણભૂત આ ક્ષેત્રે ને કાળે અજોડ ધર્મપ્રભાવના કરનાર ગુરુવર કહાન જ હશે એમ ચોક્કસપણે—નિશ્ચિતપણે જણાય છે.

જેઠ સુદ ચૌદશે 'પરમાત્મપ્રકાશ' ઉપરના પ્રવચનો પૂર્ણ થાય છે અને જેઠ વદ એકમના રોજ સવારના પ્રવચનમાં ગુજરાતીમાં ભાષાંતર પામેલ 'પ્રવચનસાર' શરૂ થાય છે. બપોરના પ્રવચનમાં સમયસારજી ચાલે છે.

જેઠ વદ પાંચમ, શુક્રવાર. રાત્રિના સ્વપ્ન આવે છે : અન્યમતના ચાર સાધુ અપૂર્વ ગુણધારી ગુરુદેવશ્રી પાસે આવીને, વંદન કરીને, બેસે છે અને તેઓશ્રીની વાણી સાંભળે છે. આત્મજ્ઞ સંત ગુરુદેવશ્રી ફરમાવે છે : 'આ વાત કેવળી ભગવાનની કહેલી છે. જે વાત તેમણે સ્વીકારેલી છે તે જ વાત અમે કહીએ છીએ.' આ સાંભળી એ ચાર સાધુ ખુશ થાય છે. વાહ! સ્વપ્ન પણ સત્યતાનું સૂચક છે ને!!

શ્રાવણ સુદ નોમ : જિનશાસન પ્રભાવક ગુરુદેવશ્રીના પરમ પ્રતાપે લાઠી જિનમંદિરનું ખાતમુહૂર્ત થાય છે.

શ્રાવણ વદ ૧૧ થી ભાદરવા સુદ ૯ સુધી શ્રી સમયસારજીની ગાથા ૩૯૦ થી ૪૦૪ ઉપર, જેમનો આવા કળિકાળે સુયોગ મળવો મહા દુર્લભ છે એવા ગુરુદેવશ્રીનાં, ભેદજ્ઞાનરસ ઝરતા અદ્ભુત પ્રવચનો થાય છે; જે પાછળથી 'ભેદવિજ્ઞાનસાર' નામના પુસ્તકરૂપે પ્રસિદ્ધ થાય છે.

ભાદરવા સુદ બીજ, રવિવાર : શાસનમાન્ય શાસનશિરોમણિ શ્રી કુંદકુંદાચાર્યદેવકૃત પરમાગમ શ્રી પ્રવચનસારજીનું, પંડિત શ્રી હિંમતભાઈ શાહે કરેલ ગુજરાતી ભાષાંતર સહિત, પ્રથમવાર પ્રકાશન થાય છે.

આસો સુદ ચૌદસ, શનિવાર. રાત્રિના સ્વપ્ન આવે છે. તેમાં એવું આવે છે કે ગુરુરાજ પ્રવચન સભામાં ઉપદેશ આપતા ફરમાવે છે કે : આ ઉપદેશમાં જરાય શંકા કરશો નહીં. જે વાત તીર્થંકરદેવ અહીં કહેતા હતા તે જ વાત અમે કહીએ છીએ. તેમની અને અમારી—બંનેની વાત સરખી છે. વાત સાચી જ છે ને! કેવળીની કે અનુભવીની, વાત તો સમાન જ હોય ને!!

જેમની વાણી સુણતાં ચૈતન્ય જાગે એવા કહાન ગુરુદેવે દર્શાવેલ તત્ત્વજ્ઞાનમાં હવે હજારો જિજ્ઞાસુ જીવો રસ લેવા લાગ્યા છે. ભૂતકાળના લાંબા કાળમાં જોતાં નજરે નહીં દેખાતી એવી શાસનપ્રભાવના થઈ રહી છે. આના જ ફળરૂપે આસો વદ ૧૧ના દિવસે સૌરાષ્ટ્રના પાટનગર એવા રાજકોટમાં ૫૦૦ મુમુક્ષુઓની હાજરીમાં શ્રી નાનાલાલભાઈ જસાણીના હસ્તે જિનમંદિર તેમ જ સ્વાધ્યાયમંદિરનો શિલાન્યાસ મહોત્સવ ઉજવાય છે.

આ પ્રકારે જે વર્ષમાં ધર્મધુરંધર સંત ગુરુદેવશ્રીનાં જીવનના 'વન' વર્ષો પૂર્ણતાને પામ્યા અને જન્મજયંતી ઉજવવાની શરૂઆત થઈ તે સંવત ૨૦૦૪નું વર્ષ પૂરું થાય છે.

ભક્તજીવન આધાર દિવ્યજ્ઞાનધારી પરમકૃપાળુ કહાનગુરુદેવને પરમ ભક્તિથી વારંવાર નમસ્કાર.

❀

# * વિક્રમ સંવત ૨૦૦૫ (ઈસ્વી સન્ ૧૯૪૮-૪૯) *

કારતક માસની અષ્ટાહ્નિકા દરમ્યાન તેરસને શુભ દિવસે સુવર્ણપુરીમાં એક અપૂર્વ ભવ્ય પ્રસંગ રચાય છે.

સ્વાનુભવથી સમૃદ્ધ ગુરુદેવશ્રી બ્રહ્મચર્યના રંગથી રંગાયેલા સત્પુરુષ છે. તેઓશ્રી સ્વયં કડક શીલ પાળે છે અને અન્ય પાસે પણ તેનો આગ્રહ રખાવે છે. તેથી, રાત્રિના કાર્યક્રમોમાં માત્ર ભાઈઓ જ ભાગ લે છે. તેઓશ્રીનાં આવા બ્રહ્મચર્યના આદર્શ ગુણથી પ્રેરાઈને તેમ જ ચૈતન્યસ્પર્શી અધ્યાત્મ ઉપદેશ તથા જ્ઞાનવૈરાગ્યમય જીવનથી પ્રભાવિત થઈ, નિજ જીવનમાં ભેદજ્ઞાનના સંસ્કારોનું સીંચન કરી આત્મહિત કરવા, તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવા અને જ્ઞાની-સંતોની કલ્પવૃક્ષ સમાન શીતળ છાયમાં નિરંતર નિવૃત્તિમય જીવન જીવવા છ કુમારિકા બહેનો આજીવન બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા ધારણ કરે છે.

પ્રચૂર ભૌતિક વિલાસના આ યુગમાં જ્યારે જીવો સુખ માટે ઇન્દ્રિયવિષયો પાછળ દોડે છે ત્યારે અસંગી ચૈતન્યના મંથનથી વૈરાગ્ય પ્રગટવો તે જ્ઞાન-વૈરાગ્યપોષક સુમેઘ ગુરુદેવશ્રીની અનુપમ પ્રભાવનાનું ફળ છે. જેઓ ભક્તોના જીવનને જ્ઞાન-વૈરાગ્યના નીરથી સીંચી રહ્યા છે અને જીવન ઘડતર કરી રહ્યા છે એવા સમયસારયુગ પ્રવર્તક ગુરુદેવશ્રીની પ્રવચનવાણીનો લાભ લેતાં અને પૂજ્ય બહેનશ્રીબેનની મંગલ છાયામાં વર્ષોથી વસતાં છ કુમારિકા બ્હેનો, અન્યના સંગમાં જે અશક્ય છે અને ધર્માત્માના ચરણશરણમાં સુગમ છે એવા, આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા આજે એકી સાથે ભક્તજીવનશિલ્પી ગુરુદેવશ્રી  સમક્ષ અંગીકાર કરે છે. તત્ત્વજ્ઞાનના બળથી તેમ જ તેમાં જ આગળ વધવાની ભાવનાથી આ પ્રતિજ્ઞા લેવામાં આવે છે. આ પ્રસંગને મુમુક્ષુસમાજ ખાસ ઉત્સાહથી ઉજવે છે. અત્યારસુધી કુમાર ભાઈઓ તથા ઘણા પતિ-પત્ની સજોડે આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લેતા હતા જ, આજે પ્રથમવાર કુમારિકા બહેનો ચોથુંવ્રત ધારણ કરે છે. તેઓ એવી ભાવના ભાવે છે કે અમોને ગુરુચરણોનો એ લાભ થાવ કે જેથી આત્માની પ્રાપ્તિ થાય, આત્મસન્મુખતા થાય.

અહો! જ્યારે જૈનધર્મના નામે બાહ્ય પ્રવૃત્તિઓ ચાલી રહી હતી, જૈનોને

અજૈનપણાનો ઉપદેશ અપાઈ રહ્યો હતો, વીતરાગ માર્ગમાં ગૃહીત મિથ્યાત્વનું પોષણ થઈ રહ્યું હતું અર્થાત્ મોક્ષમાર્ગ સુષુપ્ત ને લુપ્ત થઈ રહ્યો હતો ત્યારે, ભવ્યભક્તોના ભાગ્યથી તથા પંચમ આરાના છેડા સુધી ધર્મ ટકવાનો છે તેથી, શુદ્ધાત્મસાધનામય જીવન જીવનાર ગુરુદેવશ્રી મળ્યા. તેઓશ્રીનાં પ્રતાપે અત્યારે હજારો લોકો તેઓશ્રીની કલ્યાણકારી વાણીનો લાભ લઈ રહ્યા છે, આરંભાયેલી ધર્મની પેઢી હવે જામતી જાય છે અને તેના મીઠાં મધુરા સુખમય ફળ પણ મળવા લાગ્યા છે.

માગસર વદ આઠમ : સીમંધરપ્રભુના અપૂર્વ સંદેશા ભરતે લાવનાર, કળિકાળ સર્વજ્ઞ શ્રી કુંદકુંદાચાર્યના 'આચાર્યપદ આરોહણ'નો આજે પવિત્ર દિવસ છે. સોનગઢમાં દર વર્ષે આ આનંદકારી દિવસ અતિ ઉલ્લાસપૂર્વક ઉજવાય છે. આજે આ પર્વ ઉપરાંત પરમાગમ શ્રી સમયસારજી ઉપરના સમયસારરહસ્ય ઉદ્‌ઘાટક ગુરુવરના આઠમી વારના પ્રવચનો પૂર્ણ થવાનો પ્રસંગ પણ છે. જેમ મુનિવરોમાં શ્રી કુંદકુંદાચાર્ય અગ્રસ્થાને છે, પ્રમુખ-મુખ્ય છે તેમ જૈન પરમાગમોમાં શ્રી સમયસારજી અગ્રસ્થાને છે. આ પરમાગમ ઉપરના આઠમી વારના પ્રવચનો વિક્રમ સંવત ૨૦૦૨માં જ્ઞાનના દિવસે—શ્રુતપંચમીના પર્વે—જેઠ સુદ પાંચમે શરૂ થયા હતા અને આજે વિક્રમ સંવત ૨૦૦૫ના ચારિત્રના દિવસે—શ્રી કુંદકુંદદેવના આચાર્યપદ આરોહણના પર્વે—માગસર વદ આઠમે પૂર્ણ થાય છે.

આ અંતિમ પ્રવચન પૂર્ણ કરતા અનુભવસભર વાણી વરસાવનાર ગુરુરાજ ફરમાવે છે : 'હે જીવો! અંદરમાં ઠરો રે ઠરો! અનંત મહિમાવંત શુદ્ધાત્મસ્વભાવનો આજે જ અનુભવ કરો.'—આમ સ્વાનુભૂતિની અનુપમ-અદ્‌ભુત પ્રેરણા આપી આગળ કહે છે : 'આ સમયસારના વાંચનની શરૂઆત શ્રુતપંચમીના દિવસે થઈ હતી અને પૂર્ણતા આચાર્યપદવીના દિવસે થાય છે. શ્રુતપંચમી એ જ્ઞાનનો દિવસ છે અને આચાર્યપદવીમાં ચારિત્ર છે. એટલે જ્ઞાનથી શરૂઆત થઈ છે તે આગળ વધતા ચારિત્રદશા પ્રાપ્ત કરીને ઠેઠ કેવળજ્ઞાન સુધી પહોંચી પૂર્ણ થશે. બોલો સમયસાર ભગવાનનો જય હો....' આ રીતે જ્યારે ગુરુદેવશ્રી સ્વયંની આરાધનાની પૂર્ણતાના કોલકરારપૂર્વક સમયસારજીની પૂર્ણતા કરે છે અને 'જય' બોલાવે છે ત્યારે સમસ્ત શ્રોતાજનો પણ બહુ જ હર્ષોલ્લાસ અને ભક્તિભાવ સહિત તે જયકાર ઝીલી લે છે, વધાવી લે છે. સદ્‌ધર્મપ્રભાવક દુંદુભીમંડળના

વાજિંત્રો પણ મંગલધ્વનિથી તેમાં સાથ પૂરાવે છે.—આ છે આત્માર્થતાને પ્રગટાવનાર અને પોષનાર ગુરુવરના જીવનમાં બનેલ ગ્રંથાધિરાજ શ્રી સમયસારજી પ્રત્યેના અગાધ-અમાપ-આશ્ચર્યકારી મહિમાના અનેક પ્રસંગોનો એક નમૂનો.

અહો! સાગર સમાન ગંભીર સમયસારજીના અનુપમ રહસ્યને આઠ-આઠ વાર સંભળાવીને અકારણ કરુણાના સાગર ગુરુવર કહાન મુમુક્ષુ-જિજ્ઞાસુ સમાજ ઉપર મહાન ઉપકાર કરી રહ્યાં છે. ભક્તોના સદ્‌ભાગ્યે જ આ વાણીની વર્ષા થઈ રહી છે. થોડાં વર્ષો પહેલાં આ સૌરાષ્ટ્રની ભૂમિમાં ભાગ્યે જ કોઈએ સમયસારજીનું નામ પણ સાંભળ્યું હશે. પણ આજે એવો યોગ બન્યો છે કે દરેક જૈન તેને જાણે છે. આ કાળે, આ ક્ષેત્રે આત્મહિતના કારણભૂત એવી દેશનાલબ્ધિ એટલે ગુરુદેવશ્રીનાં પ્રવચનો. અનુભવભાવોથી શોભતા, આત્મિકવીર્યને ઉછાળતા અને વૈરાગ્યરસને રેલાવતા સમયસાર-પ્રવચનો આત્માર્થીના હૃદયને સ્પર્શી જાય છે. અધ્યાત્મમસ્તીથી વગાડાતી એ પ્રવચનવીણા સાંભળતા શ્રોતાઓ એકતાન થઈ જાય છે અને અનેક વર્ષોથી એકધારા શ્રવણ કરવા છતાં પણ કોઈને ક્યારેય કંટાળો આવતો નથી. ઉલ્ટાનું ફરી ફરી સાંભળવાની જિજ્ઞાસા રહ્યા કરે છે.

ભાવસમયસાર એટલે શુદ્ધાત્મા અને દ્રવ્યસમયસાર એટલે ગ્રંથાધિરાજ શાસ્ત્ર.— આ બંનેના અંતર્મંથન વડે સ્વાનુભૂતિ-અમૃતનું પાન સ્વયં ગુરુદેવે કર્યું છે, કરી રહ્યાં છે અને ભક્તોને પણ કરાવી રહ્યા છે. જેમ જેમ ફરી-ફરીને સમયસાર વંચાય છે તેમ તેમ તેમાં ભરેલા સૂક્ષ્મ ન્યાયો પ્રકાશમાં આવતા જાય છે અને જેમ જેમ સૂક્ષ્મ ન્યાયો ખ્યાલમાં આવતા જાય છે તેમ તેમ શ્રોતાઓનો ઉપયોગ વધુને વધુ ચોખ્ખો-સ્પષ્ટ થતો જાય છે, અંતરમાં આનંદતરંગ ઉછળવા લાગે છે. આજે ભક્તો ભાવના ભાવે છે : જેવી રીતે દિવ્યમૂર્તિ ગુરુરાજે આઠ વાર સમયસાર સમજાવી ભક્તોને ન્યાલ કર્યા છે તેવી જ રીતે અનેકવાર પણ આ પરમાગમના ઊંડા ભાવો પ્રકાશી અમારા આત્મજીવનને ઉજાળો, આ દુર્લભ મનુષ્યપર્યાય સાર્થક કરો.

મહા સુદ ૯ : સોનગઢ પછી સૌ પ્રથમવાર પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે, જેમના પ્રતાપે જિનશાસનનો જયજયકાર થઈ રહ્યો છે એવા વીતરાગમાર્ગ પ્રણેતા કહાન

ગુરુવરનો ધર્મોદ્યોતકારી મંગલ વિહાર સૌરાષ્ટ્રમાં થાય છે. તેના પ્રથમ દિવસે પાદવિહાર કરતા કરતા ધારુકા ગામે પધારે છે. અહીં તેમ જ અન્ય ગામોમાં પદ્મનંદી પંચવિંશતિના સદ્‌બોધચંદ્રોદયાધિકાર ઉપર પ્રવચન થાય છે.

બીજે દિવસે જન્મનગરી ઉમરાળામાં પદાર્પણ થાય છે. જન્મજાત અસાધારણ પ્રતિભાના સ્વામી એવા ભાવિ તીર્થાધિનાથના પાદથી સ્પર્શાયેલી આ ભૂમિના રજકણો જાણે કે ગૌરવ અનુભવતા હોય એમ લાગે છે. અમારા ગામના સંત અમારે આંગણે પધારે છે એવા ભક્તિ-ઉલ્લાસથી સહુ ગ્રામજનો સ્વાગત કરે છે. સ્વાગતયાત્રા પછી ઉમરાળાના સંત માંગલિક સંભળાવે છે. બપોરના પ્રવચન થાય છે :

(૧) જેમ જ્ઞાનીનો અશુભરાગ સમ્યગ્દર્શનને બાધક નથી તેમ તેનો શુભરાગ સમ્યગ્દર્શનને સહાયક નથી.

(૨) જે પોતાના આત્માનો આશ્રય કરે છે તે જ ભગવાનની વાણી સમજ્યો છે.

(૩) વીતરાગના ભક્તને રાગનો આદર ન હોય.

(૪) સત્પુરુષ પાસે સત્‌ની રુચિપૂર્વક સત્‌નું શ્રવણ એકવાર તો અવશ્ય કરવું જ જોઈએ અને તો જ સત્‌નું પરિણમન થાય.

(૫) હે ભાઈ! તને આત્મકલ્યાણની ભાવના છે, પણ તત્ત્વજ્ઞાનનો અભાવ છે. તેથી આત્મા પ્રાપ્ત થતો નથી.

(૬) અરે ચૈતન્ય! તને નિજ અનુભવ વિનાનું જીવન કેમ ગમે છે?

(૭) આત્મામાં અભેદ થાય તે જ ખરું જ્ઞાન છે.

(૮) સમજણ એ જ ધર્મ છે અને અજ્ઞાન એ જ સંસાર છે.

(૯) સ્વતંત્ર-સ્વાધીન સ્વભાવની નિઃશંકતા આવ્યા વિના સ્વતંત્ર થવાનો પુરુષાર્થ ઉપડશે નહીં.

મહા સુદ ૧૧ : સવારે બેન્ડવાજાં સહિત ભક્તિ કરતા કરતા ભક્તો ગુરુજન્મસ્થાનમાં આવે છે. ૯ થી ૧૦ એક કલાક અહીં ભક્તિભાવનો સાગર એવો તો

ઉછળે છે કે ગામના મુખિયાજી પણ પ્રશંસા કર્યા વિના રહેતા નથી. જન્મોત્સવસંબંધી ભક્તિ પછી ગુરુચરણથી પાવન જન્મસ્થાનમાં 'જન્મધામ' બનાવવા ફંડ થાય છે. બપોરના પ્રવચન અને રાત્રિના તત્ત્વચર્ચા થાય છે. પોતાના ગામના 'કાનજી'ને સાંભળવા આખું ગામ ઉમટે છે.

મહા સુદ ૧૨ : ઉમરાળામાં જેમને ૐધ્વનિ આવ્યો હતો તે ઉજમબાનંદન સમયસાર કલશ ૩૨નો અર્થ સમજાવતા કહે છે : 'આચાર્યદેવ બધાયને સાગમટે નોતરું આપે છે કે આનંદકંદ આત્મામાં બધા જીવો ઠરી જાવ, ડૂબી જાવ. એ સિવાય બીજું કાંઈ સાર નથી.' સમજણ ઉપર ભાર મૂકતા શ્રેષ્ઠી મોતીચંદભાઈના કુંવર કહે છે : 'જેમ કુહાડાથી કપડા ધોવાય નહીં, પણ ફાટી જાય. તેવી રીતે આત્માની સાચી સમજણ વિના શરીરાદિની ક્રિયાથી ધર્મ થાય નહીં, પણ અધર્મ થાય.'

મહા સુદ ૧૩ના દિવસે પણ ઉમરાળા નગરીમાં જન્મ લેનાર ઉમરાળાના મહાત્મા ઉમરાળામાં બિરાજે છે. આ રીતે મહા સુદ ૧૦ થી ૧૩ એમ ચાર દિવસ જન્મનગરીમાં બિરાજી મહા સુદ ૧૪ના રોજ દડવા થઈ ઉજળવાવ પધારે છે. જે જે ગામમાં જ્ઞાનરસમાં તરબોળ ગુરુવર્ય પધારે છે તે તે ગામમાં બપોરના ૩ થી ૪ પદ્મનંદી પંચવિંશતિ ઉપર પ્રવચન થાય છે અને તે સાંભળવા માટે ખેડૂતો પોતાનું કામ બંધ રાખે છે. દરરોજ રાત્રિ તત્ત્વચર્ચા દરમ્યાન જિજ્ઞાસુઓની શંકાનું સમાધાન પણ થાય છે.

મહા સુદ ૧૫ : લાખણકા ગામે પધરામણી થતાં ગામના આગેવાન દરબારો પણ ભક્તિભાવ અને પ્રેમ વ્યક્ત કરે છે. ગ્રામ્યજનો ઉત્સાહથી ગામને શણગારી સ્વાગત કરે છે અને પ્રવચનનો લાભ લે છે.

મહા વદ એકમ : બાપદાદાનું મૂળ ગામ ગઢડા જતાં વચમાં અડતાળાના ધર્મજિજ્ઞાસુઓ વિનંતી કરતાં માંગલિક સંભળાવી ગઢડા પધારે છે. અહીં સ્થપાયેલ મુમુક્ષુમંડળ અતિ ભક્તિથી સ્વાગત કરે છે અને મંગલમય ગુરુદેવ અર્થ સહિત માંગલિક ફરમાવે છે. બપોરના પ્રવચનમાં ખાસ કરીને શિક્ષિતવર્ગની હાજરી વિશેષ જણાય છે. અહીં બે દિવસ રોકાણ થાય છે.

મહા વદ ચોથે ઉગામેડી અને પાંચમે ગોરડકા પધારે છે. આ નાનકડું ગામડું હોવા છતાં અહીં દરરોજ સ્વાધ્યાય થાય છે.

મહા વદ છઠ્ઠ : નાગલપર તરફ વિહાર કરતાં વચમાં ટાટમ ગામ આવે છે. ભક્તોની વિનંતીથી અહીં માંગલિક સંભળાવે છે. બપોરના નાગલપરમાં પ્રવચનધારા છૂટે છે :

(૧) પૂર્ણ સ્વભાવનો આશ્રય જ પૂર્ણતા પામવાનો ઉપાય છે.

(૨) અજ્ઞાની બાહ્ય ત્યાગી હોવા છતાં અધર્મી છે અને જ્ઞાની ગૃહસ્થદશામાં હોય તોપણ ધર્મી છે.

(૩) જૈનશાસન એટલે સ્વાશ્રય, વીતરાગતા.

(૪) સમજણ કરવા માટે સદાય માંગલિક કાળ જ છે.

(૫) રાગભાવ ક્યારેય કર્તવ્ય નથી.

(૬) મોક્ષ મેળવવા માટે સમ્યગ્દર્શનની ભાવના કરો અને સંસાર ટાળવા માટે મિથ્યાત્વનું વમન કરો.

(૭) જ્ઞાનીને નિરંતર જ્ઞાન વધે છે અને અજ્ઞાનીને નિરંતર વિકાર વધે છે.

(૮) સત્યનો આદર અને અજ્ઞાનનો ત્યાગ એ જ પ્રથમમાં પ્રથમ ધર્મ છે.

(૯) અંતરથી સત્‌ના હકાર વગર ધર્મ સમજાશે નહીં.

(૧૦) સમ્યગ્દષ્ટિનો ભવ બગડે નહીં અને વધે પણ નહીં.

મહા વદ સાતમથી દશમ એમ ચાર દિવસ માટે બોટાદ આગમન થતાં ભક્તમંડળ ભવ્ય સ્વાગત કરે છે. અહીં બપોરના પ્રવચન અને સવારે-રાત્રિના તત્ત્વચર્ચા થાય છે, જેનો ઘણા જિજ્ઞાસુ લાભ લે છે. એક જિજ્ઞાસુ પ્રશ્ન કરે છે : 'સમ્યગ્દર્શન તો ગમે ત્યારે થઈ શકે છે ને?' સમાધાન : 'જિજ્ઞાસુને એમ થવું જોઈએ કે ગમે ત્યારે નહીં, પણ મારે અત્યારે જ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું છે. જેને જેની રુચિ હોય તેને વર્તમાનમાં જ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે.' બીજી જિજ્ઞાસા થાય છે : 'સમ્યગ્દર્શન-જ્ઞાન

થાય તેની ખબર ન પડે ને?' સમાધાન : 'ખબર ન પડે એ જ બતાવે છે કે તે અજ્ઞાન છે, સમ્યગ્જ્ઞાન નહીં.' અંતિમ દિવસે એક મુમુક્ષુ દંપતિના સજોડે બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા લેવાના પ્રસંગે મોક્ષમાળાના ૩૪મા પાઠ 'બ્રહ્મચર્ય સુભાષિત' ઉપર વ્યાખ્યાન થાય છે. આવા પ્રસંગોએ ભવાંતકારી આત્મસાધના સાધનાર ગુરુવર ઘણીવાર ફરમાવે છે : 'ખરું બ્રહ્મચર્ય તો બ્રહ્માનંદ-જ્ઞાનાનંદસ્વરૂપ આત્માનું ભાન કરી તેમાં ચરવું—રમણતા કરવી તે છે. બાહ્ય વિષય-ભોગો તો અનંતવાર ભોગવ્યા છે, પણ તેમાં સુખ નથી. સુખ તો આત્મામાં છે. માટે વિષય-ભોગોમાં સુખ છે એવી બુદ્ધિ છોડી આત્માની સમજણનો પ્રયત્ન કરવો જોઈએ.'

સંસારવિષવૃક્ષને ક્ષણમાત્રમાં ક્ષય કરાવનાર ગુરુદેવશ્રીનું આગમન મહા વદ અગીયારસે ભદ્રાવડી અને બીજે દિવસે સરવા ગામે થાય છે. અહીં વિક્રમ સંવત ૧૯૭૨માં કેવળજ્ઞાન તેમ જ પુરુષાર્થ સંબંધી ચર્ચા થયેલી. આજે પણ તે અંગે વાત નીકળતા આરાધનામૂર્તિ ગુરુરાજ ઉલ્લાસભેર કહે છે : 'પુરુષાર્થી જીવના અનંત ભવ હોતાં નથી અને કેવળી ભગવાને પણ દીઠાં નથી. જેને ભવ વિનાના આત્માની શ્રદ્ધા થઈ, તેને અનંત ભવ હોય જ નહીં. જેને ભવ રહિત કેવળીની પ્રતીત થઈ, તેના અનંત ભવ ભગવાને જોયા જ નથી. 'મોક્ષ માટે જીવનો પુરુષાર્થ કામ ન કરે'—આવી વાત જગતના કોઈપણ જીવને ક્યારેય સાંભળવા મળશો નહીં'. વાહ! શું પુરુષાર્થમૂર્તિની પુરુષાર્થપ્રેરક વાત!

શાંતરસમય પુરુષાર્થ વડે સાધનામાર્ગે પ્રબળ રીતે આગળ વધતા ગુરુવર્યની વાણીનો એક શબ્દ પણ લાયક જીવને માટે તો અમૂલ્ય છે. જેમ સ્વાતિ નક્ષત્રના વરસાદનું એક બિંદુ માછલીના મુખમાં મોતીરૂપે પરિણમે છે તેમ ભેદવિજ્ઞાની ગુરુરાજનો એક શબ્દ—વાક્ય પણ પાત્ર જીવની દૃષ્ટિને આત્મપ્રાપ્તિ કરાવી દે છે. અહો! તે વાણીની અને તેના વક્તાની શું કિંમત કરવી? ખરેખર તો ગુરુવાણી જે શુદ્ધાત્માને દેખાડે છે તે જ્ઞાયકભાવની મહિમા-કિંમત જેને થાય છે તે આત્માર્થીને જ ગુરુવાણીની ખરી મહિમા-કિંમત ભાસે છે. મહા-મૂલ્યવાન ભગવાન આત્મા પ્રાપ્ત થયો તો તેને બતાવનાર વાણી અને વક્તા પણ મૂલ્યવાન છે એમ ભાસે જ ને?

ગુરુવર દરરોજ લગભગ પાંચ-સાત માઈલ પગે ચાલીને વિહાર કરે છે. જે ગામડામાં તેઓશ્રી પધારે છે ત્યાંના ખેડૂતો ઉત્સવ જેવું માની તે દિવસે ખેતરે જતા નથી ને હોંશે હોંશે પ્રવચન સાંભળવા આવે છે.

મહા વદ તેરસ : આજે નાનકડી એવી વીંછીયા નગરી સુંદર કમાનો-ધ્વજા-પતાકા-તોરણ આદિના શણગારથી સ્વર્ગ સમાન શોભી રહી છે. શું કારણ છે? જિનમાર્ગના પરમ પ્રભાવક ધર્મચક્રી ગુરુવર કહાન શ્રી જિનેન્દ્ર પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પદાર્પણ કરી રહ્યા છે. માત્ર ભક્તમુમુક્ષુઓને જ નહીં, સમગ્ર જનસામાન્યને પણ આનંદ-ઉત્સાહ વર્તી રહ્યો છે. અજોડ રત્ન ગુરુદેવશ્રી પધારતાં ભવ્ય સ્વાગત થાય છે. અહા! જે જે નગરે ગુરુરાજનું આગમન થાય છે તે દરેક નગરે ભક્તોની ભક્તિ ઉછળી પડે છે અને ભવ્ય-અતિભવ્ય અદ્‌ભુત સ્વાગત થાય છે. આ અનુપમ પ્રભાવના ઉદય આત્માર્થીઓને તીર્થંકરના સાક્ષાત્ વિહારકાળનું મંગલ સ્મરણ કરાવે છે તથા મહા સમર્થ આચાર્યો—સિદ્ધાંતચક્રવર્તી શ્રી નેમિચંદ્રાચાર્ય, શ્રી અકલંકદેવ વગેરે—દ્વારા ભૂતકાળમાં કેવી ધર્મપ્રભાવના થઈ હશે તેનો અંદાજ આપે છે.

સ્વાગતયાત્રા પછી નૂતન બંધાયેલ જૈન સ્વાધ્યાય મંદિરમાં ગુરુદેવશ્રી પધારે છે અને અર્થ સહિત માંગલિક ફરમાવે છે. અહીં આકાર પામેલ સ્વાધ્યાય મંદિર અને જિનમંદિર આબેહૂબ સોનગઢ જેવા જ છે, જાણે કે તેનું પ્રતિબિંબ.

શ્રી જિનેન્દ્ર પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ એટલે વિશ્વનો સર્વોત્તમ માંગલિક મહોત્સવ! તે સંસારી જીવોની સંખ્યા ઘટાડી મુક્તજીવોની સંખ્યામાં વૃદ્ધિ કરે છે. આ મહોત્સવનો કાર્યક્રમ ફાગણ સુદ એકમના રોજ 'સમવસરણ વિધાન પૂજા'થી શરૂ થાય છે. કલકત્તા, ઈંદોર, અજમેર, કાનપુર, ભેલસા, મલકાપુર, અંજડ, સિદ્ધક્ષેત્ર બાવનગજા-ચૂલગિરિ વગેરે દૂરદૂરના નગરોથી અને સૌરાષ્ટ્રના સાવરકુંડલા, બોટાદ, રાણપુર, વઢવાણ, સુરેન્દ્રનગર, આંકડિયા, ચોટીલા વગેરે ગામોથી પણ કુલ ૪૨ પ્રતિમાઓ પ્રતિષ્ઠા માટે આવે છે. જાણે કે વીંછીયામાં જિનેન્દ્રોનાં ટોળા ઉતર્યા! એક સાથે આટલા બધા જિનબિંબોની પ્રતિષ્ઠાનો અવસર કોણ જાણે ક્યારે સૌરાષ્ટ્રમાં આવ્યો હશે! પ્રતિષ્ઠામાં વિધિનાયક શ્રી ઋષભદેવ છે અને મૂળનાયક શ્રી ચંદ્રપ્રભુ અહીં બિરાજમાન થવાના છે.

પ્રતિષ્ઠા વિધિ કરાવવા ઈંદોરથી પંડિત શ્રી નાથુલાલજી આવે છે. મહોત્સવ દરમ્યાન પરમાગમ પ્રવચનસારજીની ગાથા ૧૫૯, ૧૬૦ ઉપર પ્રવચનો થાય છે.

ફાગણ સુદ સાતમ, સોમવાર. આજે શ્રી ચંદ્રપ્રભુનો નિર્વાણકલ્યાણક દિન છે અને આ જ ઉત્તમ દિવસે પવિત્ર જિનમંદિરમાં મંગલમય શ્રી ચંદ્રપ્રભુ આદિ ભગવંતોની પ્રતિષ્ઠા જિનેન્દ્રભક્ત ગુરુદેવશ્રી પોતાના પાવન હસ્તે કરે છે. કેવો યોગાનુયોગ! ત્યારબાદ સ્વાધ્યાય મંદિરમાં શ્રી સમયસારજીની સ્થાપના ૐકાર ધ્વનિના સંદેશ સુણાવનાર ગુરુરાજના કરકમળથી થાય છે.

જિનશાસન પ્રભાવક પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ પૂર્ણ થયા પછી પણ ફાગણ વદ પાંચમ સુધી ગુરુવર્ય અહીં વીંછીયામાં બિરાજે છે. પછી વિહાર કરી છાશીયા, સણોસરા, પીઆવા, ચોટીલા, કુવાડવા વગેરે ગામોને પાવન કરે છે. ચોટીલા પાસેના મોલડી ગામનો એક પ્રસંગ જોઈએ. એક ભાઈ ગામના લુહારને કહે : 'એક મહારાજ ગામમાં આવ્યા છે.' ઉપેક્ષાભાવથી લુહાર કહે : 'આવ્યા હશે, એવા તો ઘણા આવે છે.' તે ભાઈ ફરીને કહે : 'આ મહારાજ (અર્થાત્ ગુરુદેવશ્રી) તો એમ કહે છે કે લુહાર હથોડો ઉપાડતો નથી'. લુહાર આશ્ચર્યચકિત થઈ જાય છે. જગતથી તદ્દન જુદી વાત કોને આશ્ચર્ય ન પમાડે!

આ વિહાર દરમ્યાન છાશીયામાં 'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી એક પત્ર ઉપર, સણોસરામાં 'મોક્ષમાળા'ના પાઠ ૪ ઉપર, પીઆવામાં 'મોક્ષમાળા'ના પાઠ ૧૬ ઉપર, ચોટીલામાં પદ્મનંદી પંચવિંશતિ ઉપર અને કુવાડવામાં 'ભરતેશવૈભવ' ઉપર વ્યાખ્યાન થાય છે, જેમાં ગામડાના જૈનેતર લોકો પણ સમજી જાય એવી સરળ ભાષામાં ગુરુદેવશ્રી આત્માની સમજણ ઉપર ભાર મૂકે છે.

ચૈત્ર સુદ એકમ : સૌરાષ્ટ્રની રાજધાની રાજકોટમાં આગમન થતાં ઉલ્લાસભેર સ્વાગત થાય છે. અહીં સદરમાં આવેલા 'આનંદકુંજ'માં વૈશાખ સુદ આઠમ સુધી બિરાજે છે, જે દરમ્યાન પ્રવચનસારજીના જ્ઞેયતત્ત્વપ્રજ્ઞાપન અધિકારની ૧૭૨મી ગાથા ઉપર—કે જેમાં અલિંગગ્રહણના ૨૦ બોલ છે તેના ઉપર—૩૦ પ્રવચનો થાય છે. કેટલાક પ્રવચનો તો ગ્રામોફોન રેકર્ડમાં ઉતારી લેવામાં આવે છે. પુરુષાર્થપ્રેરક ગુરુદેવશ્રી વ્યાખ્યાનોમાં

મુખ્યપણે દ્રવ્યદષ્ટિના જોર-બળની અને પર્યાયની ગૌણતાની વાત કરતા હોય છે, જ્યારે અલિંગગ્રહણના છેલ્લા ૨૦મા બોલમાં પર્યાયની વાત છે, પર્યાયને 'આત્મા' કહ્યો છે. આથી એક મુમુક્ષુભાઈને જિજ્ઞાસા થાય છે કે ગુરુદેવશ્રી આ બોલનો અર્થ શું કરશે? અને જ્યારે ન્યાયપૂર્ણ તથા સમજણ-વિવેકવાળો અર્થ સાંભળે છે કે 'વેદનમાં પર્યાય જ આવે છે, દ્રવ્ય નહીં. માટે વેદન અપેક્ષાએ પર્યાય જ આત્મા છે' ત્યારે તેઓ વિસ્મય પામે છે. કોઈપણ વિષય હો, અનુભવીની અમૃતવાણી જગતને આશ્ચર્ય—વિસ્મય પમાડે એવી જ હોય છે.

એકવાર સ્વપ્ન આવે છે. તેમાં કોઈ વ્યક્તિ જિજ્ઞાસાપૂર્વક પ્રશ્ન પૂછે છે : 'કેવળજ્ઞાન પામવાની કુંચી બતાવો.' ઉત્તર મળે છે : 'ભાઈ! તેની કુંચી આ છે : આત્મજ્ઞાન'. પૂરક પ્રશ્ન થાય છે : 'એ કેવી રીતે?' સમાધાનરૂપે ગુરુદેવશ્રી એક ગાથા કહે છે. તેનો અર્થ એ છે કે એક આત્માને જાણતા સર્વ જણાઈ જાય છે.

ચૈત્ર વદ પાંચમે—શ્રીમદ્ રાજચંદ્રજીના સમાધિ દિને—ખાસ પ્રવચન થાય છે અને તેના શરૂઆતના ભાગની ગ્રામોફોન રેકર્ડ પણ ઉતરે છે.

શ્રુતજ્ઞાનસૂર્ય ગુરુરાજના વ્યાખ્યાનો સાંભળવા અહીં જૈન-જૈનેતરો ઉપરાંત વકિલો, ડૉક્ટરો વગેરે શિક્ષિતવર્ગનો મોટો સમુદાય ઉમટી પડે છે. ગુરુદેવશ્રી ફરમાવે છે :

(૧) આ જીવે પોતાના સ્વભાવની પ્રભુતા હોંશથી સાંભળી પણ નથી અને સ્વીકારી પણ નથી. પરંતુ જો તે પોતાના સ્વભાવની પ્રભુતા ઓળખે તો સ્વયં પ્રભુ થયા વિના રહે જ નહીં.

(૨) જ્યાં સુધી રાગ છે ત્યાં સુધી જ્ઞાન પણ ભેદ-ખંડરૂપ હોય છે અને વાણી પણ ભેદ-ખંડરૂપ હોય છે.

(૩) પર્યાયદષ્ટિથી સંસાર છે અને દ્રવ્યદષ્ટિથી મુક્તિ છે.

(૪) સ્વભાવ સિવાય બીજા તરફ જ્ઞાનને વાળવું તે પ્રપંચ છે.

(૫) પરમાત્મશક્તિનો વિશ્વાસ અને આત્મસ્વભાવનો ઉલ્લાસ લાવો.

(૬) મુક્તિમાર્ગમાં વ્યવહારનું જ્ઞાન હોય છે, પણ આશ્રય હોતો નથી.

(૭) જૈનશાસન નિમિત્તની ઉપેક્ષા કરવાનું કહે છે.

(૮) દ્રવ્યમાંથી મોક્ષપર્યાય આવે છે. તેથી દ્રવ્યદૃષ્ટિવાળાને 'મોક્ષ ક્યારે થશે?' એમ મુક્તપર્યાય પ્રગટ કરવાની પણ આકુળતા થતી નથી. કેમ કે પર્યાયનું લક્ષ જ નથી.

(૯) દ્રવ્યદૃષ્ટિ થઈ એમ કહો કે ક્રમબદ્ધપર્યાયનો યથાર્થ નિર્ણય થયો એમ કહો— બંનેનો એક જ ભાવ છે.

(૧૦) દ્રવ્યદૃષ્ટિના અપૂર્વ પુરુષાર્થ વગર ક્રમબદ્ધપર્યાયની કે કેવળજ્ઞાનની પ્રતીત થાય નહીં.

(૧૧) જૈનશાસનનું મૂળ રહસ્ય અકર્તાપણું છે. અકર્તાપણું એટલે શું? કે દ્રવ્ય પણ પર્યાયને કરે નહીં. અને આવું અકર્તાપણું માનવું તે જ પુરુષાર્થ છે.

અહીં જ, વૈશાખ સુદ ૧-૨-૩ એમ ત્રણ દિવસ મહાસુખસાગર પામવાનો સમ્યક્ માર્ગ બતાવનાર ગુરુદેવશ્રીનો મંગલકારી ૬૦મો જન્મજયંતી મહોત્સવ ઉજવવામાં આવે છે. આ આનંદકારી પ્રસંગે ભક્તો ભાવના ભાવે છે : કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનનું અપાર માહાત્મ્ય બતાવનાર હે ગુરુરાજ! આપ એક અજોડ લોકોત્તર વ્યક્તિ છો. આપશ્રી જગતથી અનોખા છો અને આપશ્રીની પ્રવચન શૈલી પણ અનોખી છે. આપશ્રી માત્ર આગમ આધારે જ નહીં, પરંતુ પ્રત્યક્ષ અનુભવપૂર્વક વસ્તુસ્વરૂપને સમજાવો છો અને સ્વાનુભવ ક્યારેય આગમથી વિરુદ્ધ હોય જ નહીં. ભવ વિનાના આત્માની અનુભૂતિ વિના ભવનાશક સમ્યગ્દર્શન કે સમ્યગ્જ્ઞાન કેમ પ્રગટશે? અને તે શુદ્ધ ભૂમિકા વિના ચારિત્રના ચિતરામણ કેમ થશે?—આવી, ત્રણકાળ ને ત્રણલોકમાં ન ફરે એવી તથા સર્વ તીર્થંકરો ને અનુભવી પુરુષોએ કહેલી અપૂર્વ વાત સંભળાવીને આપશ્રી જગતને પડકારો છો. આગમ અને આચાર્યોની સાક્ષી સહિત તેમ જ અનુભવની વજ્રમહોર સાથે આપશ્રી યુક્તિથી તત્ત્વને સ્પષ્ટ અને સુંદર રીતે સમજાવી ભવભ્રમણનાશક પરમ કલ્યાણકારી લોકોત્તર યુગ પુનઃ પ્રવર્તાવી રહ્યા છો. આપના ઉપદેશસાગરની અમૃત છોળો અમ મુમુક્ષુસમાજને પાવન કરે છે.

આપશ્રીએ જ અમારા ચૈતન્યજીવનને ઘડ્યું છે. અમારી પરિણતિમાં જે કાંઈ જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિ-સ્વભાવનો આદર વગેરેરૂપ સુંદરતા છે તે બધુંય આપશ્રીને જ આભારી

છે. અમારા શ્રદ્ધા-ચારિત્રજીવનના, જ્ઞાન-વૈરાગ્યધારાના ઘડવૈયા-નિર્માતા આપ જ છો. આપશ્રીનાં પ્રત્યક્ષ જીવનદર્શન અને પ્રવચન શ્રવણ વડે જ અમારું જીવન ઘડાયું છે. સાગરના જળ મેરુની ઊંચાઈને કેવી રીતે માપી શકે? તેવી રીતે અનુપમ ઉપકાર કરનાર હે ગુણમેરુ ગુરુદેવ! આપશ્રીનો મહિમા-ગુણપ્રશસ્તિ શબ્દોથી કઈ રીતે થઈ શકે? હે સ્વરૂપદાન દાતાર દયાનિધિ! આજના પવિત્ર દિને, બસ, આપશ્રીનાં ચરણકમળમાં ભક્તિભાવભીની ભાવ-અંજલિ અર્પીએ છીએ.

રાજકોટમાં સ્વાનુભવરસઝરતી ધારા વહાવી વૈશાખ સુદ નોમના રોજ શ્રી જિનેન્દ્ર પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે લાઠી તરફ વિહાર કરે છે અને વૈશાખ વદ છઠ્ઠના દિને લાઠીમાં મંગલ પધરામણી કરે છે. પ્રતિષ્ઠા મંડપ ‘મુક્તિનગર’માં વિધિ-અધ્યક્ષ મહાવીર પ્રભુને બિરાજમાન કરી વૈશાખ વદ ૧૧થી ‘સમવસરણ વિધાન પૂજા’ દ્વારા મહોત્સવની ઉલ્લાસભરી શરૂઆત થાય છે. વિધિનાયક શ્રી શાંતિનાથ ભગવાન છે, જ્યારે મૂળનાયક શ્રી સીમંધર પ્રભુ છે. મહોત્સવ દરમ્યાન પ્રવચનસારજીની ગાથા ૧૯૪ ઉપર પ્રવચનો થાય છે અને દીક્ષા કલ્યાણક પ્રસંગે તો વૈરાગ્યની ભરતી આવે છે. અંતરનો વૈરાગ્ય ગુરુવાણીમાં ઉછળી જાય છે અને શ્રોતાઓ તેમાં તરબોળ થઈ જાય છે :

‘અહો! એક ચિદાનંદી ભગવાન આત્મા સિવાય બીજા કોઈ ભાવને મનમંદિરમાં આણું નહીં. એક ચૈતન્યદેવને જ ધ્યેયરૂપ બનાવી તેના ધ્યાનની લીનતાથી આનંદકંદ સ્વભાવની રમણતામાં હું ક્યારે પૂર્ણ થાઉં? એકલા ચૈતન્યસ્વભાવનો જ આશ્રય કરીને કેવળજ્ઞાન પ્રગટ કરવું તે તીર્થંકરોના કુળની ટેક છે. અનંતા તીર્થંકરો જે પંથે વિચર્યા તે જ પંથના ચાલનારા અમે છીએ. હું ચિદાનંદ નિધિ છું અને બધોય સંસાર અનિત્ય છે. મારો આનંદકંદ સ્વભાવ જ મને શરણ છે. જગતમાં બીજું કાંઈ શરણ નથી.—આવી ભાવના ભાવીને તીર્થંકર ભગવાન જ્યારે દીક્ષા લેતા હશે તે કાળ અને પ્રસંગ કેવા હશે!!’

જેઠ સુદ પાંચમે—શ્રુતપંચમીના પવિત્ર પર્વે—ગુરુવર્ય મહા નિર્મલ ભાવે મંગલમય જિનબિંબ પ્રતિષ્ઠા કરે છે. આ પ્રતિષ્ઠા પ્રસંગે એક બાજુ જિનભક્તિ ઉછળતી હતી તો બીજી બાજુ ગુરુદેવશ્રીનાં પ્રવચનોમાં અધ્યાત્મનો શાંતરસ વહેતો હતો. આ રીતે ભક્તિ અને જ્ઞાનનો અદ્ભુત સુમેળ જામ્યો હતો. ગુરુવરના પુનિત પ્રતાપે અને બળવાન

પ્રભાવના યોગે હજારો વર્ષ પછી ફરીથી સૌરાષ્ટ્રમાં જિનશાસનની સ્થાપના થઈ રહી છે, જૈનધર્મનો ધ્વજ ઉન્નતપણે ફરકી રહ્યો છે. ભક્તો ભાવના ભાવે છે : ગુરુવર્યના મંગળ હસ્તે આવા ઉત્તમ કાર્યો હજારો વાર થાઓ અને જિનેન્દ્રધર્મચક્ર સર્વત્ર સર્વદા સર્વથા પ્રવર્તો.

પ્રતિષ્ઠા મહોત્સવ પૂર્ણ કરીને જેઠ સુદ નોમના દિવસે સ્વરૂપવિહારી ગુરુદેવ લાઠીથી પ્રસ્થાન કરે છે અને જેઠ સુદ પૂનમના રોજ લગભગ ૪ા મહિનાનો સૌરાષ્ટ્રવિહાર કરી પુનઃ સુવર્ણપુરીમાં પધારે છે. અહીં પધારીને સમયસારજીના સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર અને પ્રવચનસારજીના જ્ઞેયતત્ત્વપ્રજ્ઞાપન અધિકાર ઉપર પ્રવચન આપી અધ્યાત્મવર્ષા વરસાવે છે.

બધા જીવો સાચું તત્ત્વ સમજી સુખી થાય એવી કરુણા ગુરુવરના હ્રદયમાં ઉછળતી હતી. તેથી આ વિહાર થયો છે. ભિન્ન-ભિન્ન પ્રાંત, જાતિ, ભાષાવાળા જીવોને એકસૂત્રમાં બાંધવા કઠીન છે. છતાં વિહાર દરમ્યાન ચમત્કારી અને અતિશયતાવાળી વાણીથી આ કાર્ય સહજપણે થઈ ગયું—બધા તત્ત્વ અભ્યાસમાં લાગી ગયા.

આ રીતે, જે વર્ષમાં વીંછીયા અને લાઠીમાં વીતરાગમાર્ગ પ્રભાવક પંચકલ્યાણક પ્રતિષ્ઠાઓ થઈ તે વિક્રમ સંવત ૨૦૦૫નું વર્ષ પૂર્ણ થાય છે.

કલ્યાણમૂર્તિ સદ્‌ગુરુદેવશ્રીનો પ્રભાવના ઉદય જગતનું કલ્યાણ કરો.

❈ ❈ ❈

# * વિક્રમ સંવત ૨૦૦૬ (ઈસ્વી સન્ ૧૯૪૯-૫૦) *

## ❀ સૌરાષ્ટ્રનો વિક્રમી વિહાર વર્ષ ❀

જેઓશ્રીનો અનુપમ, અદ્ભુત, અકથ્ય, અનન્ય, અલૌકિક, અદ્વિતીય, અજોડ, અનહદ, અપાર, અમાપ, અપરિમિત, અનંત ઉપકાર ભક્તોના હૃદયમાં સદૈવ કોતરાયેલો છે એવા ગુરુદેવશ્રીનાં સાન્નિધ્યમાં સુવર્ણપુરીમાં વસતા જીવોનું જીવન સમસ્ત જગતથી અલિપ્ત-નિરાળું છે. તેઓ જાણે કે કોઈ જુદી જ દુનિયામાં વસતા હોય એવું તેમને લાગે છે. અરે! બહારગામથી આવેલા જિજ્ઞાસુઓ પણ અહીંયા આવીને ભાવવિભોર બની જાય છે અને પાછા જવાનું મન થતું નથી. કારણ કે પ્રેરણામૂર્તિ ગુરુરાજની ઉપસ્થિતિથી દરેક પર્વો-પ્રસંગો-ઉત્સવો ભાવનાથી ઉજવાય છે. આ વર્ષની કારતક મહિનાની અષ્ટાહ્નિકા પણ ભક્તિભાવ સહિત ઉજવાય છે. તે પૂર્ણ થયા પછી રાજકોટના નૂતન જિનમંદિરમાં શ્રી સીમંધરાદિ ભગવંતોને પંચકલ્યાણકપૂર્વક બિરાજમાન કરવાનો પ્રતિષ્ઠા મહોત્સવ હોવાથી, ગયા વર્ષની જેમ પુનઃ, જિનધર્મનો વિજય ડંકો વગાડતો વિહાર થાય છે.

કારતક વદ તેરસના રોજ સુવર્ણપુરીથી પ્રસ્થાન કરી ઉમરાળા, બોટાદ, રાણપુર, ચુડા થઈ પોષ સુદ ચોથના દિવસે લીંબડી પધારે છે. અહીં બીજે દિવસે અર્થાત્ પાંચમના શનિવારે સવારે એક સ્વપ્ન આવે છે. તેમાં ગુરુદેવશ્રી પોતાના નાનાભાઈ મગનભાઈને દેવ તરીકે જુએ છે અને કહે છે : 'હું તીર્થંકર થવાનો છું'. આ સાંભળી મગનભાઈનો જીવ—કે જે દેવ છે તે—કહે : 'અમને ખબર મળી ગયા છે'. વાહ! કેવું મંગલસૂચક સ્વપ્ન! અહીં પદ્મનંદી પંચવિંશતિના એકત્વ અધિકાર ઉપર પ્રવચન થાય છે.

બરવાળાના એક ભાઈ પ્રશ્ન કરે છે : 'આત્મા વિભુ છે માટે સર્વવ્યાપક છે ને?' ગુરુરાજ ઉત્તર આપે છે : 'ભાઈ! એમ નથી. આત્મા તો પોતાની અનંત શક્તિમાં વ્યાપક છે માટે વિભુ છે'. ખ્યાલ આવ્યો ને! કે શાસ્ત્રના માત્ર શબ્દો પકડવાથી ખરો મર્મ સમજાશે નહીં, તે માટે અનુભવી સત્પુરુષ જ જોઈએ.

લીંબડીથી પાદવિહાર કરતાં કરતાં વઢવાણ, જોરાવરનગર, સુરેન્દ્રનગર, મોરબી

થઈ મહા વદ ત્રીજના રોજ શ્રીમદ્ રાજચંદ્ર જન્મધામ વવાણીયામાં પધારે છે. અહીં શ્રીમદ્ રાજચંદ્ર જન્મસ્થાન-ભુવનમાં 'અનેકાંતિક માર્ગ પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ કરાવવા સિવાય બીજા અન્ય હેતુએ ઉપકારી નથી'—એ કૃપાળુદેવના વાક્ય ઉપર મર્મ-ઉદ્‌ઘાટક અદ્‌ભુત પ્રવચન થાય છે, જે પાછળથી 'અનેકાંતનું રહસ્ય' એ નામથી પુસ્તકરૂપે પ્રસિદ્ધ થાય છે. આ પ્રવચન સાંભળી વનેચંદભાઈ શેઠ કહે : 'શ્રીમદ્‌જીને સમજવા હોય તો અહીં અર્થાત્ ગુરુદેવશ્રી પાસે આવવું પડશે'. ખરેખર સત્ય વાત તો એમ જ છે ને! કે જ્ઞાનીના ઊંડા-ગંભીર ભાવોને જ્ઞાની જ જાણી શકે છે.

વવાણીયાથી ફરીને મોરબીમાં આગમન થાય છે. અહીં રતનલાલજી નામના એક સ્થાનકવાસી સાધુ કહે : 'તમારા શાસ્ત્રમાં–પ્રવચનસારમાં એમ કહ્યું છે કે ગૃહસ્થને શુભરાગથી પરંપરાએ મોક્ષ થાય છે'. ચૈતન્યસ્પર્શી અનુભવવાણીના દાતા ગુરુરાજ સમાધાન કરાવે છે : 'ભાઈ! અશુભરાગથી બચવા–તેને ટાળવા–શુભરાગ આવે છે, પરંતુ પછી તે શુભરાગને પણ ટાળશે ત્યારે મોક્ષ થશે. તેથી શુભરાગને પરંપરાએ મોક્ષનું કારણ કહ્યું છે.' શાસ્ત્રના રહસ્ય તો અનુભવી પુરુષ પાસેથી જ સમજવા પડશે. ખરુંને?

આ વિહાર દરમ્યાન ઠેરઠેર–ગામેગામ ગુરુવરના ભવ્ય સ્વાગત થાય છે અને ભક્તમુમુક્ષુઓ, જિજ્ઞાસુઓ, જૈન-જૈનેતરો પણ ગુરુવાણી સાંભળવા ઉમટી પડે છે. ગુરુવર્ય અનુપમ રહસ્ય ઝરતી અમૃતવાણી વહાવતા ઘણી વાર ફરમાવે છે :

(૧) હે જીવ! તું અનાદિથી મિથ્યાબુદ્ધિના ખોળે સૂતો છો. હવે તો ગુંલાટ માર!

(૨) આચાર્યદેવ તારા પ્રભુત્વનો મહિમા ગાઈને તને જાગૃત કરે છે. તો તું 'ના' પાડ એ નહીં ચાલે.

(૩) સિદ્ધ થવા માટે સિદ્ધસ્વરૂપનો હકાર લાવો.

(૪) જ્યાં લાભબુદ્ધિ હોય ત્યાં એકતાબુદ્ધિ હોય જ અને જ્યાં એકતાબુદ્ધિ હોય ત્યાં એકાગ્રતા થયા વિના રહે જ નહીં.

(૫) દરેક પરિણામ પોતપોતાના અવસરે દ્રવ્યમાંથી પ્રગટે છે.

(૬) જો તને 'હું સર્વજ્ઞસ્વરૂપ છું' એવો વિશ્વાસ નથી, તો સર્વજ્ઞની વાત અંતરમાં નહીં બેસે.

(૭) નિજ પરમાત્માને પામર માનવો તે કેટલો મોટો દોષ છે તેની ખબર છે?

(૮) જીવો તત્ત્વજ્ઞાનના અભાવમાં મુંઝાય છે અથવા ઊંધા માર્ગે ફસાય છે. પણ જો શાસ્ત્ર અભ્યાસ કરે, તત્ત્વ વિચાર કરે તેમ જ સત્ય નિર્ણય કરે તો સાચી સમજણ પામે અને કલ્યાણના પંથે વિચરે.

(૯) સર્વને જાણવું એ જ તારું પૂર્ણરૂપ છે.

(૧૦) જ્ઞાનીઓ શુભભાવ છોડી અશુભભાવમાં જવાનું કહેતા નથી, પણ શુભભાવમાં ધર્મ માનવાની ના પાડે છે.

મોરબીથી વાંકાનેર થઈ ફાગણ સુદ એકમે તારીખ ૧૭-૨-૧૯૫૦ના રોજ ગુરુદેવશ્રી રાજકોટ પધારે છે. ભક્તો ભવ્ય સ્વાગત કરે છે. અદ્‌ભુત-અચિંત્ય ગુરુવર્ય જ્ઞાનરસમાં તરબોળ થઈ સમયસારના કર્તાકર્મ અધિકાર ઉપર પ્રવચનધારા વહાવે છે.

અહીં મૂળશંકરભાઈ પ્રશ્ન કરે છે : ‘જીવ, રાગ કરે છે તો કર્મ બંધાય છે ને? અને રાગ ન કરે તો ન બંધાય ને? શું કર્મ પોતાની મેળે બંધાય છે?’ જેમના ચૈતન્યપ્રદેશે-પ્રદેશે શ્રુતજ્ઞાનના દીપક પ્રકાશી રહ્યા છે એવા ગુરુદેવશ્રી સમાધાન કરાવે છે : ‘ભાઈ! પુદ્‌ગલની કર્મરૂપે થવાની યોગ્યતા હોય તો કર્મ બંધાય છે, જીવના રાગના કારણે તે બંધાતા નથી. તેમ જ જીવ, રાગ ન કરે તો કર્મ ન બંધાય એ પ્રશ્ન જ નથી. કેમ કે જ્યારે કર્મ બંધાય છે ત્યારે રાગ નિમિત્તરૂપે હોય જ છે. અહીં તો જે સમયે રાગ છે તે સમયની વાત છે કે રાગથી કર્મ બંધાયા નથી, પણ સ્વયં—પોતાની મેળે બંધાયા છે. અને જો રાગ ન હોત તો પુદ્‌ગલમાં પણ કર્મરૂપે પરિણમવાની યોગ્યતા ન હોત.’

એકવાર ગુરુરાજ કહે છે : ‘અમારે (અર્થાત્ અમને) દર્શનશુદ્ધિ છે, પણ પડિમા કે ચારિત્ર નથી.’ સત્યનો સ્વીકાર કરવામાં શરમ શાની?

ગુરુદેવશ્રીનાં આગમનના દિવસે જ વિધિમંડપમાં વિધિ-અધ્યક્ષ પ્રભુજીને બિરાજમાન કરીને પ્રતિષ્ઠા મહોત્સવનો મંગલ પ્રારંભ કરવામાં આવે છે. ફાગણ સુદ ત્રીજથી છઠ્ઠ સુધી ‘નંદીશ્વર વિધાન પૂજા’ થાય છે. પ્રતિષ્ઠાનો તેમ જ ગુરુવાણીનો લાભ લેવા પાંચથી છ હજાર તત્ત્વપ્રેમી જીવો ઉમટી પડે છે. અજમેરની ભજનમંડળી પણ

ભક્તિભાવ દર્શાવવા પ્રથમ વાર સૌરાષ્ટ્રમાં આવે છે. પ્રતિષ્ઠામાં વિધિનાયક શ્રી ચંદ્રપ્રભુ ભગવાન છે અને જિનમંદિરમાં મૂળનાયક શ્રી સીમંધર ભગવાન બિરાજમાન થવાના છે. આ પાવન પ્રતિષ્ઠામાં અજમેર, ઈંદોર, ઉજ્જૈન, મુંબઈ, પોરબંદર, રાણપુર, સુરેન્દ્રનગર વગેરે નગરોના કુલ ૩૯ જિન પ્રતિમાઓ પ્રતિષ્ઠિત થવા પધારે છે. ફાગણ સુદ બારસના પવિત્ર દિને ૬૫ ફૂટ ઊંચા જિનમંદિરમાં વ્હાલા વિદેહીનાથ તથા અન્ય જિનભગવંતોની આનંદકારી પધરામણી થાય છે. તથા સ્વાધ્યાય મંદિરમાં, સોનગઢની જેમ, નાનાલાલભાઈ જસાણી તરફથી પ્રવચનસારજીની ગાથાઓ ચાંદીના પત્રોમાં કોતરાવીને બિરાજમાન કરવામાં આવે છે.

આ આશ્ચર્યકારી ભવ્ય મહોત્સવથી વિસ્મય પામી પ્રતિષ્ઠાચાર્ય પંડિત મુન્નાલાલજી કહે છે : 'આપશ્રી જૈસા પ્રભાવશાળી પુરુષ બહુત વર્ષોમેં હુઆ હો ઐસા મેરા ખ્યાલમેં નહીં હૈ. લોગ પૂછતે હૈ કિ આત્માકા ભાન ઔર ધ્યાન કૈસે હો? મૈં ઉસે દઢતાપૂર્વક કહતા હૂં કિ યદિ આત્માકા જ્ઞાન ઔર ધ્યાન કરના હો તો તુમ્હારા મુખ સોનગઢકી ઓર ફેરના પડેગા'. તેઓ હર્ષમાં આવી નાનાલાલભાઈ જસાણીને કહે છે : 'તમારો આઠ ભવે મોક્ષ થશે એ વાત નક્કી છે.' તત્ત્વ-અભ્યાસી નાનાલાલભાઈ ઉત્તર આપે છે : 'અમારા મહારાજ (અર્થાત્ ગુરુદેવશ્રી) એમ કહેતા નથી.' આ પ્રતિષ્ઠા મહોત્સવની ફિલ્મ ઉતારવામાં આવે છે.

કલ્યાણકારી પ્રતિષ્ઠા પછી ભક્તોના સર્વસ્વ ગુરુદેવશ્રીનો ૬૧મો જન્મજયંતી મહોત્સવ પણ ગયા વર્ષની જેમ અહીં જ ઉજવાય છે.

વૈશાખ સુદ બીજ : આજે ભક્તોના હૃદય આનંદથી નાચી ઉઠ્યા છે, ગુરુભક્તિનો ઉલ્લાસ ઉછળી રહ્યો છે અને ભાવભરી ભાવનાનો ધોધ વહે છે : હે લોકોત્તર મહાપુરુષ! આજનો દિવસ અમારા માટે મહા મંગલકારી છે, કેમ કે આજથી ૬૦ વર્ષ પહેલાં આ ભરતભૂમિમાં પધારીને આપશ્રીએ અમને જગાડ્યા છે, આત્મપ્રાપ્તિનો અપ્રતિહતમાર્ગ દર્શાવીને ન્યાલ કર્યા છે. હે સર્વસ્વ ઉપકારી! આપશ્રીનાં ઉપકારોને કઈ રીતે વર્ણવીએ? આપશ્રીનાં અનુપમ-અપૂર્વ-અનંત ઉપકારો ક્યારેય સ્મરણપટમાંથી ખસતા નથી. આપશ્રીના પવિત્ર યોગે શ્રી કુંદકુંદાચાર્યના અક્ષરદેહરૂપ સમયસાર જાણે કે ચેતનવંતુ થઈને

શુદ્ધાત્માના દર્શન કરાવે છે. અહો! સ્વરૂપજીવન જીવનારા આપશ્રી તો અમારા આદર્શ છો. આપશ્રીનાં જ્ઞાન-વૈરાગ્યથી ઉછળતા ચૈતન્યજીવનને કોણ કહી શકે? શાસ્ત્રમાં વર્ણવેલ આત્મસાધનાની આપ સાક્ષાત્ મૂર્તિ છો. આપશ્રીની વાણી એ અધ્યાત્મ-અમૃત સરિતા છે, જે અનેક આત્માર્થીઓને આત્મજીવન અર્પે છે.

જેમ ઘણા વર્ષોના દુષ્કાળ પછી શીતળ વર્ષા થાય તો તૃષાતુર જીવોને કેવો આનંદ થાય? તેમ અનાદિથી સ્વાનુભૂતિના સુધાપાન વિના ભવોભવ વીતી ગયા, પણ જન્મ-મરણરૂપ સંસારના તાપમાં ક્યાંય શાંતિ ન મળી. અમારું જીવન શોષાવા લાગ્યું હતું, પીડા અસહ્ય થઈ પડી હતી અને સુખવેદનની ઝંખના તીવ્રતાને પામી રહી હતી. ત્યારે....તે સમયે....હે અનેકવિધ ઉપકારમેરુ! આપશ્રીએ સ્વરૂપસાધનાના અમૃતમેઘ વરસાવી અમને તૃપ્ત કર્યા છે—કરી રહ્યા છો. આપશ્રીની વાણીમાં પણ જો આત્મતેજ ઝળકે છે તો આપશ્રીનાં અંતરંગ પરિણમનમાં શું નહીં હોય? આ કાળે આ ક્ષેત્રે દિવ્યધ્વનિના પાવન સંદેશા આપનાર આપશ્રી એક જ છો. સંસારથી થાકેલા જીવોના વિશ્રામસ્થાન આપશ્રી એક જ છો. આપશ્રીનાં પુનિત પ્રતાપે આજે જિનશાસનનો જયકાર વર્તી રહ્યો છે. હે ગુણભંડાર ગુરુવર! અમ સરીખા પામર જીવો અમારી તુચ્છ વાણી અને અલ્પ જ્ઞાન વડે આપશ્રીની સ્તુતિ-સ્તવના કઈ રીતે કરી શકીએ? બસ, આપશ્રીનાં આત્માર્થ પ્રેરક-પોષક પવિત્ર ગુણો નજરે ચડતાં હૃદયમાં ભક્તિ-ઉલ્લાસ ઉછળ્યા વિના રહેતાં નથી અને તેથી આપશ્રીનાં ચરણકમળમાં ભાવાંજલિ અર્પણ કરીએ છીએ.

આત્મ-ઉન્નતિનો સુમધુર માર્ગ દર્શાવી સ્વરૂપસંપદાના અપૂર્વ દાન દેનાર દિવ્ય દાનેશ્વરી ગુરુદેવશ્રીને પરમ ભક્તિએ વારંવાર નમસ્કાર....

આનંદકારી જન્મમહોત્સવ પૂર્ણ થતાં ભક્તોના વ્હાલા ગુરુદેવશ્રી રાજકોટથી વિહાર કરીને મહિકા, ગઢકા, વીંછીયા વગેરે ગામો થઈને લાઠી પધારે છે. અહીંના જિનમંદિરના શ્રુતપંચમીના મંગલ દિને પ્રથમ વાર્ષિકોત્સવ પ્રસંગે પ્રવચનસારજીની ગાથા ૨૭૧ થી ૨૭૩ ઉપર પ્રવચન થાય છે. અહીંથી ગુરુવર્ય અમરેલીને પાવન કરે છે.

જેઠ સુદ તેરસના સોમવારે અમરેલીમાં આ પ્રકારનું સ્વપ્ન આવે છે : ગુરુરાજ વીતરાગ પ્રભુજીની પ્રતિમા સન્મુખ બેસી ધ્યાન ધરે છે અને તેમાં એકાગ્રતાની ધૂન ખૂબ

જામે છે. અહો! અંતર્મુખતાની તીવ્ર ભાવના હોય તો સ્વપ્ન પણ એવા જ આવે ને!

અમરેલીથી પ્રસ્થાન કરી ભેદજ્ઞાનવિભૂષિત ગુરુદેવશ્રી સાવરકુંડલા પધારે છે, જ્યાં સમયસારજીની ૪૯મી ગાથા ઉપર પ્રવચન થાય છે.

વિહાર દરમ્યાન જ્ઞાનસાગર ગુરુદેવશ્રી ગામેગામ ભગવતી વાણી વડે જ્ઞાનગંગાનો પવિત્ર પ્રવાહ વ્યાખ્યાન તેમ જ તત્ત્વચર્ચાના માધ્યમથી રેલાવે છે, જેમાં પાત્ર જીવો ડૂબકી મારી તત્ત્વબોધથી પાવન થાય છે. તેથી તેમને વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે બહુમાન-ભક્તિ જાગે છે. ફળસ્વરૂપે નવા-નવા જિનમંદિર બાંધવાની, તેમાં જિનબિંબ બિરાજમાન કરવાની ભાવના જાગૃત થાય છે. આ રીતે સૌરાષ્ટ્રભરમાં જિનશાસનના જયનાદ ગાજી રહ્યા છે.

કુંડલાથી વિહાર કરતા કરતા પાંચ પાંડવોની ધ્યાનભૂમિ અને ત્રણ પાંડવ તથા ૮ કરોડ મુનિશ્વરોની નિર્વાણભૂમિ શત્રુંજયની બીજી વારની યાત્રાએ અતિ અલ્પ સંસારી ગુરુરાજ પધારે છે. પ્રથમ અષાઢ સુદ ચોથના દિવસે ૮૦૦ યાત્રિકો સહિત મંગલ યાત્રા થાય છે. પર્વત ઉપર ભક્તિની ધારા વહે છે :

કેવા હશે મુનિરાજ, અહો એને વંદન લાખ....

કેવા હશે પાંડવ મુનિરાજ, અહો એને વંદન લાખ...

કેવા હશે કોટિ મુનિરાજ, અહો એને વંદન લાખ....

પાલિતાણા શહેરના જિનમંદિરમાં પણ પાંચમને દિવસે ભક્તિભાવ ઉછળે છે. વ્યાખ્યાનમાં સમયસાર ગાથા ૨૦૬ વંચાય છે.

અહીં એક પ્રસિદ્ધ શ્વેતાંબર આચાર્ય કહે : 'ઉપકારી ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન એમ કહે છે કે કર્મને લઈને જીવ રખડે છે, કર્મથી વિકાર થાય છે'. ઉત્તર : 'જીવ પોતાની ભૂલથી—પોતાના અપરાધથી—રખડે છે. તે કર્મને લઈને રખડે છે એમ બીલકુલ છે નહીં.'

બીજે દિવસે અર્થાત્ પ્રથમ અષાઢ સુદ છઠ્ઠે લગભગ સવા સાત મહિનાનો જિનશાસન પ્રભાવક ધર્મોદ્યોતકારી સૌરાષ્ટ્રવિહાર કરી અપૂર્વ ગુણધારી ગુરુદેવશ્રી પુનઃ સુવર્ણપુરીને પાવન કરે છે. વિચારો તો ખરા! માત્ર સૌરાષ્ટ્રમાં જ આટલો લાંબો વિહાર!

આ ધર્મપ્રભાવક વિહાર પૂર્ણ થયો તે અંગે પોતાની આગવી શૈલીમાં પૂજ્ય સોગાનીજી જણાવે છે : 'પૂજ્યશ્રી ગુરુદેવના મુમુક્ષુગણ સહિત રાજકોટના વિહારકાર્યની સુંદર ધર્મપ્રભાવનાપૂર્વક પૂર્ણતા થઈ તે જાણીને એ વાતની પ્રતીતિ થાય છે કે જાણે નેતા સહિત સમગ્ર સંઘનું નિશ્ચય પ્રભાવનારૂપી કાર્ય પણ શીઘ્ર અને નિર્વિઘ્ન રીતે પૂર્ણ થવાનું છે. તેઓશ્રીનું નિશ્ચિતસ્થાન એવા સોનગઢમાં આગમન એ વાતનું દ્યોતક છે કે જાણે આપણા બધાની પરિણતિનું ત્રિલોકરૂપી રાજકોટના વિહારરૂપી ભ્રમણ સમાપ્ત થઈને નિશ્ચિત અવિનાશી સ્વસ્થાન એવા અમૃતમય ચૈતન્યલોક આત્મગઢમાં આગમન થઈ રહ્યું છે.'

પ્રથમ અષાઢ સુદ આઠમ : ભરતક્ષેત્રમાં સત્‌ધર્મવૃદ્ધિ કરનાર ભગવાન કુંદકુંદાચાર્યદેવના બે મહાન પરમાગમ શ્રી સમયસારજી અને શ્રી પ્રવચનસારજી ઉપરના પ્રવચનોનો પ્રારંભ આજે એકસાથે થાય છે. એક જ દિવસે સવારના જ્ઞાનપ્રધાન પ્રવચનસારના ભાવો અને બપોરના દૃષ્ટિપ્રધાન સમયસારના ભાવો સાંભળવા મળે છે એ મહાભાગ્ય છે. શ્રી સમયસારજી ઉપરના આ નવમી વારના જાહેર પ્રવચનો છે.

પુણ્યના થોક વિના જેમનો યોગ પ્રાપ્ત થવો અશક્ય છે એવા ધર્મધુરંધર ગુરુદેવશ્રીની આત્મકલ્યાણી વાણીનો પ્રભાવપ્રકાશ હવે આફ્રિકા દેશમાં પણ ફેલાય છે.જેઠ વદ ચોથના દિવસે સ્વાધ્યાયપ્રેમી તત્ત્વજિજ્ઞાસુ જીવો નાયરોબીમાં મુમુક્ષુ મંડળની સ્થાપના કરે છે. થોડાંક મુમુક્ષુઓ ભેગા થઈને ગુરુદેવશ્રીના પ્રવચનો, આત્મધર્મ આદિનું વાંચન તો ઘણા સમયથી કરતા હતા, પણ હવે વ્યવસ્થિતપણે મંડળ સ્થપાય છે. દર રવિવારે અને પછી શનિવારે પણ સ્વાધ્યાય શરૂ થાય છે. અષાઢ વદ આઠમના દિવસે 'સરસ્વતી ભંડાર'ની સ્થાપના થાય છે અને સોનગઢથી સત્શાસ્ત્રો મંગાવવામાં આવે છે. આ વર્ષના પર્યુષણ પર્વ પણ ઉજવવામાં આવે છે, જેમાં વાંચન, ભક્તિ, પ્રતિક્રમણ વગેરે કાર્યક્રમ થાય છે. આસો સુદ દશમથી તો દરરોજ સ્વાધ્યાય શરૂ કરવામાં આવે છે. આ રીતે આફ્રિકા દેશના જિજ્ઞાસુઓ પણ ગુરુવરની અધ્યાત્મક્રાંતિથી અછૂતા રહેતા નથી.

કુરાવલીના એક તત્ત્વપ્રેમી ભાઈ જ્ઞાનાવતારી ગુરુવરના પ્રવચનોનું પુસ્તક 'વસ્તુવિજ્ઞાનસાર' અને 'મૂળમાં ભૂલ' વાંચીને, ઉલ્લાસમાં આવીને, જેઓશ્રીનાં દર્શન

અને વાણી મળવા દુર્લભ છે એવા ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકાર ભાવના એક કાવ્ય દ્વારા વ્યક્ત કરે છે :

'સહજ ઉર ઘર, કહત ગુરુવર, આત્મચિંતનકી ઘડી હૈ.....'

અષાઢ વદ એકમ : વીરશાસન જયંતીના મંગલ દિવસે સમયસાર કલશ બે ઉપરના પ્રવચનમાં ગુરુવર્ય ફરમાવે છે : 'ક્રમબદ્ધપર્યાયમાં પુરુષાર્થ વગેરેનો ક્રમ પણ ભેગો જ છે, તેથી ક્રમબદ્ધપર્યાયની પ્રતીતમાં પુરુષાર્થ વગેરેની પ્રતીત પણ આવી જ જાય છે. પુરુષાર્થ કાંઈ ક્રમબદ્ધપર્યાયથી જુદો રહી જતો નથી. એથી નિયતના નિર્ણયમાં પુરુષાર્થ ઉડી જતો નથી, પણ ભેગો આવી જ જાય છે. જે જીવ વસ્તુના પર્યાયોને નિયત-ક્રમબદ્ધ થતા ન માને અથવા તો ક્રમબદ્ધપર્યાયના નિર્ણયમાં રહેલા સમ્યક્ પુરુષાર્થને ન માને તેને અનેકાંતમય વસ્તુસ્વભાવની ખબર નથી, તે મિથ્યાદૃષ્ટિ છે.'

રાત્રિ તત્ત્વચર્ચા દરમ્યાન પણ દૃઢતાથી કહે છે : 'વસ્તુમાં ત્રણેકાળની અવસ્થાઓ ક્રમબદ્ધ જ થાય છે, કોઈ અવસ્થા આડી-અવળી થતી નથી. આવો જ વસ્તુસ્વભાવ છે. ખરેખર તો ક્રમબદ્ધપર્યાયનો અને સર્વજ્ઞનો નિર્ણય થયા વિના સમ્યક્ પુરુષાર્થ થતો જ નથી. જેને સર્વજ્ઞનો તથા ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય નથી અને ફેરફાર કરવાની બુદ્ધિ છે તેનો પુરુષાર્થ મિથ્યાત્વ અને રાગ-દ્વેષમાં જ અટકેલો છે. તેને જ્ઞાનસ્વભાવની સન્મુખતાનો યથાર્થ પુરુષાર્થ હોતો નથી.' વાહ! આ કાળે પુરુષાર્થમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીએ ક્રમબદ્ધપર્યાયનો શંખનાદ ફૂંકીને—સિંહનાદ કરીને—પુરુષાર્થના બહાને રાગના કર્તૃત્વનું જ પોષણ કરવાની જે મોહરાજાની કપટજાળ હતી તેને છિન્ન-ભિન્ન કરી તોડી નાખી છે અને પાત્ર જીવોને સાચા પુરુષાર્થી બનાવ્યા છે.

હે અધ્યાત્મવિદ્યાના દાતા! અમે પામર જીવો પુરુષાર્થના નામે વિકલ્પના કર્તૃત્વમાં એવા ઠગાઈ ગયા છીએ કે ક્યારેય સમ્યક્ પુરુષાર્થનો માર્ગ જ પામ્યા નથી. આવા અમ જીવોને આપશ્રીએ સમજાવ્યું કે દરેક પર્યાય સ્વકાળે સ્વતંત્ર પરિણમે છે અને આ જ ક્રમબદ્ધ છે.—આવો નિર્ણય જે કરે છે તે રાગનો અકર્તા થાય છે અને આવું અકર્તાપણું પ્રગટ થવું તે જ સાચો પુરુષાર્થ છે. અહો! આવું નિર્ભેળ સત્ય જો આપશ્રીએ ન સમજાવ્યું હોત તો અમે મુમુક્ષુઓ પુરુષાર્થના નામે કર્તાબુદ્ધિ-કર્તાપણાને જ પોષતા હોત ને?

ભક્તોમાં આત્માર્થીતા જગાડનાર હે અધ્યાત્મયોગી! જેમ જેમ ક્રમબદ્ધપર્યાયના સિદ્ધાંતની ગહનતા ભાસે છે તેમ તેમ અકર્તાપણાનું—જ્ઞાતાદૃષ્ટાપણાનું ભાવભાસન થતું જાય છે. આ ક્રમબદ્ધપર્યાયના સિદ્ધાંતથી પરદ્રવ્યનું કર્તૃત્વ તો ક્યાંય દૂર રહ્યું, વિકલ્પના કરવાપણાનો કોલાહલ પણ વિરામ પામે છે અને અકર્તા જ્ઞાયકપ્રભુનો મહિમા આવે છે. ક્રમબદ્ધપર્યાય એ કોઈ સામાન્ય સિદ્ધાંત નથી, પણ ગહન સિદ્ધાંત છે. છતાં અમને વિશ્વાસ છે કે આત્માના જ કામી—આત્માર્થી— થઈને આ મહાન સિદ્ધાંતનો વિચાર કરશું તો અંતરમાં બેઠા વિના રહેશે જ નહીં.

આવો અલૌકિક સિદ્ધાંત આટલી સરળતાથી સમજાવનાર આ તીર્થંકરદ્રવ્યનો જેટલો ઉપકાર માનીએ, જેટલો મહિમા કરીએ તેટલો ઓછો છે.

ભાદરવા સુદ પાંચમ : આજના પર્યુષણ પર્વના પ્રારંભ અવસરે સ્વાનુભવના અડગ જોર વડે તત્ત્વનું હાર્દ સમજાવનાર ગુરુરાજના જ્ઞાનામૃત પાનાર અધ્યાત્મ પ્રવચનોનો લાભ ગામેગામ વસતા દરેક જિજ્ઞાસુ-મુમુક્ષુઓને દરરોજ મળે એવા ઉત્તમ હેતુથી ‘શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ’ નામની હસ્ત લિખિત દૈનિક પત્રિકાનું પ્રકાશન શ્રી અમૃતભાઈ શેઠ તથા શ્રી ખીમચંદભાઈ શેઠ શરૂ કરે છે. ગુરુદેવશ્રીનાં સવાર-બપોરના પ્રવચનો પ્રવચન સમયે ઝીલવા, તેને વ્યવસ્થિત લિપિબદ્ધ કરવા, ફરીને સ્ટેન્સિલમાં લખવા, હાથ વડે મશીન ચલાવી કોપીઓ તૈયાર કરવી અને ગામેગામ પત્રિકાઓ રવાના કરવી.—આ બધા કાર્યો કરવાના હોય છે. આ જોતાં જ, શાસ્ત્રની વાતને અંતરના ભાવ સાથે મેળવી કહેનાર ગુરુદેવશ્રીની વાણીના પ્રસારની ભાવના કેવી પ્રબળ છે અને સાથે-સાથે સાધર્મી વાત્સલ્ય કેવું છે તે જણાઈ આવે છે.

જે દિવ્યમૂર્તિના મંગળ દર્શનથી અને શ્રુતધારાના રુચિસહ શ્રવણથી ચૈતન્યનિધિ પ્રગટે છે એવા ગુરુવર્યના આ વર્ષના સૌરાષ્ટ્રપ્રવાસ—વિહારથી થયેલી અદ્વિતીય-અનુપમ ધર્મપ્રભાવનાના કારણે આખાય સૌરાષ્ટ્રમાં—રાજકોટ, સુરેન્દ્રનગર, વઢવાણ, વીંછીયા, બોટાદ, રાણપુર, લાઠી, કુંડલા, મોરબી, વાંકાનેર વગેરે નગરોમાં....અરે! મુંબઈમાં પણ આત્મસાધના અને દેવ-શાસ્ત્ર-ગુરુભક્તિપૂર્વક ઉલ્લાસ-ઉમંગથી પર્વાધિરાજ દશલક્ષણી પર્યુષણ પર્વ ઉજવાય છે.

હવે તો કોઈ કોઈ નગરોમાં જિનમંદિર બની ગયા છે, ક્યાંક ક્યાંક તેની તૈયારી ચાલે છે, કોઈ કોઈ જગ્યાએ સ્વાધ્યાય મંદિર તૈયાર થયા છે, તો વળી કોઈ કોઈ સ્થાને ચૈત્યાલયોમાં જિનપ્રતિમાઓ બિરાજમાન કરવામાં આવી છે. આ સર્વ સ્થળે હંમેશા ગુરુદેવશ્રીનાં ભવતાપનાશક પ્રવચનો વંચાય છે—તેના ઉપર સ્વાધ્યાય થાય છે. આ રીતે અધ્યાત્મનો જુવાળ અતિ વેગપૂર્વક આગળ વધી રહ્યો છે.

આ પ્રમાણે, જે વર્ષમાં લગભગ સવા સાત મહિનાના વિહારથી સૌરાષ્ટ્રભરમાં અદ્ભુત પ્રભાવના થઈ તે વિક્રમ સંવત ૨૦૦૬નું વર્ષ પૂર્ણતાને પામે છે.

જેની મુદ્રા ચૈતન્યતેજથી ચમકી રહી છે અને વાણી આત્મિક શૌર્યથી ઉછળી રહી છે તેવા ગુરુવરના ચરણોમાં કોટિ કોટિ વંદન....

❋ ❋ ❋

# * વિક્રમ સંવત ૨૦૦૭ (ઈસ્વી સન્ ૧૯૫૦-૫૧) *

વીતરાગ પ્રભુના દર્શન અને વીતરાગ વાણીનું શ્રવણ—આ બંને જો ક્યાંય મળતા હોય તો, તે મળે છે જીવંતતીર્થ સુવર્ણપુરીમાં. જાગૃત તીર્થધામ પણ સોનગઢ છે અને શાંતિમય નિવૃત્તધામ પણ સોનગઢ છે. અહીં સીમંધરાદિ ભગવંતોના દર્શન તથા કહાનગુરુની અનુભવરસથી છલકાતી વાણીનું પ્રત્યક્ષ શ્રવણ નિરંતર મળે છે, જેનો લાભ લેવા દૂરદૂરથી પંડિતો, ત્યાગીઓ તેમ જ જિજ્ઞાસુઓ સતત આવે છે. અધ્યાત્મવિદ્યાનું કેન્દ્ર આ તીર્થધામ હવે તો જગપ્રસિદ્ધ થઈ ચૂક્યું છે.

નૂતનવર્ષના પ્રારંભે સમ્યગ્દર્શન-જ્ઞાન સુપ્રભાતસ્વરૂપ ગુરુદેવશ્રી આશીર્વાદ આપે છે : 'પરમ પારિણામિક સ્વભાવભાવનો મહિમા કરવો એ જ ખરું બેસતું વર્ષ છે'. આજથી જ 'શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ'નું નિયમિત પ્રકાશન શરૂ થાય છે.

સ્વાનુભવરસઝરતી સાધના કરનાર ગુરુદેવશ્રી ઘણીવાર ફરમાવે છે :

(૧) જે દ્રવ્યની જે સમયે જે કાર્યરૂપ પરિણમવાની લાયકાત હોય તે દ્રવ્ય તે સમયે તે જ કાર્યરૂપ પરિણમે છે. તે કાર્ય તે સમયથી આગળ કે પાછળ થતું નથી.

(૨) સંયોગ કે સ્વભાવને કારણે રાગ-દ્વેષ થતા નથી, અજ્ઞાનને કારણે થાય છે.

(૩) એક સમયમાં પૂર્ણ-અખંડ જ્ઞાન માટે અર્થાત્ કેવળજ્ઞાન માટે આત્મસ્વભાવમાં ઉપયોગની અખંડ ધારા જોઈએ.

(૪) રાગ સહિત જ્ઞાન સ્થૂળ છે, તે સૂક્ષ્મ આત્માને પકડી શકતું નથી.

(૫) સર્વજ્ઞસ્વભાવનો સ્વીકાર કરનાર પોતાને રાગમય માની શકતો નથી, કેમ કે જ્યાં સર્વજ્ઞપણું છે ત્યાં રાગ હોતો નથી.

(૬) રે મૂર્ખ! ક્ષણિક દેહ ખાતર અવિનાશી આત્માને ન ભૂલ.

(૭) ભાઈ! પર-રાગાદિ તો તને કામ નહીં આવે, પરંતુ કષાયની મંદતાએ થયેલું આ ક્ષયોપશમ જ્ઞાન પણ અનુભવ માટે કામ નહીં આવે.

(૮) દ્રવ્યદૃષ્ટિનો અભ્યાસ એ પરમ કર્તવ્ય છે.

(૯) જેને જેની રુચિ હોય તેની ભાવના વારંવાર ભાવે અને ભાવના અનુસાર ભવન (—પરિણમન) થયા વિના રહે જ નહીં.

(૧૦) સમય (—અવસર) મળ્યો છે તો સમયમાં (—આત્મામાં) સાવધાન થા.

અધ્યાત્મકેસરીસિંહ ગુરુદેવશ્રીનાં જિનશાસન પ્રભાવક વિહારોથી તેમ જ 'આત્મધર્મ'ના પ્રકાશનથી ચારે તરફથી સ્વાધ્યાય—અભ્યાસ માટે શાસ્ત્રોની માંગ અધિક ને અધિક આવવા લાગે છે. જેના પરિણામે વિક્રમ સંવત ૨૦૦૧માં સ્થપાયેલ 'ભગવાન શ્રી કુંદકુંદ-કહાન જૈનશાસ્ત્રમાળા'ના ૫૧ પુષ્પો અતિ અલ્પ સમયમાં પ્રસિદ્ધ થઈ ચૂક્યા છે અને હજુ પણ પ્રસિદ્ધ થતા રહે છે.

દુર્લભ માનવજીવન પામી જેને આત્મકલ્યાણની કંઈક જિજ્ઞાસા જાગી છે તે પાત્ર જીવનું સૌથી પ્રથમ કર્તવ્ય છે : સત્પુરુષના પ્રત્યક્ષ સમાગમે તેમની વાણીનું શ્રવણ કરી તત્ત્વનો નિર્ણય કરવો. આત્મજ્ઞાનીની વાણીના શ્રવણનું સદ્ભાગ્ય મહાદુર્લભ છે, છતાં સત્ જિજ્ઞાસુ જીવોના પ્રબળ પુણ્યોદયે તે વાણી વર્તમાનમાં વરસી રહી છે. જો કદાચિત્ તે યોગ ન બને તો, ભેદવિજ્ઞાનની વાણીનું અંતર્મંથન કરવું. સંસારરૂપી વિષને માટે એ સંજીવની સમાન છે. સત્પુરુષની સાતિશય વાણીનું ઘોલન સર્વ જીવો કરે એ હેતુએ આ શાસ્ત્રો પ્રકાશિત કરવામાં આવે છે.

વીતરાગ જિનધર્મ પંચમકાળના અંત સુધી ટકવાનો છે. તેને ટકવામાં ઉત્કૃષ્ટ નિમિત્તભૂત ગુરુવાણી પણ ગુરુરાજના જ અવાજમાં સદા ટકી રહે તેવા ઉમદા હેતુથી ચૈતન્યનો અભૂતપૂર્વ રસ અને ઘોલન જગાડનાર ગુરુદેવશ્રીનાં જિનવાણીરહસ્યભેદી અમૃત પ્રવચનોનું રેકોર્ડિંગ કરવાનું ઐતિહાસિક અદ્ભુત કાર્ય આજે—મહા વદ સાતમે— થાય છે. સૌ પ્રથમ રેકોર્ડ થાય છે શ્રી પ્રવચનસારજીની ગાથા ૧૭૨ ઉપરનું પ્રવચન.

સુવર્ણપુરીમાં વહાલા વિદેહીનાથ જીવંતસ્વામી શ્રી સીમંધરપ્રભુ આદિ જિનેન્દ્રોની પધરામણીના દશ વર્ષ પૂર્ણ થતાં હોવાથી મહા વદ નોમથી ફાગણ સુદ બીજ એમ આઠ દિવસ 'અઠ્ઠાઈ મહોત્સવ' ઉજવવાનું નક્કી કરવામાં આવે છે. આ મહોત્સવમાં ભાગ લેવા તેમ જ જેમના મુખારવિંદથી જિનધર્મ-જિનવાણીનો વિશાળ પ્રવાહ અખંડ-અતૂટ ધારાએ વહી રહ્યો છે એવા ગુરુરાજનો મહિમા સાંભળી તેઓશ્રીનાં દર્શન કરવા ને વાણી સૂણવા

મૂળ લાડનૂ રાજસ્થાનના અને હાલ કલકત્તા રહેતા શેઠ શ્રી વચ્છરાજજી ગંગવાલ પરિવાર સહિત પ્રથમવાર સોનગઢ આવે છે.

સુષુપ્ત ચેતનાને સહજપણે તત્ક્ષણ જાગૃત કરનાર ગુરુવર્યના પ્રવચનો સાંભળી તથા સોનગઢમાં થયેલી ધર્મપ્રભાવના જોઈને તેઓ ખુશી થાય છે. જ્ઞાનધ્યાનરત ગુરુવરના માત્ર ચાર દિવસના પ્રત્યક્ષ પરિચયથી, ગુરુવાણીની ગર્જનાથી ગુંજતા સુવર્ણપુરીના ધાર્મિક વાતાવરણથી તેમ જ ધર્મમાતા પૂજ્ય બહેનશ્રીબેનના સાધનામય જીવનથી તેઓ એવા તો પ્રભાવિત થાય છે કે વિશેષ ઉલ્લાસ આવવાથી જિનમંદિર પાસે જ વિશાળ જગ્યા ખરીદે છે અને રૂપિયા એક લાખથી પણ વધારે ખર્ચીને બહેનો માટે બ્રહ્મચર્ય આશ્રમ બંધાવવાનો સ્વયં સ્ફૂરિત ભાવ જાગે છે. અહો! અનહદ આશ્ચર્યકારી અપૂર્વ મહિમાવંત ગુરુદેવશ્રીનો કેવો ધર્મપ્રતાપ! કે અજાણ્યા મહેમાનને ગુરુદેવશ્રીનાં પહેલાં જ દર્શને આવો ભાવ જાગ્યો!!

જેમને ભેટવા માટે ભક્તજનોને અંતરમાં ઊંડી ઊંડી અભિલાષા રહ્યા કરતી હતી તે ભક્તોના જીવન-આધાર શ્રી સીમંધરનાથ દશ વર્ષ પહેલાં ભેટ્યા હતા અને તેઓશ્રી માત્ર સુવર્ણધામમાં જ નહીં, ભક્તોના અંતરધામમાં—હૃદય સિંહાસને પણ પધાર્યા છે. આજે તો તે ધોરી ધર્મપ્રવર્તક પરમાત્માના પગલે-પગલે શાસનમાં અનેકવિધ મંગલ વૃદ્ધિ થઈ રહી છે. વીતરાગભાવનું નિમિત્ત એવી આ વીતરાગ પ્રતિમાના દર્શન દશ વર્ષ પહેલાં પ્રથમવાર કર્યા ત્યારે ગુરુવરનો આત્મા અંતરથી પોકારી ઉઠ્યો હતો : 'વાહ! પ્રભુ વાહ! વાહ! તારી વીતરાગ મુદ્રા! હે નાથ! તારા સાક્ષાત્ દર્શનના વિરહા છે, પણ હવે તારી પ્રતિમા-સ્થાપનાના દર્શન કરી સંતોષ માનશું અને આરાધના કરીશું.' અહીં બિરાજમાન સીમંધરપ્રભુની ધ્યાનમય મુદ્રા એવી તો અદ્‌ભુત છે કે સ્વરૂપલીન થવાની પાવન પ્રેરણા આપે છે અને જાણે કે હમણાં જ દિવ્યધ્વનિ છૂટશે એવો ભાસ થાય છે. એ ભગવંતોના દર્શન કરતાં માનો પ્રભુના પ્રત્યક્ષ દર્શન કરતા હોઈએ એવો ઉલ્લાસ જાગે છે, વીતરાગસ્વરૂપ આત્માનું બહુમાન આવે છે અને વીતરાગભાવ પ્રાપ્ત કરવાની ભાવના પુષ્ટ થાય છે. દશ વર્ષ પહેલાં પંચકલ્યાણકના પ્રસંગો એવા ભાવનાપૂર્ણ ઉજવાયા હતા કે જાણે ભગવાનના કલ્યાણકો ખરેખર—સાચા ઉજવાતા હોય. એવા ભાવો ત્યારે ઉલસતા હતા. અરે! દીક્ષા કલ્યાણક સમયે સંયમભાવના ભાવનાર ગુરુરાજની વૈરાગ્ય ભરેલી પાવન મુખમુદ્રા હજુ પણ ભક્તોની દૃષ્ટિ સમક્ષ તરવરે છે.

જિનમંદિરના આ ૧૧મા વાર્ષિક પ્રતિષ્ઠા મહોત્સવમાં જ્ઞાન-ભક્તિની ધૂન જામે છે. ઉત્કૃષ્ટ-મહાન એવી ધર્મપ્રભાવનાના પ્રણેતા ગુરુદેવશ્રીનાં સવાર-બપોરના પ્રવચનોમાં ગુરુમુખથી જ્ઞાનસરિતા વહે છે અને પૂજન-ભક્તિ સમયે જિનમંદિરમાં ભક્તિસરિતા વહે છે, જે ભક્તોના હૃદયસરોવરમાં ભળી જઈને ભક્તોને પાવન કરે છે.

ફાગણ સુદ એકમની રાત્રે તીર્થધામ સોનગઢની અને બીજે દિવસે રાત્રિના રાજકોટના પંચકલ્યાણકની ફિલ્મ દેખાડવામાં આવે છે.

ચૈત્ર વદ ચૌદશ : આજે એક મુમુક્ષુ મરણાસન્ન હોવાથી તેમની અંતિમ ઘડી સુધારવા તેમ જ વૈરાગ્ય સંબોધન કરવા સ્વાનુભવસમૃદ્ધ ગુરુવર ખાસ તેમની પાસે જાય છે અને કહે છે :'જુઓ ભાઈ! 'હું જ્ઞાયક છું' એવું લક્ષ રાખવું. આ દેહની સ્થિતિ તો હવે પૂરી થવાની તૈયારીમાં છે. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ'—એ મંત્રનું અંતરમાં ચિંતન કરવું.' અહો! ગુરુવરની કરુણા તો જુઓ!

વૈશાખ સુદ બીજ : આજના પવિત્ર દિવસે ઉજમબાને પુત્રરત્ન પ્રાપ્ત થયું હતું અને ભક્તોને ભવોદધિ તારણહાર મળ્યા હતા. જેઓશ્રીની આધ્યાત્મિક ગંગોત્રીમાંથી નીકળેલી જ્ઞાનગંગામાં સ્નાન કરી જીવો પવિત્ર બને છે તે ગુરુદેવશ્રી જન્મ-મરણ રહિત થવાનો માર્ગ દેખાડવા અહીં જન્મ્યા હતા. આવા ગુરુવરની જન્મજયંતી એટલે એક ભાવિ તીર્થાધિનાથના નિર્મળ ગુણો ગાવાનો, તેઓશ્રીનાં ઉપકારો યાદ કરવાનો અને તેઓશ્રી પ્રત્યેની હૃદય-ઉર્મિઓ વ્યક્ત કરવાનો સુઅવસર. આ દિવસના મંગલ સુપ્રભાતે તેઓશ્રીનાં મંગલ આશીર્વાદ પામી ભક્તો ધન્યતા અનુભવે છે.

પ્રત્યક્ષ ઉપકારી પ્રત્યે ભક્તિનું મીઠું ઝરણું આત્માર્થીના હૃદયમાં સદાય વહેતું જ હોય છે. આ નિરંતર વહેતું ભક્તિઝરણું જન્મજયંતિ આદિ પ્રસંગે સાગરનું રૂપ ધારણ કરી ઉછળે છે : જ્ઞાયકનો અભિનવ મહિમા સમજાવનાર હે ગુરુવર! અનાદિકાળથી અનંત અનંત જીવોની વણજાર બંધના માર્ગે ચાલી રહી છે.તે પછી બાહ્યનું કડક ચારિત્ર પાળનાર દિગંબર સાધુ હો કે ૧૧ અંગ ને નવ પૂર્વનો ભણેલો શાસ્ત્રપાઠી હો,—બધાની દોડ સંસાર તરફ જ છે. આ બધામાંથી કોઈક વિરલ જીવ જ સ્વસન્મુખતાનો અપૂર્વ પુરુષાર્થ કરી સમકિત પ્રાપ્ત કરે છે અને મોક્ષમાર્ગે પ્રયાણ આદરે છે, આત્મસાધક બની અધ્યાત્મપથનો

પથિક બને છે. ભલે તેના પુરુષાર્થની ગતિ મંદ હોય,તોપણ તેની દિશા સાચી છે—મોક્ષ તરફ છે. તેથી તે મોક્ષમાર્ગી છે. જો સમ્યગ્દષ્ટિનું આવું માહાત્મ્ય છે તો, જેમણે અમ ભક્તોને સંસારસમુદ્ર તરવાનો ઉપાય બતાવ્યો છે એવા પરમ ઉપકારી સમ્યક્દષ્ટિના ધારક આપશ્રીના માહાત્મ્યની વાત જ શી કરવી? આપશ્રીની પવિત્રતા તો કોઈ અલૌકિક છે જ, પુણ્ય-પ્રભાવના યોગ પણ નિરાળો છે. તેનો પાર કોણ પામી શકે? આથી, આજના ઉત્તમ દિવસે, આપશ્રી પ્રત્યે અમોને સર્વસ્વ ન્યોછાવર કરવાની ભાવના જાગે એ સ્વાભાવિક જ છે.

જેઓશ્રીએ પોતાના પુનિત પ્રભાવ-પ્રતાપ વડે અમોને મોક્ષમાર્ગમાં પ્રેર્યા છે એવા ત્રિકાળ મંગળસ્વરૂપ આ પવિત્ર આત્માના ચરણોમાં શીર ઝૂકી જાય છે. હે અમ હૈયાના આરામ! જીવન આધાર! આત્મકલ્યાણની કેડી બતાવનાર! અમારા અંતરમાંથી એક જ પોકાર ઉઠે છે કે બધો ઉપકાર આપનો જ છે. બસ, આજે ભાવના ભાવીએ છીએ કે,

ભવ્યજીવરૂપી કમલને વિકસાવનાર આ ચૈતન્યભાનુના દિવ્ય કિરણો ઝીલીએ....

અજ્ઞાન અંધકારને મટાડનાર આ જ્ઞાનસૂર્યના મહાતેજને પામીએ....

મુક્તિમાર્ગ પ્રકાશક આ અલૌકિક દિવ્યભાસ્કરના ઉદિત પ્રકાશને ઓળખીએ....

જૈનશાસનરૂપી ગગનના ઝળહળતા આ અપૂર્વ અરુણના અખંડ ઉજાસને પામીએ...

આવી પવિત્ર ભાવનાસહ અપૂર્વ સહજાનંદવૃત્તિના ધારક ગુરુવરનો ૬૨મો જન્મમહોત્સવ ઉજવાય છે.

ધર્મધુરંધર સંત ગુરુદેવશ્રી પોતે ભૂતકાળના ભવમાં મહાવિદેહક્ષેત્રમાં હતા તે હકીકત તરફ અવ્યક્તપણે ઈશારો કરતા એકવાર આનંદથી કહે : 'અમે તો જૂના દિગંબર છીએ'. આ સાંભળીને ભક્તોને સાનંદ આશ્ચર્ય થાય છે.

વૈશાખ વદ અમાસ, સોમવાર. રાત્રે સ્વપ્ન આવે છે : પાંચથી છ નગ્ન દિગંબર દ્રવ્યલિંગી સાધુ જ્ઞાનસુધાસિંધુ ગુરુદેવ પાસે આવે છે. તેમની ભાષા કોઈ બીજી હોવાથી પૂજ્ય ગુરુદેવશ્રી કહે : 'તમારી ભાષા સમજાતી નથી. તેમ જ અમારી વાત તમને નહીં

બેસે.' તેઓ કહે : 'ના, ના, આપ સંભળાવો; આપની વાત અમને બેસશે—સમજાશે'. ગુરુદેવશ્રી કહે : 'તો, હું કહું છું તે વાત સાંભળો.' એટલે તેઓ વાત સાંભળવા પ્રેમથી બેસે છે અને ગુરુવર કહે છે : 'આ જીવ અનંતવાર અંતિમ ગ્રવૈયક જઈ આવ્યો છે, પણ આત્મભાન વિના લાભ થયો નથી'. વગેરે વાત શાંતિથી સંભળાવે છે અને સાધુઓ પણ પ્રેમથી સાંભળે છે. સત્ય વાત શાંતિ-ધીરજથી કહેવામાં આવે તો કોને ન ગમે? તથા 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રવૈયક ઉપજાયો'—આ 'છઢાળા'ની વાત યાદ આવે છે ને?

બીજી એક રાત્રે સ્વપ્ન આવે છે. તેમાં એવું આવે છે કે અનહદ—અદમ્ય પુરુષાર્થ દ્વારા ઉત્તમ બોધિબીજપ્રાપ્ત ગુરુવર સ્થાનકવાસી સાધુને કહે છે કે આ તમારું સાધુપણું એ કુલીંગ છે. કોઈને ગમે કે ન ગમે, સત્ય સદા સત્ય જ રહે છે.

શ્રાવણ વદ ત્રીજ : પરમાગમ શ્રી પ્રવચનસારજી ઉપરના અધ્યાત્મરસ ભરપૂર પ્રવચનો પૂર્ણ થાય છે. આ શાસ્ત્રના પરિશિષ્ટમાં આવેલ ૪૭ નય ઉપરના પ્રવચનો 'નયપ્રજ્ઞાપન' એ નામના પુસ્તકરૂપે પાછળથી પ્રસિદ્ધ થાય છે.

ભાદરવા સુદ એકમ : નિજ ભાવના નિમિત્તે શ્રી કુંદકુંદાચાર્યદેવે જેને રચ્યું છે તે અધ્યાત્મ જિનવાણી શ્રી નિયમસારજી ગુજરાતી ભાષામાં—કે જેનું ગુજરાતી ભાષાંતર પંડિત શ્રી હિંમતભાઈ શાહે કરેલ છે તે—પ્રથમવાર પ્રકાશિત થાય છે. આ પ્રસંગે માંગલિકરૂપે અધ્યાત્મધર્મ પ્રભાવક ગુરુદેવશ્રી તેના ૨૯૭મા શ્લોક ઉપર પ્રવચન આપે છે. આ શાસ્ત્રનો ૨૧૨મો શ્લોક વાંચતા ઉલ્લસીત વીર્યવંત ગુરુવર્યને એવો ભાવ જાગેલો કે જેમના મુખમાંથી પરમાગમ ઝરે છે એવા આ શાસ્ત્રના ટીકાકાર મુનિવર શ્રી પદ્મપ્રભમલધારિદેવ તીર્થંકર થવાના લાગે છે.

આ વર્ષના પર્યુષણ પર્વ દરમ્યાન સ્વામી કાર્તિકેય પ્રણીત 'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા'માંથી દશ ધર્મ ઉપર પ્રવચનો થાય છે. પર્યુષણ પર્વના અંતિમ દિવસે અર્થાત્ ભાદરવા સુદ ચૌદશે શ્રી નિયમસારજી ઉપરના પ્રવચનોનો પ્રારંભ થાય છે.

આ રીતે, વિક્રમ સંવત ૨૦૦૭નું વર્ષ પૂર્ણતાને પામે છે.

પરમ ઉપકારી અપૂર્વ મહિમાવંત ગુરુદેવના ચરણોમાં વારંવાર નમસ્કાર..

❋ ❋ ❋

# * વિક્રમ સંવત ૨૦૦૮ (ઈસ્વી સન્ ૧૯૫૧-૫૨) *

## ❁ બ્રહ્મચર્ય આશ્રમ ઉદ્‌ઘાટન તથા વિદ્યાર્થી ગૃહ પ્રારંભ વર્ષ ❁

જેના જીવનની એક એક પળ આત્માર્થ ખાતર વીતે છે, એક એક ક્ષણ સંસારને છેદે છે અને એક એક ઘડી સિદ્ધપદ સમીપ લઈ જાય છે તેનું જીવન ધન્ય છે. આવું ધન્ય જીવન સ્વાનુભવમુદ્રિત ગુરુવર કહાન સુવર્ણપુરીમાં જીવી રહ્યાં છે. તેઓશ્રીની શીતળ છાંયા તથા સુવર્ણધામના અધ્યાત્મમય ઉપશાંત વાતાવરણમાં સાધર્મી વાત્સલ્યના વહેતા મધુર ઝરણાથી જાણે કે મુમુક્ષુઓનું એક કુટુંબ રચાયું છે અને તેઓ તત્ત્વ-અભ્યાસ તેમ જ ભક્તિભાવમય ઉલ્લસિત જીવન જીવે છે.

અધ્યાત્મથી તથા સ્વાનુભવથી ઓતપ્રોત તેમ જ શ્રુતલબ્ધિ સાથે છૂટતી ગુરુવર્યની દિવ્યધ્વનિથી સમાજમાં એક યુગ પરિવર્તન આવ્યું છે. અચૂક લક્ષ્યવેધી રામબાણ જેવી એ વાણીથી હવે મિથ્યાત્વના પડળ ભેદાવા લાગ્યા છે. જે સત્ય ઘણા વર્ષોથી અંધારામાં ડૂબેલું હતું તે ગુરુરાજની કલ્યાણબોધક વાણી વડે બહાર આવે છે અને અનાદિથી ચારગતિમાં પરિભ્રમણ કરી કરીને દુઃખ ભોગવતા જીવોને શાશ્વત શાંતિ-સુખ કેવી રીતે પ્રાપ્ત થાય તેના માર્ગનું પ્રકાશન કરે છે. તેઓશ્રી ઘણી વાર ફરમાવે છે :

(૧) જે દુઃખ સાંભળતા પણ હૃદયમાં કંપારી ઉઠે એવા નરકના અનંત દુઃખ હે ભાઈ! તેં અનંત-અનંત કાળ સહન કર્યાં, પણ સાચું ભાન એક ક્ષણ પણ કર્યું નહીં. હવે આ ઉત્તમ મનુષ્યજીવનમાં અનંત કાળના અનંત દુઃખ ટાળવાનો અવસર આવ્યો છે. જો અત્યારે નિજ સ્વરૂપને જાણવાનો સાચો ઉપાય નહીં કરે તો ફરીને અનંત કાળ ભ્રમણ કરવું પડશે. માટે જાગૃત થા, આત્મભાન કરી લે.

(૨) શ્રી કુંદકુંદાચાર્યદેવે સમયપ્રાભૃતરૂપી ભેટણું ભવ્યોને આપ્યું છે. તો, તે ભેટણું સ્વીકારો, તેના વિના મુક્તિ થશે નહીં.

(૩) ઈશ્વર, જગતનો કર્તા નહીં; એક દ્રવ્ય, બીજા દ્રવ્યને કરે નહીં; આત્મા, રાગને કરે નહીં અને ખરેખર દ્રવ્ય પણ, પર્યાયને કરે નહીં.—આવું અકર્તાપણું કહેનાર જૈનશાસન—જૈનદર્શન જ મહાન દર્શન છે.

(૪) બાહ્ય વૈભવ મળે તે કરતાં સાચું તત્ત્વ સાંભળવા મળે તે ભાગ્યશાળીપણું છે.

(૫) 'શ્રા'—સ્વભાવની શ્રદ્ધા (દર્શન), 'વ'—સ્વપરનો વિવેક(જ્ઞાન) અને 'ક'—સ્વરૂપની રમણતારૂપ કાર્ય (ચારિત્ર).—આ ત્રણ જેને થયા છે તે સાચો શ્રાવક છે.

(૬) દ્રવ્ય પણ નિરપેક્ષ અને પર્યાય પણ નિરપેક્ષ. આ, જૈનશાસનનો સરવાળો છે.

(૭) જીવોએ દુનિયા રાજી થાય અને દુનિયાને ગમે એવું તો અનંતવાર કર્યું છે, પણ 'હું આત્મા વાસ્તવિક રીતે રાજી કેમ થાઉં? મારા આત્માને ખરેખર ગમતું શું છે?' એનો વિચાર પણ કોઈવાર નથી કર્યો. અરે! દરકાર જ ક્યાં કરી છે?

(૮) દર્શનશુદ્ધિ વિના માત્ર દેહશુદ્ધિ કે આહારશુદ્ધિથી આત્મસિદ્ધિ નહીં થાય.

(૯) નવ તત્ત્વોમાં, જીવતત્ત્વનું અવલંબન હિતનું કારણ છે, અજીવતત્ત્વનું અવલંબન અહિતનું કારણ છે, આસ્રવ-બંધતત્ત્વ અહિતરૂપ ભાવ છે અને સંવર-નિર્જરા-મોક્ષતત્ત્વ હિતરૂપ ભાવ છે.

(૧૦) ભાંગ્યું તોય ભરૂચ. તેવી રીતે આત્મા, ભૂલ્યો તોય ભગવાન છે. કેમ કે ભૂલ વખતે પણ ભૂલ ભાંગવાના સામર્થ્યવાળો છે.

(૧૧) જીવ જો સ્વભાવનું સામર્થ્ય, વિભાવની વિપરીતતા અને જડ-પરનું જુદાપણું-પૃથક્તા બરાબર ઓળખે તો સ્વભાવની સન્મુખ થાય, વિભાવથી વિમુખ થાય અને જડ-પરથી જુદો—પૃથક્ થાય.

મહા સુદ પાંચમ, ગુરુવાર, વસંતપંચમી. આજે ગુરુદેવશ્રીનાં મહાન પ્રભાવના ઉદય પ્રતાપે સ્થાપિત અને શેઠ શ્રી વચ્છરાજજી ગંગવાલ દ્વારા બંધાવવામાં આવેલ 'શ્રી ગોગીદેવી દિગંબર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ'નું ઉદ્‌ઘાટન થવાનું છે.

આથી સુપ્રભાતે પૂજ્ય બહેનશ્રીબેન જ્યાં નિવાસ કરે છે તે 'કહાન કિરણ'માંથી વાજતે-ગાજતે પ્રભાત ફેરી નીકળે છે. તે આખા ગામમાં ફરીને સ્વાધ્યાય મંદિરમાં આવે છે. અહીંથી, જેમની મુદ્રામાં ચૈતન્યતેજ ઝળકે છે અને વાણીમાં આત્મિકવીર્ય ઉછળે છે એવા ગુરુદેવશ્રી સહિત સમસ્ત સંઘ આશ્રમમાં આવે છે. શ્રી વચ્છરાજજી શેઠ આશ્રમનું

ઉદ્‌ઘાટન કરે છે. પછી આશ્રમમાં બાંધવામાં આવેલ શણગારયુક્ત ભવ્ય મંડપમાં ગુરુવર માંગલિક સંભળાવે છે અને આશિષ આપે છે : ‘બોધિ-સમાધિને પ્રાપ્ત થાઓ.’ શ્રી વચ્છરાજજી શેઠ જ્ઞાનવૈરાગ્યમય આદર્શ જીવન જીવનાર ગુરુદેવશ્રીનો ઉપકાર વ્યક્ત કરી પૂજ્ય બહેનશ્રીબેનનું સન્માન કરે છે અને આશ્રમના સંચાલન માટે રૂપિયા ૨૫,૦૦૦/-ની દાનરાશિ જાહેર કરે છે. ત્યારબાદ શ્રી નિયમસારજી ઉપરના પ્રવચનની અનુભવના જોરવાળી અને હૃદયભાવથી ભીંજાયેલ ધારા વહે છે. પ્રવચન પછી સોનગઢ-વીંછીયા-લાઠી તથા રાજકોટના પંચકલ્યાણક પ્રસંગે થયેલા અનુભવમૂર્તિ ગુરુદેવશ્રીનાં પ્રવચનોનું સંકલન ‘પંચકલ્યાણક પ્રવચન’ નામના પુસ્તકરૂપે પ્રસિદ્ધ થાય છે.

આજે આત્માભિમુખ ધ્યેયલક્ષી જીવન જીવનાર ગુરુવરના મહાપુનિત પગલાં તો આશ્રમમાં થયા જ, તેઓશ્રીનાં આનંદકારી આહારદાનનો લાભ-પ્રસંગ પણ આશ્રમના પ્રણેતા પૂજ્ય બહેનશ્રીબેનને ત્યાં આશ્રમમાં થાય છે. આ ભક્તિ-ઉલ્લાસભર્યો ભવ્ય પ્રસંગ નીરખતાં ભક્તોના હૃદયપટમાંથી અહો દાનમ્! મહાદાનમ્! એવો પોકાર ઉઠે છે.

આશ્રમની ઉદ્‌ઘાટન વિધિ કરાવવા કારકલથી આવેલા શાસ્ત્રી અધ્યાત્મક્રાંતિવીર ગુરુદેવશ્રીનાં પ્રવચનો અને તત્ત્વચર્ચાથી બહુ ખુશ થાય છે. તેથી ગુરુવરને વિનંતી કરે છે કે આપશ્રી મદ્રાસ તરફ પધારો તો ત્યાં જ્ઞાનનો બહુ ઉદ્યોત થાય.

આ ઉદ્‌ઘાટન પ્રસંગે વચ્છરાજજી ઉપરના પત્રમાં ઈંદોરના શેઠ સર હુકમચંદજી લખે છે : હમ આપકો હાર્દિક ધન્યવાદ દેતે હૈ. આપ વ આપકી ધર્મપત્નિ દ્વારા ઇસ શુભધાર્મિક સંસ્થાકી સ્થાપના કી ગઈ તથા સત્યધર્મકે પ્રવર્તક, આત્મકલ્યાણકે હેતુ જૈનધર્મકે અધ્યાત્મવાદકે ઉપદેશક સદ્‌ગુરુ શ્રી કાનજીસ્વામી પર આપને શ્રદ્ધા કર સચ્ચે ધર્મ વ સેવાભાવકો સમજ લિયા વ વૈસી હી પ્રવૃત્તિમેં લગે હૈ યહ જાનકર જો હમેં ખુશી હુઈ હૈ ઉસકો હમ લેખની દ્વારા નહીં લીખ શકતેં......હમારી તો યહી કામના હૈ કિ આપને સચ્ચે ગુરુકી શ્રદ્ધા વ સચ્ચે ધર્મકે તત્ત્વોંકે મર્મકો પહિચાન લિયા હૈ તો શ્રી પૂજ્ય કાનજીસ્વામીકી સેવામેં હી રહકર શેષ અધિક કાલ આત્મકલ્યાણકે હેતુ હી વ્યતિત કર ઉચ્ચ કોટિકે ધર્મલાભકો પ્રાપ્ત કરના ચાહિયે.....હમેં ખેદ હૈ કિ હમ ઉક્ત અવસર પર સમ્મિલિત નહીં હો સકતે હૈં.

મહા સુદ છઠ : શ્રી કુંદકુંદાચાર્યદેવની અમરકૃતિ શ્રી સમયસારજી પરમાગમ ઉપરના નવમી વારના સ્વાનુભવમુદ્રિત પ્રવચનો સમાપ્ત થાય છે અને બીજે દિવસે પરમાગમ શ્રી પંચાસ્તિકાયસંગ્રહ ઉપરના પ્રવચનોનો પ્રારંભ થાય છે.

વિક્રમ સંવત ૧૯૯૧માં કરેલા ક્રાંતિકારી પરિવર્તન બાદ અનુભવખુમારીવંત ગુરુવરે ઘણા બધા શાસ્ત્રો ઉપર મર્મ-ઉદ્‌ઘાટક પ્રવચનો સભામાં આપ્યા છે. ચાલો, તેની વિગત જોઈએ.

ભારતભરમાં શ્રી સમયસારાદિ શાસ્ત્રોનો જે વિશાળ પ્રચાર થયો છે, થઈ રહ્યો છે, તેનો બધો શ્રેય ગુરુવરના આ પ્રવચનોને છે.

ફાગણ વદ બીજ, તારીખ ૧૩-૩-૧૯૫૨. મુમુક્ષુઓના તથા જૈનોના બાળકો લૌકિક શિક્ષણની સાથે-સાથે ગુરુદેવશ્રીનાં પવિત્ર સાન્નિધ્યમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારો પણ મેળવે એ હેતુએ 'શ્રી જૈન વિદ્યાર્થી ગૃહ' શરૂ કરવામાં આવે છે અને તેનું આજે ઉદ્‌ઘાટન થાય છે. ગુરુવરે વાવેલા પ્રભાવનાનાં બીજ હવે અંકુરિત થવા લાગ્યા છે.

જે પવિત્ર ક્ષેત્રે ગુરુદેવશ્રીનો પરમ પાવન સમાગમ અને અમૃતવાણી આત્માર્થીઓને નવું જીવન અર્પે છે તેમ જ સાધકના આત્મજીવનની પુષ્ટિ કરે છે તે વિદેહક્ષેત્ર સમાન સુવર્ણપુરીમાં એક માનસ્તંભ બનાવવાનું નક્કી કરવામાં આવે છે. આજ સુધી ઘણા મુમુક્ષુઓને ખબર પણ નથી કે માનસ્તંભ એટલે શું? તે કોને કહેવાય? કેમ કે સૌરાષ્ટ્રભરમાં ક્યાંય માનસ્તંભ નથી. તેથી ભક્તોને ઘણા સમયથી મનમાં ભાવના ઘોળાયા કરતી હતી કે સોનગઢમાં એક માનસ્તંભ બને તો સારું. આજે તેમની ભાવના ફળે છે.

ચૈત્ર સુદ ૧૩, શ્રી મહાવીર જન્મકલ્યાણકના પવિત્ર દિવસે બપોરે સવા વાગે—કે જ્યારે 'સ્ટાર ઑફ ઇન્ડિયા'માં મંગલ પરિવર્તન કરીને ગુરુદેવશ્રીએ સત્ધર્મનો પાયો નાખ્યો હતો તે દિવસે અને તે સમયે—માનસ્તંભજીના પાયા ખોદવાની શરૂઆત ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીના સુહસ્તે થાય છે.

વૈશાખ સુદ બીજ : શાસનનાયક મહાવીરપ્રભુએ પ્રબોધેલો અને કુંદકુંદાદિ નિર્ગ્રંથ

આચાર્યો—મુનિવરો દ્વારા સમયસારાદિ શાસ્ત્રોમાં સંગ્રહિત થયેલો અનુભવસિદ્ધ વીતરાગ જૈનધર્મ લૌકિક રૂઢિમાં તથા સંપ્રદાયની બાહ્ય ક્રિયાકાંડમાં ફસાયેલો હતો. આવા કાળમાં ભક્તોના મહા પુણ્યોદયે જેમનાં જીવન તેમ જ વાણી અધ્યાત્મથી ઓતપ્રોત છે તથા જેઓ તીર્થંકરોએ બતાવેલા અપ્રતિહત મુક્તિમાર્ગમાં નિઃશંકપણે વિચરી રહ્યા છે એવા ગુરુદેવશ્રી ભૂલા પડેલા આત્માર્થીઓને સન્માર્ગ દેખાડવા અહીં ભરતભૂમિમાં ૬૨ વર્ષ પહેલાં પધાર્યા. 'તું ભગવાન આત્મા છો' એવો સિંહનાદ કરીને તેઓશ્રી બધાને મોહનિદ્રામાંથી જગાડે છે અને આત્મ-આરાધનાનો અધ્યાત્મમાર્ગ દેખાડે છે. જેના ફળસ્વરૂપે લાખો જિજ્ઞાસુ જીવો સંપ્રદાયની પક્કડમાંથી છૂટ્યા છે અને એક યથાર્થ મુમુક્ષુસમાજનું સર્જન થયું છે. અપૂર્વ ગુણધારી અને અનુપમ શ્રુતધારી ગુરુદેવશ્રીએ જિનશાસનના સૂક્ષ્મ રહસ્યો-ભાવો ખોલીને આત્માર્થી જીવો ઉપર અનેક અલૌકિક ઉપકાર કર્યા છે. આવા ગુણમેરુ ગુરુવરની કલ્યાણકારી ૬૩મી જન્મજયંતી આજે સુવર્ણપુરીમાં ઉજવાય છે.

ભક્તો આ પાવન અવસરે ભાવાંજલિ અર્પણ કરે છે : હે આનંદનિધાનના દર્શન કરનાર આત્મદ્રષ્ટા! આપના અનુભવ, શ્રદ્ધા, જ્ઞાન, વિવેક, વૈરાગ્ય વગેરે શીખવાયોગ્ય છે. અરે! આપશ્રીની સર્વ પરિણતિ અમારા માટે મહાન આદર્શરૂપ છે.

હે શાસનરત્ન! આજે આપના પ્રતાપે ભારતભરમાં જિનેન્દ્રશાસનધ્વજ અત્યંત ગૌરવપૂર્વક ઉન્નતિના શિખરે ફરકી રહ્યો છે. અને તેની છાંયમાં હજારો તત્ત્વપ્રેમી જીવો હોંશભેર આવી રહ્યા છે.

હે મુક્તિદૂત! આપને શ્રુતનો મહેરામણ-દરિયો ઉછળ્યો છે.

હે સ્ફટિકહૃદયી! આપ સત્‌ની રક્ષા કાજે વજ્રથી પણ કઠોર હોવા છતાં કરુણા પ્રસંગે ફૂલથી પણ અધિક કોમળ છો. કોઈના અલ્પ ગુણ પણ જોઈને આપ પ્રમોદિત થાવ છો.

હે અપાર ઉપકારી! આપની તત્ત્વબોધક દિવ્યવાણી ભેદજ્ઞાનના મીઠાં સુર સંભળાવી અમને મુગ્ધ કરે છે.

હે તીક્ષ્ણજ્ઞાનોપયોગધારી! આપે આપેલા તત્ત્વજ્ઞાનના મંત્રો હૃદય સોંસરવટ ઉતરી

જાય છે અને મિથ્યાત્વના ભૂક્કા બોલાવી દે છે. આપે વહાવેલી શ્રુતજ્ઞાનગંગાના અમૃત વહેણ-ધારામાં ડૂબકી મારી પાત્ર જીવો પવિત્ર થાય છે. બસ, આપશ્રીની મંગલવાણી યથાર્થપણે આત્મામાં ઝીલીએ એ ભાવના સહ શ્રદ્ધા-વિનય-બહુમાન-ભક્તિ-સ્તુતિ વગેરે સર્વ પ્રકારે આત્મ-અર્પણતા કરીએ છીએ.

વૈશાખ સુદ ચોથ : પરમ અધ્યાત્મ પરમાગમ શ્રી નિયમસારજી ઉપરના પ્રવચનો પૂર્ણતાને પામે છે અને બીજે દિવસે સ્વામી કાર્તિકેય દ્વારા રચિત સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપરના પ્રવચનોનો પ્રારંભ થાય છે.

વૈશાખ વદ છઠ : વીતરાગ વિજ્ઞાનમય જૈનધર્મના પ્રભાવક ગુરુદેવશ્રીનાં અચિંત્ય પ્રતાપે સુવર્ણધામમાં શ્રી સીમંધરનાથનું સમવસરણ આવ્યું—રચાયું તેનો એક દશકો આજે પૂર્ણ થાય છે. ગુરુરાજે, સમવસરણ શું ચીજ છે, તેને કબૂલનારે કેટલું કબૂલ કરવું જોઈએ વગેરે બધું જ સમજાવ્યું છે. આજના મંગલ દિવસે 'સમવસરણનો સ્વીકાર કરનાર જીવ કેવો હોય' તે વિષય ઉપર પ્રવચન થાય છે.

વૈશાખ વદ સાતમ, શુક્રવાર,તારીખ ૧૬-૫-૧૯૫૨. આશ્ચર્યકારક જેમનો પ્રભાવના ઉદય છે એવા ગુરુદેવશ્રીનાં ઉત્તમ સાન્નિધ્યમાં અને ભક્તોના ઉત્સાહ-ઉલ્લાસ વચ્ચે પવિત્રાત્મા પૂજ્ય બહેનશ્રીનાં મંગલ હસ્તે જિનધર્મવૈભવ માનસ્તંભજીનો શિલાન્યાસ થાય છે.

લાખ લાખ વાર જિનરાજના વધામણા,<br>
અંતરીયું હર્ષે ઉભરાય....આજ મારે મંગલ વધામણા...<br>
આજ મારે દૈવી વધામણા....<br>
આજ મારે ઉત્તમ વધામણા....

આજે માનસ્તંભજીનું ખાતમુહૂર્ત થયું તે માંગલિક પ્રસંગે માનસ્તંભની ભેરી વગાડતું ગુરુવરનું પ્રવચન થાય છે. જેમાં, માનસ્તંભ શું છે? તેનો સંયોગ કોને હોય? તે ક્યાં ક્યાં હોય? તેનો અધ્યાત્મ સાથે સુમેળ કઈ રીતે છે? વગેરે બાબતોને આવરી લઈને માનસ્તંભની મહિમા બતાવે છે.માનસ્તંભ એટલે માની જીવોના માનને ગાળી નાખનારો ઉન્નત ધર્મસ્તંભ. તે જૈનધર્મનો વૈભવ દેખાડનાર હોવાથી ધર્મવૈભવ અને ઇન્દ્રો દ્વારા તેની

પૂજા થતી હોવાથી ઈન્દ્રધ્વજ પણ કહેવાય છે. ધર્મપ્રભાવનાના મહાન નિમિત્તરૂપ સમવસરણમાં આવેલ માનસ્તંભ જાણે કે એમ જાહેર કરે છે કે હે જીવો! જો તમારે સત્ય જોઈતું હોય અને તે સમજીને આત્મકલ્યાણ કરવું હોય તો એક વીતરાગમાર્ગ જ ઉપાય છે અને તે અહીંયા છે.

વૈશાખ વદ આઠમ : સ્વાધ્યાય મંદિરનું ઉદ્‌ઘાટન અને તેમાં સમયસાર જિનવાણી સ્થાપનાનો પંદરમો વાર્ષિક ઉત્સવ આનંદથી ઉજવાય છે. સવારના પ્રવચન પહેલા સમયસારજીની રથયાત્રા નીકળે છે. પછી ખાસ માંગલિક પ્રવચનરૂપે સમયસારજીના પહેલા શ્લોક ઉપર વ્યાખ્યાન થાય છે. ત્યારબાદ શાસ્ત્રપૂજન થાય છે અને બપોરના પ્રવચન પછી જિનવાણીની વિશેષ ભક્તિ થાય છે.

જેઠ વદ બારસ : શુદ્ધાત્મસાધનામય માર્ગદાતા ગુરુવરની મંગલમય વાણીનો પ્રત્યક્ષ લાભ લેવા જ વીસેક દિવસ માટે બ્ર. છોટેલાલજી, બ્ર. સુમેરચંદજી વર્ણી અને બ્ર. દુલીચંદજી ખાસ સોનગઢ આવે છે.

અષાઢ સુદ પાંચમ : જેનું તાત્પર્ય વીતરાગતા છે એવા શ્રી પંચાસ્તિકાયસંગ્રહ પરમાગમ ઉપરના વીતરાગતા પોષક પ્રવચનો પૂર્ણ થાય છે.

અષાઢ વદ ચોથ : શ્રી નેમિચન્દ્ર સિદ્ધાંતિદેવ દ્વારા રચિત શ્રી બૃહદ્‌દ્રવ્યસંગ્રહ ઉપર પ્રવચનો શરૂ થાય છે.

શ્રાવણ સુદ પુનમ, મંગળવાર. મુનિરક્ષાનો મંગલ દિન. વહેલી સવારે ચાર વાગે સ્વપ્ન આવે છે : ગુરુવર નદી પાસે ઉભા છે. ત્યાં એકદમ પાણીનું પૂર આવે છે. નદીના કિનારે અડધા અને મધ્યમાં પૂરા ડૂબી જવાય એટલું પાણી હોવા છતાં બીજાની મદદ વિના પોતે હિંમત કરીને સામે કિનારે પહોંચી જાય છે, પાર ઉતરી જાય છે. સાચી જ વાત છે ને! કે ગુરુરાજ સ્વયંના પુરુષાર્થથી મોહનદીને પાર પહોંચવા આવ્યા છે.

ભાદરવા સુદ પાંચમ : પર્વાધિરાજ દશલક્ષણી પર્યુષણ પર્વના પ્રારંભ અવસરે શ્રી સમયસારજીના બંધ અધિકાર ઉપર થયેલા ગુરુવર્યના પ્રવચનોનું પુસ્તક—કે જે પ્રવચનો પૂજ્ય બહેનશ્રીબેન દ્વારા ઝીલાયેલ તેમ જ લખાયેલ છે તે—પ્રકાશનને પામે છે.

આસો સુદ ત્રીજ : સવારના પ્રવચનમાં ચાલતું સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા પૂર્ણ થાય છે અને બીજે દિવસે પંડિત પ્રવર ટોડરમલજી કૃત શ્રી મોક્ષમાર્ગપ્રકાશક ઉપરના વ્યાખ્યાનોનો પ્રારંભ થાય છે.

આ રીતે, વિક્રમ સંવત ૨૦૦૮નું વર્ષ આત્મસાધનાસહ સમાપ્ત થાય છે.

❇ ❇ ❇

# ❊ વિક્રમ સંવત ૨૦૦૯ (ઈસ્વી સન્ ૧૯૫૨-૫૩) ❊

## ❊ માનસ્તંભ પ્રતિષ્ઠા વર્ષ ❊

સાધનામય લોકોત્તર જીવન જીવનાર ગુરુવરની નજર અને વાણી એવા અમૃતમય છે કે સમાગમમાં આવનાર દરેક વ્યક્તિને એમ લાગે છે કે ગુરુદેવશ્રી મારા છે તેમ જ મારી ઉપર ઘણી કૃપા છે. વાત તો સાચી જ છે. અરે! તેઓશ્રી કોઈ નવા જિજ્ઞાસુ આવે તેને પાસે બોલાવીને ખાસ પૂછે છે કે ક્યાંથી આવો છો? વગેરે....,જેથી આવનાર વ્યકિતનો ક્ષોભ દૂર થઈ જાય છે. નવાને પણ પોતાના કરવાની આ કળા શું અપનાવવા જેવી નથી લાગતી? જૈન સંપ્રદાયમાં તો એવું કહેવાય છે કે તમે સોનગઢ જશો નહીં, કેમ કે જે ત્યાં જાય છે તે તેમના થઈ જાય છે. કોઈ કોઈ સાધુ તો સોનગઢ ન જવાની બાધા પણ આપે છે. અનુપમ આદર્શ ગુરુરાજનું જીવન જ કોઈ એવું છે કે તેઓશ્રીની મધુરી છત્રછાયામાં–તેઓશ્રીનાં સમાગમમાં—જ્ઞાન-વૈરાગ્યનું સીંચન સહેજે થાય છે. આ કારણે સુવર્ણપુરીમાં આવનાર દરેક રસિકજન તેઓશ્રીનાં રંગમાં રંગાયા વિના રહેતા નથી. પરિવર્તન સમયે ઉઠેલા વિરોધ વંટોળ વખતે નિઃશંકપણે કહેવાયેલા પૂજ્ય બહેનશ્રીનાં વચનો યાદ આવે છે કે 'ગુરુદેવ! બધા આઠ દિવસ બોલીને બેસી જશે, બધુંય આઠ દિવસમાં ઠરી જશે.' તે આજે પ્રત્યક્ષ દેખાય છે.

કારતક સુદ ત્રીજ : માનસ્તંભજીમાં બિરાજમાન થનાર જિનબિંબોનું નગરપ્રવેશ પ્રસંગે સ્વાગત કરવામાં આવે છે.

માગસર સુદ ચોથ, શુક્રવાર : બ્રહ્મમુહૂર્તે ચાર વાગે અદ્વિતીય ગુરુવર આત્મચિંતનમાં બેસે છે. દોઢ કલાકના ચિંતન-મંથન પછી સાડા પાંચ વાગે ભાવનામાં એવું દેખાય છે કે પૂર્વ દિશામાં એક મોટા પહાડ ઉપર વિશાળકાય સ્ફટિકના ભવ્ય જિનપ્રતિમા છે. તે સૂર્ય જેવી તેજસ્વી અને શ્રવણબેલગોલામાં આવેલ બાહુબલીની પ્રતિમા જેવી મોટી-મહાન છે. આ ભગવાનની મુદ્રા એવી તો અતિશય તેજસ્વી છે કે જાણે રૂપરૂપનો અંબાર!! અહા! જાણે સાક્ષાત્ પરમાત્મા જ હોય એવી એ પ્રતિમા છે. આ જિનપ્રતિમા નિહાળી ગુરુદેવશ્રીને ઘણો આહ્લાદ થાય છે. તેથી ભાવના ને

ભાવનામાં બાજુમાં રહેલી અન્ય વ્યક્તિને કહે છે : 'જુઓ! જુઓ! આ ભગવાન! સનાતન દિગંબર જૈનધર્મમાં ભગવાન તો આવા હોય છે. ભગવાનની વીતરાગતા આવી હોય છે'. ભાવના-ચિંતન પૂર્ણ થયા પછી ઉલ્લાસપૂર્વક જ્ઞાનનિધિ ગુરુવર કહે છે : 'અહો! એ ભગવાનની પ્રતિમા તો સાક્ષાત્ ભગવાન જેવી હતી'. ભાવનાની મહાનતા જુઓ! કે ભક્તને ભક્તિના બળે સ્વપ્નમાં પણ ભગવાન ભેટે છે. યોગાનુયોગે આજે જ નિર્માણાધીન માનસ્તંભજીમાં ભગવાનની વેદીનું સ્થાપન થાય છે.

માગસર વદ પાંચમ : 'બૃહદ્ દ્રવ્યસંગ્રહ' ઉપરના ચૈતન્યની અનુપમ મહિમા બતાવનાર પ્રવચનો પૂર્ણ થાય છે અને બીજે દિવસે શ્રી દિપચંદજી કૃત 'અનુભવપ્રકાશ' ઉપરના અનુભવરસ ઝરતા પ્રવચનો શરૂ થાય છે.

એકવાર રાત્રિચર્ચા દરમ્યાન શ્રુતસમુદ્ર ગુરુવર, આત્માર્થી જીવોનો પ્રમાદ છોડાવવા અને તેમને આત્મહિત પ્રત્યે ઉલ્લસિત કરવા, ફરમાવે છે : આત્મહિતને માટે હંમેશા સ્વાધ્યાય તથા મનન કરવા જોઈએ. જેને આત્માની લગની લાગી હોય તે સ્વાધ્યાય અને મનન વગર એકપણ દિવસ ખાલી જવા દે નહીં. જીવ ગમે તેવા સંયોગમાં અને ગમે તેવી પ્રવૃત્તિમાં પડ્યો હોય તો પણ ચોવીસ કલાકમાંથી કલાક, બે કલાકનો વખત તો સ્વાધ્યાય-મનનમાં ગાળવો જ જોઈએ. અરે! છેવટમાં છેવટ—ઓછામાં ઓછો—પા કલાક તો નિવૃત્તિ લઈને એકાંતમાં શાંતિપૂર્વક સ્વાધ્યાય અને વિચાર કરવા જ જોઈએ.

હંમેશા સ્વાધ્યાય-મનન કરવાથી અંતરમાં સંસ્કાર તાજા રહ્યા કરે છે, તેમાં દઢતા થતી જાય છે. જે નિવૃત્તિ લઈને આત્માનો વિચાર પણ કરતો નથી તે વિકલ્પ તોડીને અનુભવ કેવી રીતે કરશે? 'હું તો જગતથી છૂટો છું, જગત સાથે મારે કાંઈ સંબંધ નથી, મારા ઉપર કોઈ કામનો બોજો નથી, હું તો અસંગ ચૈતન્ય તત્ત્વ છું'—એમ ઘડી, બે ઘડી પણ ચિંતન-મનન કરવું જોઈએ. સત્પુરુષની વાણીનું વારંવાર ચિંતન-મનન કરવું તે અનુભવનો ઉપાય છે....વાહ! શું મંગલમય પ્રેરણા!!

ફાગણ સુદ એકમ : 'અનુભવપ્રકાશ' ઉપરના આત્મહિતકારી પ્રવચનો સમાપ્ત થાય છે. બીજે દિવસે અર્થાત્ જેમની વાણી ઝીલી શ્રી કુંદકુંદાચાર્યે પરમાગમોની રચના

કરી તે શ્રી સીમંધર ભગવાન આદિ ભગવંતોની સુવર્ણપુરીમાં પધરામણીના વાર્ષિક મંગલ દિવસે જગતનું અદ્વિતીય ચક્ષુ 'શ્રી સમયસારજી' ઉપર, જેઓશ્રીની અનુપમ વાણીની ધારા જીવોની પરિણતિ—ઉપયોગને પલટાવી દે છે એવા ગુરુવરના, દસમી વારના સ્વાનુભવમાર્ગપ્રકાશક પ્રવચનોનો પ્રારંભ થાય છે.

જેમ જેમ માનસ્તંભ પ્રતિષ્ઠાનો દિવસ ચૈત્ર સુદ દસમ નિકટ આવતો જાય છે તેમ તેમ માનસ્તંભનું નિર્માણ કાર્ય આગળ વધતું જાય છે—ઊંચાઈ વધતી જાય છે અને વધતા-વધતા ૬૩ ફૂટ થઈ જાય છે. પ્રેરણામૂર્તિ ગુરુદેવશ્રીને પણ આ જીવનનું ૬૩મું વર્ષ ચાલી રહ્યું છે અને નિકટ મોક્ષગામી શ્લાકા પુરુષો પણ ૬૩ હોય છે. આથી ૬૩ ફૂટ ઊંચો આ માનસ્તંભ એમ જાહેર કરે છે—સૂચવે છે—કે જે ભવ્ય જીવ અહીં આવીને યથાર્થ તત્ત્વજ્ઞાન સમજશે તે નિકટ મોક્ષગામી થશે.

સૌરાષ્ટ્રમાં આ માનસ્તંભ પ્રથમ વાર જ બનતો હોવાથી તેને જોઈને નવા નવા જિજ્ઞાસુ અને જૈનેતરોને આશ્ચર્ય થાય છે. તેથી અપૂર્વ સત્પુરુષ ગુરુદેવશ્રી પ્રવચનમાં, તત્ત્વચર્ચામાં તેમ જ વાતચીતમાં ઘણીવાર સમજાવે છે કે માનસ્તંભ શું છે તથા તેમાં કોતરાયેલ ચિત્રોની સમજણ પણ આપે છે.

આ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે સુવર્ણપુરીમાં પહેલી વાર જ અધ્યાત્મ ભાવોથી ભરેલું 'શ્રી સિદ્ધચક્ર પૂજન વિધાન' ફાગણ વદ ૧૩ થી ચૈત્ર સુદ ૨ એમ પાંચ દિવસ થાય છે. છેલ્લા દિવસે અખંડપણે—એકસાથે—સિદ્ધના ૧૦૨૪ ગુણોની પૂજા થાય છે.

સોનગઢની સ્થાનિક વસ્તી ૨૫૦૦ માણસોની છે, પણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ભાગ લેવા અનેક ત્યાગી-વિદ્વાનો ઉપરાંત વિદેશથી બર્મા, આફ્રિકાના મુમુક્ષુઓ તથા ભારતના કલકત્તા, મદ્રાસ, દિલ્હી, મુંબઈ વગેરે મુખ્ય શહેરોના મુમુક્ષુઓ મળીને પાંચથી છ હજાર ભક્તોની મેદની ઉમટે છે. તેઓશ્રીના રહેવા આદિની વ્યવસ્થા માટે વિજયાનગરી, અયોધ્યાનગરી, સુસીમાનગરી, પુંડરિકિણીનગરી, કુંદકુંદનગર, કહાનનગર વગેરેની રચના કરવામાં આવે છે. તેથી જાણે કે સોનગઢ એક સુંદર સ્વપ્નનગર બની ગયું છે. સુવર્ણધામ, વિદેહધામ અને ભરતક્ષેત્ર, વિદેહક્ષેત્ર થઈ ગયું છે તથા વિદેહની જેમ અહીં પણ ધર્મકાળ વર્તી રહ્યો છે.

જાણે કુદરત આ પ્રસંગમાં સાથ પુરાવતી હોય તેમ આ દિવસોમાં શ્રવણબેલ્ગોલામાં શ્રી બાહુબલીનો મહા મસ્તકાભિષેક થાય છે, જે કારણે હજારો હિન્દી ભાષી જૈનો યાત્રા કરતા કરતા સોનગઢ આવે છે. અને તેથી કૃપાસાગર ગુરુદેવશ્રી પ્રથમવાર હિન્દીમાં પ્રવચનો આપવાનું શરૂ કરે છે.

બાહુબલીજીની યાત્રાએ સ્પેશ્યલ ટ્રેન દ્વારા નીકળેલા કલકત્તાના શેઠ ગજરાજજી, તોલારામજી વગેરે ૫૦૦ યાત્રિકોનો સંઘ સોનગઢ આવે છે. માર્ગપ્રણેતા ગુરુવરના સત્સમાગમથી તથા સોનગઢના ધર્મમય વાતાવરણથી પ્રભાવિત થઈ સંઘમાં આવેલ છદામીલાલજી શેઠ કહે : 'મહારાજ! સમ્મેદશિખરજીકી યાત્રા કરનેકે લિયે આપ પધારેં તો યાત્રાસંઘ નિકાલનેકી મેરી ભાવના હૈ'. આ ઉપરાંત જયપુર, દિલ્હી તરફના જૈનો પણ ત્યાં પધારવા વિનંતી કરે છે.

આ સંઘના એક યાત્રિક તત્ત્વમર્મજ્ઞ ગુરુદેવશ્રીને વિનયપૂર્વક પ્રશ્ન પૂછે છે : **'तपसा निर्जरा च'** એમ તત્ત્વાર્થસૂત્રમાં આવે છે તો તેનો અર્થ શો છે? અતિ પ્રેમપૂર્વક ઉત્તર મળે છે : 'આત્માને વીતરાગતા દ્વારા આત્મામાં ટકાવી રાખવો તે તપ છે. ભાઈ! આ તપ છે અને તે કાળે નિમિત્તનું લક્ષ છૂટ્યું અર્થાત્ આહારનો વિકલ્પ છૂટ્યો તે વ્યવહાર તપ છે.' સમજાણું કાંઈ?

એક પંડિત કહે : 'પ્રત્યક્ષ દેખાય છે કે અગ્નિથી પાણી ગરમ થાય છે. છતાં આપશ્રી ના કહો છો?' જેઓશ્રીનું જીવન પવિત્ર છે ને ઉપદેશ અપૂર્વ છે એવા ગુરુરાજ સમાધાન કરાવે છે : 'ભાઈ! શું પ્રત્યક્ષ દેખાય છે? પાણી તેના સ્પર્શ ગુણને કારણે ગરમ થાય છે, અગ્નિને કારણે નહીં.' બે દ્રવ્યની ભિન્નતા ખ્યાલમાં આવે છે?

પંચકલ્યાણક પ્રતિષ્ઠાના વિધિનાયક સૌરાષ્ટ્રથી નિર્વાણ પામેલા શ્રી નેમિનાથ છે અને શ્રી સીમંધર પ્રભુ માનસ્તંભમાં બિરાજમાન થવાના છે. આ પ્રસંગે લાડનૂ, કિસનગઢ, સહરાનપુર, જબલપુર, ઉજ્જૈન, ફતેપુર, જૂનાગઢ, મોરબી, વાંકાનેર, બોટાદ તેમ જ સોનગઢના મળીને કુલ ૩૨ જિનબિંબો પ્રતિષ્ઠા માટે પ્રતિષ્ઠા મંડપ 'સીમંધરનગર'માં પધારે છે. પ્રતિષ્ઠા કરાવવા પ્રતિષ્ઠાચાર્ય પંડિત નાથુલાલજી ઈંદોરથી આવે છે.

અગીયાર વર્ષ બાદ સોનગઢમાં પંચકલ્યાણક થતા હોવાથી ભક્તોને ઘણો ઉત્સાહ છે. અને માનસ્તંભ પણ એવો ભવ્ય બન્યો છે કે તેની શોભા નિહાળતા જૈનેતરો પણ ધરાતા નથી.

જન્મકલ્યાણક દિન : આજનું હાથી સહિતનું જન્માભિષેકનું ઝૂલુસ એટલું તો વિશાળ છે કે ગામના એક છેડાથી બીજા છેડા સુધી લંબાયેલું—ફેલાયેલું છે. તેથી આજે ગામ પણ નાનું લાગે છે. નદી કિનારે મેરુપર્વત બનાવવામાં આવે છે. બાળ તીર્થંકર ઉર્ધ્વગામી આત્મા છે. તેથી તેમનો જન્માભિષેક ઉર્ધ્વસ્થાનમાં—મેરુપર્વતની પાંડુકશિલા ઉપર—થાય તેમાં આશ્ચર્ય શું છે? સૌથી ઉત્તમ પુરુષ તીર્થંકર અને સૌથી ઉન્નત સ્થાન પાંડુકશીલા.

દીક્ષાકલ્યાણક દિન : સકલ સંયમ ધારણ સમયે સોનગઢના આમ્રવનમાં વૈરાગ્યનો મહાગંભીર સમુદ્ર ફેલાય છે અને વાતાવરણ વૈરાગ્યથી સ્તબ્ધ રહી જાય છે. આદર્શ સંત ગુરુદેવશ્રીનાં રોમે-રોમ પણ વૈરાગ્યરસથી ભીંજાય છે અને ભક્તિ-વૈરાગ્યભાવે નેમિકુંવરનો કેશલોચ કરે છે. અરે! તે સમયે ભાવુક ભક્તોના પણ રોમાંચ ખડા થઈ જાય છે અને અંતરમાંથી ધ્વનિ ઉઠે છે : ધન્ય સંયમ દશા! ધન્ય મુનિદશા!!

આ પ્રસંગે જ્ઞાન-વૈરાગ્ય-અધ્યાત્મના રંગે રંગાયેલા ગુરુવરના વૈરાગ્ય પ્રવચન સમયે તેઓશ્રીનાં અંતર જ્ઞાનસરોવરમાંથી ઉદાસીન-ઉપેક્ષામય ભાવનાનો અપૂર્વ ધોધ-પ્રવાહ વહે છે : ‘અહા! આજ તો નેમિનાથ ભગવાનના વૈરાગ્યનો પ્રસંગ જોઈને અને રાજમતિની વૈરાગ્યભાવના સાંભળીને આંખમાં આંસુ આવી ગયા. ભગવાનના વૈરાગ્યનો અદ્‌ભુત દેખાવ નજર સામેથી ખસતો નથી. જાણે નજર સામે જ ભગવાન દીક્ષા લેતા હોય એવું લાગે છે. ભગવાન પોતે સાક્ષાત્ પધાર્યા હોય એવું અત્યારે લાગે છે. ભગવાને લગભગ ૮૫૦૦૦ વર્ષ પહેલાં દીક્ષા લીધી હતી, પરંતુ રુચિના બળે કાળનું અંતર કાઢી નાખીને ભક્તો કહે છે કે ભગવાન અત્યારે જ દીક્ષા લે છે’. આ સમયની આત્મસ્વરૂપસ્થ ગુરુવર્યની વૈરાગ્યરસ ઝરતી ગંભીર મુખમુદ્રા ભક્તોના અંતરનયનથી કદી ન ખસે એવી અદ્‌ભુત છે.

એક તો સુવર્ણધામમાં પ્રતિષ્ઠા મહોત્સવ, તેમાં બ્રહ્મચર્યના ઉત્કૃષ્ટ પ્રતિકરૂપ

નેમિકુંવરની દીક્ષાનો પ્રસંગ અને તેમાં પણ વૈરાગ્યમૂર્તિ ગુરુદેવશ્રીનું પ્રવચન.—આ ત્રિવેણી સંગમ થતાં ખામી શું હોય? વૈરાગ્યરસની છોળો ઉછળે છે, તેમાં હજારો શ્રોતાઓ શીતળતા અનુભવે છે અને શાંતરસમાં ઝૂલે છે. ભાગ્યવાન શ્રોતાઓને થાય છે : આજે અમારું જીવન કૃતાર્થ થયું છે. ધન્ય અવસર! ધન્ય વાણી!! પ્રવચનવાણીમાં મુનિદશાનો અદ્ભુત મહિમા અને તેના પ્રચુર સ્વસંવેદનનું અલૌકિક વર્ણન સાંભળીને સેંકડો હિન્દી શ્રોતા પણ આશ્ચર્યમુગ્ધ થઈ કહે છે : 'અહો! આજ તો અપૂર્વ બાત સુનાઈ દી. ઐસી અદ્ભુત બાત હમારે સુનનેમેં કભી નહીં આયી.'

શ્રી નેમીશ્વર મુનિરાજનું આહારદાન પૂજ્ય બહેનશ્રીબેનના આંગણે બ્રહ્મચર્ય આશ્રમમાં થાય છે. ભાવભર્યા આહારદાન પછી મુનિરાજના વનગમન સમયે ઘણા વખત સુધી અસાધારણ ઉલ્લાસભરી ભક્તિ થાય છે અને તેની પૂર્ણતા થતાં દૂરદૂર સંભળાય એવા જયકાર નાદો ગાજે છે—જે ભક્તોના ઉમંગ-ઉત્સાહની સાક્ષી પૂરે છે.

જિનવરભક્ત ગુરુદેવશ્રી મહામંગલ કરકમળથી, અતિ પવિત્ર ભાવથી અને અંતરના ભક્તિ ઉમળકાથી અંકન્યાસ વિધિનું ઉત્તમ કાર્ય કરે છે, જે પાવન દૃશ્ય હજારો ભક્તો ખૂબ ઉલ્લાસથી નિહાળે છે અને જયનાદથી વધાવે છે. જિનવર અને જિનવરલઘુનંદનનું આ મધુર મિલન જોઈને ભક્તો આનંદિત થાય છે.

શ્રી સદ્ગુરુ કરકમળેથી મહામંગળ વિધિ થાય છે.....

આ ભરતક્ષેત્રમાંહી, પ્રતિષ્ઠા સ્વર્ણે ગાજે; (૨)
શ્રી માનસ્તંભ બન્યા છે, સુવર્ણના મંદિરીયે...શ્રી સદ્ગુરુ..

સુવર્ણ સલાકા સોહે, શ્રી ગુરુવર કરકમલોમાં; (૨)
પુનિત અંતર આતમથી, અંકન્યાસ વિધિ થાય છે...શ્રી સદ્ગુરુ..

શ્રી વિદેહક્ષેત્રમાંહી, સીમંધરનાથ બિરાજે; (૨)
અમીદૃષ્ટિ વરસાવે, આ મંગળ વિધિ માંહી...શ્રી સદ્ગુરુ..

વીતરાગ સ્વરૂપ બતાવ્યું, શ્રીકહાનગુરુદેવે; (૨)
જિનવર વૈભવ બતાવ્યા, જિનસ્તંભને થંભાવીયા...શ્રી સદ્ગુરુ..

શ્રી દેવ-ગુરુ મહિમાનો, જયકાર ગગને ગાજે; (૨)
અંતર સેવકનાં નમતાં, શ્રી ગુરુવરના ચરણોમાં...શ્રી સદ્‌ગુરુ..

પ્રતિષ્ઠા મહોત્સવ હોવા છતાં લોકોને જ્ઞાનામૃત પાનાર ગુરુવરના પ્રવચનોમાં એટલો બધો રસ આવે છે કે અન્ય કાર્યક્રમો વખતે પણ ગુરુવાણી માટે તલસે છે અને વારંવાર પૂછે છે કે સ્વામીજીકા પ્રવચન કબ હોગા? પ્રવચન સમયે પાંચથી છ હજાર શ્રોતાઓનો વિશાળ સમુદાય હોવા છતાં ધીર-ગંભીર-શાંત વાતાવરણ સર્જાય છે અને ગુરુદેવશ્રીની નિજ આત્મ-પ્રસન્નતા વ્યક્ત કરતી અનુપમ વાણી વહે છે. સૌ શ્રોતાઓ પણ પ્રસન્નતાપૂર્વક પ્રવચન સાંભળવામાં મુગ્ધ બને છે અને આશ્ચર્યથી ડોલી ઉઠે છે. પ્રવચન ધર્મસભાની ભવ્યતા જોઈ ભક્તોનું હૃદય ઠરે છે કે અહો! ગુરુવરના પ્રતાપે ધર્મકાળ વર્તી રહ્યો છે. અત્યારે સત્યના જિજ્ઞાસુ જીવો પણ છે અને સત્ય સમજાવનાર અનુભવી જ્ઞાની પણ છે.

અપૂર્વ આધ્યાત્મિક તત્ત્વનું પ્રેમપૂર્વક શ્રવણ કરનાર તત્ત્વપિપાસુ જીવોનો આ ભવ્ય મેળો અજોડ છે. સર્વત્ર ધર્મમય વાતાવરણ દૃષ્ટિગોચર થાય છે. કોઈ કહે છે : 'અમે સ્વર્ગપુરીમાં આવ્યા છીએ'. કોઈ કહે છે : 'અમે ધર્મપુરીમાં આવ્યા છીએ'. તો વળી કોઈ કહે છે : 'અમે વિદેહધામમાં આવ્યા છીએ'. આ રીતે બધે જ ઉત્સાહ-આનંદ વર્તી રહ્યો છે. આમ, એક બાજુ પંચકલ્યાણકના પ્રસંગોમાં ભક્તિરસ રેલાય છે તો બીજી બાજુ પ્રવચનોમાં શાંત અધ્યાત્મરસ ફેલાય છે અને આવા અનુપમ સુમેળથી ભક્તજનો પોતાને ધન્ય સમજે છે.

ચૈત્ર સુદ દસમ, તારીખ ૨૫-૩-૫૩ : આજના પ્રતિષ્ઠાના મંગલ દિને ભક્તોની અચિંત્ય ભક્તિ અને જયનાદથી ગગન ગાજી ઉઠે છે. ઉન્નત માનસ્તંભમાં પ્રથમ ઉપર અને પછી નીચે વિદેહીનાથ શ્રી સીમંધરપ્રભુની મંગલકારી પ્રતિષ્ઠા સીમંધરદૂત ગુરુદેવશ્રી જાણે કે હાજરાહજૂર પ્રભુ ભેટ્યા હોય એવા ભક્તિભર્યા આનંદના ઉછાળાપૂર્વક કરે છે. આ પ્રસંગે ભાવનગર અને વલ્લભીપુરના રાજવી પણ ખાસ આવે છે.

આ રીતે સુવર્ણપુરીમાં, માનો પ્રભુજીનો પ્રત્યક્ષ ભેટો થયો હોય એવા અપૂર્વ ઉલ્લાસ-ઉમંગસહ આ ધર્મપ્રભાવનાનો ભવ્ય મહોત્સવ ઉજવાય છે અને તેની ફિલ્મ પણ

ઉતારવામાં આવે છે. જેમ ગુરુવાણીની અધ્યાત્મ અમૃતધારાનો મીઠો સ્વાદ તો સાંભળનાર-સમજનાર જ માણે તેમ આ મહા મહોત્સવની ભવ્યતા તો નજરે નિહાળનાર જ જાણે, તે કહી કે લખી શકાય નહીં.

સ્વર્ણપુરે સ્વાધ્યાયસુમંદિર, જિનગૃહ ગુરુજી લાયા,
સમવસરણ, પ્રવચનમંડપ, જિનધર્મવિભવ લહરાયા;
ધર્મધ્વજ આયા આયા રે, ભવિક ઉર હરખ હરખ છાયા....

ઘોર ભવાટવી માર્ગ ભૂલ્યું જગ, સૂજે ક્યાંય ન આરો,
જિનદરબાર સુમાર્ગ બતાવી, તું જગ રક્ષણહારો;
ધર્મધ્વજ તું આધારો રે, ભવિકનો તું ધ્રુવ તારો રે...

હે જિનવર! તુજ ચરણકમળના, ભ્રમર શ્રી કહાન પ્રભાવે,
જિન પામ્યો નિજ પામું અહો! મુજ કાજ પૂરાં સહુ થાવે;
આશ મુજ કરજો રે પૂરી, ઉભય અણહેતુક ઉપકારી....

આજ મારે રે આંગણીયે, શ્રી માનસ્તંભજી પધાર્યા...
આજ મારે રે માનસ્તંભે, સીમંધરનાથ બિરાજ્યા...
હૈડાનાં હાર આવો, આતમ શણગાર પધારો; (૨)
પાવન સેવકને કરીને, સેવક સામું નીહાળો....

ધ્યાન ધુરંધર સ્વામી, વીતરાગ વિલાસી સ્વામી; (૨)
સુખમંદિર જિનવર દેવા, હમ રહીએ તુજ ચરણોમાં....

ગુરુ કહાનના પ્રતાપે, જિનરાજ ભેટ્યા આજે; (૨)
આ પંચમકાળ ભૂલાયે, નિતનિત મંગલ થાયે....

વીતરાગમાર્ગના પરમ પ્રભાવક ગુરુદેવશ્રીનાં પુનિત પ્રતાપે થતી પ્રભાવના અને ભક્તોનો ભાવનાભર્યો ઉત્સાહ જોઈ દૂરદૂરથી આવેલા હિંદી ભાઈઓ-ત્યાગીઓ આનંદિત થાય છે. અરે! ગુરુરાજના આત્મસ્પર્શી પ્રવચનોથી પ્રભાવિત થઈ ૨૦ જેટલા ત્યાગીઓ આભારસૂચક એક ઠરાવ પણ કરે છે. જે આ પ્રમાણે છે :

આ મહોત્સવમાં મંગલમૂર્તિ ગુરુવરનાં પ્રવચનો સાંભળી અજમેરના હીરાચંદજી બોહરા 'જૈનમિત્ર'માં લખે છે : 'પૂજ્ય શ્રી કાનજીસ્વામીકે તાત્ત્વિક પ્રવચનોંમેં બડા હી આનંદ આતા હૈ. નિશ્ચય ઔર વ્યવહારદષ્ટિસે—સમ્યક્રૂપસે—સમજાનેકી જો સુંદર શૈલી હૈ ઐસી અન્યત્ર હમારે દેખનેમેં નહીં આયી. દષ્ટિપ્રધાન કથનકા નિરુપણ બહુત તર્કયુક્ત એવં પૂર્ણ વિવેચનકે સાથ કિયા જાતા હૈ. હમારા તો સમાજકે સભી ધર્મપ્રેમી બંધુઓંસે અનુરોધ હૈ કિ એકવાર વહાઁ અવશ્ય જાવે. ઐસા નિરાકુલ શાંત વાતાવરણ બહુત કમ જગહ મિલતા હૈ.'

સમાજમાં પ્રતિષ્ઠિત એવા એક ત્યાગી કહે છે : 'ઐસી અપૂર્વ બાત કહીં પર સુનનેમેં નહીં આતી. મેરા તો યહ ખ્યાલ હૈ કિ આજકે સભી ત્યાગી વ પંડિત લોગોંકો યહાં આકરકે યહ બાત સુનનેકી વ સમજનેકી જરૂરત હૈ'. અન્ય ત્યાગી કહે છે : 'મહારાજ! હમકો તો યહાં આકરકે સચ્ચી નીધિ મિલી'. બીજા ઘણા હિન્દી જૈનો પણ કહે છે : 'દૂસરી સબ જગહ ચાહે જાના બને યા ન બને, લેકિન સોનગઢ તો અવશ્ય જાના'. અહો! ગુરુપ્રભાવનાનો જાદુ કેવો ફેલાઈ રહ્યો છે! જેમ કુંદકુંદાદિ આચાર્યોએ શાસ્ત્રો રચી પ્રભાવનાના કાર્યો કર્યા હતા તેવી રીતે ભક્તોના આત્મજીવન ઘડનાર ગુરુવર પણ પ્રવચનો તેમ જ આવી પ્રતિષ્ઠાઓ વડે અનુપમ ધર્મવૃદ્ધિ કરી રહ્યા છે.

પ્રતિષ્ઠા પ્રસંગે સુવર્ણપુરીમાં આવેલ દરેક જિજ્ઞાસુ કોઈને કોઈ રીતે જ્ઞાનપ્રભાવક ગુરુવરના ધર્મપ્રભાવથી ખૂબ પ્રભાવિત થાય છે. દક્ષિણ ભારતની યાત્રાએ નીકળેલા બ્રહ્મચારી રાજારામજી અદ્ભુત આત્મવૈભવ ધારક ગુરુરાજનું પ્રવચન સાંભળી એવા પ્રભાવિત થાય છે કે યાત્રાનો વિકલ્પ છૂટી જાય છે અને સુવર્ણપુરીમાં જ લગાતાર ૪ મહિના રહે છે. આવા અનેક જીવો દ્વારા ભરતના અજોડ રત્ન ગુરુદેવનો પરમ પાવન પ્રભાવનાસંદેશ ભારતના ખૂણે-ખૂણે પહોંચે છે અને માર્ગપ્રભાવનાને મહાન વેગ મળે છે. હવે, ભવાંત જેમનો નિકટ છે એવા ગુરુરાજ હજુ સુધી સૌરાષ્ટ્રની બહાર વિચર્યા નથી તોપણ  માત્ર સોનગઢ કે સૌરાષ્ટ્રના જ નહીં, ભારતભરના દિગંબર જૈન સમાજની એક ઉત્કૃષ્ટ વિભૂતિ બની ગયા છે. વિષમકાળે સમર્થ ગુરુવરના મહા પ્રતાપથી થઈ રહેલી આ શાસન અભિવૃદ્ધિ જોઈને ભક્તોના અંતર અતિ હર્ષિત-ઉલ્લસિત થાય છે.

અદ્‌ભુત ચૈતન્યવૈભવધારક કહાન ગુરુદેવે અંતરંગ ધર્મવૈભવ ઓળખાવ્યો છે અને તેઓશ્રીની કૃપાથી જ આ ધર્મવૈભવ-માનસ્તંભ સ્થપાયો છે. આ ધર્મસ્તંભ ભવ્ય જીવોને નિજ આત્મવૈભવ બતાવો અને હે કલ્યાણમૂર્તિ ગુરુવર! આપનો બાહ્યાંતર વૈભવ અમારું કલ્યાણ કરો એ જ ભાવના છે.

પ્રતિષ્ઠાના સમય દરમ્યાન બે મહિનામાં લગભગ ૧૨ હજાર યાત્રિકો સુવર્ણધામ દર્શને આવે છે. યાત્રિકોનો આ પ્રવાહ જોઈને અચિંત્ય આત્મા ગુરુવરના પરિવર્તન સમયે કહેલાં પૂજ્ય બહેનશ્રીનાં શબ્દો યાદ આવે છે કે અત્યારે ભલે લોકો અહીં ન આવે, પરંતુ પછી આવશે.

શ્રી માનસ્તંભજીનો પ્રતિષ્ઠા મહોત્સવ પૂર્ણ થવા છતાં ઉપર ચડવાનો માંચડો હજુ બાંધેલો જ રાખવામાં આવે છે. આથી જિનેન્દ્રભક્ત ગુરુદેવશ્રી ઘણીવાર બપોરના સમયે માનસ્તંભજીમાં ઉપર પધારે છે અને મીઠાં-મધુરા કંઠમાંથી ઉલ્લાસ-વૈરાગ્યમય ભક્તિનો રસ ઝરે છે. બપોરના શાંત વાતાવરણમાં શાશ્વત શાંતિમાર્ગ દાતા ગુરુવરની ભક્તિની ઉપશાંત ધારા ઝીલીને ભક્તો ગ્રીષ્મ ઋતુમાં પણ શાંતરસમાં તરબોળ થાય છે. અહો! આ ઉન્નત ધર્મસ્તંભ જાણે દિનપ્રતિદિન વૃદ્ધિંગત થઈ રહેલ ગુરુપ્રભાવનાને જાહેર કરે છે.

વૈશાખ સુદ બીજ : ગુરુ જન્મજયંતી આવે છે ને ભક્તોનાં હૃદયમાં ઉમંગ લાવે છે. કેમ કે આ ધન્ય દિવસે સંસારદુઃખથી તરફડતા અશરણ જીવોને શરણદાતા—જીવન આધાર—મળ્યા હતા. એ ધર્મપિતાએ અનેક સુપાત્ર સુપુત્રોને ભેદજ્ઞાન નૌકા વડે ઉગારીને ભવસમુદ્રમાં ડૂબતા બચાવ્યા છે અને હજુ પણ બચાવી રહ્યા છે.—આ ઉપકારનો બદલો કોઈ રીતે વાળી શકાય એમ નથી.

તેઓશ્રીની પવિત્ર નિશ્રામાં નિર્ભયપણે સાધના કરતા ચરણસેવકો ભાવના ભાવે છે : હે શુદ્ધાત્મસાધનામય આદર્શ જીવન જીવનાર ગુરુદેવ! આપની દિવ્ય દ્રવ્યદૃષ્ટિબોધક અપૂર્વ વાણીએ અનેક આત્માર્થીઓને આત્મજીવન આપ્યું છે. આપ અમારા ચૈતન્યપ્રાણના રક્ષક છો. પરમ વાત્સલ્ય અને કરુણાથી આપશ્રી અમને તીર્થંકરોએ સેવેલા માર્ગ તરફ દોરી રહ્યા છો. આપની મહાનતાને અમે કઈ રીતે વર્ણવીએ—વ્યક્ત કરીએ? વાણીને શબ્દો જડતા નથી અને લેખનીમાં શક્તિ નથી.

આ ભરતભૂમિમાં આ પંચમકાળે આપશ્રી જેવા સંતનું સમ્યક્ શીતલ સાન્નિધ્ય જ અમ બાળકોને શરણભૂત છે. આપશ્રીનાં કૃપાભર્યા આશીષથી જ કલ્યાણનો ધોરી માર્ગ પ્રાપ્ત થયો છે. મોક્ષમાર્ગરૂપે પરિણમેલો આપશ્રીનો આત્મા, આત્મહિતકારી અપૂર્વ વાણી, નિજને નિરપેક્ષપણે સ્વીકારતી દૃષ્ટિ વગેરે આપશ્રીનું સર્વસ્વ અમારા માટે મંગળરૂપ—હિતરૂપ છે.

હે ધર્મપિતા! આપશ્રી તો નિઃકાંક્ષભાવે પરિણમી ગયા છો—કાંઈપણ લેવાને માટે સર્વથા નિસ્પૃહ છો અને અમારી જેવા અલ્પમતિવંત બાળકો પાસે આપશ્રીને અર્પણ કરવાયોગ્ય છે પણ શું? બસ, અમે તો ભક્તિરૂપી ઝોળી ફેલાવી યાચના કરીએ છીએ કે હર પળે અને ક્ષણે અમારા આત્મજીવનનું જ્ઞાનવૈરાગ્ય નીરથી સીંચન કરી સંભાળ લ્યો. આપશ્રીની કૃપાદૃષ્ટિથી આપના ચૈતન્યચમત્કારમય જીવનને અમે પરખીયે, ઓળખીયે અને અનુસરીએ એ જ પવિત્ર અભ્યર્થના.

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી કહે છે : હે ગુરુદેવ! આપના ચરણે હું શું ધરું? બધો પ્રતાપ આપનો જ છે. આ પામર સેવક ઉપર આપે અપાર ઉપકાર કર્યો છે.

ગુરુભક્ત પૂજ્ય શ્રી નિહાલચંદજી સોગાનીજીના શબ્દોમાં કહીએ તો : ધન્ય છે ગુરુદેવ! જેમના દર્શનમાત્રથી ઉત્કૃષ્ટ મુમુક્ષુ કૃતકૃત્ય બની જાય છે એવા ગુરુદેવનો જન્મદિવસ વારંવાર ઉજવાતો રહે એ જ ભાવના છે.

જેમનો આત્મા જ્ઞાનની લીલી વાડીમાં રમે છે એવા ગુરુદેવના પરમ પવિત્ર આદર્શમય જીવનથી પ્રેરિત થયેલા, તેઓશ્રીની પાવનકારી આત્મસાધનાથી પ્રભાવિત થયેલા અને તેઓશ્રીની ચૈતન્યરસ ઝરતી વાણીથી આકર્ષિત થયેલા ભક્તોનાં ટોળેટોળાં આજના ઉત્તમ દિવસે પોતાના શ્રદ્ધા-ભક્તિપુષ્પ ગુરુવરનાં ચરણકમળમાં અર્પિત કરે છે. અહો! પૂર્વ ભવના પ્રબળ સંસ્કારી એવા ગુરુરાજના પ્રતાપે, જેમ ખારા સમુદ્રમાં એક મીઠી વીરડી હોય તેમ, આ પંચમકાળમાં ધર્મકાળ-ચોથોકાળ વર્તી રહ્યો છે. ખરેખર આ યુગપુરુષે આત્મ-આરાધનાનો નવયુગ સર્જ્યો છે.

અતિ વાત્સલ્ય અને કરુણાથી અમ બાળકોને મોક્ષપુરીએ લઈ જનાર ધર્મપિતા કલ્યાણમૂર્તિ કહાન ગુરુદેવના ૬૪મા જન્મજયંતિ મંગલ દિનનો જય હો...

વૈશાખ સુદ દસમ : આજે શ્રી વીરપ્રભુના કેવળજ્ઞાનકલ્યાણકનો પવિત્ર દિવસ છે તેમ જ માનસ્તંભ પ્રતિષ્ઠાની પ્રથમ માસિક તીથિ પણ છે. તેથી સહજ ઉલ્લાસ આવી જતાં બ્રહ્મચર્ય આશ્રમમાં સાંજે પૂજ્ય બહેનશ્રીબેન ત્રણ કલાક સુધી અપૂર્વ ભક્તિ કરાવે છે. તેઓશ્રીની ભક્તિનો ઉછાળો જોઈને ભક્તોના હૃદય પણ ક્ષણભર માટે થંભી જાય છે. સુવર્ણપુરીના સુવર્ણ ઇતિહાસમાં ચિરંજીવ બની રહે એવો આ ભક્તિ-ઉમંગનો પ્રસંગ બને છે, જે જોઈને ભક્તો કહે છે : 'સોનગઢમાં કદી ન થઈ હોય એવી આ અદ્ભુત ભક્તિ છે. આવી ઉત્કૃષ્ટ ભક્તિ અમે કદી જોઈ નથી. અમારા રોમેરોમ ભક્તિરસથી ભીંજાઈ ગયા છે.'

એક દિગંબર સાધુ સોનગઢ આવે છે. તેઓ જાણતા હતા કે અહીંયા નિશ્ચયની વાત બહુ ચાલે છે, તેથી કહે : 'મુનિઓને વ્યવહારનું—વિકલ્પનું—શું કામ? અમે તો નિશ્ચયમાં—વીતરાગતામાં રહીએ છીએ અને વિકલ્પ તો મિથ્યાત્વ છે.' ગુરુરાજ કહે : 'અરે! એમ નથી. વિકલ્પ મિથ્યાત્વ નથી, વિકલ્પથી ધર્મ માનવો તે મિથ્યાત્વ છે.' અરે! સાધુ થઈને પણ કાંઈ ખબર નહીં!!

વૈશાખ સુદ પૂનમ : લોકોને રાજી રાખવા જેઓશ્રીએ જીવનમાં કોઈને ક્યારેય કાંઈપણ કહ્યું નથી કે કર્યું નથી એવા ગુરુદેવશ્રીનાં જન્મ તેમ જ બાલ્યજીવનથી પાવન ઉમરાળામાં જે ઘરે મંગલકારી જન્મ થયેલો તે જૂના ઘરને સ્થાને અસલ મૂળ જેવું જન્મધામ બનાવવા, તેમાં જિનેન્દ્રદેવને બિરાજમાન કરવા તેમ જ બાજુમાં સ્વાધ્યાયમંદિર બાંધવા ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીનાં પવિત્ર હસ્તે શિલાન્યાસ મહોત્સવ આનંદ અને ઉલ્લાસપૂર્વક ઉજવાય છે.

આ વર્ષની ગ્રીષ્મકાલીન શિબિરમાં ૧૫૦ વિદ્યાર્થીઓ ભાગ લે છે. ભિન્ન-ભિન્ન ચાર ક્લાસમાં મોક્ષમાર્ગ પ્રકાશક, જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા, દ્રવ્યસંગ્રહ, છઢાળા વગેરે શીખવવામાં આવે છે.

જેઠ સુદ પાંચમ : શ્રુતપંચમીના ઉત્તમ દિને માનસ્તંભજીમાં બિરાજમાન વ્હાલા વિદેહીનાથ શ્રી સીમંધરભગવાનના અભિષેક-પૂજન-ભક્તિ વિશેષપણે કરવામાં આવે છે. ધીકતી ધર્મપેઢી ચલાવનાર ગુરુવર પણ ખાસ ભક્તિ કરાવે છે. કેમ કે આજે

ધર્મસ્તંભ-ધર્મધ્વજ-ધર્મવૈભવ એવા માનસ્તંભજી ફરતે બાંધેલો માંચડો છોડવાનો છે. માંચડો છૂટતાં જ ખુલ્લાં આકાશમાં માનસ્તંભની શોભા અદ્‌ભુત જણાય છે. જાણે સીમંધરનાથ વિહાર કરતા કરતા અહીં સુવર્ણપુરી આવીને થંભી ગયા હોય એવું દૃશ્ય ખડું થાય છે. ગગનવિહારી પ્રભુનાં દર્શન થતાં જ ભક્તહૃદય ભક્તિથી નમ્રીભૂત થઈ પોકારી ઉઠે છે : વાહ! ધન્ય ભગવાન!

વિદેહક્ષેત્રે બિરાજમાન શ્રી સીમંધરપ્રભુના સમવસરણનો માનસ્તંભ જાણે અહીં સાક્ષાત્ આવ્યો હોય એવો ભવ્ય-સુંદર આ માનસ્તંભ બન્યો છે અને તેનાથી તીર્થધામ સોનગઢની શોભામાં અતિ અભિવૃદ્ધિ થઈ છે. માનસ્તંભ ઉપર ફરકતી ધ્વજા માનો હાથ હલાવી આમંત્રણ આપે છે કે હે ભવ્યો! અહીં આવો, અહીં આવો. અહીં ધર્મદરબાર ભરાયો છે. ભવભ્રમણ કરી થાકેલા જીવોને પરમ વિસામો મળે એવું આ સ્થાન છે.

ચૈતન્યરસની ધારા વરસાવનાર ગુરુવર્ય દરેક પ્રવચનમાં સાચી સમજણ ઉપર ખાસ ભાર મૂકે છે કે આત્માના સાચા જ્ઞાન વિના બાહ્ય ત્યાગ નકામો છે. ‘મુનિવ્રતધાર અનંત બાર ગ્રૈવિક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન વિના સુખ લેશ ન પાયો.’ (ગુરુદેવશ્રીના અવાજમાં લેવું.) સમ્યગ્જ્ઞાનનું આવું માહાત્મ્ય સાંભળી કોઈ કોઈ ત્યાગી સરળપણે કહે છે : ‘મહારાજ! બાત તો આપ કહતે હો ઐસી હી હૈ. હમને ભી જ્ઞાનકે બિના ત્યાગ લે લિયા હૈ, લેકિન અબ ક્યા કરે?’ તેમની મુંઝવણ જોઈ કરુણાભંડાર ગુરુદેવશ્રી વાત્સલ્યપૂર્વક કહે છે : ‘મુંઝાશો નહીં, સત્ય વસ્તુ શું છે તે સમજવાનો પ્રયત્ન હવે કરવો’.

જેઓશ્રીના સમાગમે શાસ્ત્રોના મર્મ ઉકેલવાની દૃષ્ટિ મળે છે એવા ગુરુવરનું સ્વાસ્થ્ય ઠીક-બરાબર થયાના પ્રસંગે પૂજ્ય સોગાનીજી હર્ષભાવના વ્યક્ત કરે છે : ‘પરમ પરમ હર્ષ છે કે પરમ અદ્‌ભુત જીવન ઉદ્ધારક, જન્મ-મરણરૂપી રોગથી રહિત કરનારા યોગિરાજ શ્રી સદ્‌ગુરુદેવનું સ્વાસ્થ્ય હવે તદ્દન સારું છે. અનાદિ-અનંત આયુના ધારક ચૈતન્ય ગુરુદેવનો દેહ પણ દીર્ઘાયુ હો એવી ભાવના છે.’

આ પ્રમાણે જે વર્ષમાં માનસ્તંભ-પ્રતિષ્ઠા થઈ તે વિક્રમ સંવત ૨૦૦૯નું વર્ષ પૂર્ણતાને પામે છે.

દિવ્યજ્ઞાનસ્વરૂપ ચૈતન્યનો ચમત્કાર પ્રગટાવનાર અને પ્રકાશનાર, દિવ્ય-અમૃત વરસાવનાર ગુરુદેવનાં ચરણકમળમાં વારંવાર નમસ્કાર.

❋ ❋ ❋

## ✻ વિક્રમ સંવત ૨૦૧૦ (ઈસ્વી સન્ ૧૯૫૩-૫૪) ✻

### ❀ જિનેન્દ્રપ્રતિષ્ઠા વર્ષ ❀

પરમ પાવન વીતરાગ જિનશાસનના અનુપમ પ્રભાવક મંગલમૂર્તિ ગુરુદેવશ્રીનાં પુનિત પ્રતાપે-પ્રભાવે માર્ગની મહાપ્રભાવના દિન-પ્રતિદિન ખૂબ જ ઝડપથી વધી રહી છે. જેના ફળસ્વરૂપે સૌરાષ્ટ્રભરમાં નવા નવા જિનમંદિરોના બીજડાં રોપાય છે તથા અનેક સ્થળે નૂતન જિનમંદિરો તૈયાર થઈ રહ્યા છે. ગુરુધામ સોનગઢ તો એક તીર્થધામ જ બની ગયું છે. તેમાં પણ ગયા વર્ષે ભવ્ય માનસ્તંભ બનતા તેની શોભામાં અતીવ વૃદ્ધિ થઈ છે. વિદેહે વિચરતા ગગનવિહારી સીમંધરપ્રભુ દિવ્યધ્વનિ દ્વારા જે ધર્મના સ્તંભ ત્યાં રોપી રહ્યા છે તે જ ધર્મના સ્તંભ અહીં ભરતે સીમંધરભક્ત ગુરુરાજ પોતાના પ્રવચનો વડે રોપી રહ્યા છે.

નૂતન જિનાલયોમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા તથા વેદી પ્રતિષ્ઠાપૂર્વક જિનબિંબોને બિરાજમાન કરવારૂપ ધર્મપ્રભાવના સહિત અનેક ઉત્તમ કાર્યો કરવા જિનેશ્વર સુનંદન ગુરુવર્ય પોષ વદ ત્રીજ તારીખ ૨૧-૧-૧૯૫૪ના દિવસે સોનગઢથી મંગલ પ્રસ્થાન કરે છે. આ યાત્રાવિહાર અંગે પૂજ્ય સોગાનીજી શું કહે છે તે, ચાલો, જાણીએ : 'સર્વ શ્રેષ્ઠ નેતા સહિત મોક્ષમંડળી સ્થળે-સ્થળે વિજયસ્તંભ રોપવા જઈ રહી છે. આ વિચાર હૃદયને ખૂબ ઉલ્લસિત કરે છે.'

સોનગઢથી વિહાર કરી વીતરાગવિજ્ઞાની ગુરુવર ઉમરાળા પધારતા સ્થાનીક જનતા તેમ જ ભક્તમંડળ ઉમળકાભેર સ્વાગત કરે છે. સ્વાગતયાત્રા બાદ શ્રી નાનાલાલભાઈ જસાણીના હસ્તે 'ઉજમબા સ્વાધ્યાયગૃહ'નું ઉદ્‌ઘાટન થાય છે અને ભક્તોને નિર્ભય બનાવનાર ગુરુદેવશ્રી માંગલિક ફરમાવે છે. ત્યારબાદ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશી 'શ્રી કહાનગુરુ જન્મધામ'નું ઉદ્‌ઘાટન કરે છે. ગુરુજન્મથી પાવન આ પવિત્ર ભૂમિ ફરીને ગુરુચરણકમળથી પાવન થાય છે.

બપોરના 'તત્ત્વજ્ઞાનતરંગિણી' ઉપરના પ્રવચનમાં આખું ગામ ઉમટે છે. પછી ભક્તિરસની સરિતા વહે છે :

તુજ પાદ પંકજ અહીં થયાં, આ દેશને પણ ધન્ય છે;
આ ગામ-પુરને ધન્ય છે, એ માત કુળ જ વંદ્ય છે....

**માતાને સ્વપ્નાં લાધ્યાં ને ઝબકીને જાગ્યાં ઉજમબા,**
**સ્વપ્નાં એ મીઠડાં લાગ્યાં ને દુંદુભિ વાગ્યા ઉજમબા. ૧.**

**જોયું હૃદયમાં જાગી ને નીંદડી ત્યાગી ઉજમબા,**
**કૂખે આવ્યા છે બડભાગી ને ભાવઠ ભાંગી ઉજમબા. ૨.**

**માતાને ઉછરંગ આવ્યો ને સંદેશો સુણાવ્યો ઉજમબા,**
**માતપિતાને હર્ષ ન માયો, જોષીને તેડાવ્યો ઉજમબા. ૩.**

**જોષીએ જોષ એમ જોયા ને મનડાં મોહ્યાં ઉજમબા;**
**કાં કોઈ નગરીનો રાયા કે જગ-તારણહારો ઉજમબા. ૪.**

**મીઠડાં ફળ એમ સુણ્યાં ને ઉછરંગ આવ્યા ઉજમબા;**
**પરમ પુરુષ એ જન્મ્યા ને તેજ ઉભરાણાં ઉજમબા. ૫.**

**તેજ દેખીને માત મોહ્યાં ને 'કહાન' નામ રાખ્યા ઉજમબા;**
**માતને કાનુડા પ્યારા કે અજબ બાળલીલા ઉજમબા. ૬.**

**કહાને એવી બંસરી બજાવી રે આત્મનાદ ગજાવ્યા ઉજમબા;**
**થયો ધર્મ-ધુરંધર ધોરી કે જગ–તારણહારો ઉજમબા. ૭.**

આવી અદ્‌ભુત ભક્તિધારા જોઈ જૈનેતર લોકો પણ આશ્ચર્યમાં ગરકાવ થઈ જાય છે.

પોષ વદ ચોથ : શ્રી સમયસારજી જિનવાણીની રથયાત્રા પછી ભક્તોના જયજયકારપૂર્વક જીવંત સમયસાર એવા ગુરુવર્ય ઘણા જ ભાવથી ઉજમબા સ્વાધ્યાયગૃહમાં શ્રી સમયસારજીની સ્થાપના કરે છે અને ભાવભીનું સંક્ષિપ્ત પ્રવચન પણ આપે છે.

પોષ વદ પાંચમ સુધી જન્મધામ ઉમરાળામાં રહી સહજ જ્ઞાનામૃત પીનાર ગુરુદેવશ્રી છઠ્ઠે વિહાર કરી લીમડા, દામનગર થઈ સાતમના રોજ લાઠી પધારે છે. પછી બાબરા થઈ રાજકોટ તરફ પ્રયાણ કરે છે.

ચૈતન્યરસની ધારા વરસાવનાર ગુરુરાજ પોષ વદ ૧૨ થી મહા સુદ ૨ એમ પાંચ

દિવસ રાજકોટમાં બિરાજે છે. જે દરમ્યાન શ્રી સમયસારજીની ગાથા ૧૮૧ થી ૧૮૩ ઉપર ચૈતન્યમસ્તીથી ભરપૂર પ્રવચનો થાય છે, જે સાંભળવા સૌરાષ્ટ્રના પ્રધાન ઉછરંગભાઈ ઢેબર પણ આવે છે.

મહા સુદ ત્રીજે રાજકોટથી વિહાર કરતા આત્માર્થીના આશ્રયદાતા ગુરુરાજ ભાવનાપૂર્ણ ભક્તિ કરાવે છે :

ધન્ય દિવસ ધન્ય આજનો ધન્ય ધન્ય ઘડી તેહ....

રાજકોટથી વિહાર કરી જસદણ, ગોંડલ થઈ મહા સુદ છઠ્ઠે વડિયા પધારે છે. અહીંયા વીતરાગતાના ઉપાસક ગુરુરાજના મંગલ હસ્તે સમયસારજીની સ્થાપના થાય છે. અહીંથી જેતપુર પદાર્પણ થતાં મુમુક્ષુઓ જિનમંદિર નિર્માણની ભાવના ભાવે છે. ત્યાર પછી વડાલ થઈ મહા સુદ ૧૦ના રોજ ગિરનારજી સિદ્ધક્ષેત્રની બીજી વારની યાત્રા અર્થે જૂનાગઢ પધારે છે.

વીતરાગદેવના ભક્ત ગુરુવર્યનું આગમન થતાં ભક્તજનો ઉમંગથી ભાવભર્યું સ્વાગત કરે છે અને ભક્તોને ભગવાન કહી બોલાવનાર ગુરુરાજ માંગલિક ફરમાવે છે : 'શ્રી નેમિનાથ ભગવાનનો આત્મા દ્રવ્યમંગળ છે. તીર્થંકર થનાર દરેક આત્મા અનાદિ-અનંત મંગળરૂપ હોય છે. નેમિપ્રભુના ત્રણ કલ્યાણક અહીં થયા છે, માટે આ ગિરનાર તીર્થ ક્ષેત્રમંગળ છે. જે સમયે તેમના કલ્યાણકો થયા તે કાળમંગળ છે અને જે વીતરાગદશા પ્રગટી તે ભાવમંગળ છે. જે ભાવથી ભગવાનને મુનિપણું, કેવળજ્ઞાન તથા મોક્ષદશા પ્રગટ્યા તે ભાવને ઓળખીને પોતાના આત્મામાં પણ તેવો ભાવ પ્રગટ કરવો તે અપૂર્વ મંગળ છે અને તે જ પરમાર્થ યાત્રા છે.'

જૂનાગઢ શહેરના જિનમંદિરના દર્શન બાદ બપોરે સુંદર શૈલીથી અદ્‌ભુત પ્રવચન થાય છે, જે સાંભળવા દોઢથી બે હજાર જિજ્ઞાસુ જનતા ઉમટે છે. સાંજે ગુરુવર શહેરથી તળેટી તરફ વિહાર કરે છે. ઝટપટ દોડીને પ્રભુના પવિત્રધામને ભેટીએ એવી ઉત્કૃષ્ટ ભાવનાથી અનેક ભક્તો પણ ભક્તિગીતો ગાતાં-ગાતાં સાથે ચાલે છે. જેમ જેમ ગિરિરાજ નજીક આવે છે તેમ તેમ જાણે કે તેને પ્રદક્ષિણા દેતા હોઈએ તેવું લાગે છે.

રળિયામણા ઉર્જયંત પર્વતને જોતાં જ ભગવાન નેમિનાથનું સમગ્ર જીવન નજર સમક્ષ તરવરે છે અને ભાવનાની ઉર્મિઓ આકાશની ઊંચાઈને માપે છે. પર્વતના ઊંચા ઊંચા શિખરો માનો પરમાત્માના બહુમૂલ્ય જીવનના ગુણગાન ઉન્નત મસ્તકે ગાતા હોય એવું દેખાય છે. તળેટીએ પહોંચતા ધર્મશાળામાં રાત્રિચર્ચા રાખવામાં આવે છે.

મહા સુદ ૧૧ની સવારે તળેટીના જિનમંદિરના દર્શન કરીને નેમપ્રભુના જયકાર ગજાવતા હજાર ભક્તોના સમુદાય સાથે બાલ બ્રહ્મચારી ગુરુવર્ય બ્રહ્મચર્યના ઉત્કૃષ્ટ પ્રતિકરૂપ બાલ બ્રહ્મચારી નેમિનાથને ભેટવા યાત્રાનો પ્રારંભ કરે છે. પર્વત ઉપર ચડતાં પગલે-પગલે પ્રભુના વૈરાગ્યમય સ્મરણો જાગે છે. ગુરુવર પણ મહિમાભીનાં હૃદયોદ્ગાર વડે ગિરનારથી નિર્વાણપ્રાપ્ત નેમપ્રભુ તેમ જ શંબૂકુમાર, પ્રદ્યુમ્નકુમાર, અનિરુદ્ધકુમાર આદિ મુનિવરોના જ્ઞાન-વૈરાગ્યમય પાવન જીવનનું તથા ગિરનાર ગિરિને સ્વયંના પવિત્ર ચરણકમળથી નિર્મળ કરનાર શ્રી ધરસેનાચાર્ય અને શ્રી કુંદકુંદાચાર્યનું સ્મરણ કરાવે છે, જે સાંભળતા યાત્રિકોને મોક્ષના ઉત્તમ પંથે વિચરવાની મંગલ પ્રેરણા જાગે છે. મોક્ષમાર્ગ ઉપર અડગપણે ઊભા રહી તત્ત્વનું હાર્દ ખોલનાર ગુરુદેવશ્રીની સાથે યાત્રા કરવાનો ભક્તોને એવો ઉલ્લાસ છે કે થાક ભૂલાઈ જવાય છે અને હોંશે હોંશે બધા પહેલી ટૂંકે પહોંચે છે.

પહેલી ટૂંકે પહોંચતા જ જિનમંદિરમાં પૂજન-ભક્તિ થાય છે. સ્વાનુભવભીની આત્મસાધના સાધનાર ગુરુરાજ સ્તવન ગવરાવે છે :

ગિરિનગરના વાસી નેમ જિણંદજી, થયાં પ્રભુનાં કલ્યાણિક ત્રણ ગિરનાર જો;
તુજ દર્શનથી મારું મન પ્રસન્ન થયું, પૂરો પ્રભુજી શિવપુરની મુજ આશ જો....

સ્તવન બાદ સ્વયં ગુરુદેવ નેમપ્રભુની જય બોલાવે છે.

બપોરના સંઘ સહિત ચૈતન્યની અનુપમ મહિમા બતાવનાર ગુરુવર્ય શ્રી નેમિનાથની દીક્ષા અને કેવળજ્ઞાનકલ્યાણક ભૂમિ સહસ્રામ્રવનની યાત્રાએ પધારે છે. દીક્ષાસ્થાનના દર્શન થતાં જ વૈરાગ્યભીના ચિત્તમાંથી ઉપશમરસભરી ભક્તિનો અનુપમ પ્રવાહ વહે છે :

ગિરનાર ગિરિના વાસી જિનને ક્રોડો પ્રણામ...પ્રભુને ક્રોડો પ્રણામ...

તથા

મ્હારા નેમપિયા ગિરનારી ચાલ્યા, મત કોઈ રોક લગાજો....હાં, મત કોઈ રોક લગાજો.

તેમ જ મુનિરાજની ભક્તિની આ કડી ગવરાવે છે :

વે ગુરુ ચરણ જહાં ધરૈ, જગમેં તીરથ જેહ;
સો રજ મમ મસ્તક ચઢો, ભૂધર માંગે એહ....
તે ગુરુ મેરે મન બસો....

અંતે ઉલ્લાસમાં આવી ગુરુરાજ ભગવાન નેમિનાથનો જયકાર ગજાવે છે. ભક્તો વિચારે છે : હે નાથ! આપે વિવાહ સમયે પણ વૈરાગ્ય ધારણ કરી વીતરાગતા સારભૂત છે એવો સંદેશો જગતને આપ્યો છે. તેમ જ આપશ્રીનાં કેવળજ્ઞાનકલ્યાણક પ્રસંગે ઈન્દ્રોએ આવીને સોનાના ગઢવાળા સમવસરણની અહીં રચના કરી હતી તેની જાણે કે સાક્ષી પૂરતા હોય તેમ ગિરનાર પર્વતના પથ્થરો આજે પણ સુવર્ણરજથી ચમકી રહ્યા છે.

રાત્રિના પહેલી ટૂંકે ચર્ચા સમયે સૌરાષ્ટ્રના સંત, સૌરાષ્ટ્રના નાથ અને સૌરાષ્ટ્રના તીર્થ ગિરનારનો મહિમા બતાવે છે અને ફરમાવે છે : 'નેમપ્રભુના ત્રણ કલ્યાણકની ભૂમિ તો આ છે જ, તે ઉપરાંત શ્રુતજ્ઞાનની પરંપરા જળવાઈ રહી તેનું સ્થાન પણ આ જ છે. શ્રી ધરસેનાચાર્યે અહીં જ બે મુનિવરોને જ્ઞાન આપ્યું હતું, જેમાંથી ષટ્ખંડાગમની રચના થઈ. આ રીતે દેવ-શાસ્ત્ર-ગુરુ એ ત્રણેના યોગથી આ ભૂમિ-તીર્થ પવિત્ર છે.'

મહા સુદ ૧૨. શ્રી નેમિનાથનું નિર્વાણધામ પાંચમી ટૂંકની યાત્રા કરવા મહિમાવંત ગુરુદેવશ્રી સવારના ભક્તો સાથે પ્રયાણ કરે છે. ભગવાન ઉત્કૃષ્ટ સિદ્ધદશા પામ્યા હોવાથી ગિરનારજીનું શિખર—પાંચમી ટૂંક—પણ જાણે કે ગૌરવ લેતું હોય તેમ ઉન્નતપણે દેખાય છે. તે ભવ્યોને પોકારતું કહે છે કે અહીં આવો....આવો... સિદ્ધિધામના દર્શન કરવા અહીં આવો.

પાંચમી ટૂંકે પહોંચતા પ્રથમ પૂજન અને ભક્તિ થાય છે. ત્યાર પછી

આત્મસાધનાનો ઉત્સાહ જગાડનાર, દિશા બતાવનાર તેમ જ પુરુષાર્થ પ્રગટાવનાર ગુરુવર્ય સમયસારજીની ૩૮મી ગાથાની અધ્યાત્મમય ધૂન એકતાર લીનતાથી ગવરાવે છે :

‘હું એક શુદ્ધ સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે;
કંઈ અન્ય તે મારું જરી, પરમાણુ માત્ર નથી અરે!...

અધ્યાત્મરસમાં ભીંજાયેલ ભક્તો ઉમંગથી આ ધૂનને ઝીલે છે અને નેમપ્રભુને કેવો આત્મા અનુભવમાં આવ્યો હતો તેનો ચિતાર દૃષ્ટિગોચર થાય છે.

આનંદદાયી ધૂન પછી અનુપમ સાધક ગુરુદેવશ્રી મંગલ વાણી વરસાવે છે : ‘ભગવાન નેમિનાથ અહીંથી મોક્ષ પામ્યા છે. અનાદિ સંસારનો અંત અને અપૂર્વ સિદ્ધદશાની શરૂઆત આ સ્થાનેથી થઈ છે.’ હાથ ઊંચો કરી ત્રિકાળ મંગલસ્વરૂપ ગુરુવર બતાવે છે : ‘જુઓ! અહીંથી સમશ્રેણીએ—બરાબર ઉપર—સિદ્ધાલયમાં ભગવાનનો આત્મા પૂર્ણાનંદમાં બિરાજી રહ્યો છે. અહો! ધન્ય આ નિર્વાણભૂમિ! અહીં ભગવાનના અસંખ્ય પ્રદેશ શુદ્ધ થયા. ધન્ય એ આત્મદ્રવ્યને, ધન્ય આ ક્ષેત્રને, ધન્ય એ કાળને અને ધન્ય એ પવિત્ર ભાવને.’ આ પ્રકારે સર્વને ભગવાનસ્વરૂપે જાણનાર ગુરુવર્ય ભાવનાભર્યું વર્ણન કરે છે, જે સાંભળી સૌ ભક્તજનો આનંદથી ગદ્ગદ થઈ જાય છે. અમો જાણે કે સિદ્ધોની વચ્ચે જ બેઠા છીએ એમ કૃતકૃત્યતાને ભક્તો અનુભવે છે. અહો! ભાવનાનું આ અનુપમ વાતાવરણ યાત્રિકોના હૃદયપટમાં અમીટપણે કોતરાઈ જાય છે.

પાવન સિદ્ધભૂમિમાં સિદ્ધપ્રભુનું પાવન સ્મરણ અને અપૂર્વ મહિમા કરી-કરાવીને સિદ્ધપદના સાધક ગુરુદેવશ્રી ‘અપૂર્વ અવસર’માંથી વૈરાગ્યભાવે સિદ્ધદશા પ્રાપ્તિની ભાવનામાં બધાને ઝૂલાવે છે :

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?

પૂર્ણતાની ભાવના વહાવી ગુરુરાજ સંઘ સહિત પહેલી ટૂંકે પધારે છે અને ઉમંગ-ઉલ્લાસભરી યાત્રાની પ્રસન્નતાથી સર્વ ભક્તો આનંદ-ઉત્સાહ થકી નાચી ઉઠે છે.

બપોરના, જે ચંદ્રગુફામાં શ્રુતજ્ઞાતા શ્રી ધરસેનાચાર્ય ધ્યાન ધરતા હતા અને બે

મુનિવરોને શ્રુતજ્ઞાન આપ્યું તે પવિત્ર સ્થાને ગુરુદેવશ્રી પધારે છે. પછી લગભગ બે વાગે મહા પવિત્ર ગિરનારજી ઉતરવાનો પ્રારંભ થાય છે અને તળેટીમાં પદાર્પણ થાય છે.

મહા સુદ તેરસ : સવારમાં તળેટીના જિનમંદિરમાં ખાસ ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ ભક્તિરસ રેલાવે છે :

હે જિનરાજ તુમારા, ચરણકમળની પૂજના;
હ્રદય ઉલ્લસિત થાય કે ભાગ્ય માનું ઘણું રે....

જબ ચલે ગયે ભરથાર, મેરે ગિરનાર, હે મેરી સહેલી!
મૈં કિસ વિધ રહૂં અકેલી...

ભાવભરી ભક્તિ પૂર્ણ થતાં ઉત્સાહથી સ્વયં ગુરુદેવશ્રી જય બોલાવે છે અને ભક્તો ઝીલે છે : 'બોલો, ભગવાન નેમિનાથ પ્રભુના ત્રણ કલ્યાણક થયા તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો જય હો....'

ભક્તિ બાદ ભક્તો સહિત અનુપમ આદર્શ ગુરુદેવ જૂનાગઢ પધારે છે. બપોરના શહેરના જિનમંદિરમાં ગુરુવર્ય ભક્તિ કરાવે છે. પૂજ્ય બહેનશ્રીબેન પણ ભક્તિ કરાવે છે અને છેલ્લે ધૂન દ્વારા ગિરનાર યાત્રાનો ઉલ્લાસ વ્યક્ત કરી ફરી-ફરી આવી યાત્રા થાય એવી ભાવના જાહેર કરે છે. તથા સૌરાષ્ટ્રના તીર્થોની યાત્રા થઈ, હવે શાશ્વત તીર્થરાજ સમ્મેદશિખરજી વગેરે ભારતભરના તીર્થોના દર્શન કરાવો એવી વિનંતિ પણ ધર્મધુરંધર ગુરુદેવને કરે છે. ત્યારબાદ સત્યશોધક આત્માર્થીઓના હ્રદય-આશ્રય ગુરુરાજનું પ્રવચન થાય છે, જેનો અનેક ગણમાન્ય વ્યક્તિઓ લાભ લે છે.

છેવટે અનુપમ યાત્રાની ખુશાલીમાં શ્રી જિનેન્દ્રદેવની રથયાત્રા નીકળે છે. અતિ શોભાયમાન અને પ્રભાવક રથયાત્રામાં ભક્તોને ઘણો જ ઉત્સાહ-ઉમંગ છે. આવી ઉલ્લાસ ભરેલી યાત્રા, તેમાં ઉત્કૃષ્ટ ઉત્સાહથી ઉછળતી ભક્તિ અને અંતે ઉત્તમ ઉમંગથી છલકાતી રથયાત્રા જૂનાગઢના ઈતિહાસમાં ભાગ્યે જ થઈ હશે. રથયાત્રાની અસાધારણ ભવ્યતા જોઈ ગામના લોકો આશ્ચર્યચકિત રહી જાય છે. ધર્મશાળાના મુનિમજી કહે છે : 'અહો! આવી રથયાત્રા અને અદ્‌ભુત ભક્તિ અમે કદી જોઈ નથી, પહેલી વાર જ જોઈ.'

શહેરના મુખ્ય માર્ગો ઉપર ફરીને રથયાત્રા જિનમંદિરે આવે છે. ભક્તોના આધાર ગુરુદેવે અનુપમ યાત્રા કરાવી તે ઉપકારવશ સહજપણે કોઈક વિરલ પળે જ જોવા મળે એવી અચિંત્ય ભક્તિ ઉછળે છે. જાણે કે નેમિપ્રભુ સાક્ષાત્ પધારીને સન્મુખ બિરાજ્યા હોય અને પૂજ્ય બહેનશ્રીબેન હૃદયની ભક્તિરૂપી વીણા વગાડતા હોય એવું વાતાવરણ સર્જાય છે. ભક્તોના અંતરમાં ભગવાન પ્રત્યે કેવી અલૌકિક ઉપકારભાવના હોવી જોઈએ તેનો ખરેખર ખ્યાલ આ સમયે આવે છે.

આ રીતે મહા સુદ ૧૦ થી ૧૩ સુધી ચાર દિવસ શ્રી નેમિનાથના ત્રણ કલ્યાણકથી પવિત્ર એવી આ ભૂમિમાં યાત્રા-ઉત્સવ ઉજવાયો. આ અદ્‌ભુત યાત્રાથી ભૂતકાળમાં શ્રી કુંદકુંદાચાર્યે સંઘ સહિત ગિરનારજીની જે મહાન યાત્રા કરી હતી તે કેવી ભવ્ય-ઉત્તમ હશે તેનો સહેજે અંદાજ આવે છે.

મહા સુદ ૧૪ : જૂનાગઢથી વિહાર કરી વિષમકાળે જેમનો યોગ પરમ સૌભાગ્યે થયો છે એવા સમર્થ ગુરુદેવશ્રી અધ્યાત્મવાણીનો મીઠો મેહ વરસાવતા વરસાવતા વંથલી, માણાવદર અને રાણાવાવ પધારે છે. આ દરેક ગામે શ્રી તત્ત્વજ્ઞાન તરંગિણી ઉપરના ભાવવાહી પ્રવચનો થાય છે.

જેમ ગુરુરાજની પવિત્ર મુખમુદ્રા ચૈતન્યતેજથી ચમકે છે તેમ તેઓશ્રીની અપૂર્વ વાણીમાં આત્મિક શૌર્ય ઉછળતું દેખાય છે. અનુપમ ગુરુવાણી કોઈ અલૌકિક ચમત્કૃતિથી ભરેલી શૌર્યપ્રેરક છે, આત્મવીર્યથી ઉછળી રહી છે. અને જો વાણીમાં ઉગ્ર વીર્ય-તેજ છે તો પરિણતિમાં પુરુષાર્થનો કેવો દિવ્ય પ્રવાહ હશે? અહો! જે કોઈ પાત્ર થઈને તે વાણી ઝીલે છે તેનું ચૈતન્યવીર્ય-શૌર્ય ઉછળ્યા વિના રહેતું નથી. એ દિવ્ય ગુરુધ્વનિએ તો અનેક સુપાત્ર શ્રોતાઓને સન્માર્ગમાં સ્થાપ્યા છે. સ્વરૂપબોધક એ ગુરુવાણી મોહાગ્નિમાં બળી રહેલા અનેક જીવોને શીતળ સમાધિસુખનો પંથ બતાવે છે. ભિન્ન-ભિન્ન ભૂમિકાવાળા સૌ આત્માઓને પોત પોતાની પાત્રતા અનુસાર તેમાંથી ઘણું બધું મળે છે. જે કોઈ આત્માર્થી નિજ પર્યાયમાં સમ્યક્શ્રદ્ધા જન્મ ન લે ત્યાંસુધી ગુરુવચનો સાંભળવાનો અને સમજવાનો પ્રયત્ન-પુરુષાર્થ કર્યા જ કરે છે તે અલ્પકાળમાં અનંત દુઃખના કારણભૂત મિથ્યાત્વને ભેદી મોક્ષપંથમાં પ્રવેશ પામે છે.

જેમ તીર્થંકરો દ્વારા જગતને અપાયેલી અમૂલ્ય ભેટ એટલે જિનવાણી. તેમ મહાવીર ઉપાસક ગુરુદેવશ્રી દ્વારા ભક્તોને અપાયેલી અમૂલ્ય ભેટ એટલે ગુરુવાણી કે જેના શબ્દેશબ્દમાં આત્મિક આનંદના ઝરણા વહે છે, આત્મિક ઉલ્લાસની પ્રેરણા મળે છે, આત્મકલ્યાણના ભણકારા વાગે છે, પરમ સત્યની ઘોષણા થાય છે અને જૈનસિદ્ધાંતોનો પુનિત પ્રવાહ વહે છે. પાત્ર જીવોને પ્રભુતા દેખાડનાર એ અપૂર્વ વાણીનો અને મોક્ષમાર્ગમાં કેલી કરનાર ગુરુવરનો ઉપકાર કેમ વ્યક્ત કરી શકાય? કેમ વર્ણવી શકાય? ચાલો, એ વિરાટ વાક્ગંગામાંથી અલ્પ આચમન કરીએ :

(૧) અનંત જ્ઞાનીઓ કહે છે કે તું પ્રભુ છો. પ્રભુ! તારા પ્રભુત્વની એકવાર 'હા' તો પાડ!

(૨) દૃષ્ટિમાં પરિપૂર્ણ સ્વભાવનું જોર, પુરુષાર્થની નબળાઈનું ધણીપણું થવા દેતું નથી.

(૩) સ્વરૂપના અભાનને લઈને પરવસ્તુમાં સુખબુદ્ધિ થવી એ મહાન અપરાધ છે.

(૪) ભડનો દીકરો ભવનો ભાવ કરી-કરીને ભવમાં રખડ્યા કરે છે.

(૫) ક્રમબદ્ધપર્યાયના જ્ઞાનનું ફળ સ્વલક્ષ છે.

(૬) નિમિત્તના લક્ષે બંધન, ઉપાદાનના લક્ષે મુક્તિ.

(૭) એકવાર જીવતા મરવા જેવું છે.

(૮) આત્મસ્વાધીનતાની સમજણ જ મિથ્યાત્વરૂપ મોટા દોષના નાશનો એકમાત્ર ઉપાય છે.

(૯) સત્માર્ગને અને અસત્માર્ગને સમાન જાણવા તે સામ્યભાવ નથી, અજ્ઞાન છે.

(૧૦) આત્મકલ્યાણની ખાતર જગતની દરકાર છોડી દેવી જોઈએ.

(૧૧) નિમિત્તના અભાવે મુક્તિમાર્ગનો અભાવ નથી, પરંતુ ઉપાદાનની જાગૃતિના અભાવે તેનો અભાવ છે.

(૧૨) ધર્મ સમજવા માટે અધિક બુદ્ધિની જરૂર નથી, યથાર્થ રુચિની જરૂર છે.

(૧૩) શાસ્ત્રોનું તાત્પર્ય ને સંતોનું ફરમાન : વીતરાગતા.

મહા વદ ચોથ : અપૂર્વ કલ્યાણમાર્ગ દાતાર ગુરુવર્યની પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પોરબંદરમાં મંગલ પધરામણી થાય છે. અહીં મૂળનાયક તેમ જ વિધિનાયક શ્રી પાર્શ્વનાથ જ છે. ઉમરાળા, જેતપુર, વડિયા, અમદાવાદ અને મુંબઈથી કુલ ૧૧ જિનબિંબો પ્રતિષ્ઠા માટે પધારે છે. ફાગણ સુદ ત્રીજે નૂતન જિનમંદિરમાં ઉત્સાહપૂર્વક જિનભગવંતોને બિરાજમાન કરવામાં આવે છે. ફાગણ સુદ પાંચમ સુધી પોરબંદરમાં બિરાજી અધ્યાત્મવિજ્ઞાની ગુરુરાજ જામનગર તરફ પ્રયાણ કરે છે.

ફાગણ વદ બીજ : નિજ કલ્યાણાર્થે જીવન જીવનાર ગુરુદેવશ્રી ૧૯ વર્ષ પછી જામનગરને પાવન કરે છે અને સાત દિવસ બિરાજે છે. અહીં સમયસારજીની ૭૪મી ગાથા ઉપર પ્રભાવશાળી પ્રવચન થાય છે. એક દિવસ જામસાહેબના આમંત્રણથી તેમના બંગલે ચૈતન્યમસ્તીથી ભરપૂર સાધના કરનાર ગુરુદેવશ્રી પધારે છે અને પા કલાક ઉપદેશ આપે છે કે આ બાહ્યનું સામ્રાજ્ય એ સાચું નથી. અનંત ગુણમય આત્મા જ સાચું—યથાર્થ સામ્રાજ્ય છે.

જામનગરથી વિહાર કરી ધ્રોળ થઈ, ફાગણ વદ બારસે મોરબીમાં આગમન થાય છે. મોરબી પાસેના સનાળા ગામનો પ્રસંગ જોઈએ. અહીં શક્તિદેવીનું એક મંદિર છે. સ્વાનુભવપરિણત ગુરુદેવશ્રી આહાર કરીને ફરતા-ફરતા આ મંદિર પાસે આવતા તેના બાવાજી કહે : 'પધારો! પધારો મહારાજ!' પછી કહે : 'ઈશ્વરને પણ શક્તિ વિના ચાલે નહીં અને એ અમારી આ શક્તિદેવી છે.' અધ્યાત્મરંગથી રંગાયેલી વાણી વરસાવનાર ગુરુવર્ય કહે : 'ભાઈ! શક્તિદેવી છે ખરી, પણ આ નહીં. અંતર આત્મામાં જ્ઞાન, દર્શન આદિ અનંત શક્તિઓ છે તે જ સાચી શક્તિદેવી છે અને આત્મા એ શક્તિદેવીનું મંદિર છે. તેમ જ ભગવાન આત્મા—કે જે ઈશ્વર છે તેને તેના ગુણરૂપ શક્તિ વિના ચાલે નહીં. આવી વાત છે.' કોઈ પણ વાત હો, અધ્યાત્મ સાથે તેનો સુમેળ કરી બતાવવી તે ગુરુવરની અનોખી કળા છે ને!

મોરબીમાં દસમથી જ પ્રતિષ્ઠામંડપ 'મહાવીર નગર'માં વિધિ-અધ્યક્ષ જિનેન્દ્રદેવને બિરાજમાન કરીને પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવની શરૂઆત થઈ જાય છે. આઠથી દસ હજાર જિજ્ઞાસુઓ પ્રતિષ્ઠા મહોત્સવનો લાભ લે છે. શ્રી મહાવીરપ્રભુ

મૂળનાયક તેમ જ વિધિનાયક છે. મુંબઈ, મથુરા વગેરે નગરોથી કુલ દસ પ્રતિષ્ઠેય ભગવંતો પધારે છે. ચૈત્ર સુદ બીજે આનંદપૂર્વક પવિત્ર ગુરુકરકમળથી જિનબિંબ પ્રતિષ્ઠા થાય છે. ચૈત્ર સુદ પાંચમ સુધી મોરબીમાં બિરાજી છઠ્ઠના રોજ વાંકાનેર તરફ વિહાર કરે છે.

ચૈત્ર સુદ આઠમ : અપૂર્વ જેમનો પ્રભાવના યોગ છે એવા ગુરુવર્ય પગલે-પગલે જિનશાસનનો પ્રભાવ ફેલાવતા થકા—જૈનધર્મનો મહાન ઉદ્યોત કરતા થકા—વાંકાનેર પધારે છે. ગઈકાલથી જ જોકે પ્રતિષ્ઠામંડપ 'વર્ધમાન નગર'માં વિધિ-અધ્યક્ષ પ્રભુજી પધારતા પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવનો શુભ પ્રારંભ થઈ ચૂક્યો છે. બોટાદ, જોરાવરનગર, મુંબઈ, કિસનગઢ વગેરે નગરોના કુલ ૧૦ પ્રતિમાઓ પ્રતિષ્ઠા માટે પધારે છે. અહીં વિધિનાયક શ્રી નેમિનાથ છે અને ચૈત્ર માસના પર્યુષણ પર્વના ઉત્તમ આકિંચન્ય દિને અર્થાત્ ચૈત્ર સુદ તેરસે અર્થાત્ મહાવીર જન્મકલ્યાણકના મંગલ અવસરે મૂળનાયક શ્રી મહાવીરપ્રભુ આદિ ભગવંતો જિનમંદિરમાં બિરાજમાન થાય છે. પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ પૂર્ણ કરી જ્ઞાન-ધ્યાનરત ગુરુરાજ ચૈત્ર સુદ ચૌદસે વઢવાણ તરફ વિહાર કરે છે.

જેમનો આશ્ચર્યકારી પ્રભાવના ઉદય વર્તી રહ્યો છે એવા કલ્યાણબોધક વાણીનો વરસાવનાર ગુરુરાજના પુનિત પ્રતાપે સૌરાષ્ટ્રભરમાં જૈનશાસનના જયનાદ—જયકાર ગાજી રહ્યા છે, મહાન પ્રભાવના થઈ રહી છે અને નિત નિત મંગલ મહોત્સવો ઉજવાઈ રહ્યા છે. સૌરાષ્ટ્રના ભક્તજનોને જિનેન્દ્ર ભગવંતોના ભેટા થઈ રહ્યા છે અને પંચકલ્યાણક જેવા અદ્‌ભુત મહોત્સવો ઉજવવાનું મહાન સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. જુઓને! માત્ર ૪૦ દિવસમાં જ ત્રણ પંચકલ્યાણક પ્રતિષ્ઠાઓ થઈ છે. થોડાં વર્ષો પહેલાં દિગંબર ધર્મ શું છે તેની સૌરાષ્ટ્રના લોકોને ખબર જ ન હતી. પરંતુ હવે તેને બદલે આત્મ-અભિમુખ એવા ગુરુવરના અલૌકિક ધર્મપ્રભાવથી ઠેર ઠેર દિગંબર જૈનધર્મના ઊંડા મૂળ રોપાયા છે. નવા નવા મંદિરોને કારણે સૌરાષ્ટ્ર એક તીર્થધામ બની ગયું છે અને મંગલ ધર્મપ્રભાવના દિન દિન વૃદ્ધિંગત થતી જાય છે.

ચૈત્ર વદ ચોથ : આજે તત્ત્વતળસ્પર્શી વાણી વરસાવનાર ગુરુરાજનું વઢવાણમાં

આગમન થાય છે. અહીં ચૈત્ર વદ છઠ્ઠથી આઠમ સુધી વેદી પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાય છે. પૂજ્ય બહેનશ્રીના જાતિસ્મરણ જ્ઞાન દિવસે જિનમંદિરમાં મૂળનાયક વિદેહીનાથ શ્રી સીમંધરપ્રભુ બિરાજમાન થાય છે. સાત દિવસ વઢવાણમાં બિરાજી અગીયારસે વિહાર કરી અધ્યાત્મસિંહપુરુષ ગુરુદેવશ્રી જોરાવરનગરને પાવન કરે છે અને ત્યાંથી બીજે દિવસે વિહાર કરી સુરેન્દ્રનગર પધારે છે.

સુરેન્દ્રનગરમાં ચૈત્ર વદ અમાસથી વૈશાખ સુદ ત્રીજ સુધી શ્રી શાંતિનાથપ્રભુનો વેદી પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાય છે, જે દરમ્યાન સમયસારજીની તેરમી ગાથા ઉપર તત્ત્વને સ્પષ્ટ, સરળ, સુગમ રીતે સમજાવતા પ્રવચનો થાય છે.

વૈશાખ સુદ બીજના મંગલ-પાવન દિને અધ્યાત્મનું પ્રબળ આંદોલન ફેલાવનાર ગુરુવર્યનો ૬૫મો જન્મોત્સવ ભક્તોની ભવ્ય ભક્તિ સહિત ઉજવાય છે.

અહો! ધન્ય તે વૈશાખ સુદ બીજ, ઉમરાળા નગરી અને માતા ઉજમબા! કે જેમણે કહાનગુરુદેવ જેવા ધર્મરત્નને જન્મ આપી અનાથ આત્માર્થીઓને સનાથ કર્યા. ભારતના ભવ્ય જીવો ભાન ભૂલી ભૂલા પડ્યા હતા, સંતની છાયા વિના નિરાધાર બન્યા હતા. એવા સમયે ભાગ્યવાન જીવોનો ઉદ્ધાર કરવા અંતર્બાહ્ય પવિત્ર જીવન જીવનાર ગુરુવર્યનો અવતાર થયો. અપ્રતિહત મુક્તિમાર્ગે નિઃશંકપણે વિચરતા ગુરુરાજ તે જ માર્ગે ભક્તોને દોરી રહ્યા છે કે તમે નિર્ભય થઈ આ માર્ગે ચાલ્યા આવો.

હે ગુરુવર! આપના પુનિત પ્રભાવના યોગે આજે સૌરાષ્ટ્રમાં વીતરાગ દિગંબર ધર્મનું એક અમિટ આંદોલન પ્રસરી ગયું છે. જે પ્રભાવનાનું મંગલ કાર્ય ભગવંત શ્રી કુંદકુંદાચાર્યે ગિરનાર ઉપર કર્યું હતું તેવું જ સનાતન સત્ય માર્ગની પ્રસિદ્ધિનું મહિમાવંત કાર્ય આપના થકી થઈ રહ્યું છે. જ્યાં અન્ય માર્ગની અધિકતા છે અને વીતરાગ દિગંબર માર્ગનું નામ પણ કોઈ જાણતું નથી એવી આ ભૂમિમાં સ્વાનુભવભીની સમ્યક્ વાણી વડે દિગંબર ધર્મની સનાતન સત્યતા સિદ્ધ કરી હજારો નામધારી જૈનોની તથા અજૈનોની શ્રદ્ધામાં આમૂલ પરિવર્તન સહજપણે છતાં ચમત્કારિક રીતે આપ કરી રહ્યા છો. ગામેગામ જિનમંદિરનું નિર્માણ, તેમાં જિનેન્દ્રદેવની પ્રતિષ્ઠા તથા જિનવાણી પ્રકાશન વડે આપે દિગંબર જૈનધર્મની બુઝાયેલી જ્યોતને ફરી પ્રજ્વલિત કરી છે, માર્ગનો પુનઃ ઉદ્ધાર

કર્યો છે. હે ગુરુવર! આપનું કાર્ય આચાર્યવર શ્રી નેમિચંદ્રદેવના 'પ્રભાવના સુવર્ણયુગ'નું સ્મરણ કરાવે છે. વાહ! કેવો તીર્થંકર-આચાર્યતુલ્ય આપનો અદ્ભુત વિસ્મયકારી ઉત્તમ સહજ પ્રભાવના યોગ!!

હે ગુરુદેવ! અમ ભક્તોને જગતના કોઈપણ વિષયોની આકાંક્ષા-અભિલાષા નથી, માગણી નથી. બસ, એટલું માગીએ છીએ કે અમોને જે કોઈ અલ્પ ભવ રહ્યા છે તેમાં આપશ્રીનાં ચરણકમળની સેવા જ હો. આપશ્રીના ચરણની રજ બનીને રહીએ એ જ માગણી છે. 'માગું આદરવૃદ્ધિ તોય તુજમાં એ હાર્દની લાગણી.'

હે શિવપંથી ગુરુરાજ! અમ બાળકોને ભયાનક ભવવનમાં મહત્પુણ્યયોગે આપશ્રી જેવા ભોમિયાનો ભેટો થયો તેનાથી ઉત્તમ વસ્તુ જગતમાં કઈ છે કે જેની અમે આશા કરીએ? માગણી કરીએ? છતાં કોઈ હજુ વધારે માગવાનું કહે તો, આપશ્રી પ્રત્યેનો અહોભાવ—આદરભાવ—ભક્તિભાવ અમારા હૃદયમાં વૃદ્ધિગત થાઓ એ અમારી અંતર્ગત ભાવના છે. આ સિવાય આ વિશ્વમાં માગવા જેવું બીજું છે પણ શું? અંતરમાં એક જ્ઞાયકદેવ અને બહારમાં વિકલ્પકાળે એક આપશ્રી—બસ, આ જ અમોને પ્રાપ્ત હો. આ સિવાય બીજું કાંઈ અમોને જોઈતું નથી, બીજું અમોને હશો પણ નહીં.

અહો! જેઓશ્રીનાં ઉપયોગરૂપી ઝરણા અમૃતમય થયા છે, તત્ત્વજ્ઞાનથી નીતરતી જેમની વાણી છે અને પવિત્ર જ્ઞાન-વૈરાગ્યમય સાધના વડે જેઓ ચૈતન્યનંદનવનમાં વિચરે-વિહરે છે એવા આ સંતના જન્મ-મહોત્સવ ઉજવવા મળે એ પણ મહાભાગ્ય છે.

—આ પ્રકારે, ભક્તિભાવનાપૂર્વક ભક્તો ગુરુ જન્મ-જયંતિ ઉજવે છે.

સુરેન્દ્રનગરમાં સાત દિવસ બિરાજી ચૈતન્યસ્પર્શી વાણી સુણાવનાર ગુરુદેવશ્રી વૈશાખ સુદ ચોથે વિહાર કરે છે. કેરાળા, લીંબડી, ચુડા થઈ વૈશાખ સુદ દસમે રાણપુરને પાવન કરે છે. અહીં અગીયારસથી તેરસ સુધી વેદી પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાય છે. અંતિમ દિવસે મૂળનાયક શ્રી મહાવીરપ્રભુ આદિ ભગવંતોની પ્રતિષ્ઠા ગુરુવરના પાવન હસ્તે થાય છે. અહીં સાત દિવસ ભવભયભેદિની વાણી દ્વારા શ્રી પદ્મનંદી પંચવિંશતિનો નિશ્ચયપંચાશત્ અધિકાર સમજાવી વૈશાખ વદ બીજે બોટાદ તરફ પ્રયાણ કરે છે.

વૈશાખ વદ ત્રીજ : અપૂર્વ જેમનો વચનયોગ છે એવા ગુરુરાજનું બોટાદમાં આગમન થતાં ભક્તો સ્વાગત કરે છે. અહીં પાંચમથી સાતમ સુધી વેદીપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાય છે. છેલ્લે દિવસે મૂળનાયક શ્રી શ્રેયાંસનાથ આદિ ભગવંતોને જિનમંદિરમાં બિરાજમાન કરવામાં આવે છે.

અહીં વીરચંદભાઈ ડગલી કહે : 'દેવ-શાસ્ત્ર-ગુરુ તો શુદ્ધ છે, છતાં પર છે?' ઉત્તર મળે છે : 'હા ભાઈ! લાખવાર પર છે, તે સ્વદ્રવ્ય નથી. કેમ કે તેમના લક્ષે વિકાર જ થાય છે, વીતરાગતા નહીં'. વળી નાગરભાઈના ભાઈ હરજીવનભાઈ કહે : 'મહારાજ! આપ કહો છો કે આત્માએ પર વિના ચલાવ્યું છે. પણ શું પૈસા વિના ચાલે છે?' સમાધાન કરાવતા અદ્‌ભુત પ્રભાવશાળી ગુરુવર્ય ફરમાવે છે : 'ભાઈ! તમે આ શું કહો છો? જુઓ! એક વાત સાંભળો. આ આંગળીમાં બીજી આંગળીનો અભાવ છે. અરે! બીજી અનંત ચીજનો તેમાં અભાવ છે. તેનો અર્થ એ થયો કે આ આંગળીએ બીજા વિના જ ચલાવ્યું છે, બીજા વિના જ તે ટકી રહી છે. તે પોતાથી ભાવરૂપ છે અને બીજાથી અભાવરૂપ છે. બરાબર? તેવી જ રીતે આ આત્મામાં પૈસાનો અભાવ છે. તેથી તેણે પૈસા વિના જ ચલાવ્યું છે. અરે! રાગ વિના પણ ચલાવ્યું છે. હા, આત્માએ પોતાના અસ્તિત્વ વિના ચલાવ્યું નથી.' અહો! ન્યાયસભર વાતનો નકાર કોણ કરી શકે? કેમ કરી શકાય?

બોટાદમાં છ દિવસ સુધી બિરાજી આઠમને દિવસે વિહાર કરી વૈશાખ વદ નોમના દિવસે વીંછીયા પધારે છે. અહીં ચાર દિવસ—વૈશાખ વદ તેરસ સુધી—રોકાઈ ઉમરાળા તરફ પ્રસ્થાન કરે છે.

જેઠ સુદ બીજ : કલ્યાણકારિણી વાણીદાતા ગુરુદેવશ્રીનું જન્મધામ ઉમરાળામાં આગમન થાય છે. અહીં જેઠ સુદ પાંચમ—શ્રુતપંચમીના મંગલ પર્વ-સુધી ચાર દિવસના રોકાણ દરમ્યાન બીજથી ચોથ એમ ત્રણ દિવસ વેદી પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાય છે.

જેઠ સુદ ચોથ : આજે ભક્તોનો ઉત્સાહ ઉછળી પડે છે, કેમ કે એક તો સાક્ષાત્ ઉપકારી કહાન ગુરુરાજનું જન્મધામ અને તેમાં પણ પ્રશાંતમુદ્રાધારી પરમોપકારી વહાલા વિદેહીનાથની પધરામણી. જે ઘરમાં ગુરુ જનમ્યા તે ઘરમાં પ્રભુ બિરાજ્યા! જ્યાં વિદેહથી ગુરુ પધાર્યા ત્યાં વિદેહીનાથ પધાર્યા!! એટલે ભક્તિ—ઉમંગનું શું કહેવું?

સીમંધર લાડકવાયા—લઘુનંદન ગુરુવર્ય અનંત ઉપકારી સીમંધર ભગવાનને અંતરના પૂર્ણ ઉછરંગભાવે જિનમંદિરમાં બિરાજમાન કરે છે અને રત્નોના અર્ઘ વડે વધાવે છે. અહો! ભક્તને આંગણે ભગવાન પધાર્યા! સેવકને હૈયાના હાર પરમાત્મા ભેટ્યા! રંકને તારણહાર પ્રભુ મળ્યા! ગુરુને આંગણે પરમેશ્વર આવ્યા!! આ અનુપમ પ્રસંગ જોવાનું સૌભાગ્ય જેમના લલાટે લખાયું છે તે સર્વ પુણ્યવંત જીવોના હૈયા આનંદ-ઉલ્લાસથી ઉછળી જાય છે, ભક્તોની અપાર ભક્તિ છલકાય છે.

ત્યારબાદ જન્મધામના નીચેના ભાગમાં—જન્મસ્થાને—સ્વસ્તિક અંકિત ગુલાબી પાષાણનું ભવ્ય સુશોભિત મંગળ કમળ પૂજ્ય બહેનશ્રીબેનના હસ્તે સ્થાપિત થાય છે. આ ધન્ય પ્રસંગે આસપાસ ગામના ધર્મ જિજ્ઞાસુઓ પણ આવે છે. અંતે, આનંદાયી પ્રતિષ્ઠાની ખુશાલીમાં નીકળેલી જિનેન્દ્રદેવની રથયાત્રામાં હાથી પણ જોડાય છે અને આકાશમાંથી હેલિકોપ્ટર દ્વારા પુષ્પવૃષ્ટિ પણ થાય છે.

આ પ્રકારે માત્ર ત્રણ મહિનામાં પોરબંદર, મોરબી, વાંકાનેર એ ત્રણ શહેરોમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠાથી અને વઢવાણ, સુરેન્દ્રનગર, રાણપુર, બોટાદ, ઉમરાળા એ પાંચ નગરોમાં વેદી પ્રતિષ્ઠા વડે આખું સૌરાષ્ટ્ર જિનેન્દ્રદેવના પ્રભાવથી શોભી ઊઠે છે, જિનભગવંતોની મહિમા ગાવા લાગે છે. આ સર્વ પ્રતિષ્ઠા પ્રસંગોએ 'વીસ વિહરમાન જિન પૂજન વિધાન' થાય છે અને ગુરુવર ભક્તિભીના ચિત્તથી જિનેન્દ્ર ભક્તિ કરાવે છે. પોરબંદરમાં શ્રી નિયમસારજી અને અન્યત્ર શ્રી સમયસારજીની સ્થાપના થાય છે. પ્રતિષ્ઠા વિધિ કરાવવા ઈન્દૌરના પ્રતિષ્ઠાચાર્ય પંડિત શ્રી નાથુલાલજી આવે છે અને અજમેરની ભજનમંડળી પોતાનો ભક્તિભાવભર્યો સૂર પૂરાવે છે.

પૂજ્ય ભગવતી માતાના શબ્દોમાં કહીએ તો : 'પૂજ્ય ગુરુદેવ તો ધર્મચક્રી છે. ધર્મધ્વજાને દેશોદેશમાં ફરકાવે છે...ચોથા કાળમાં તો પંચકલ્યાણક પ્રત્યક્ષ જોવા મળતાં, પણ વર્તમાનમાં પૂજ્ય ગુરુદેવના પ્રતાપે સ્થાપના તરીકે ઘણા પંચકલ્યાણક જોવા મળે છે. ગુરુદેવે ગામ-નગરે ઠેર-ઠેર જિનાલયો અને જિનેન્દ્ર ભગવંતોની પ્રતિષ્ઠા કરી છે, સૌરાષ્ટ્રભરમાં દિગંબર માર્ગની સ્થાપના કરી છે, વીતરાગ શાસનનો ઉદ્યોત કર્યો છે. એવા શાસનસ્તંભ હે ગુરુદેવ! આપના કાર્યો અજોડ છે, આ કાળે અદ્વિતીય છે.'

ગિરનારજીની યાત્રા, આઠ પ્રતિષ્ઠા ને વીતરાગ વાણીની અમૃતવર્ષા વગેરે મહાધર્મપ્રભાવનાના અનેક મંગલ કાર્યો વડે સૌરાષ્ટ્રનો ૪ાા મહિનાનો પરમ પુનિત પ્રભાવશાળી વિહાર પૂર્ણ કરીને જેમની શીતલ છાયા કળિકાળમાં કલ્પવૃક્ષ સમાન શાંતિદાયક છે એવા ગુરુદેવશ્રી સાધનાધામ સુવર્ણપુરી પધારવા પ્રયાણ કરે છે. આ વિહારપ્રવાસ દરમ્યાન ગુરુવર સ્વયંના પવિત્ર ચરણકમળથી અનેક નગરીને પાવન કરે છે અને મધુરી વાણીની બંસરીથી ઠેર-ઠેર મુક્તિસંદેશ આપે છે. સૌરાષ્ટ્રના જિજ્ઞાસુ ભક્તો ભાવના ભાવે છે : 'ચૈતન્યસ્પર્શી ગુરુવર્યના પાવન પ્રતાપે અમને જિનદર્શન-પૂજન-ભક્તિનો અમૂલ્ય ને અપૂર્વ યોગ મળ્યો છે. હવે હૃદયમંદિરમાં આત્મદેવની પ્રતિષ્ઠા કરાવો, જેથી ઉપયોગભૂમિમાં ચૈતન્યપ્રભુ પધારે અને સ્વાનુભૂતિ પ્રગટે.'

જેઠ સુદ છઠ્ઠ, તારીખ ૬-૬-૫૪, રવિવાર : આજે સંપૂર્ણ સોનગઢ નગરીને શણગારવામાં આવે છે, કેમ કે જિનશાસનની સાતિશય અદ્‌ભુત પ્રભાવનાના કાર્યો કરી ગુરુવર પુનઃ સોનગઢ પધારી રહ્યા છે. આ સ્વાગત-મહોત્સવમાં ભાગ લેવા બહારગામથી પણ ઘણા ભક્તો આવે છે. અરે! હાથી પણ આવે છે. જિનશાસનને ઉન્નતિના શિખરે લઈ જનાર ગુરુદેવશ્રીનું આગમન થતાં ભક્તો પુષ્પવૃષ્ટિ કરીને અંતરના ઉમળકાથી—વિશિષ્ટ ભક્તિભાવથી—હૈયાની ઉર્મિથી—ભવ્ય સ્વાગત કરે છે.

અનાથના નાથ ગુરુરાજ પધારતા ચારે બાજુ પ્રસન્નતા છવાઈ જાય છે. સુનુ લાગતું સ્વાધ્યાય મંદિર જીવંત બને છે. શ્રી સીમંધરનાથના દર્શન કરી સ્વાધ્યાય મંદિરમાં અસીમ ઉપકારી ગુરુદેવશ્રી માંગલિક ફરમાવે છે અને પૂજ્ય બહેનશ્રીબેન સ્વાગત ગીત ગવરાવે છે. આ વિહારમાં જગત ઉદ્ધારક ગુરુવરની મંગલકારી છાયામાં જિનેન્દ્ર શાસનની મહાન પ્રભાવનાના અનેક પ્રસંગો ઠેર-ઠેર બન્યા છે. દિન-દિન વૃદ્ધિગત આ પરમ પવિત્ર ધર્મપ્રભાવ થોકબંધ સુપાત્ર ભવ્યજીવોનું કલ્યાણ કરે છે.

જેઓશ્રીનું જીવન પવિત્ર છે અને ઉપદેશ અપૂર્વ છે એવા ગુરુરાજ ઉપર એક પત્ર આવે છે. તેમાં લખ્યું છે કે : 'આચાર્યશ્રી અકલંકદેવ અને પંડિતપ્રવર ટોડરમલજી જેવા ધર્મપ્રભાવક શ્રી કાનજીસ્વામી છે.' અહો! ભક્તિનો ઉમળકો ઉછળે ત્યાં ભાવના દબાયેલી કેમ રહે?

ક્ષુલ્લક ચિદાનંદજી પ્રશ્ન કરે છે : 'જીવદ્રવ્ય શુદ્ધ છે અને તેના ગુણો પણ શુદ્ધ છે, તો પછી પર્યાયમાં વિકાર થયો કેવી રીતે? તેનું કારણ કોણ છે? અર્થાત્ તે કર્મથી થયો છે ને?' સમાધાન : 'ના, પોતાની પર્યાયના અપરાધથી—અજ્ઞાનથી— તે થયો છે. અજ્ઞાનીની પર્યાયનો ધર્મ છે કે વિકાર થાય.' જીવે સ્વયં ભૂલ કરી છે તેનો સ્વીકાર થવો જોઈએ ને? ગુરુદેવશ્રીના પરિચયથી ચિદાનંદજી એવા ઉત્સાહિત થાય છે કે એક સાધર્મીને પત્ર લખીને જણાવે છે કે જો વસ્તુનું સાચું સ્વરૂપ સમજવું હોય તો સોનગઢ આવો.

જેમ જેમ અધ્યાત્મકેસરીસિંહ ગુરુવરના સિંહનાદથી સત્પ્રભાવના વધતી જાય છે તેમ તેમ તેઓ જે અપૂર્વ તત્ત્વજ્ઞાન સમજાવે છે તે શ્રવણ કરવા દૂર દૂર પ્રાંતના જિજ્ઞાસુ તલસે છે. ફળસ્વરૂપે ઈંદૌર, ખંડવા, ઉદેપુરથી ખાસ માગણી આવવાથી ભાદરવા મહિનામાં પર્યુષણ પર્વ ઉપર આ નગરોમાં પ્રવચનકાર મોકલવામાં આવે છે, જેનો હજારો તત્ત્વપ્રેમી જીવો લાભ લે છે.

પાત્ર જીવોના હૃદયના ઊંડાણને સ્પર્શતી વાણી વરસાવનાર ગુરુવર્ય સુવર્ણપુરીમાં પર્વાધિરાજ દશલક્ષણી પર્યુષણ પર્વ દરમ્યાન શ્રી અમૃતચંદ્રાચાર્યકૃત તત્ત્વાર્થસારમાંથી ઉત્તમ ક્ષમાદિ દશધર્મો ઉપર સારભૂત પ્રવચનો આપે છે.

આ વર્ષની એક ખાસ ઘટના : વીતરાગસુગંધથી મહેકતી વાણી વરસાવી ભક્તોના આત્મિક વીર્યને ઉછાળનાર ગુરુદેવશ્રી જૈનદર્શનનો અત્યંત મહત્ત્વનો સિદ્ધાંત અને પોતાનો અતિપ્રિય પ્રાણપ્યારો વિષય એવા ક્રમબદ્ધપર્યાય અને સર્વજ્ઞતા ઉપર ભાદરવા વદ બારસ થી આસો સુદ ચોથ સુધી વિસ્તૃત ખુલાસા સહિત એકધારા આઠ પ્રવચન આપે છે. શ્રી સમયસારજી ગાથા ૩૦૮ થી ૩૧૧ ઉપરના આ પ્રવચનોમાં આ વિષય ઘૂંટાવતા તેઓશ્રીને એવા હર્ષ-ઉત્સાહ ઉછળે છે કે ફરીને આ જ વિષય ઉપર આસો સુદ ૭ થી ૧૧ સુધી બીજા પાંચ પ્રવચન આપે છે. વિપરીત કલ્પનાઓનું નિરાકરણ કરનાર તથા જૈનશાસનના ઊંડા હાર્દને સ્પષ્ટપણે સમજાવનાર અલૌકિક, અપૂર્વ, અદ્‌ભુત, અનુપમ એવા આ કુલ ૧૩ પ્રવચન કાળાંતરે 'જ્ઞાનસ્વભાવ અને જ્ઞેયસ્વભાવ' એ નામે પુસ્તકરૂપે પ્રસિદ્ધ થાય છે. આ પ્રવચનોની વિશિષ્ટતા એ છે કે સ્વરૂપદાતા ગુરુવરે આત્માર્થને પુષ્ટ કરનાર આ પ્રવચનો વાંચી જવાની કૃપા કરી છે.

(૧) જ્ઞાયકસન્મુખ દૃષ્ટિના અપૂર્વ પુરુષાર્થ વગર ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય થતો નથી.

(૨) જ્ઞાયક સામે નજર રાખીને જ ક્રમબદ્ધપર્યાયનો યથાર્થ નિર્ણય થાય છે.

(૩) જ્ઞાયકસ્વભાવ સમજે તો જ ક્રમબદ્ધપર્યાય સમજાય. રાગની રુચિવાળો ક્રમબદ્ધપર્યાય સમજ્યો જ નથી.

(૪) એક કારણશુદ્ધપર્યાય અને બીજી ક્રમબદ્ધપર્યાય—આ બે વાત સૂક્ષ્મ છે, પણ જો બેસે તો કલ્યાણ થઈ જાય.

(૫) ભાઈ! એકવાર વજ્રભીંત જેવો યથાર્થ નિર્ણય તો કર! કે હું જ્ઞાયક છું ને આ પદાર્થોનું સ્વતંત્ર ક્રમબદ્ધ પરિણમન થાય છે. બસ, આમાં બધો સાર આવી જાય છે.

(૬) ક્રમબદ્ધપર્યાયના સ્વીકારમાં પુરુષાર્થ ઉડે નહીં અને ક્રમ પણ તૂટે નહીં.

(૭) સમજણથી જ જીવનની સફળતા છે.

(૮) પોતાના જ્ઞાનસ્વભાવને સામે રાખીને વિચારે તો આ ક્રમબદ્ધપર્યાયની વાત સીધીસટ બેસી જાય તેવી છે.

(૯) આ તો અલૌકિક વાત બહાર આવી ગઈ છે. જે સમજશે તે ન્યાલ થઈ જશે.

(૧૦) આ અલૌકિક અચિંત્ય અધિકાર છે, તેથી ફરીને વંચાય છે. વારંવાર ઘૂંટીને અંતરમાં પરિણમાવવા જેવી આ મુખ્ય વાત છે.

ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ફરમાવે છે : ‘સમયસાર તે સમયસાર. તેના જેવું સર્વોત્કૃષ્ટ બીજું કોઈ નથી. ગુરુદેવ તે ગુરુદેવ જ છે. તેમના જેવું બીજું કોણ થાય? એક જગત્ચક્ષુ સમયસાર તો બીજા જગત્ચક્ષુ ગુરુદેવ. સમયસારને બતાવનારા તે એક, તેમના જેવા બીજા કોઈ નહીં.’

આ વર્ષના અંતે દીપાવલી પર્વ પ્રસંગે વરસેલી ગુરુવાણીમાં ચાલો, સ્નાન કરીએ : ‘અહો નાથ! અંતરની શક્તિના અવલંબને આપ સર્વજ્ઞ થયા અને અમને એ માર્ગ બતાવ્યો. હે ભગવાન! આપની પ્રસન્નતા પ્રાપ્ત કરીને હું આત્મબોધ પામ્યો. હે પ્રભુ! હું પણ તારા પગલે-પગલે ચાલ્યો આવું છું’.

આ રીતે જે વર્ષે ત્રણ પંચકલ્યાણક ને પાંચ વેદી પ્રતિષ્ઠાઓ થઈ તે 'જિનેન્દ્ર પ્રતિષ્ઠા વર્ષ' વિક્રમ સંવત ૨૦૧૦ પૂર્ણતાને પામે છે.

અપૂર્વ ગુણધારી, અદ્ભુત—અચિંત્ય-મહાન આત્મા ગુરુદેવનાં ચરણોમાં વારંવાર નમસ્કાર.

❇ ❈ ❇



## ❊ વિક્રમ સંવત ૨૦૧૧ (ઇસ્વી સન્ ૧૯૫૪-૫૫) ❊

(૧) દેહથી ભિન્નતાનું ભાન એવું દૃઢ હોવું જોઈએ કે દેહ કાલે પડે કે આજે, તે મારું સ્વરૂપ છે જ નહીં, હું તો અશરીરી સિદ્ધસ્વરૂપ છું એવી ભાવના નિરંતર રહે.

(૨) હે આત્મા! હવે બસ કર! બસ કર! પરિભ્રમણનો અંત કર.

(૩) 'હું મુક્ત છું' એવી પ્રતીતિ વગર મુક્ત થવાનું વીર્ય સ્ફૂરશે નહીં અને મુક્તિ થશે નહીં.

(૪) અમે અપ્રતિહતભાવે અંતરસ્વરૂપમાં ઢળ્યા છીએ. હવે અમારી પરિણતિને રોકવા જગતમાં કોઈ સમર્થ નથી.

(૫) તત્ત્વજ્ઞાન વડે જીવનની હરપળને સફળ કરો, ધન્ય બનાવો.

(૬) જેટલો કાળ પરને માટે ગાળે છે તેટલો કાળ જો સ્વને માટે ગાળે તો કલ્યાણ થયા વિના રહે નહીં.

(૭) પોતાના આત્મામાં સિદ્ધપણું સ્થાપવું તે ધર્મની અપૂર્વ-મંગલ શરૂઆત છે.

(૮) પરમાત્મશક્તિનો વિશ્વાસ ને આત્મવીર્યનો ઉલ્લાસ હોય તો માર્ગ મળ્યા વિના રહે નહીં.

(૯) શરીરમાં કે શરીર વડે ધર્મ નથી તેમ જ પુણ્યમાં કે પુણ્ય વડે ધર્મ નથી. હા, પર્યાયમાં ધર્મ થાય છે, પરંતુ પર્યાય વડે ધર્મ થતો નથી.

(૧૦) ધર્મનું મૂળ સર્વજ્ઞ છે. માટે ધર્મ કરવો હોય તો સર્વજ્ઞને ઓળખ.

(૧૧) સર્વજ્ઞને કબૂલ કરનારને ક્રમબદ્ધ કબૂલ કરવું જ પડશે.

(૧૨) નિમિત્તનું અસ્તિત્વ કાર્યની પરાધીનતા નથી સૂચવતું.

સિંહવૃત્તિધારક ગુરુવરની આત્માને સ્પર્શીને આવતી અનુભવથી રસબસતી આવી સુમધુર વાણી દુઃખી જીવોને સુખમાર્ગ દેખાડે છે, મુંઝાયેલા માનવને મુક્તિ પ્રેરણા આપે છે ને અજ્ઞાનથી અંધ આત્માઓને નવી દૃષ્ટિ આપે છે. સ્વાનુભૂતિયુગપ્રવર્તક ગુરુવર પ્રતાપે જૈનધર્મનું પાટનગર એવી સુવર્ણપુરીમાં નિત્ય તત્ત્વજ્ઞાનચર્ચાની શીતળ લહેરીઓ વાય છે.

માગશર વદ ૮ : શ્રી મોક્ષમાર્ગપ્રકાશક ઉપરના પ્રવચનો પૂર્ણ થતાં આજે—આચાર્યપદવી આરોહણના મંગલ દિવસે—સ્વાનુભવસુધાભીની સાધનાના સાધક ગુરુવર્યના પરમાગમ શ્રી નિયમસારજી ઉપરના સ્વરૂપમાં સમાઈ જવાની ભાવના જગાડનારા ત્રીજી વારના પ્રવચનોનો પ્રારંભ થાય છે.

ફાગણ વદ અમાસ : ગ્રંથાધિરાજ શ્રી સમયસારજી ઉપરના જ્ઞાયકદેવના મંગલ દર્શન કરાવતા ૧૦મી વખતના પ્રવચનો સમાપ્ત થાય છે અને ચૈત્ર સુદ બીજથી શાશ્વત શાંતિનો માર્ગ દેખાડતા શ્રી પ્રવચનસારજી ઉપરના અધ્યાત્મપથદર્શક ત્રીજી વારના પ્રવચનોની શરૂઆત થાય છે.

વૈશાખ સુદ બીજ : જેઓશ્રીનાં ચૈતન્યના પ્રદેશે પ્રદેશે શ્રુતજ્ઞાનના દીપક પ્રકાશી રહ્યા છે એવા ગુરુરાજનો ૬૬મો જન્મ મહોત્સવ ઉત્સાહ-ઉમંગથી ઉજવાય છે. ભક્તો ભાવાંજલિ અર્પે છે.

જૈનશાસનના પુનિત ગગનમાં ૬૫ વર્ષ પહેલાં એક ચળકતા ચૈતન્યભાનુનો ઉદય થયો હતો. એ સુવર્ણસૂર્યના વચનકિરણો આત્મિક વીર્ય-શૌર્યના ઝગમગાટથી વિભાવને ભેદી મુક્તિનો માર્ગ પ્રકાશિત કરે છે. અહો! એ વચનકિરણમાં આવું તેજ—અપૂર્વ ચમક—છે તો એ જ્ઞાનભાનુનો પ્રકાશ કેવો દિવ્ય હશે?

હે જૈનગગનના જ્ઞાનભાનુ! આપે દિવ્ય સમ્યક્જ્ઞાનપ્રકાશ વડે જિનશાસનને પ્રકાશિત કર્યું છે. અજ્ઞાન-અંધકાર દૂર કરી સુપ્રભાત ખીલવ્યું છે.

હે મુક્તિસંદેશ સુણાવનાર! ભેદજ્ઞાનનો ઝણઝણાટ કરતી, જ્ઞાયકસન્મુખ લઈ જતી આપની વાણીની અદ્ભુત અમૃતધારા અમ મુમુક્ષુહૃદયને ડોલાવી દે છે. આપશ્રીનાં ઉપદેશામૃતની ધારા ઝીલી અંતર્મંથન વડે અપૂર્વ તત્ત્વનો નિર્ણય કરી તદ્રૂપ પરિણમન કરીએ એ જ પરમ કર્તવ્ય-ધ્યેય છે. આ માટે આપશ્રી અહર્નિશ પ્રેરણા ને પ્રોત્સાહન આપી અચિંત્ય ઉપકાર કરી રહ્યા છો.

ચારે તરફ સંસારમાં કષાયનું વાતાવરણ છવાઈ ગયું છે ત્યારે જગતથી ભિન્ન આત્મહિતનો અપૂર્વ કલ્યાણકારી રાહ આપશ્રી બતાવી રહ્યા છો એ અમારું મહાન

સૌભાગ્ય છે. આપશ્રીની ભવભ્રમણનો ભય ભાંગનારી વાણી જગતના ક્લિષ્ટ વાતાવરણથી દૂર આત્મિક શાંતિના માર્ગે લઈ જાય છે. બસ, આપશ્રીએ બતાવેલા પંથને ઓળખીએ ને તેને અનુસરીએ, ભક્તિદિપકથી આપશ્રીને સન્માનીએ અને આપશ્રીનાં જ્ઞાનકિરણો ઝીલી જ્ઞાનપ્રકાશ પ્રગટાવીએ એ જ મંગલ ભાવના છે.

આ પ્રસંગે સૌરાષ્ટ્રભરમાંથી તેમ જ રંગૂન, કલકત્તા, મુડબિદ્રી, લાડનૂ જેવા દૂર-દૂરના નગરોથી પણ ભક્તિભાવ વ્યક્ત કરતા તાર સંદેશાઓ આવે છે.

દિવ્યવિભૂતિ, અપૂર્વ ગુણધારી, જ્ઞાનનિધિ, જિનેન્દ્રના પરમ ભક્ત ગુરુવર્યના પ્રભાવથી અહોરાત્ર જિનધર્મની નિરંતર વૃદ્ધિ થઈ રહી છે. તેઓશ્રીની ચૈતન્યને જગાડનારી વૈરાગ્યપોષક સાતિશય વાણીના મધુર રણકારથી પ્રભાવિત થઈ સત્સમાગમ અર્થે સોનગઢમાં વસવાટ કરનારા તથા અનુપમ શ્રુતધારી ગુરુરાજના પ્રત્યક્ષ દર્શન–વાણીનો લાભ લેવા આવનારા આત્મહિતેચ્છુ, આત્માર્થભીનાં હૃદયવાળા જિજ્ઞાસુઓની સંખ્યા દિનપ્રતિદિન વધતી જાય છે. આથી નિત્ય દર્શન-પૂજન-ભક્તિ માટે પણ જિનમંદિર નાનું પડવા લાગે છે. આ કારણે ઘણા વખતથી ભક્તોને ભાવના રહ્યા કરતી હતી કે આ મંદિરનો જિર્ણોદ્ધાર કરી વિસ્તૃત કરવામાં આવે. આજના ૬૬મા જન્મોત્સવ પ્રસંગે આ ભાવના સાકાર કરવાની જાહેરાત કરવામાં આવે છે.

એકવાર સહજાનંદમય આત્માની પવિત્ર અનુભૂતિ કરનાર ગુરુરાજ ફરમાવે છે : 'કોઈ એવા ભાવ થઈ ગયા એટલે અહીંયા આવ્યા છીએ, નહીંતર અમારા જન્મ અહીંયા ન હોય.' હે મંગલમૂર્તિ! અમારા કોઈ મહત્પુણ્યે આપ અહીં પધાર્યા છો...


અષાઢ વદ ત્રીજ : શ્રી નિયમસારજી ઉપરના ત્રીજી વારના અપૂર્વ માર્ગ પ્રકાશક પ્રવચનો પૂર્ણ થાય છે ને શ્રી અષ્ટપાહુડ ઉપરના પાખંડોને જડમૂળમાંથી ઉખેડી નાખનારા પ્રવચનો શરૂ થાય છે.

ભાદરવા માસના પર્યુષણ પર્વ સમયે સાક્ષાત્ ચૈતન્યમૂર્તિ શ્રી કુંદકુંદાચાર્યદેવકૃત બાર ભાવનામાંથી ઉત્તમ ક્ષમાદિ દશ ધર્મો ઉપર શ્રુતરસમાં તરબોળ એવા પ્રવચનો થાય છે.

આસો સુદ દશમ : વિજયાદશમીના દિવસે મુંબઈ નગરીના ઝવેરી બજાર વિસ્તારમાં નૂતન જિનમંદિરનો શિલાન્યાસ મહોત્સવ ઉજવાય છે, જેમાં ત્રણ હજાર ભક્તો ઉમટે છે.

આ રીતે વિક્રમ સંવત ૨૦૧૧નું વર્ષ સમાપ્ત થાય છે.

સાતિશય જ્ઞાનધારી પરમ પ્રતાપી કહાનગુરુદેવને પરમ ભક્તિથી નમસ્કાર.



### ❊ વિક્રમ સંવત ૨૦૧૨ (ઈસ્વી સન્ ૧૯૫૫-૫૬) ❊

કારતક વદ પાંચમ : જિનમંદિરને વિશાળ ને ઉન્નત શિખરબદ્ધ કરવા જ્ઞાનાવતારી ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેમ જ ભક્તોના મંગલ ગીત ને ગગનગુંજી જયકારા વચ્ચે પૂજ્ય બહેનશ્રીબેનના સુહસ્તે શિલાન્યાસ થાય છે. ભાવભીના આ દૃશ્યથી મુમુક્ષુઓના હૃદય આનંદથી નાચી ઊઠે છે ને ગગનભેદી હર્ષનાદ કરે છે.

પોષ સુદ એકમ : ભક્તોના જીવનમાં વૈરાગ્યનું સીંચન કરનાર ગુરુદેવશ્રી એક મુમુક્ષુબહેનની અંતિમ સ્થિતિ હોવાથી દર્શન દેવા પધારે છે અને સંબોધન કરે છે : 'આત્મા જાણનાર છે તેનું લક્ષ રાખવું. આ દેહ, શ્વાસ ને આકુળતા—એ ત્રણેથી જુદો આત્મા જ્ઞાન, દર્શન ને આનંદ એ ત્રણ સ્વરૂપ છે તેનું લક્ષ રાખવું.' અહો! અશરણ સંસારમાં એક સત્પુરુષોની શીતળ વાણી—છાયા જ શરણભૂત છે.

આ જ મહિનામાં ગુણરત્નભરપૂર ગુરુદેવની એક મહાન ભેટ તેમ જ જૈન-સાહિત્યમાં એક અમૂલ્ય પ્રકાશન એવું 'જ્ઞાનસ્વભાવ ઔર જ્ઞેયસ્વભાવ' એ નામનું પુસ્તક હિન્દીમાં પ્રકાશિત થાય છે.

ફાગણ સુદ ૧૪ : ગઈ કાલે શ્રી અષ્ટપાહુડ ઉપરના પ્રવચનો પૂર્ણ થતાં, દુઃખી થઈને પોકાર કરતા ને સુખ માટે અથડાતા જીવોને શાશ્વત સુખનો રાજમાર્ગ બતાવતું શાસ્ત્ર શ્રી સમયસારજી ઉપરના સ્વરૂપજીવન જીવનાર ગુરુરાજના ૧૧મી વારના પ્રવચનો આજે શરૂ થાય છે. આ પરમાગમ ગમે તેટલી વાર વંચાય તો પણ શ્રોતા ને વક્તાનો રસ વધતો જ જાય છે. આ, સમયસારની કોઈ અદ્‌ભુત વિશિષ્ટતા છે, ચમત્કાર છે.

વૈશાખ સુદ બીજ : આજના મંગળ દિને મંગલ સુપ્રભાતે મંગલ ઘંટનાદ ને વાજિંત્રો વડે ભક્તમંડળ જેમનો ભેટો થવો પણ દુર્લભ છે એવા કહાનગુરુદેવના ૬૭મા જન્મોત્સવની સૂચના આપે છે. જન્મવધાઈ ગીતો ગાતા ગાતા મુમુક્ષુઓ દેવ-શાસ્ત્ર-ગુરુ દર્શને આવે છે, સ્વાધ્યાય મંદિરને ત્રણ પ્રદક્ષિણા ફરે છે અને ભક્તોના જીવન આધાર અજોડ રત્ન ગુરુદેવશ્રીનાં દર્શન-સ્તુતિ કરી ધન્યતા અનુભવે છે.

સવારના જિનેન્દ્રપૂજન પછી પ્રશમરસ ઝરતી ગુરુવાણી વહે છે અને ભક્તો સર્વસ્વ ઉપકારી ગુરુરાજ પ્રત્યે ઉપકાર ભાવના વ્યક્ત કરે છે :

સ્વરૂપ આરામી ગુરુવર્યનો બાહ્યાંતર વૈભવ ત્રિકાળ જયવંત વર્તો! કે જેથી અમોને જિનેન્દ્રદેવ, જિનાલય ને આત્મદેવ મળ્યા.

અમોને સમ્યક્ માર્ગે દોરી જનાર હે ગુરુરાજ! આપ ધન્ય છો કે જેઓ તત્ત્વચિંતનપૂર્ણ, વૈરાગ્યમય, ધ્યેયલક્ષી જીવન જીવી રહ્યા છો.

અપૂર્વ વાણી પ્રકાશક હે ગુરુદેવ! આત્માને સ્પર્શીને આવતી આપની વાણી અમારા આત્માને પણ સ્પર્શી જાય છે. આપની અદ્ભુત વાણીના પ્રતાપે સંયોગ પરિવર્તન કે મૃત્યુ સમયે જીવનમાં શાંતિ જ રહે છે.

હે અનેક આત્માર્થીઓના જીવન આધાર! ભવભ્રમણથી થાકેલા ભવ્યોના વિશ્રામસ્થાન આપ જ છો. ધર્મરંગથી રંગાયેલું આપશ્રીનું સહજ જીવન અંતર નજરથી જોવામાં આવે તો જ ખ્યાલમાં આવે એવું છે.

હે પરમ પ્રભાવી શાસનરત્ન! આપ અંતર આતમથી ઓપતા, સર્વાંગે શોભતા, મુક્તિમંડપ રોપતા પ્રભાવશાળી સંત છો.

હે જિનશાસનના અણમોલ રત્ન! પ્રભુતાના પંથે ચડેલા એવા આપ અમ આત્મામાં પ્રભુતાની સ્થાપના કરો છે ને ફરમાવો છો : હે ભાઈ! તારે જૈનશાસનનું સેવન કરવું હોય તો રાગનું સેવન છોડ. તને કર્મ રખડાવે નહીં ને ભગવાન તારે નહીં. ધર્મ તેને કહેવાય કે જેનાથી ભવનો અંત આવે. હે જીવ! તારા આત્મામાં એકવાર સર્વજ્ઞતાનો રંગ ચડાવ.

વૈશાખ સુદ બીજ એટલે અનાથના નાથનો અવતાર દિન. શાંતિદાતા સંતની નિશ્રા વિના બધા જિજ્ઞાસુ અનાથ હતા. હવે આ સંતની પધરામણી થતા આત્મહિતાર્થી જીવોએ જેટલો લઈ શકાય એટલો તેઓશ્રીનો લાભ લેવા જેવો છે. વિવેકી જનો આવા અવસરમાં પ્રમાદ કરતા નથી. જિનશાસનના અતિ મૂલ્યવાન આ રત્નને-વિભૂતિને જગત પારખે–ઓળખે એ જ અભિલાષા છે.

ભાવ વિનાની શુષ્ક ક્રિયાકાંડમાં જૈનધર્મ મનાઈ રહ્યો છે ત્યારે સહજાનંદમય

આત્માનો અનુભવ તે જૈનધર્મ છે એવી જોરદાર ઘોષણા કરી સાધનામાં અનુરક્ત એવા ગુરુદેવશ્રીએ બધાને પુરુષાર્થ કરવા પ્રેર્યા છે. સમ્યક્ત્વપરિણત ગુરુવર્યની તત્ત્વને દાંડી પીટીને જાહેર કરતી સ્વાનુભવરસઝરતી વાણી પાત્ર જીવોના હૃદયમાં સોંસરવટ ઉતરી ગઈ છે અને તેઓ હિતનો માર્ગ શોધવા લાગી ગયા છે. હવે મુક્તિમાર્ગ પ્રકાશિત થયો છે, શાસનમાં નૂતન તેજ પ્રગટ્યું છે.

આનંદધામ આત્મામાંથી સહજ ઝરતી પ્રચુર આનંદમય મુનિદશાના દર્શન તો દૂર રહ્યાં, એ દશાનું યથાર્થ નિરૂપણ કરનાર સત્પુરુષ પણ ક્યાં જોવા મળે છે? આવા દુર્લભ સત્સંગના યોગમાં તેમ જ કષાયથી બળબળતા કાળમાં ગુરુવર્યનાં પ્રતાપે તીર્થધામ સોનગઢમાં અધ્યાત્મજ્ઞાનના શીતળ જળનો જોરદાર ફુવારો ઉછળી રહ્યો છે અને તેના છાંટણાં આખા ભારતમાં અનેક સુપાત્ર જીવોને શાંતિ અર્પે છે. તેઓશ્રીનાં વિશાળ પ્રભાવનાવડલાની છાયા ગામેગામ પ્રસરી છે. બસ, હવે તો આ સત્સંગ સર્વાર્પણભાવે ઉપાસવા યોગ્ય છે તથા તેના ફળરૂપે જ્ઞાનાનંદમય સંપદા પ્રાપ્ત કરી લેવા જેવી છે કે જ્યાં વિપદાનો પ્રવેશ નથી ને જેની પાસે બધા જ બાહ્ય પદ અપદ ભાસે છે.

હે સ્વરૂપદાનદાતા દયાનિધિ! આપશ્રીની કલ્યાણકારી શીતળ વાણીનું અમોને સદા શ્રવણ-મનન હો ને તેમાં રહેલા ગહન ભાવોનું અવગાહન હો.

ઉપકારભાવના પછી ઉમરાળાના શ્રી રતિભાઈ નાગરદાસ ભાવભીની ગ્રામ્ય ભાષામાં ભક્તિ પ્રસ્તુત કરે છે : એક અદ્‌ભુત આત્મા વીરનો મારગ જાણતા.... એ પ્રભાવશાળી આતમા....

**એક અદ્‌ભુત આતમા, વીરનો મારગ જાણતા;**
**મુમુક્ષુઓ વખાણતા, એ પ્રભાવશાળી આતમા.**

**ઉમરાળાનો રહેવાસી, નામ પડ્યું મિથુન રાશિ;**
**શિવરમણીને છે પ્યાસી, એ પ્રભાવશાળી આતમા.**

**પાલેજથી તે ઓળખાયો, અનેકના દિલને ભાયો;**
**સુવર્ણપુરીનો મહારાયો, એ પ્રભાવશાળી આતમા.**

**કાનજીસ્વામી નામ છે, ભવ તરવાનું કામ છે;**
**આનંદી આતમરામ છે, એ પ્રભાવશાળી આતમા.**

સમયસારને છણનારો, સર્વ દોષને હણનારો;
મુક્તિને તે વરનારો, એ પ્રભાવશાળી આતમા.

આધ્યાત્મિક એ યોગી છે, આતમરસનો ભોગી છે;
શુદ્ધસ્વરૂપ-સંયોગી છે, એ પ્રભાવશાળી આતમા.

પૂરવ ભવમાં પામેલો, તે પણ સાથે લાવેલો;
તત્ત્વજ્ઞાનમાં રસઘેલો, એ પ્રભાવશાળી આતમા.

કુંદ-સીમંધર-વારસ છે, રત્નચિંતામણિ પારસ છે;
અંતર જેનું આરસ છે, એ પ્રભાવશાળી આતમા.

અંતરમાં ઓળખાણ છે, સર્વ શાસ્ત્રનો જાણ છે;
વાણી અમીરસ-ખાણ છે, એ પ્રભાવશાળી આતમા.

અંતરમાં ઉજમાળ છે, વ્યાખ્યાન અમૃતથાળ છે;
તે હૃદયનો વિશાળ છે, એ પ્રભાવશાળી આતમા.

આત્મ-મસ્તીમાં મસ્ત રહે, સઘળાનું એ હિત ચહે;
કર્મશત્રુને નિત્ય દહે, એ પ્રભાવશાળી આતમા.

મિથ્યાત્વનો વિરોધક છે, સત્ય તણો એ સ્થાપક છે;
પરમ શ્રુતનો બોધક છે, એ પ્રભાવશાળી આતમા.

મહા પ્રતાપી પુરુષ છે, ભેદજ્ઞાનનો સ્ફુરક છે;
જાણે ઊગતો સૂરજ છે, એ પ્રભાવશાળી આતમા.

અજબ એની સ્મૃતિ છે, ગજબ એની સ્ફૂર્તિ છે;
કેવળ કરુણામૂર્તિ છે, એ પ્રભાવશાળી આતમા.

અજબ-ગજબની વ્યક્તિ છે, અનોખી એની શક્તિ છે;
નિષ્કામ પ્રભુની ભક્તિ છે, એ પ્રભાવશાળી આતમા.

કરુણા અપરંપાર છે, પુણ્યશાળી પારાવાર છે;
તેને વંદન લાખો વાર છે, એ પ્રભાવશાળી આતમા.

વૈશાખ સુદ ૧૪ : અદ્ભુત અને સફળ જીવન જીવનાર જ્ઞાનદાતા ગુરુરાજના શ્રી પ્રવચનસારજી ઉપરના ત્રીજી વારના પ્રવચનો પૂર્ણ થાય છે અને વૈશાખ વદ એકમથી શ્રી પૂજ્યપાદ આચાર્ય રચિત શ્રી સમાધિશતક ઉપરના સન્માર્ગદર્શી પ્રવચનો શરૂ થાય છે.

અષાઢ સુદ ૧૪ ને ૧૫ : વિસ્તૃત થઈ રહેલ જિનમંદિરની છત (સ્લેબ) ભરવાની હોવાથી સતત બે દિવસ પૂજ્ય બહેનશ્રીબેન, મુ. શ્રી રામજીભાઈ વગેરે સહિત સમસ્ત મુમુક્ષુમંડળના ભાઈ-બહેનો ભક્તિ ગાતા-ગાતા ઉત્સાહથી શ્રમયજ્ઞમાં ભાગ લે છે. પૂજ્ય ગુરુદેવશ્રી પણ આ બે દિવસ પ્રવચન બંધ રાખે છે.

શ્રાવણ સુદ એકમ : અનેક ભક્તોને ઘણા વખતથી પરમ શ્રદ્ધેય ગુરુદેવશ્રી સાથે શાશ્વત સિદ્ધિધામ શ્રી સમ્મેદશિખરજીની યાત્રા કરવાની હૃદયગત ભાવના હતી. આજે મુક્તિપુરીના યાત્રિક ગુરુરાજ એ ભાવના ફળીભૂત થાય એવા નિર્ણયની જાહેરાત બપોરના ભક્તિ પછી કરે છે. આ સુવર્ણ વચનો સાંભળતા જ જોરદાર જયકાર ગજાવીને ભક્તો તેને વધાવી લે છે અને આનંદ-હર્ષ વ્યકત કરે છે. સર્વ ભક્તોના હૈયા યાત્રા કરવા થનગની ઊઠે છે ને પુલકિત થઈ જાય છે. ભારતભરમાં આ શુભસંદેશ પહોંચે છે અને ત્યાંથી પણ ખુશાલીના તાર-પત્રો આવવા લાગે છે.

શ્રાવણ સુદ ૧૫ : મુનિરક્ષાના પાવન પર્વે શ્રી પૂજ્યપાદ આચાર્ય રચિત શ્રી સમાધિશતક અર્થાત્ સમાધિતંત્ર ઉપરના સ્વાનુભવવિધિદર્શક પ્રવચનો પૂર્ણતાને પામે છે અને તે જ આચાર્ય વિરચિત શ્રી ઇષ્ટોપદેશ ઉપરના પ્રવચનોનો પ્રારંભ થાય છે.

ભાદરવા સુદ પાંચમ : પર્યુષણ પર્વનો પ્રથમ દિવસ, ઉત્તમ ક્ષમાધર્મ દિન. તારીખ ૯-૯-૧૯૫૬. આજે આવા વિલાસી કાળમાં જેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે એવી ઘટના ઘટે છે અને તે છે ચૌદ કુમારિકા બહેનોની બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા. જૈનજગતનો આ વિરલ ને ગૌરવ લેવા જેવો પ્રસંગ છે.

બાલ બ્રહ્મચારી ગુરુરાજ સ્વયં આત્માનુભવ કરી જ્ઞાનમૂર્તિ આત્માના દર્શન કેવી રીતે થાય તેનો ઉપાય બતાવતો પાવન ઉપદેશ એકધારો આપે છે. જેના પુનિત પ્રતાપે અનેકાનેક જિજ્ઞાસુ આત્મપ્રાપ્તિની ભાવનાથી તેની જ ગડમથલ કરે છે, તત્ત્વનું વાંચન-વિચાર-મંથન કરી સ્વાનુભૂતિની ઝંખના કરે છે. આથી જ નિવૃત્તિ લઈને તત્ત્વાભ્યાસ કરવાના હેતુથી બહેનોને બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા લેવાની ભાવના જાગી છે.

સવારના જિનેન્દ્રપૂજન પછી બેંડવાજા સહિત જિનવાણીની રથયાત્રા આખા ગામમાં ફરે છે. પ્રવચનમંડપમાં શુદ્ધાત્મતત્ત્વવિજ્ઞાની ગુરુવરના વ્યાખ્યાન પછી આજીવન

બ્રહ્મચર્યવ્રતની પ્રતિજ્ઞા લેવા એક સાથે ૧૪ બહેનો ઉભા થાય છે ત્યારે વીરતા ને વૈરાગ્યનું અનોખું દૃશ્ય સર્જાય છે. જાણે કે તેઓ ગુરુવાણીરૂપી તીર વડે કામદેવને જીતીને વૈરાગ્યની વિજયપતાકા ફરકાવવા તૈયાર થયા છે. ગુરુમુખેથી અસંગી ચૈતન્યતત્ત્વના ઉપદેશની ધીર-ગંભીર અધ્યાત્મધારા નિરંતર વરસી રહી છે તેનો જ આ પ્રભાવ છે કે તેના શ્રવણ-મંથનથી જીવનમાં સહેજે આવી ઉદાસીનતા પ્રગટી છે. જ્યાં પુરુષાર્થ વડે દશાની દિશા પલટાવવાનો પ્રયત્ન થાય છે ત્યાં રાગનો વિષય પણ બદલી જાય છે અને તેથી આવા ભાવ હઠ વગર આવી જાય છે.

યથાર્થ તત્ત્વની રુચિપૂર્વક વ્રત ધારણ કરવાના પ્રસંગો બહુ વિરલ બને છે. તેમાંનો આ એક પ્રસંગ છે. પ્રચંડ ઈન્દ્રિય લોલુપતાના વાતાવરણમાં લગભગ અશક્ય લાગતી વાત જ્ઞાનીના સમાગમમાં કેવી સુગમ બની જાય છે તેનું આ પ્રત્યક્ષ ઉદાહરણ છે. આત્મસ્પર્શી ગુરુવાણીએ અનેકના જીવન પલટાવી નાખ્યા છે અને સત્‌ના શરણે સંપૂર્ણ જીવન સમર્પણ કરવાની તાકાત પ્રગટાવી છે. તેઓને જ્ઞાનીઓની શીતલ છાયામાં વાત્સલ્યભરી હૂંફથી વિશ્વાસ આવ્યો છે કે આ ભવ સંસારના ભોગને ખાતર નથી, પણ આત્મહિત માટે છે.

આ પ્રસંગે બહારગામથી ૧૨૦૦ લોકો આવે છે અને જ્ઞાનભાનુ ગુરુવરના પ્રભાવના ઉદયે ધર્મનો વિજયધ્વજ ફરકી રહ્યો છે તે જોઈને તે દરેક ધર્મવત્સલ ભક્તોનું હૃદય પ્રમોદથી પ્રફુલ્લિત-પ્રમુદિત થયા વિના રહેતું નથી.

નિવૃત્ત જીવનથી નિજ આત્મહિત સધાય, આત્મકલ્યાણી સાધના થાય એ પ્રયોજનથી આ વ્રત લેવામાં આવે છે. આ ભાવનાની સમાજ દ્વારા ઘણી અનુમોદના થાય છે. આ પ્રસંગથી ગુરુ-ઉપદેશનો પ્રભાવ કેવો છે તેનો અંદાજ-અનુમાન વિવેકી જનો સ્વયં કરી શકે છે. વૈરાગ્યથી ભીંજાયેલ ગુરુદેવશ્રીનું સાન્નિધ્ય ને વાણી કેટલી સરળતાથી જીવોને આત્મહિતમાં લગાવી દે છે તે પ્રત્યક્ષ દેખાય રહ્યું છે.

આ પ્રસંગે બહેનો ભાવના ભાવે છે : અધ્યાત્મતેજની સાથે સાથે જેઓશ્રીનું બ્રહ્મતેજ પણ અલૌકિક છે, જેઓ અખંડ જ્ઞાનતેજથી સૂર્યસમાન છે અને વીતરાગતાના શાંતરસને વરસાવવા ચંદ્રસમાન છે એવા હે ધર્મપિતા! આપશ્રી જેવા તેજસ્વી સંતનો ભેટો થવો આ કાળે મુશ્કેલ છે. સ્વરૂપવીર્યની ખુમારી ને શીલરંગથી રંગાયેલા હે જીવન આધાર!

આપશ્રીની મહાપ્રતાપી છત્રછાયા મળવાથી તેમ જ પાવન ઉપદેશનું પાન કરવાથી અમે બાળકો શીલમય જીવન સ્વીકારવા તૈયાર થયા છીએ. હે તારણહાર! આપશ્રીની વાણીના શબ્દેશબ્દમાં સ્વરૂપ સાધનાના સૂર વહી રહ્યા છે. આપશ્રીનાં રોમેરોમમાં ઉદાસીનતા-વૈરાગ્ય ઊછળી રહ્યા છે. આપશ્રીએ દિવ્યજ્ઞાનપ્રભા વડે જિનશાસનને ઝગમગાવી દીધું છે. આપશ્રી જિનધર્મના અણમોલ રત્ન—શણગાર છો. આપશ્રીએ આપના કૂળને ઉજાળ્યું છે ને શાસનનું ગૌરવ વધાર્યું છે. આપશ્રી દ્વારા થઈ રહેલું માર્ગના પુનરુદ્ધારનું—શોભાનું—અભિવૃદ્ધિનું કાર્ય કોઈ અલૌકિક છે.

બસ, અમે આ દુ:ખદ ભવસાગર તરીએ અને આનંદનિધાન ચૈતન્યને વરીએ એ અભિલાષા છે. તે સુખભંડાર શુદ્ધાત્મા હાથ ન આવે ત્યાં સુધી આપશ્રીની છત્રછાયામાં રહી ચૈતન્યને સ્પર્શીને આવતી—તેની ઝાંખી કરાવતી—આપશ્રીની વાણી સાંભળતા રહીએ, મંથન કરતા રહીએ એ ભાવના છે.

આ મંગલ પ્રસંગે ઈન્દૌરથી પ્રતિષ્ઠાચાર્ય પંડિત નાથુલાલજી હર્ષ વ્યક્ત કરે છે : ‘બાલ બ્રહ્મચારી તીર્થંકર શ્રી નેમિનાથ ઔર શ્રી પાર્શ્વનાથ કે પશ્ચાત્ શ્રી મહાવીરસ્વામીકા યહ તીર્થકાળ હૈ તથા બાલ બ્રહ્મચારી પૂજ્ય શ્રી કાનજીસ્વામીકી અપૂર્વ વાણીકા પ્રભાવ હૈ કિ જિનકે આદર્શકા મૂર્તરૂપ સૌરાષ્ટ્રકે અનેક તરૂણ બાલ બ્રહ્મચારી બંધુઓમેં દૃષ્ટિગોચર હો રહા હૈ. ઈસી પ્રકાર બ્રાહ્મી-સુંદરી ઔર રાજમતીકે આદર્શોકો કાર્યાન્વિત કરનેવાલી સોનગઢમેં વિદ્યમાન ૨૦ બાલ બ્રહ્મચારી બહનેં તથા યુવાવસ્થામેં હી બ્રહ્મચર્ય અંગીકાર કરનેવાલે અનેક દંપતી ભગવાન મહાવીરકે તીર્થકી પ્રભાવના કર ઉસે સાર્થક બના રહે હૈ. નિ:સંદેહ આજ યહ ભૌતિકતા પર આધ્યાત્મિકતાકી વિજય હૈ. ધન્ય હૈ પૂજ્યશ્રી સ્વામીજી ઔર પૂજ્યશ્રી બહનશ્રીબહન.’

આ પર્યુષણ પર્વ દરમ્યાન મુમુક્ષુઓના મહાભાગ્યે જેઓશ્રીનો પંચમકાળમાં યોગ બન્યો છે એવા અજોડ ગુરુદેવશ્રી શ્રી માનતુંગાચાર્ય રચિત ભક્તામરસ્તોત્ર ઉપર ઉપશાંત ભક્તિરસ ઝરતા તેમ જ જાણે કે આદિનાથ તથા આચાર્યદેવ નજર સમક્ષ બિરાજતા હોય એવા ભાવ જગાડતા પ્રવચનો આપે છે.

ગુરુવાણી : શાશ્વત એવું ઉપાદેય તત્ત્વ કદી મટે નહીં,
ક્ષણિક એવું હેય તત્ત્વ સદા રહે નહીં અને
ભિન્ન એવું જ્ઞેય તત્ત્વ સાથે આવે નહીં.
સુખરૂપ સ્વભાવનું સામર્થ્યપણું છે,
દુઃખરૂપ વિભાવનું વિપરીતપણું છે,
અને પરરૂપ સંયોગનું પૃથકપણું છે.

આ રીતે આવતા વર્ષે તીર્થંકરોના દેશમાં, સિદ્ધોના ધામમાં ને મુનિવરોની ભૂમિમાં શુદ્ધસ્વરૂપનો મહિમા બતાવનાર ગુરુવરના સંગમાં વિચરશું એવી ભાવના સહ વિક્રમ સંવત ૨૦૧૨નું વર્ષ પૂર્ણ થાય છે....

ભરતમાં ધર્મકાળ વર્તાવી પામર જીવોનો ઉદ્ધાર કરનાર દિવ્યધ્વનિદાતા કહાનગુરુ જયવંત વર્તો...

❉ ❉ ❉